ગુજરાતી સંસારચિત્ર નવલકથા.

મડમ કે મધુરી.

કર્ત્તા

મણિલાલ છબારામ ભટ્ટ.

રાયપુર–પંડિતજીની પોળ–અમદાવાદ.

પ્રકાશક.

હરિભાઈ દલપતરામ પટેલ.

શાહપુર–અમદાવાદ.

સોલ એજન્ટ:-

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા–અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦

સંવત ૧૯૭૬ સને ૧૯૨૦

કિંમત રૂ. ૨–૦–૦

અમદાવાદ-શાહપુર વનમાળી વાંકાની પોળમાં પ્રસિદ્ધકર્ત્તાએ
પોતાના " અન્ત્યોદય " પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

પ્રસ્તાવના.

પ્રજાઓના જીવનવ્યવહાર હમેશ બદલાયા કરે છે અને તે, તેમાં મળતા ચારિત્ર્ય વિષયક લેખોના આદર્શોને અનુસરતી રીતે બદલાય છે. મોટા લોકો જે રસ્તે ગયા હોય, અને વર્તમાનમાં જતા હોય, તે રસ્તેજ લોક હમેશ જાય છે. ધર્મશાસ્ત્રો, પુરાણો, નાનાં મોટાં આખ્યાનો, વાર્તાઓ અને રાસાઓ વગેરે લોકને અનુકરણ કરવાને હમેશ સારા આદર્શો આપે છે. અત્યારે પણ નોવેલો અને વાર્તાઓ, લોકોએ કેવા આદર્શોને પોતાના જીવન વ્યવહારમાં ઉતારવા તે દર્શાવે છે. દરેકે દરેક લેખક જાણતાં કે અજાણતાં પોતાના લેખમાં કોઇ ને કોઇ અનુકરણીય આદર્શ રજુ કરે છે. જીવન વ્યવહારમાં કરવા જેવા સુધારા વધારા માટે વાર્તાઓ લોકોને બહુજ ઉપકારક થઇ પડે છે. ઔષધો જેમ અનુપાન સાથે અપાય છે, તેમ ઉંચા ગુણોનું શિક્ષણ પણ સારી વાર્તાઓ દ્વારા અપાય છે. લોકને એ રૂચે છે, તેમ એ રીત પરંપરાથી ચાલી આવતી હોઇ ઉત્તમ પણ છે.

આગળથી થતો રહેલો અને અદ્યાપિ થયે જતો એવો એકજ દોષ વાર્તામાં સંભાળવા જેવો છે અને તે એ કે, અમુક ગુણ અથવા સદાચારની વાચકના મગજ ઉપર સજડ છાપ પાડવા માટે એકાદ દુર્ગુણને અથવા અનાચારને તેના ખરાબમાં ખરાબ રૂપમાં વર્ણવી તેનાં મહા દુઃખદ પરિણામો દેખાડવાનો યત્ન કરવામાં આવે છે. આ બહુ જુનો ક્રમ છે, પરંતુ સુનીતિ બોધક અને મનુષ્ય સ્વભાવના ઉંડા અભ્યાસીઓનો એવો મત છે કે, 'નઠારી ચીજ માણસને ઝટ વળગી પડે છે' માટે ગુણ કે સદાચારનું શિક્ષણ આપતાં, દુર્ગુણ કે અસદાચારને વચમાં આણવો નહિ. અલબત આ મત લેખકોએ વિચારમાં રાખવા જેવો છે. અનેક છળ પ્રપંચ અને દોંગાઈની આંટી ઘુંટીઓવાળાં 'ડિટેકટિવ નોવેલો' ચોરને સુધારતાં નથી પણ સામો

વધારે કામેલ બનાવે છે. ચોરની ટુંકી બુદ્ધિને ન સૂઝે એવી યુક્તિઓ લેખકો પોતાની ઉંચી બુદ્ધિથી શોધી કાઢી વાર્તાની જમાવટ માટે મૂકે છે અને તે પછી ચોરને ઉપયોગી થઇ પડે છે. ચોરનોજ નહિ, પણ માણસ માત્રનો સ્વભાવજ છે કે, તે નઠારી વસ્તુને જલદી ઝડપી લે. માણસ દેવ રૂપે જન્મે છે અને રાક્ષસ રૂપે મરણ પામે છે, અર્થાત્ માણસની મૂળ પ્રકૃતિ તો હમેશ સારી હોય છે; પરંતુ લોક વ્યવહારમાંથી નઠારી વાતો ગ્રહણ કરી મોટો થતાં થતાં તે નઠારો ને રાક્ષસ જેવા થઇ જાય છે. લોકવ્યવહાર અને લોકચારિત્ર્ય જેટલાં સારાં તેટલીજ તેની પછી થનારી પ્રજા પણ સારી નિવડવાની.

બધેજ ગુણ અને દેવત્વ હોત તો પછી દુર્ગુણ અને માનવી હોતજ નહિ; અને માનવી ન હોત તો પછી આ લોક પણ હોત નહિ માટે ગુણ દોષ તો હોય: અંધારા વગર અજવાળાની કિમ્મત થતી નથી. અર્થાત્ જગતનું જગતપણું ગુણ અને દોષ તથા સારા ને નરસામાંજ રહેલું છે. ભગવાન શંકર કહે છે કે 'સત્યાનૃતનો ખીચડો, એજ લોક વ્યવહાર.' માત્ર એટલુંજ કે, વારંવાર બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થવા માટે ગુણ અને સદાચાર તરફ જેનો ઝોક હોય એવા આદર્શો લોકને આપવા અને તે ધીમે ધીમે વિચાર કરવાનો અવકાશ આપી આપીને તેમની પોતાની ખાતરીએ ગ્રહણ કરે તેમ આપવા.

જુનાને ઝાડની માફક વળગીએ રહેવું નહિ અને નવા ઉપર પતંગિયાની માફક મરીએ ફીટવું નહિ, એ વ્યવહારમાં પ્રવૃત્તિ કરવા માટે સારામાં સારો રસ્તો છે. આવા સારા સિદ્ધાંતો લક્ષમાં રાખીને કલમ ચલાવાય, એ બહુ સારૂં છે છતાં એમ કહેવાની ધૃષ્ટતા કરવી એ તો મિથ્યાભિમાનજ કહેવાય કે, પ્રસ્તુતમાં તેમ કરવામાં આવ્યું છે. સન્નિષ્ઠાએ સારૂંજ લખવાની બુદ્ધિ રાખવી પછી જે લખાય ને આવે તે ખરૂં. લોકરૂચિ વિચિત્ર છે. અનાચારની પરંપરાઓથી ભરેલાં, છળકપટ તથા દાવપેચની યુક્તિઓવાળાં અથવા અજબ બનાવોવાળાં લખાણો લોકને રૂચે છે, વધારે ખપે છે અને લાભ પણ સારો આપે

છે, છતાં લેખકોએ એ પ્રલોભન પાછળ નહિ દોડતાં, લોકરુચિને સારા ગુણ તરફ કેળવવાનો યત્ન કરવો. મારાં લખાણ મારી બુદ્ધિ સત્તા અને નિષ્ઠા પ્રમાણે તેવા લક્ષથી લખાય છે અને સારો લોકાદર પણ પામે છે. મારાં એ સુભાગ્ય માટે હું લોકનો ખરેખર આભારી છું.

રાગ આવડ્યા વગર કવિતાનો સ્વાદ આવતો નથી, તેમ વાંચવાની હલક આવડતી ન હોય તો ગદ્યમાં પણ રસ પડતો નથી, વ્યવહારમાં લોકો અને સ્ત્રીઓ જેમ બોલે છે તેમ, જ્યાં ભાર મૂકવો જોઇએ ત્યાં ભાર મૂકીને હળવી તેમજ જ્યાં જોઇએ ત્યાં ભારે હલકે પ્રશ્નાર્થ અને વિસ્મયાર્થની હલકે, સંભાળીને વંચાય તો ભાષાની ને રસની લહેજત આવે છે. રાગની માફક ગાવું કે હલક વગરનું વાંચવું ગમે તેવા છટાદાર લેખને પણ રસ વગરનો ને કર્ણકટુ બનાવી દે છે, એ વાત લક્ષમાં રાખવા વાંચનારાઓને મારી ખાસ ભલામણ છે. આમાં જે કંઇ સારૂં છે તે લોકનું અને લોકને માટેજ લખેલું છે, અને જે દોષવાળું છે તે મારૂં અને મારી ખોડનેજ આભારી છે, એમ ગણી ગુણીજનો ગુણ ગ્રહણ કરી દોષ દરગુજર કરવા, વિનાયના છે.

જગન્નાથપુરી
વૈશાખ વદિ ૭ સોમ સંવત્ ૧૯૭૬
તા. ૧૦-૫-૧૯૨૦

લિ૦
મણિલાલ છબારામ ભટ્ટ.

વિધિનું વિધાન.

સચિત્ર. એક રસપૂર્ણ ઐતિહાસીક નવલ. સચિત્ર.

આ અત્યુત્તમ અને બોધક નવલકથા પ્રાચીન ભારતમાં થઇ ગયેલા જ્યોતિર્વિદ વરાહ તથા તેના પુત્ર અને પુત્રવધુ મિહિર અને મહામતિ ખનાના અદ્ભુત જીવન ઉપરથી લખવામાં આવી છે. જ્યોતિષવિદ્યાનો ધુરંધર આચાર્ય વરાહ, જ્યોતિષ ગણનાની સામાન્ય ભૂલથી પોતાના પ્રાણાધિક પુત્રને નદીમાં નાંખી દે છે! એક સામાન્ય ભૂલથી કેવો મહાન અનર્થ થાય છે, તથા પ્રતિષ્ટા અને કીર્ત્તિના લોભથી પિતા, પાષાણ કરતાંયે વધારે કઠિન હૃદયનો થઇને પોતાના પુત્ર અને પુત્રવધુના સંહારને માટે કેવા પ્રપંચ રચે છે, તે વાંચતાં ગમે તેવા પાષાણ હૃદયનો માણસ પણ કમ્પી ઉઠે છે! ઇશ્વરની મહાન વિભૂતિરૂપ પ્રતિભાશાળી ખના, આ બધું જાણ્યા છતાંયે વિધિના વિધાનને આધિન થઇને, સુખદુઃખના અનેક ઘાતપ્રતિઘાત સહન કરે છે અને અન્તે પ્રતિષ્ઠાના પુજારી વૃદ્ધ શ્વસૂરની તથા પોતાના પતિની આજ્ઞા માન્ય કરીને, પતિના ચરણમાં પોતાના અમૂલ્ય પ્રાણની આહૂતિ આપે છે! પરિણામે વરાહ પોતાની અધમ પ્રતિષ્ટાનું યોગ્ય રીતે પ્રાયશ્ચિત કરે છે. આ નવલકથામાં પ્રેમનો અદ્ભુત મહિમા, આચાર વિચારની શ્રેષ્ટતા, ધર્મ અને મોક્ષની સરળતા આદિ વિષયો અતિ મનોવેધક ભાષામાં વર્ણવામાં આવ્યા છે. આ કારણથી જ્યોતિષને જુઠું માનનારા, જ્યોતિષ પર આસ્થા રાખનારા, તથા ઉચ્ચકોટિની નવલકથા વાંચવા ઇચ્છનારા દરેક સજ્જનોને આ નવલકથા વાંચવા અમે ખાસ ભલામણ કરીએ છીએ. વળી આ નવલકથા એટલી બધી નિર્દોષ છે, કે તે વિના સંકોચે આપ્તવર્ગમાં અને કુટુંબની સ્ત્રીઓમાં વાંચવા આપી શકાય તેમ છે. પાકા સોનેરી બાઇન્ડીંગ સાથે **કિંમત રૂ. ૧–૮–૦**

સોલ એજન્ટ.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—**અમદાવાદ.**

મડમ કે મધુરી.

મડમ કે મધુરી.

પ્રકરણ ૧ લું.

અમદાવાદની એક ઉંડી પોળના છેક ખુણાના ઘરમાં સવારના પહોરથીજ આનંદઉત્સવ થઇ રહ્યો હતો. સ્ત્રીઓ પુરુષો અને છોકરાં સૌ કોઇ નહાઇ ધોઈ સ્વચ્છ કપડાં પહેરી આનંદથી આમ તેમ હરતાં ફરતાં અને કોઇની રાહ જોતાં જણાતાં હતાં. કોઇ કોઇ બહારનાં અને અડોસી પડોસી પણ થોડી થોડી વારે આવતાં ને પડપૂછ કરતાં હતાં. અંદર બેસવાથી કંટાળેલાં કોઇ કોઇ ઓટલે આવી રસ્તા સામું જોઇ એમ કહેતાં અને પૂછતાં સંભળાતાં હતાં કે ' હજી કેમ આવ્યા નહિ? વખત તો બહુ થઈ ગયો. ' ઠંડા મનનાં કોઇ આવા પ્રશ્નનો પોતાની મેળેજ એવો ઉત્તર આપતાં હતાં કે ' મિત્રો અને ઓળખીતા, જેઓ સામા ગયા છે તેમણે સ્ટેશન ઉપર માનપાન આપવાને ખોટી કર્યા હશે એટલે શું કરે? ચોકમાં બેઠેલાં પડોસીઓમાંનું કોઇ વળી એમ પણ કહેતું કે ' મોટાંની ઘડિયાળ બહુ વહેલી છે. હજી તો વખત થાય છે. '

આમ મન ગમતાં અનુમાન કરતાં અને ગપ્પાં મારતાં બૈરાં નિરાંતે બેઠાં હતાં પણ છોકરાં જંપતાં ન હતાં. તે તો વારંવાર ઘર આંગણું કર્યાજ કરતાં હતાં. એકાદ બે છોકરા છેક પોળના મોં લગી જઇ પહોંચ્યા હતા અને છોકરીઓ ખાંચાને આગલે ચોકે જઇ ઉભી રહી હતી. રાહ જોતાં જોતાં કલાક દોઢ કલાક નીકળી ગયો. કોઈ કામને લીધે પોતાને ઘેર પાછાં ગયાં. બીજી પોળેથી આવેલાં કોઇ કોઈ ન ઉઠાવાને લીધે કંટાળવા લાગ્યાં. કોઈ એમ કહીને ઉઠવા

પણ માંડયાં કે, 'ગાડી કોઈ કોઈ વાર કલાક બબ્બે કલાક મોડી થાય છે, તેમ થયું હોય તો હજી ઘણો વખત લાગે. ચાલો વળી જરા રહીને આવી જઈશું.' ઘડીએ ઘડી દરેક આંખ ઘડિયાળના કાંટા સામે જતી અને મિનિટે મિનિટ ઉડવાની અકળામણ વધતી જતી. પોળે ગયેલા છોકરાઓ દોડતા ઘર તરફ વળ્યા. તેમને દોડી આવતા જોઇ ચોકઠામાંની છોકરીઓ વહેલી ઘરમાં દોડી આવી. એક છોકરી જેણે સુંદર પોષાક પહેરેલો હતો તે ધસમસી પગથિયાં ચઢી ગઈ અને ઉપલા ચોકમાં ઘણાંક બૈરાંની વચમાં બેઠેલાં મોટાંની આગળ જઇ બોલી કે, 'મોટી • માસી ! આવ્યા ! જોજો મેં સૌથી પહેલી વધામણી ખાધી છે, ભૂલી જતાં નહિ ?'

'વધામણી ખાનારામાં તારૂં નામ પહેલું ગણીશું.' 'મોટાં બા ! એનું નામ પહેલું શાનું ! હું પોળે ગયો હતો અને મને દોડતો દેખીને ચંપક ચોકઠામાંથી વહેલી વહેલી આવતી રહી, તેથી શું થયું ? મારૂં નામ પહેલું ગણાશે.' દસ વર્ષના છોકરાએ શ્વાસભેર આમ કહ્યું. 'તમને બેઉને સરખી વધામણીઓ આપીશું. જાઓ, જુઓ કાકા આવ્યા.' આમ કહી મોટાં ઉભાં થયાં.

'તમે બેસોને ભાભીજી ! હું દિયરજીને પગથિયે ચઢતાં વધાવી લઉંછું' એમ કહી એક જાજરમાન જુવાન સ્ત્રી ખોબામાં ગુલાબનાં ફૂલ લઈ બહાર નીકળી. તે બહાર આવી ત્યારે તો છોકરાંથી પોતાનો ઓટલોજ નહિ પરંતુ પડોસીઓના ઓટલા, છજાં અને બારીઓ પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાંથી ભરચક ભરાઇ ગયાં હતાં. ગાડીઓ છેક ઘર સુધી આવે તેમ નહિ હોવાથી મોટે ચોકઠેજ સૌ ઉતરી પડયા. સાહેબના પોષાકમાં વાર્ત્તાનો નાયક વીરેન્દ્ર આગળ અને તેનો ભાઈ પ્રભાશંકર તથા બીજા સામે જનાર પાછળ, એમ સૌ ઘર તરફ આવવા લાગ્યા. 'વીરેન્દ્ર ભાઇ આવ્યા કે ? સાજા તાજા તો છોની ?' એમ પડોસીઓએ ઓટલેથી અને બારીઓએથી પૂછવા માંડયું, અને 'હા કાકા, હા કાકી, હા ભાભી, હા બહેન.' એમ વિવેકથી ઉત્તર આપતો આપતો વીરેન્દ્ર હસતે મુખે ઘેર તરફ ચાલી

આવ્યો. પગથિયે ચઢતાં ' ભલે પધાર્યા દિયરજી ! ' એમ હસતાં હસતાં બોલી પ્રભાશંકરની નવી વહુ મંગળાગૌરીએ ખોબામાંનાં ફૂલથી દિયરને વધાવી લીધો. ' હા, નવી ભાભી ! ' એમ હસતે મુખે તેને ઉત્તર આપી ટોપી હાથમાં લઇ વીરેન્દ્ર ઘરમાં આવ્યો.

ખડકીમાં જે ઠેકાણે બધાંના જોડા પડયા હતા ત્યાં આગળ બૂટ કાઢી સીધોજ તે જ્યાં મોટાં બેઠાં હતાં ત્યાં ગયો. એકઠાં થયેલાં સગાં અને પડોસી બૈરાંના અચંબા વચ્ચે તેમને પગે લાગ્યો. મોટાંની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં એટલુંજ નહિ પણ છાતીએ ડુમો ભરાઈ આવ્યાથી આશીર્વાદ પણ આપી શકયાં નહિ. તેમણે માત્ર માથે હાથજ મૂકયો. એક બે આધેડ અને ઘરડાં બૈરાં, જેમને વીરેન્દ્રે ઓળખ્યાં તેમને બોલાવી તે આગલી મેડીએ ચઢયો. સગા અને ઓળખીતાઓ સાથે તેના ભાઇ રામશંકરે મેડીમાં પેસતાં તેને આવકાર દીધો. તેમને બહુ વિનયથી નમી તેણે સૌને બોલાવ્યા, સલામ સેકહેંડ કર્યા ને ખબર પૂછી. ટોપી ખુરસી ઉપર મૂકી સૌની સાથે તે પણ ગાદીતકિયે રામશંકરની જોડે બેઠો. સગા અને ઓળખીતા તેનો વિવેક જોઇ ખુશી થયા. થોડીવાર મૌન રહ્યા પછી નાતનો એક વૃદ્ધ અને આગેવાન ગણાતો ડોસો બોલ્યો કે ' લોક ગમે તેમ કહેતા હો, પરંતુ અમે જુના જમાનાના માણસો તો વિદ્યામાંજ વિવેક વિનય અને સૌજન્ય સૌ રહેલું છે, એમ માનીએ છીએ. વળી કુળ શીલ છે તે પણ ખોટાં નથી. શીલાદિક ગુણો આનુવંશિક છે, તે શીખવ્યા શિખાતા નથી. આપણી નાતમાંજ નહિ પરંતુ આપણા જિલ્લામાં વીરેન્દ્ર પહેલો સિવિલિયન થયો તે આપણે માટે અભિમાન લેવા જેવું છે. બ્રાહ્મણની શોભા ભણતરમાંજ છે. '

નંદલાલ નામનો પડોસી બોલ્યો કે ' નર્મદાશંકરકાકા ! આ કુટુંબનાં સંપ જંપ અને મેળ એવાં છે કે, જેમાંથી આવાં આવાં કલ્યાણનીજ ઉત્પતિ થાય. અમો પડોસીઓ છીએ, પણ એમ નથી જાણતા કે, આ ત્રણ ભાઇઓમાં ઓરમાયું છે. વીરેન્દ્રને બાળક મૂકીને નવી કાકી મરી ગયાં, પરંતુ મોટાંએ માનું સ્થાન સુનું જણાવા

દીધું નથી. પોતાના છોકરાને મા શું ઉછેરે, તેથી પણ અધિક લાડ કોડ લડાવી મોટાંએ વીરૂભાઈને ઉછેર્યો છે. એ કલેકટરની પરીક્ષામાં પાસ થયાનો વિલાયતથી તાર આવ્યો ત્યારથી આખી પોળ રાજી થઈ છે. આ ઘરનો અમારા ઉપર અને અમારો આ ઘર ઉપર એક કુટુંબી જેવો સ્નેહભાવ ચાલે છે. વધારે શું કહું, નાનાં છોકરાં સુદ્ધાં સર્વ જણ વીરેન્દ્ર આવ્યાના સમાચાર સાંભળી ખુશી થયાં છે. 'વિલાયત જઇ આવે છે એટલે આગલો વીરૂ નહિ હોય' એમ અમે ધારતા હતા, પરંતુ ના, નાનાં છોકરાં અને બૈરાંને પણ હસતે મુખે ખબર પૂછતો સાંભળી અમે બહુજ પ્રસન્ન થયા છીએ. ઓહો! શો મજેનો વિવેક અને સ્નેહભાવ કહો! ખાબોચિયું છલકાય, કંઈ સમુદ્ર છલકાય છે? સત્કુળનું માણસ ગમે ત્યાં જાય તોપણ પોતાની વિવેકી રીતભાત અને આચારવિચાર છોડતું નથી, એ સત્ય વીરેન્દ્રમાં અમે આજ પ્રત્યક્ષ જોયું.'

સગાસાગવા, નાતીલા અને ઓળખીતાઓએ કેટલોક વાર સુધી આ પ્રમાણે વીરેન્દ્ર અને તેના કુટુંબનાં ગાણાં ગાયાં. જુવાનિયાઓને ખુશામતિયા પિંજણથી કંઈક કંટાળતા જોઈ રામશંકરે કહ્યું કે, 'ભાઈઓ! મને અને વીરેન્દ્રને આપે અહિં પધારી મોટા આભાર નીચે મૂક્યા, એટલુંજ નહિ, પરંતુ અમારી તરફ આપે જે માયાળુ શબ્દો વાપર્યા તે માટે હું આપનો ઉપકાર માનું છું. ગાડી આવતાં વાર લાગી અને તે પછી પણ ઘણો વખત થઇ ગયો તેથી હું આપને વધારે વાર ખોટી કરવા માગતો નથી. વીરેન્દ્રને વિલાયત તરફ વળાવતાં તમોએ જે આશીર્વાદ દીધો હતો તેણેજ તે પાસ થયો અને અત્યારે પણ તમે જે માયાળુ શબ્દોમાં સદિચ્છા બતાવો છો તે ભવિષ્યમાં એના ઉત્કર્ષની ઉત્તેજક બનશે. અમે આપનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.' પ્રભાશંકરે ઉઠી સર્વને પાન આપ્યાં અને વીરેન્દ્રે ઉભા થઇ રજા લેતા ગૃહસ્થોને પ્રણામ—સલામ અને સેકહેન્ડ, જેમ ઘટિત જણાયું તેમ વિવેક કરી કરીને રજા આપી.

સૌના ગયા પછી વીરેન્દ્ર, પોતે જ્યાં નાનપણમાં અભ્યાસ

કરતો ત્યાં, ત્રીજા માળની નાની આગલી મેડીએ કપડાં કાઢવા ચઢ્યો. વિલાયતમાં કદી નહિ થયેલ એવા ઉઘાડા થઇ ધોતિયા અને બદન ભેર સ્વદેશના અસલ સ્વરૂપમાં આવી તે મેડીમાં આમ તેમ જરા ટેલવા લાગ્યો. ફરતાં ફરતાં તેણે જોયું તો ત્યાં કેટલોક ફેરફાર થઈ ગયેલો જણાયો. જ્યાં જમીન ઉપર તે વાંચવા બેસતો ત્યાં ટેબલ ખુરસી, ને જ્યાં તેની પથારી પડી રહેતી ત્યાં સોફા ગોઠવાઇ ગયેલો જણાયો. ચોપડીઓ મૂકવાનાં હાટિયાં અને તેની ઉપરની નાની મોટી છબિઓ જેમનાં તેમ હતાં. છબિઓમાં ઘણા ખરા કુટુંબીઓના ફોટોગ્રાફ હતા. ટેલતાં ટેલતાં વીરેન્દ્રે તે તરફ જોવા માંડયું. છજા તરફની ભિંતે આવતાં તે એકદમ અટકીને ઉભો રહ્યો. છબિ સામું જોયું. આંખમાં પાણી ભરાઇ આવ્યાં અને મન ખાલી થઈ ગયું. પોપચાંની પાળ તોડી આંસુનું પૂર હજી તો બહાર પણ પડ્યું ન હતું એટલામાં 'વીરૂભાઇ આવ્યા કે ભાઈ? મારે આવીને જવું પડ્યું હતું અને બહુ ઉતાવળ કરીને આવી તોપણ તમારી વધામણી થઈ શકી નહિ.' આમ વહાલ ને આનંદના ઉભરામાં બોલતી મંજુબ્હેન એકદમ તેની સામે આવીને ઉભી રહી.

વીરેન્દ્ર તેની આંખમાં આવેલાં પાણી છુપાવવા ગયો પરંતુ મંજુબ્હેન કંઇ એવી બોથડ ન હતી કે ન સમજે. તરતજ તે બોલી કે, 'ભાઇલા! બાને સંભારીને અત્યારે શું કરીએ. તમે તો મોટાં ભાભી કહે છે કે, તેમને ઓળખો એવડાએ ન હતા. ચાલો પાછલી મેડીએ, નવીભાભી ચા લઇ આવ્યાં છે તે પીઓ.'

'મંજુબ્હેન! મોટાં ભાભીનેજ મેં તો મારી બા તરીકે જોયેલાં અને ઓળખેલાં છે અને કદીએ મને આવી અસર થઇ નથી. આ છબિમાંની પ્રતિકૃતિ 'મારી બા છે' એવું મેં તો કહ્યાથીજ માનેલું છે. હું હમેશ જોતો પણ કોઈ દિવસ મારી આંખમાં પાણી આવ્યાં ન હતાં. આજેજ આમ થયું.' આટલું બોલતાં બોલતાં તે વધારે ગળગળો થઇ ગયો પણ મનને વાળી લીધું અને ખુંખારીને બોલ્યો કે, 'ચાલો બહેન! નવીભાભી ખોટી થતાં હશે.' તે આગળ થયો અને

બેઉ ભાઇ બહેન અગાસી ઓળંગી પાછલી મેડીએ આવ્યાં.

આ મેડીની ગોઠવણ સારી હતી. એકાદ બે નવાં આરસનાં ટેબલો, બે ત્રણ કબાટો, પલંગ, ફાલતુ ખુરસીઓ, હિંદોળાખાટ અને હારમોનિયમ વગેરે આમાં અચ્છા ટેસ્ટથી ગોઠવેલું હતું. વીરેન્દ્ર આવીને હિંદોળાખાટ ઉપર બેઠો, મંજુબહેન સામે સોફા ઉપર બેઠી અને મંગળાગૌરી દિયરની સાથે વાત કરતી હિંદોળાની સાંકળ પકડી ઉભી રહી.

બીજી બાજુએ તેરેક વર્ષની એક છોકરી, જેણે નવી ફેશનનાં સફાઇદાર કપડાં પહેરેલાં હતાં અને જેના મોં ઉપર ભણતર અને સુધારાની તેજી દેખાતાં હતાં તેણે આરસના ટેબલ ઉપર એક મજેના ચિનાઇ પ્યાલામાં ચા કાઢી, દૂધ, સાકર, ચમચીઓ વગેરે જેમ મૂકવું જોઇએ તેમ મૂકી મંગળાગૌરી સામું જોઈ કહ્યું કે 'ચા ઠંડી થઇ જશે.'

'ઉઠો દિયરજી!' મંગળાગૌરીએ હસતે મુખે વીરેન્દ્રને કહ્યું 'ચા પી લો. તમારા ભાઇએ મુંબાઇથી લખ્યું હતું તેમ બધી તજવીજ કરી છે. ચાની સાથે વિલાયતમાં તમે કંઇ ખાવાનું લેતા હો તો તે પૂરી વગેરે પણ છે.'

'આ વિલાયત નથીને ભાભી! આ તો આપણું ઘર છે. આપણા ઘરમાં હું આપણા ઘર જેવો છું. વિલાયતની વાત વિલાયત રહી. વિલાયતમાં તો સ્ત્રી પુરૂષો સૌ સાથે એક ટેબલ ઉપર બેસીને ચા પીએ છે. અહિં તમે એમ કરશો?' વીરેન્દ્રે સવાલ કર્યો.

પેલી છોકરી જરા આડું જોઇને ગાલમાં હસી. વીરેન્દ્રે તેના મુખ ઉપરના ભાવ જોયા અને તેનું ધ્યાન એના ચલનવલન તથા જોવા બોલવા તરફ ખેંચાયું.

મંગળાગૌરી બોલી કે 'કેમ નહિ? તમે રસોડે આવી પાટલે બેસીને ચા પીઓ તો અમેએ તમારી સાથે બેસીએ. ટેબલ ઉપર તો અમને ફાવે નહિ. ચાની વાત તો જાણે ઠીક, પણ ટેબલ ઉપર બેસીને ખાવાનું દિયરજી તમને શરૂઆતમાં તો ફાવ્યું નહિ હોય? થોડા દિવસ તો પેટ ભરાયું નહિ હોય? ત્યાં સ્ત્રી પુરૂષો એક ટેબલે બેસી

જમે છે તો આપણે ક્યાં નથી જમતાં ? તે લોકો ટેબલે બેસે છે અને આપણે પાટલે બેસીએ છીએ. વિલાયતની સ્ત્રીઓમાં આપણા કરતાં શું બહુ છૂટ છે ?'

વીરેન્દ્ર ચાનો પ્યાલો લઇ ટેબલ આગળ બેઠો અને મંગળાગૌરી વગેરે તેની સામે સોફા ઉપર બેઠાં એટલે મંજુબહેન બોલી કે 'નવી ભાભી ! આપણા લોકના કરતાં તો વધારે છૂટ ખરી તો ? એમ કેમ કાલાં કાઢો છો ? વિલાયતમાં અહિંના જેવાં લાજ મર્યાદ નથી તે આપણે નથી જોતાં ? સાહેબ લોકોને અને તેમનાં બૈરાંને તમે શું નથી જોયાં ? મડમોની પેઠે તમે મારા ભાઈ સાથે હસતાં બોલતાં છચોક ગમે ત્યાં જઇ શકોછો ? વીરૂભાઇ કહે છે તેમ વિલાયત તે વિલાયત અને હિંદુસ્તાન તે હિંદુસ્તાન ! આપણો અને એ લોકનો મિયાં મહાદેવનો મેળ ખાય ?'

'બહેન ! એમ કેમ બોલો છો ? જેમ વખત જતો જાય છે તેમ આપણીએ રીતભાતો બદલાતી જાય છે ? મોટાભાઇ અને મોટાં કરતાં અમે વધારે છૂટ લીધી છે કે નહિ ?' પેલી છોકરી સામું જોઇ 'આ અને તમારા ભાઇ વિલાયત જઇ આવ્યા છે એટલે વહુને મડમો જેટલી નહિ તો સહેજ થોડી પણ અમારા કરતાં ઘણી–વધારે છૂટ આપશે કે નહિ ? કાળ કાળનું કામ કરશે. કોર્ટિંગ નહિ તો કોર્ટિંગ જેવું, એક નહિ ને બીજે રૂપે કંઈ કંઇ નવું થયા વગર નહિ રહે. કાળ ઝપાટાબંધ ફેરફાર કરતો જાય છે તે તમે નથી જોતાં ?'

'તારાં નવીભાભી નહિ બંધાય મંજુબહેન ! એ તો મૂળથીજ સુધારક વિચારનાં છે. મને વિલાયત જવામાંએ એમણે સૌથી પહેલાં મત આપ્યો હતો.' વીરેન્દ્રે નવી ભાભીના આગળ વધેલા વિચારનાં વખાણ કર્યાં.

'મેં તો તમારા ગયા પછી મારી દેરાણીનેએ એનાં માબાપ સાથે લડીને કોલેજમાં દાખલ કરાવી હતી. બે વર્ષમાં તો તે કેટલું બધું શીખી હતી. હું ભૂલતી ન હોઉં તો–મને યાદ છે ત્યાં સુધી તો જાણ્યામાં એણે તમને ઇંગ્રેજીમાં કાગળ લખવા માંડ્યા હતા. એ હોત

તો અત્યારે મડમ ન બનાવી દેત કે ? મંજુ વચમાં બોલી કે 'નવી ભાભી ! એ વાત અત્યારે ન સંભારો. હવે તો નવો રાજા ને નવી પ્રજા. હવે પછીની વાત કરો.'

'હવે પછીની વાત મોટાંના હાથમાં, અને તેમણે બાજી ગોઠવી છે. આપણું એમાં કામ નહિ' મંગળાગૌરીએ મોટાંથી પોતાનો મત જુદો છે એમ દેખાડી આપ્યું. 'હશે, ચાલો હવે નીચે. મારા ભાઇને આજ ઓફિસ જવાનું છે. એમણે છ દિવસની રજા લીધેલી તે છએ દિવસ મુંબાઈમાં પુરા થયા.'

'બહેન ! શું કરીએ. પ્રભાશંકરભાઇએ તો ઘણીએ ઉતાવળ કરી પણ લોકોએ નીકળવાજ દીધા નહિને ? આપણા ઓળખીતાઓએ અને નાતીલાઓએ મને તો વારા ફરતી ચાપાણી ને મીજબાનીઓને વારણે ચઢાવ્યો. અમે ઘણુંએ ના કહીએ, પણ માનેજ નહિ. બે ત્રણ જણને ત્યાં ગયા એટલે તો જબ્બર મારી. 'ફલાણાને ત્યાં ગયા અને મને કેમ ના પાડો છો ?' એમ કહીને સૌ ઉભા રહે. કેટલાંકને ખોટું લગાડીએ ? મારો પેલો બાળમિત્ર કેશવચંદ્ર છે તેને તો તેમ છતાં કેટલી મહેનતે મેં બિહાર જતાં તેને ત્યાં ઉતરવાનું વચન આપી મનાવ્યો. માનપાન આપવાં અને મેળાવડા વગેરે કરવા એ તો આપણા લોકમાં હમણાં હદ ઉપરાંત વધી પડયું છે. કોઇ એકાદ મોટી પરીક્ષામાં પાસ થયું કે તેના માનપાનના મેળાવડા, કે ઇને નોકરી મળી તો તેને મીજબાનીઓ, કોઇ કયાંહિં જઇ આવ્યું તો તેને પાન સોપારી, જ્યાં જોઇએ ત્યાં આવી ખુસામતિયા ધાંધલ ! પણ નહિ, દરેક વાતને હદ હોવી જોઇએ. આ તો આગલા વખતના દરબારોમાં જેમ દરબારને છિંક આવે તોય ખમ્મા ખમ્મા થઈ રહેતું, તેવું થવા માંડયું છે. વળી જ્યાં જઇએ ત્યાં વખાણ વખાણને વખાણ ! કેટલાનાં વખાણ સાંભળીએ અને શા ઉપકારના ઉત્તર આપીએ તે પણ સૂઝતું નથી.' વીરેન્દ્રે મુંબાઇમાં પોતાને મળેલાં માન મીજબાનીઓ અને પાર્ટીઓ માટે કંટાળો બતાવ્યો.

'દિયરજી ! તો કાયર થઇ ગયા દેખું. અરેરે ! ત્યારે અહિંના

લોકનેએ તમે તો પાછા નાસીપાસ કરશો. મુંબાઇ કરતાં પણ અહિંના લોકમાં એનો ' મેનિયા ' વધારે છે. અહિં તો નાતીલા અને ઓળખીતા તમારી કયારનાએ રાહ જોઈ રહ્યા છે. ગામનાં શું ? બહાર ગામથી તમારા ભાઈ ઉપર આમંત્રણ આવ્યાં છે.

' તે વળી કયાંનાં ? '

' વીરમગામ, સાણંદ, ભરૂચ, વગેરે જે જે ગામ તમે રજામાં આવી ગયેલા ત્યાં ત્યાંનાં. '

' ભાઈએ તે આમંત્રણો સ્વીકાર્યાં છે ?' વીરેન્દ્રે અધીરા થઈ પૂછ્યું.

' તે તો એ જાણે ? મને તો માત્ર એટલુંજ કહેલું કે ' આટ-આટલે ઠેકાણેથી વીરુભાઇને વિલાયતથી આવતાં માનપત્ર આપવાની માગણીઓ થઈ છે અને સૌને કંઇ ના કહેવાશે ? સ્ટેશનવાળાં ગામે જવાશે તો જઈશું. ' દિયરજી ! કંટાળના નહિ. લોકો બિચારા હોંસથી આપણને બોલાવે અને આપણે તેમની થેકડી કરીએ તે સારૂં નહિ. ઘોડે ચઢયા છો ત્યારે તો ગવાશેસ્તો. ! '

' મંગળાગૌરી ચાલોને હવે. ' પેલી છોકરી જેનું નામ બકુલા હતું તેણે દિયર ભોજાઈને વાતોના રસમાં ચઢેલાં જોઇ યાદ આપ્યું, ' રસોઇનું બહુ મોડું થશે. '

' નવીભાભી ! આ કોણ છે ? ' વીરેન્દ્રે સહસાજ પૂછ્યું. બકુલાએ ચાની તૈયારી કરતાં અને તે પછી દરેક હિલચાલે તેનું ધ્યાન ખેંચ્યું હતું; પરંતુ એમ ને એમ પુછાતું ન હતું. તેણે ' મંગળાગૌરી ' એવા સાદા નામ માત્રથી નવીભાભીને બોલાવ્યાં તેથી ' તે નજીકની સગી નથી ' એમ ધારી વીરેન્દ્રે પ્રશ્ન કર્યો.

' કોણ છે, તે પછી કહીશું. ' આમ કહી મંગળાગૌરી હસી તેથી બકુલા શરમાઈ અને મંજુબહેન વચમાંજ ઉભી થઈ બોલી કે, ' લો ચાલો હવે ભાભી ! તમે તો વાતોમાં વાહણું વહવરાવો એવાં છો. બપોરે દિયરજી સાથે વાતો કરજો. ' તે દાદર ઉતરવા લાગી.

' થોડીવાર રહીને દિયરજી તમેએ આવજો. મોટાં સાથે બેસી નીચે ઘડી વાત કરજો. ' મંગળાગૌરી ' ચાલો બકુલા ! ' એમ કહી

ઉતરવા લાગી. બકુલા મંગળ'એ પોતાનું ઓળખાણ આપવાનું બાકી રાખ્યું તેથી જરા વિચારમાં પડી હતી તોપણ ઉતરતાં ઉતરતાં એ-એક વાર પાછું વાળીને જોતી ગઈ. વીરેન્દ્ર દેખાતો બંધ થાય એટલે નીચે પગથીએ પગ મૂકતા પહેલાં ફરીને એકવાર તેણે વાંકી નજરે તેની સામું જોયું. તેજ વખતે વીરેન્દ્રે પણ દાદર સામું જોયું અને બેઉની આંખો એકઠી થઇ. બકુલા મંગળાગૌરીની જોડાજોડ નીચે ઉતરી ગઈ પણ તેનું મન મેડીમાં રહ્યું.

પ્રકરણ ૨ જું.

'બકુ ! ચાની સોઇ તેં કરી હતી કે મંગળાગૌરીએ ?' ગિરિજાએ દેવસેવાની ઓરડીમાંથી બહાર નીકળતાંવાંત પૂછ્યું. બકુલા બોલી નહિ એટલે મંગળાગૌરીએ જવાબ આપ્યો કે 'બકુલાએજ ચાની બધી ગોઠવણ કરી હતી. છોકરી બહુ ડહાઇ છે. એની ચંચળાઇએ દિયરજીનું ધ્યાન ખેંચ્યું.'

'વીરૂનુ ધ્યાન કેમ ખેંચાયું ? તેણે શું પૂછ્યું.'

'દિયરજીએ ઓળખી નહિ તેથી મને પૂછ્યું કે 'આ કોણ છે ?' મેં વાતને ઉડાવી કંઈ જવાબ આપ્યો નહિ.' મંગળાગૌરીએ મોટાંને વખતે ખોટું લાગે, તેથી વાતને ટુંકી કરી.

'પછી કહીશું' એમ તમે કહ્યુંને મંગળાગૌરી !' બકુલાએ સ્પષ્ટ જણાવ્યું.

'એમજ કહેવાય બકુ ! તું હોઉં અને એ તારૂં ઓળખાણ આપે તે ઠીક લાગે નહિ.' મોટાં ગિરિજાએ છોકરીને વધુ બોલતી અટકાવી અને મંગળાગૌરીને પૂછ્યું કે, 'વીરૂ કેમ હજી નીચે આવ્યો નહિ. ઉપર કોઈ આવ્યું છે કે શું ?'

'નાતના કેટલાક જુવાનિયા અને મંજુ બહેનના વર ઇશ્વરરાય વગેરે આવ્યા છે. હમણાં લોકો નહિ જંપવા દે ભાભીજી ! દિયરજી તો કંટાળી ગયા છે. અડવાડિયું મુંબાઇમાં થયું અને અઠવાડિયું અહિં

રહેશે. પંદર દહાડામાંથી આઠ દહાડા તો ગયા!'

'ક્યારે જવાનું છે?'

'આવતે શુક્રવારે જવુંજ જોઇએ. સોમવારે ચાર્જ લેવાનો અને બે દહાડા ગાડીમાં થાય, એટલે શુક્રવારે તો ગમે તેમ થાય પણ ગયા વગર ચાલેજ નહિ. ચાર્જ લીધા પછી છ મહીના સુધી રજા મળે નહિ, એટલે દિયરજી અહિં આવી હમણાં નિરાંતે આપણી સાથે રહે એવું બનવાનું નથી.'

'નોકરિયાટને તો એવુંસ્તો. તમે આમથી તેમ બદલીઓ પર બદલીઓ થવાને લીધે ફર્યાજ કરો છોને? વીરેન્દ્રને દૂર જવાનું એટલો ફેર. પ્રભાશંકરભાઇએ પેલા રસોઇયાને બોલાવવાનું કહ્યું હતું તે શું કર્યું? રસોઇયો અને ચાકર, બે માણસ આપણાજ, એની સાથે મોકલવા છે, સમજ્યાં. વિલાયત જઇ આવેલા અને મોટે ઓધ્ધે ચઢેલા જુવાનિયા પાસે આપણા માણસો રાખવા એ ઠીક. એની વહુ જીવતી હોત, તો કંઈ નહિ. ખાસી રીતે એ સાથે જાત. વીરેન્દ્ર આવીને મારે પગે લાગ્યો ને મને એ સોજી હોંસિલી વહુ યાદ આવી. ઓહો! એ અત્યારે જીવતી હોય તો કેવી રૂમઝુમ કરી રહી હોય!' ગિરિજા ગદ્‌ગદ થઇ ગયાં અને તેમની આંખમાંથી આંસુ પડયાં.

'રસોઇયો પેલા જગન્નાથ, મહારાજ તો ગઇ કાલના આવ્યા છે. મેં તમને મળવાનું કહ્યું હતું તે નથી મળ્યો? વીરમગામથી આવ્યો એવોજ અહિં આવ્યો હતો. એણે કહ્યું કે 'મારા સગાને ત્યાં કામ છે માટે હાલ જાઉં છું અને કાલે આવીશ.' મેં તમને મળીને જવાનું કહ્યું હતું. હમણાં આવશે.' મંગળાગારીના મોંમાં હજી તો બોલ છે એટલામાં જગન્નાથ મહારાજ પગથિયાં ચઢતા દેખાયા. ગિરિજા બોલ્યાં કે 'જગન્નાથ! તમારો આવરદા તો બહુ લાંબો છે. અમે તમારીજ વાત કરીએ છીએ.'

'ભાભીએ મને તમને મળવાનું કહ્યું હતું પણ પિનાકીભાઇએ કહ્યું કે 'મોટાંબા દર્શન કરવા ગયાં છે' એટલે હું મારા સગાને ત્યાં ગયો હતો. ભાઇસાહેબ અને વીરેન્દ્રભાઈ વગેરે આજ આવ્યા તે મેં

જાણ્યું.' જગન્નાથ મહારાજે ઝોળી ચોકની ખિંટીએ ભરવતાં ભરવતાં જવાબ આપ્યો.

'વાહ ! મહારાજ ! તમે તો બહુ વહેલા આવ્યા ?' મંગળાગૌરીએ રસોડામાંથી બહાર નીકળી જગન્નાથ મહારાજને દબડાવતાં કહ્યું કે 'દિયરજી સાથે તમારું આવું લાસરિયાપણું નહિ ચાલે. એ તો સાહેબ લોકની માફક ફટકાવી કાઢશે.'

'અરે ! એમને તો હું એવો હાથમાં લઈ લઇશ કે, તમે આશ્ચર્ય પામશો. અહિં તો અમને તમારી હુંફ એટલે મોડું વહેલું થાય ભાભી ! ત્યાં અમને કોઈની હુંફ છે ? ત્યાં કુણ અમને કાકડી મૂકી આપનાર છે ?' જગન્નાથ મહારાજ પાણિયારામાંથી ભરેલો ઘડો લઈ 'હર હર મહાદેવ' બોલાવી નહાયા અને અબોટિયું વિંટાળી રસોડામાં પેસતાં બોલ્યા કે 'ઓહો ! તમે બધું તૈયાર કરી નાંખ્યું છે ?'

'તમારી વાટ જોઇને મારાથી બેસી રહેવાય ? બહાર જુઓને અગિયાર વાગી ગયા.' ઘી પુરેલી પેણી મહારાજને આપી મંગળાગૌરી બોલી કે 'લો, હવે હું વણી આપું તે તમે પૂરી તળી નાંખો. હજી દિયરજી ને એ કોઈ નહાયું પણ નથી.'

ગિરિજા બોલ્યાં કે 'બકુલા ! તું મહારાજને પૂરી વણી આપ, ને નવી તમે પ્રભાશંકરભાઇ અને તમારા દિયરજીને નવરાવો. તમે ઉપર જાઓ એટલે વીરેન્દ્ર પાસે બેઠેલા માણસો ઉઠશે.'

મંગળાગૌરી દાદરનાં બે પગથિયાં ચઢી પાછી ઉતરી તે જોઈ ગિરિજાએ પૂછ્યું કે 'કેમ મંગળાગૌરી ! પાછાં ઉતર્યાં ?' મંગળાગૌરી છેક તેમની નજીક જઇ નીચી નમીને બોલી કે 'ઇશ્વરરાયને જમીને જજો એમ કહેવામાં કંઈ વાંધો છે ?'

ગિરિજા વિચારમાં પડયાં. રામશંકરને પૂછવાનું મન કર્યું પણ વળી માંડી વાળ્યું અને બોલ્યાં કે 'ખુશીથી કહોને. અહિં આવ્યા છે ત્યારે કહેવું જોઇએ. પ્રભાશંકરભાઇના દેખતાં કહેજો. હા, ના, કહે તો તેનો જવાબ પ્રભાશંકરભાઇને આપવા દેજો.' નાતજાત અને સગાંવહાલા સાથેના વ્યવહારમાં કેમ ચાલવું, કેવી રીતે દાવપેચથી કામ

લેવું, એવી તેવી વાતમાં બહુ પાવરધી ગિરિજાએ દેરાણીને સમજાવી. 'ઇશ્વરરાય જમશે તો સાક્ષીરૂપ થઇ પડશે, અને નહિ જમે તો એમની તરફના સગાઓ વગેરેના કેવા વિચાર છે તે જાણવાનું મળશે.' આમ વિચાર કરી તેણે ફરીને મંગળાગૌરીને કહ્યું કે 'જાઓને કેમ ઉભાં? ઇશ્વરરાયને કહો કે જમવાનો વખત થયો છે માટે જમીને જજો, ઠીક છે. મંજુ અહિં છે અને ન કહીએ તો ખોટું દેખાય.'

મંગળાગૌરી ઉપર ગઇ ત્યારે પ્રભાશંકર નહાવાને ઉતરવાની તૈયારીમાં હતા. પટાવાળો તેમણે સહી કરી આપેલા કાગળો દફતરમાં બાંધતો હતો. તેણે પટાવાળાને કહ્યું કે 'જો ઉપર કેટલાક માણસો છે?' તે દાદર ચઢી ઉપર ડોકિયું કરી બે પગથિયાં નીચે ઉતરી નીચો વળીને બોલ્યો કે 'પાંચ સાત માણસો છે.' 'ઇશ્વરરાયને તું ઓળખતો હોઉ તો તેમને બોલાવ.' પટાવાળો ઉપર ગયો અને ઇશ્વરરાયને બોલાવી લાવ્યો. પ્રભાશંકરની આગળ મંગળાગૌરીએ તેને કહ્યું કે 'રાયજી! જમવાનો વખત થયો છે. ચાલો, વીરેન્દ્રભાઇને લઈ તમે નીચે આવો. આમને ઓફિસમાં જવાનો વખત થઇ ગયો છે.' પ્રભાશંકરે તેના આમંત્રણને પુષ્ટિ આપવાને કહ્યું કે 'હા, સાડા અગિયાર થઇ ગયા. એ લોકને હવે વિદાય કરો અને તમે તથા વીરૂ જલદી આવો. હું નીચે જઈ નહાઉં છું.'

ઇશ્વરરાય કંઇ બોલ્યો નહિ પણ 'હાજી' એટલું કહી ઉપર ગયો. નાતીલાઓને તેણે ઉપર જઇ વિદાય કર્યા. થોડી વારે તે અને વીરેન્દ્ર નીચે ઉતર્યા. પ્રભાશંકર નહાઇને ચોકમાં સંધ્યા કરવા બેઠા હતા. તેમની સામે હિંદોળા ખાટ ઉપર બેસતાં વીરેન્દ્રે કહ્યું કે 'ભાભી! રાયજીને માટે પાણી કઢાવો અને અબોટિયું આપો.' મોટાં–ગિરિજા, જે પરસાળમાં સામાંજ બેઠાં હતાં તે બોલ્યાં કે 'ઇશ્વરરાય! તમને બોલાવવા મેં પિનાકીને મોકલ્યો હતો પણ તે તો એવી ખબર લઈ આવ્યો કે 'એ તો અહિંજ છે.' ઇશ્વરરાયથી હા ના કંઈ પણ બોલાયું નહિ. તે નહાવા ઉઠયો. ચોકમાં ત્રણ ભાઇઓ, બનેવી અને છોકરાં વગેરેના પાટલા નંખાયા. ગિરિજા રસોડામાં પેઠાં, મહારાજને

પીરસવા રાખ્યો ને બકુલા પાસે ચટણી મીઠું વગેરે ચોકખી વાનીઓ મુકાવરાવી. પુરૂષ વર્ગ જમવા બેઠો એટલે મંગળાગૌરી 'મોટાં બકુલાને કેવી આગળ ધરે છે' એમ મન સાથે બોલી, તે વાત નણંદને કહેવા અને દેખાડવા ઉપર ગઇ.

'ભાભી! તમે કેમ ઉપર આવ્યાં?'

'અમસ્તી. તમારાં મોટાં ભોજાઇ એમની ભત્રીજીને જુઓ કેવાં આગળ ધરે છે, તમે માનતાં નથી તે પ્રત્યક્ષ દેખાડવાને? 'ચાની ગોઠવણ બકુલાને કરવા દેજો મંગળાગૌરી' એમ એમણે સવારમાંજ મને કહ્યું હતું. બકુલા 'જોઇને 'તમે! નરી કળજુગનું ઘર છે. તમને એ ભોજાઇ ગમશે?'

'મારા ભાઇઓ જેમને લઇ આવશે તે સૌએ મને તો ગમશે. મારે ગમ્યા ન ગર્મ્યાનું શું કામ છે? ભાઇને ગમે તે ઇન્દ્રાણી!'

'ઓત્ તમારી! તમે તો ચાલતી ગાડીએ બેસી જાઓ એવાં દેખું મંજુબહેન! તમારો સાહેબ જેવો અને મોટા ઓદ્ધાએ ચઢેલો ભાઇ, તેને આવી સળેખડી જેવી વહુ મેળવી આપશો? વાહરે નણદલ! વાહ!'

'ભાઇ સાહેબ જેવા થયા એટલે શું કંઇ મડમ લવાય? બકુલા કોલેજમાં એક વર્ષ જઇ આવી છે. ઇંગ્રેજી બીજી ચોપડી સુધી ભણી છે. તંદુરસ્તીની બિચારી જરા નાજુક છે. બધાંએ તમારા જેવાં તંદુરસ્ત ક્યાંથી હોય?'

'મને નજર ના લગાડશો. નણદી! પણ એને તમારા ભાઈ પસંદ કરશે ત્યારેને?'

'ભાભી! તમે તો કંઇ કહીએ કે તરત ખોટું લગાડો છો? ભાઇને પસંદ પડવાની વાત તો પહેલીસ્તો. રાજાને ગમે તે રાણી. હું તો તમને એજ કહું છુંને?'

'ધારો કે, તમારા ભાઇ પસંદ કરવાનું તમે નાનાં છો એટલે તમને સોંપે, તો તમે એને પસંદ કરો ખરાં?'

'મને બાંધી ના લો. હું તો બકુલાને પસંદ કરૂંએ ખરી ને

નાએ કરૂં. ભણ્યાગણ્યા કરતાંએ હું તો તંદુરસ્તીને વધારે વજન આપનારી છું. મારાં આગલાં ભાભી સારાં હતાં પણ તંદુરસ્ત ન હતાં તેથી અમને અને ભાઇને સૌને દુઃખ પડતું. મોટાં ભાભી અને તમે તંદુરસ્ત છો તો ઘરમાં કેવું મજેનું લાગે છે, પણ બકુલાને તમે કળજુગ જેવી કેમ કહી ?'

'એની આંખોમાં ચકલાં રમે છે તે તમે નથી જોતાં. ઉતરતાં ઉતરતાં ત્રણ વાર તો તેણે વળી વળીને દિયરજી સામું જોયું. હિંડવું, બોલવુંચાલવું અને મરોડ, બધું તમને કળજુગ જેવું નથી લાગતું ?'

'ભાભી ! એમ ના બોલો.' એ નાની નથી. એને તો બાર તેર નહિ પણ ચૌદ પંદર વર્ષ થયાં છે. શરીર સુકલકડી જેવું તેથી નાની લાગે છે.'

'તમારાં મોટાં ભોજાઇ તો ત્યારે એમ કહે છે કે, મારી બકુ ઉલેર છે તેથી ઉંચી લાગે છે. હજી તો એ પરણાવવા જેવી થાય છે.'

'એ તો અમસ્તાં. પોતાની ભત્રીજીને ઠેકાણે પાડવાને એ યત્ન કરે એ સ્વાભાવિક નથી ભાભી ? સૌ કોઇ પોતાનો સ્વાર્થ તો જુએસ્તો ? નાતની કેટલીએ બાઈડીઓ પોતાની છોકરીઓ નાંખવાનો વિચાર કરે છે. થોડા લોક ભાઈ વિલાયત જઇ આવ્યા તેથી વિરુદ્ધ છે એટલે કોઈ આગળ પડતું નથી, બાકી ઘણાંને છોકરી દેવાની મરજી છે. આવો સારો સિવિલિયન થયેલો વર મેળવવાને કોણ યત્ન ના કરે ? ગિરિજાભાભી બકુલાને આગળ પાડે, ભાઈનું ધ્યાન ખેંચાય તેમ કરાવે, એ સ્વાભાવિક છે. હું તમારી માફક વિરુદ્ધ મત નથી આપતી પરંતુ મને ખાતરી છે કે, વીરૂભાઇ એને પસંદ કરશે નહિ. એ તો ભણેલી ગણેલી સાથે તંદુરસ્ત અને ચાલાક છોકરી હશે તોજ પસંદ કરશે. હું કહું છું તે ખરૂં પડે છે કે નહિ, તે વળી જોજો.'

'માના ઠેકાણાનાં મોટાં ભાભીનું મોં વીરૂભાઇથી છંડાશે નહિ. તમે જાણતાં કિંવા સમજ્યાં હો કે નહિ, તે તો કોણ જાણે, પણ મને તો તમારાં મોટાંએ બે ત્રણ વાર કહ્યું છે કે 'મંગળાગૌરી ! મારી બકુલાનું ચોકઠું વીરેન્દ્ર સાથે બેસાડી આપવામાં મને સહાય કરજો.'

'તમે મોટાં જેઠાણીને ત્યારે આ સહાય કરતાં હશો નહિ વારૂ ? ભાભી !' મંજુએ હસતાં હસતાં ભાભીને ફટકો માર્યો.

'અત્યાર સુધી સહાય કરી પણ વીરેન્દ્રભાઇને જોયા ત્યાર પછી તરત મારો અભિપ્રાય ફરી ગયો. તમને એટલા માટેજ વાત કરૂં છું. કયાં દિયરજીની તબિયત, કયાં કલેકટર જેવો ઉચો દેશપરદેશ ફરવાનો ઓદ્ધો અને કયાં બકુલાની તબિયત. 'પહેલું દુઃખ તે પગે ચાંદું ને બીજું દુઃખ તે બૈરું માંદું.' આવું એમને કરાવવું. હું તો હવે મારો મત આપી શકીશ નહિ. વળી જરા ઇંગ્રેજી જાણતી હશે પણ બીજી હોંશિયારી નથી. ભણવા ગણવા ઉપરાંત બૈરાંમાં બીજી ઘર સંસાર ચલાવવાની ખાસ હોંશિયારી જોઇએ છીએ. આ તો ખાલી તન્મનાટ અને ઉપર ઉપરનું ચાપલ્ય છે. પછી તો તમને ગમે તે ખરૂં. મંજુબહેન મારે કંઈ સ્વાર્થ હોય એવું છે ? મોટાં ભાભીને સારૂ લગાડવા કંઇ દિયરજીનો જન્મારો બગાડાય ? હવે ખુલાસાથી બોલો.' મંગળાગૌરીએ ખરેખરી વાત કહી દીધી. ગિરિજાને પોતાની ભત્રિજીને ઠેકાણે નાંખવી એ સ્વાર્થ હતો, મંગળાગારીને તેવું કંઇ ન હતું. વિલાયત જઇ આવેલા, ઉંચા વધેલા અને શરીરે બરોબર ખીલેલા વીરેન્દ્રને જોયા પછીજ તેનો મત ફેરવાયો હતો બીજું કંઈ ન હતું. પોતાના દિયરને યોગ્ય દેરાણી મળે, એવી સ્વાભાવિક હોંસ એજ બકુલા વિરૂદ્ધ અભિપ્રાયનું કારણ હતું.

'તમારું દિલ ચોકખું છે એ વાત ખરી, પરંતુ આપણાથી મોટાં ભાભીની વિરૂદ્ધ વિચાર અપાય નહિ. જો આપણે અત્યારે કંઈ પણ બોલીએ તો કુટુંબમાં કુસંપ ઉત્પન્ન થાય. મોટાં ભાભીની મરજી છે અને વખતે ભાઇને પણ ગમે તો આપણું બોલ્યું બહાર પડે.' નાની પણ ધીરા સ્વભાવની મંજુબહેને પોતાની ભોજાઇને કાન પકડે એવી શિખામણના બોલ કહ્યા.

'ભલે તમારી મરજી. હું કંઈ નહિ બોલું પણ તેની તરફેણમાં તો હવે મારાથી મત આપી શકાશે નહિ. મંગળાગૌરી પોતાની નણંદની શિખામણથી સમજી ગઇ. 'મંજુબહેન, તમારા ભાઈ તમને પૂછયા

વગર નહિ રહે, જોજો.'

'મને પૂછશે તો હું તમને કહ્યું તેવુંજ તેમને કહીશ. 'રાજાને ગમી તે રાણી.' અથવા બહુ થશે તો એટલુંજ કહીશ કે, વિચાર કરીને જવાબ દેજો.'

'બસ, એ ઠીક છે.' મંગળાગૌરી ખુશી થઈ બોલી—'ત્યારે તો હુંએ એમજ કહીશ કે, ઉતાવળ શી છે? તેલ જુઓ તેલની ધાર જુઓ, અને આવતા વર્ષ ઉપર જવાબ આપવાનું મુલતવી રાખો. બકુલાનો બાપ સુધારાવાળો છે. તે કંઇ ઉતાવળ કરે તેવો માણસ નથી.'

'ભાભી! તમે માઠું ન લગાડશો. તમે ઉતાવળિયાં છો અને વીરુભાઈને હજી બરોબર ઓળખતાં નથી. એમની ધ્યાનમાં નહિ આવે તો મોટાંનું મોં રાખશે નહિ, સાફ નાજ કહી દેશે. નાનપણથી વીરુભાઈ બહુ મક્કમ વિચારનો હોઇ કદી પણ કોઇનો દોરવ્યો દોરાય એવા નથી. મોટાભાઈ તેનો સ્વભાવ જાણે છે એટલે વચમાં પડશે નહિ, એ વળી તમે જોજો. જે તાલમેલ અને રંગરાગ થાય તે જોયા કરો.' મંજુબહેન ઉઠી એટલામાં નીચેથી મોટાંએ મંગળાગૌરીને બૂમ મારી અને બન્ને નણંદ ભોજાઇ વાતને બંધ કરી નીચે ગયાં.

પ્રકરણ ૩ જું.

'પ્રાયશ્ચિત્ત આપ્યું તેમ છતાં પણ વાંધો લેનારાઓએ તો વાંધો લીધો. હવે જમણ કરવું છે? બાંડો સાપ બેઉ તરફથી કરડે એવા લોક છે.' ગિરિજાએ રામશંકરને કહ્યું.

'આપણે ક્યારે એકલી નાતને માટે પ્રાયશ્ચિત્ત કરાવ્યું છે? નાત ઉપરાંત બીજા લોક છે કે નહિ? દુનિયાદારીની રીતે જે કરવા જેવું હોય તે કરવું અને નાતજાતને ઝાઝું મોં આપવું નહિ. જુવાનિયા અને નોકરિયાટ ચાકરિયાટ સમજુ લોક સૌ આપણા પક્ષમાં છે. જુના જમાનાના થોડાક ઘરડાં અને થોડાક કોઈની ઉન્નતિ નહિ સહન કરનારા વિરૂદ્ધ છે તેથી શું થઈ ગયું? પ્રભાશંકર કહે છે તેમ,

નાતનાને બોલાવવા જઇએ છીએ ત્યારે તેઓ છાપરે ચઢીને બેસે છે. આવે તેમને બોલાવવા અને જેઓ આડું જોઇને ચાલતા હોય તેમને બોલાવવાનો યત્નજ કરવો નહિ. કોઇને જમાડવા કરવા નથી. જમાડીશું તો વીરૂ કહે છે તેમ, તેઓ 'દંડ લીધો કહેશે.' આપણે આપણી મેળે પ્રાયશ્ચિત્ત આપ્યું અને દુનિયાદારીની રીતે જે શુદ્ધિ કરવી જોઇએ તે કરી. હવે કોઇની કંઇ વાતજ સાંભળવી નહિ, સમજી. તારી આગળ કોઇ વાત કરવા આવે તો તારે તેને કહેવું કે 'બીજી વાત કરો. એ વાત કરવાની જરૂર નથી.' રામશંકરે નાતના કેટલાક વિરૂદ્ધ બોલતા હતા તેમની તરફ ઉપેક્ષા બતાવી.

'મારી આગળ બોલો છો એવું બીજાની આગળ બોલી, કોઇને અમસ્તા ચિઢવતા નહિ. નાતથી કોઇ મોટું છે? નાતની આગળ નરમ થઇને ચાલવું. કોઇની સાથે બાકરી બાંધવી નહિ.'

'આપણે કયારે કોઇને કંઇ કહેવા જઇએ છીએ. આપણી નાતમાં નહિ પણ બધીએ નાતોમાં આમ થાય છે અને નરમ થઇને રહેનાર ઉપર લોક સામા ચઢી બેસે છે. અમારે નરમે નથી થવું ને ગરમે થવું નથી.'

'પણ આપણે વીરૂને પરણાવવો ખરોને? નરમ રહીને નાત બાજેથી એટલો સ્વાર્થ આપણે સાધવાનો છે.' ગિરિજાએ પોતાની ભત્રીજીવાળી વાત છેડવાનું પગરણ કર્યું.

'વીરૂને તો તારે તારી માસીના છોકરાની છોકરી સાથે પરણાવવો છેને? એ કંઇ આમાં વિરૂદ્ધ પડે એવો નથી. એ તો સુધારાવાળો અને સમજુ માણસ છે.'

'એ તો બિચારો સારો છે પણ એનું કુટુંબ સારૂં નથી તો. એનો કાકાનો છોકરો વિરૂદ્ધ પક્ષનો આગેવાન છે તે તમે કંઇ જાણો છો?'

'એ કોણ?'

'પેલો જુગલ, જે દિવાની કોર્ટમાં નાઝર છે તે.'

'એ તો સમજુ, સારૂં ભણેલો ગણેલો ને નવા વિચારવાળો

માણસ છે. એ આવી બાબતમાં વિરુદ્ધ છે?' રામશંકરે પૂછ્યું.

'અરે હા, એ સમજુ તો બહુ તકરારી અને મારતૌમિયાં છે. એ તો. કેવા અભિમાનના બોલ બોલે છે અને અત્યારે જો તમે કંઇ જમણવાર જેવું કરવા જાઓ તો સામો પડવાને પણ એજ તૈયાર થાય. એને તો ઓચીએ આંખો છે, સમજ્યા.'

'એમ કે! હું તો એને ડહાપો–સમજુ માણસ ધારૂં છું.' રામશંકરે વિસ્મય બતાવ્યો.

'તમે નાતમાં ઝાઝું લક્ષ આપો નહિ એટલે તમને શી ખબર. એ તો આ બાબતમાં ખરેખરો સામાવળિયો છે અને મારા સાંભળવા પ્રમાણે તો બીજા લોકોને પાણી ચઢાવનાર પણ એજ છે.'

'તારી માસીનો છોકરો એનાથી બીતો હશે?'

'અલબત, બીએને? ન બીએ તો કુટુંબથી છુટો પડી જાય. કુટુંબકબીલા વગર કંઈ ચાલે છે. કુટુંબની આબરૂએ છોકરાં સંથાવવાનાંને? નાતમાં જુગલે ઝુંડો ન ઉપાડ્યો હોત તો હું તો હમણાંજ લગન કરાવી નાંખત. વીરૂને પંદર દહાડા રોકત.' ગિરિજાએ પોતાના મનમાં હતું તે કહી દીધું.

'પણ, પ્રભાશંકર, નવીવહુ અને વીરૂને કાને તેં આ વાત નાંખી છે કે નહિ?' રામશંકરે પ્રશ્ન કર્યો.

'મંગળાગૌરીને મેં કહ્યું છે. એમણે પ્રભાશંકરભાઇને નહિ કહ્યું હોય? અને વીરૂને કાને આમાં શું નાંખવુંતું? એ તો છોકરી જુએ છે. મોતીના દાણા જેવી કન્યા છે એમાં એને કાને નાંખવાનું કંઇ કારણ?'

'એ મોટો થયો છે ભણીને મોટે ઓદ્દે ચઢ્યો છે, એને કાને નાંખ્યા વગર કે એને પૂછ્યા વગર કંઈ પણ બને નહિ. એવું તારી મરજી પ્રમાણે કામ કરવા ન જતી. મંજુને બોલાવ અને તેની મારફતે વીરૂનો અભિપ્રાય શો છે તે જો, પછી વાત. તું નાતથી ડરે છે અને વીરૂથી હમણાં એક દહાડો એ વધારે રહેવાય એમ નથી, એટલે હવ તો જે થાય તે આવતે વરસે થાય. આપણે શી ઉતાવળ છે અને તારા ભાઇનેએ હમણાં શી ઉતાવળ છે?' રામશંકરે કહ્યું.

'વીરૂને કંઇ જણાવ્યું નથી, પણ તે બકુની ચંચળાઇ જોઈ ખુશી થાય છે. આંખમાં વસ્યું તે મનમાં વસે અને મનમાં વસે તે થાય.' અભણ ગિરિજાએ ભૂમિતિનો સિદ્ધાંત દોર્યો.

'તેં કેમ જાણ્યું ?'

'મંજુ અને મંગળાગૌરીથી. રહો હું મંજુને બોલાવી લાવું.' ગિરિજા પાછલા મેડા તરફ ગયાં. રામશંકર વિચારમાં પડયા. થોડીવાર મૌન રહ્યા પછી તે મનમાં બોલ્યા કે, 'ઘેરાંને ખબર નથી કે જમાનો ફર્યો છે. આગળ વડીલ જે કરે તે છોકરાં માન્ય રાખતાં. હાલનાં છોકરાં આપણે કરીએ તે માન્ય રાખે એવાં નથી. તેમ અલબત, એવો પણ કાળ હવે આવ્યો છે કે, જ્યારે વડીલોએ એટલો હક છોકરાંને-પોતાથી નાનાંને આપવો પણ જોઇએ. જેમને નિરંતર એક બીજાની સાથે રહીને આખો જન્મારો કાઢવાનો છે, તેમના વિચાર જાણ્યા વગર મડાગાંઠ વાળી દેવી, એ વડીલોને માટે પણ યોગ્ય નથી. ગમે તે કારણ હો, પરંતુ આપણા લોકોએ આમાં જે મનસ્વી છુટ લીધી છે, તે સારી નથી. કપડાંના કકડા ખરીદ કરતાંએ આપણાં ઘરની આધેડ સ્ત્રીઓ જેટલી ચિકાશ કરે છે અને દરકાર રાખે છે, તેટલીએ દરકાર દીકરી દીકરાને પરણાવવાના કામમાં રાખતી નથી. નહિ શરીરનો, નહિ વયનો, નહિ રીતભાતનો કે નહિ કેળવણીનો, કશાએ વિચાર તેઓ વરકન્યા માટે કરતી નથી, માત્ર નાતજાતના રિવાજો અને ચાલી આવતી રૂઢિનોજ વિચાર ને મમત થાય છે. એક કસાઈ જેવા કુળવાનને ઉની ફૂંકે પણ કરમાઇ જાય એવી ફૂલની કળી જેવી સુશીલ કન્યા આપતાં વડીલો જરાએ વિચાર કરતાં નથી. જેનાં સારાં નરસાં પરિણામો જીવનભરજ નહિ, પરંતુ ઓલે ઉતરતાં ચાલે, એવા લગ્ન સંબંધ વરકન્યાની ઇચ્છા વગર કરવા, એ રૂઢિના દોરે તાણી બાંધેલાં તરુણોને ગરદન મારવા જેવુંજ ગણાય. ફેરા ફર્યા કે થઇ રહ્યું. આવો પાકો સંબંધ બ્રાહ્મણોએ અને ઉચ્ચ વર્ણોએ સ્વીકારી લઇ પોતાના પગમાં કુહાડો માર્યો છે. હિંદુઓનો સંસાર સુખી નથી અને જ્યાં સુધી ચાલુ રીતરિવાજોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે નહિ

ત્યાં સુધી સુખી થવાનો સંભવ પણ નથી. પ્રભાશંકરની આગલી વહુ રાજરોગી કુટુંબની છોકરી હતી, તે આપણને, એના સ્વામીને, એની જાતને, અને નમાયાં કરીને ગઈ, એ રીતે છોકરાંને પણ દુઃખીજ કરતી ગઈ; માટે વરકન્યાના સંબંધ બાંધવામાં ઉતાવળ કે સાહસ કરવું યોગ્ય નથી. જે રિવાજો જમાના થયાં જડ ઘાલી બેઠા છે તે પાંચ દસ વ્યક્તિઓના વિચાર સુધરતાં સુધરશે નહિ. સંયુક્ત કુટુંબોને લીધે ઘણી વ્યક્તિઓ સાથે રહે છે અને તેમાં વડીલ એકહથ્થુ રાજસત્તા ચલાવે છે. પોતાથી નાનાં—પછી તેઓ ગમે તેટલી પુખ્ત વયનાં હોય તોપણ નાનાં—એટલે તેમના વિચારજ પૂછવા કે લેવાના નહિ. વગર પૂછે વિચાર આપે તો તરત ઉચ્છૃંખલતાનો દોષ તેમને માથે મુકાવાનો. પુરુષોનું તેમ છતાં જાણે ઠીક, ભરી પિવાય પરંતુ આખેડ ઘરધણિયાણીનું ભરી પિવાયજ નહિ. સ્ત્રીઓ વળી અજ્ઞાન એટલે તેમને સમજાવવી પણ કેમ ? આવી અનેક મુસ્કેલીઓ હિંદુ સંસાર સુધારા સામે દાંત કકડાવતી ઉભીજ રહેલી છે.' થોડી વાર માન રહી વળી તે મનમાંજ બોલ્યા કે 'આ, વીરૂને બકુબહેનને પરણાવવા ધારે છે, પણ મને નથી લાગતું કે વીરૂ એને પસંદ કરે. છોકરી ચબરાક છે પણ તબિયતની બહુ નબળી છે. વીરૂ તો વિલાયત જઇ આવ્યો તેથી એક પહેલવાન જેવો થયો છે. મંજુ શું કહે છે, જોઇએ છીએ.' રામશંકર આ વાક્ય પુરૂં કરી રહ્યા અને તરતજ ગિરિજા મંજુબહેનને લઈ અંદર આવ્યાં, અને તેમની સામું જોઇ બોલ્યાં કે, 'આ આવ્યાં મંજુબહેન, હવે એમને જે કંઇ પૂછવું હોય તે પૂછો.'

રામશંકર મંજુને પોતાની નજીક બેસાડી બોલ્યા કે, 'મંજુ બહેન ! તારી મોટીભાભીએ વીરૂને માટે કંઇ ગોઠવણ કરવા ધારી છે, તે તું જાણે છે ?'

'હા, જાણું છું. પણ મોટાંભાભીએ પોતે મને કહી નથી. મારાં નવીભાભીએ મને કહ્યું છે, અને મોટાંએ તેમને કહ્યું હતું.' મંજુએ નાની નાની પણ નણંદ તે નણંદપણું બતાવી ઉત્તર આપ્યો.

'ગમે તેણે કહ્યું પણ તેં જાણ્યું તો ખરૂંને ? વારૂ, એમાં તારો

શો અભિપ્રાય છે ?'

'તમે, મારાં મોટાંભાભી, અને સારાભાઇ એ બધાં વડીલો છો તેમાં મારો અભિપ્રાય શો ? આપને ગમે તેમ કરો.'

'તને ગમે છે ? અને વીરૂને ગમે, એવું તને લાગે છે ? અથવા અમે કરીએ તે વીરૂ કબુલ રાખે કે નહિ ? વગેરે બાબત તું અમારા કરતાં વધારે જાણે.'

'મને તો ગમે, પણ મારૂં ગમ્યું શા કામનું ? વીરૂભાઇ હવે કંઇ નાનો છે ? એને ગમે તે ખરૂં. આપણા ઘરની રીત એવી છે કે, તમે કરો તે ગમતું હોય કે ન ગમતું હોય, તોપણ વીરૂભાઈ ના પાડે નહિ. પછી કોણ જાણે ? હવે એને પૂછ્યા વગર આપણાથી કરાય ? એ તમારી આમન્યા રાખી એનો ધર્મ સાચવે તે પહેલાં તમારે તમારો ધર્મ જાણી એની મરજી જાણવી જોઇએ.' બીતાં બીતાં મંજુબહેને ઘરના મુરબ્બી વડીલને તેની ફરજ યાદ આપી.

થોડીવાર વિચાર કરી રામશંકર ગિરિજાની સામું જોઈ બોલ્યા કે 'જો ! મંજુ નાની છે પણ કેવું ડહાપણ ભર્યું બોલે છે ? હું તને નથી કહેતો કે, એ મોટો થયો એટલે આપણે એનો વિચાર કેવો છે તે જાણી લેવું જોઇએ. વખત બદલાયો છે અને મોટાં માણસોએ બહુ વિચાર કરીને પગલાં ભરવાનાં છે. આગળના જેવું હાલ નથી.'

ગિરિજા જરા નારાજ ને ગુસ્સે થઈ બોલ્યાં કે 'આ વાત મૂળ-થીજ તમે મન ઉપર લીધી નથી, એટલે મને તે પાર પડવાની પણ આશા નથી. થનાર વાતનાં તો પગરણજ જુદાં હોય ! મારે શું ? એને તો ઘણાએ વર છે. હમણાં તો તમારે ગરજ હોવી જોઇએ. નાતજાતનાં કામ બાંકાં છે, કોણ એકદમ કૂદી પડવાનું છે ?'

રામશંકર ગિરિજાની સામું જોઇ રહ્યા, પરંતુ મંજુબહેન તેના ભાઇનીવતી બોલી ઉઠી કે, 'ત્યારે વીરૂભાઇ શું કુંવારો રહેશે મોટાંભાભી !'

'ના, કોણ કહે છે જે કુંવારા રહેશે ? રહેવા દો હવે એ વાત ! જ્યારે જેમ થવાનું હશે ત્યારે તેમ થશે. વિધાતાએ જેવા લેખ લખ્યા હશે તેવું થશે. આપણે શું કરનાર છીએ ? એ તો ઇશ્વરે જેન

ભેગાં બાંધ્યાં હશે તે આવી મળશે ' આમ કહી મોટાંએ ત્યાંથી હિંડવા માંડ્યું એટલે રામશંકર બોલ્યા કે, ' જો આમ જો, અને મંજુને જે કહેવું હોય તે કહેતી જા. લગન વિવાહનાં કામ કંઈ એમ થઇ જાય છે ? હજી તો કેટલીએ વાર આવા વિચાર કરવા પડશે. '

ગિરિજા ઉભાં રહી તેમની સામું જોઇ બોલ્યાં કે ' તમે વિચાર કર્યા કરજો. પિનાકીને માટે મેં તમને ને સારાભાઇને તે દિવસે ઘણુંએ કહ્યું પણ તમે માન્યું નહિ. જુઓ હવે કોઇ વાત કરે છે ? આપણે વિચાર કરવાને વખત માગીએ પણ સામો માણસ કંઈ તે સમજે છે ? તે તો એમ સમજે કે ' એમને કર્તવ્ય નહિં હોય. ' ' નાનીમોટી ' કરનારા આ જગતમાં સહેજે રખડી પડે છે. વિવાહવાજનના કામમાં તો જે વિંધ્યું તે મોતી. '

' વારૂ મંજુને તારે શું કહેવું છે ? '

' મારે એમને શું કહેવાનું હોય ? એ ક્યાં નથી સમજતાં. વીરૂની મરજી પૂછવી હોય તો પૂછે ? આપણાથી હવે પુછાય એમ છે ? એ ને એમનાં નવીભાભી વીરૂને પટંતરે પૂછી જુએ. તમારી સૌની મરજી છે તો ભલે એનો અભિપ્રાય મેળવો. '

' મંજુ ! તું વાતમાં ને વાતમાં વીરૂનું મન જાણી લાવ. તારી નવીભાભી કરતાં તું એકલીજ એને પૂછજે. તને એ જરૂર જવાબ દેશે. જો બ્હેન ! એને પૂછ્યા વગર આપણે કોઇને હા ભણીએ અને પછી એ ના કહે તો આપણે અને સામો માણસ, બેઉ મૂરખ કહેવાઇએ. તારાં મોટાંભાભી જોહુકમી કામ કરવા કે કરાવવા ધારે તો તે હાલ કરવા કરાવવાનો વખત નથી. વીરૂને એણે ઉછેરીને મોટો કર્યો એ વાત ખરી, પણ તેથી કંઇ એમ નથી ઠરતું કે, વીરૂએ નીચે મોંએ સહન કર્યાં કરવું. એ તો ગાંડી છે, ગઈ વખતે એના કહેવા પ્રમાણેજ થયું હતુંને ? આપણે કોઇએ તે વખતે કંઈ હા ના કરી હતી ? હાલ એ મોટો થયો છે, ભણ્યો છે અને વળી વિલાયત જેવા સ્વતંત્ર વિચારના દેશમાં રહી તાજેજ ત્યાંથી પાછો ફરેલો છે. તારી મોટી ભાભી જોહુકમી બજાવવા જાય અને એ ના પાડે તો મોતીનાં પાણી ઉતરી

જાય કે નહિ ?' રામશંકરે ગિરિજાને સમજ પડે તેમ ખુલાસો કર્યો, છતાં તે તો એમનોજ વાંક કાઢતાં રહ્યાં અને મંજુને લઇ ત્યાંથી જતાં જતાં બોલ્યાં કે 'વીરૂભાઈ મારો દિયૂર છે, પણ જનેતાથીએ મને વધારે ગણે છે. હું કહું તે બોલ, એ કદીએ ઉથાપે નહિ. વિલાયત જઈ આવ્યા છે તેમાં શું ? આપણે કંઇ તેમનાં વડીલ મટી ગયાં ? ગઈ કાલનોજ લોને દાખલો આપું. સારાભાઇએ અને નવીએ ઘણુંએ સમજાવ્યા છતાં એક બાબત તે બિલકુલ માનતા ન હતા. નવીએ છેવટ મને આવીને કહ્યું અને મેં નીચેથી બૂમ પાડી કહ્યું કે તરત કામ થયું. વીરૂભાઇ તો એવાને એવા છે, માત્ર એટલુંજ કે, તમે આ વાત મન ઉપર લીધી નથી. ગમે તે કરો, તે બાબત એમનાથી કંઇ બોલાયજ નહિ. તમારા મનમાં કંઈ અનેરૂ છે.' આમ રામશંકરને કહી 'લો ચાલો ! મંજુબ્હેન ! એ તો હવે જે થવાનું હશે તે થશે, હાલ શું છે ? બે ત્રણ દહાડામાં એ જવાના છે એટલે આગળ ઉપર વાત.' મોટાં ગિરિજા મંજુને લઇ બહાર ગયાં.

'સ્ત્રીઓ વખત વિચારતી નથી.' રામશંકર મનમાંને મનમાં બોલ્યા કે 'સ્ત્રીઓ વખત વિચારતી નથી. તે તો જગતને પોતાની સમાન માને છે, અને સૌ પોતાને મતેજ ચાલે એવું ઇચ્છે છે. અલબત, આધેડ ઉમ્મરની સ્ત્રીઓ પોતાની જોખમદારી સમજે છે અને આખા ઘરનો બોજ ઉપાડતાં થયેલા અનુભવને લીધે ઘણી વાર તેમનું કહેવું માન્ય રાખવું પણ પડે છે. સંસારવ્યવહારને લગતી બાબતોમાં તેમનો અનુભવ પુરૂષના તાર્કિક મંતવ્ય કરતાં વધારે દઢ અને અનુભવથી ઉત્પન્ન થયેલો હોય છે. સ્ત્રીઓ એવી બાબતોમાં જે અનુમાનો કરે છે તે ઘણીવાર ખરાં પડે છે, અને આપણે તેમ કરવું જોઇએ, પરંતુ તેઓ લગાર વધારે ઉતાવળિયાં થઇ જાય છે, એ દોષ છે. આ, હમણાં જંપી જાય અને વખત આવે ત્યારે ચોકડું બેસાડી દે તો અલબત કામ થાય, પણ હમણાં 'પેંગડે પગ ને બ્રહ્મ ઉપદેશ' જેવું નહિ બને. ત્રણ ચાર દિવસમાં વીરૂને જવાનું છે એટલામાં એની મરજી ખાસ વાત કાઢયા વગર કેમ જાણી શકાય ? મંજુ હોંશિયાર

છે, પરંતુ ખામોખામ વાત કાઢીને પૂછશે, તો હું નથી ધારતો કે, તે સીધો ઉતરે. વિલાયતમાં રહીને આવેલા વીરૂની આંખો અત્યારે બધી ઉજળી અને ઉમદા વસ્તુને જોઇ રહેલી હશે. એ જુવાન હોંશભર્યો છોકરો, આ કંગાલ બાંધાની છોકરીને પસંદ કરે, એમ મને લાગતું નથી. વાત કાઢી ને કામ બગાડયું તો પછી તે કોઈ કાળે સુધરશે નહિ. મારો વિચાર એવો હતો કે, હમણાં કંઈ બોલવું નહિ. પાંચ સાત મહીના થાય તે પછી કાગળપત્તરથી એના મનનું વલણ જોવું અને તેમાં કંઇ સ્વતંત્રતા લેવા જેવું કે આપણી મરજી વિરૂદ્ધ જતા વલણ જેવું લાગે તો કાગળમાં ને કાગળમાં–લખાણપત્તરમાંજ તેને અડાવવો અને આપણું ધાર્યું કરવું. આ પ્રમાણે કામ થાત, પણ આ, મમત પર છે તે જરૂર 'શ્રાદ્ધ સરાય કે બાપ દેખાડ' એના જેવું કર્યા વગર રહેશે નહિ. હશે, મારે તો હવે મૌનજ રહેવું ઠીક છે. પ્રભાશંકર આવી વાત મન પર લેતોજ નથી તે ઠીક છે.' વળી વિચાર કરી, 'એ ખરૂં, પણ હું મોટો રહ્યો એટલે મારે આવી ભાંજગડમાં પડવું પડે. અસ્તુ! જોઉં છું, મંજુને વીરૂ શું કહે છે. તે પછી વિચાર.'

પ્રકરણ ૪ થું.

રામશંકર અને બીજાંએ વીરૂની મરજી જાણવાની સલાહ આપી એટલુંજ નહિ, પરંતુ કદાપિ તે 'ના કહેશે' એવી શંકા બતાવી તેથી મોટાં–ગિરિજાને કશ ચઢયો અને રહી રહીને તેમના મનમાં એવા ઉભરા આવવા માંડયા કે, 'વીરૂ ના કેમ પાડે? અને ના પાડે તો તેનું કર્યું કેમ થાય? આખો જન્મારો મેં ઘરનો કારભાર ચલાવ્યો, વ્યવહારનું સારૂં ખોટું માથે લઇને કામકાજ કર્યું, દિયર નણંદોને નમાયાં કરીને ચાલીગયેલી સાસુઓએ નાંખી દીધેલો ભાર ઉઠાવ્યો અને આટલે વર્ષે મારૂં ધાર્યું થાય નહિ તો પછી હું શા લેખાની? જગત મારે માટે શું કહે? 'મારૂં કંઇજ ઉપજતું નથી' એમજ નાતમાં જાતમાં કહેવાય કે બીજું કંઇ? વીરૂ ના કેમ કહે અને

ના કહે તો શું થઇ ગયું ? એના ઉપરાંત થઇને મેં જે કંઇ કરવા ધાર્યું છે તે કરૂં ? આ, પરભાશંકરભાઈ કે નવી મને શું કરનાર છે ? કાંકરાની માફક રૂપિયા કાઢી કાઢીને વિલાયત મોકલ્યા છે અને આખી નાતની સામે થઇ વીરૂને મેં વિલાયત મોકલ્યો છે, એ વીરૂ, મારૂં કહ્યું ન માને તો પછી મારે એનું મોં પણ જોવું યોગ્ય નથી. ઘરમાં કુસંપ થાય કે ભાઇઓ છુટા પડી જાય તો ખેર ! પણ હું મારૂં ધાર્યું તો કરવાની કરવાની અને કરવાનીજ. આમનો વિચાર મને જરા મોળો લાગે છે નહિ તો બીજાંના શા ભાર છે કે, મેં કરવા ધારેલું હોય તે કામ સામે કોઇ ચુંચાં પણ કરી શકે ? આમની શેહમાં પણ, આ વખત હું તણાવાની નથી !' પરસાળના હિંચકા ઉપર સુતેલાં ગિરિજા આ વિચારોની ગરમીએ એકદમ બેઠાં થઇ ગયાં અને ઘડિયાળ સામું જોયું તો તેમાં ચાર વાગવા આવ્યા હતા.

'બે દિવસ થઈ ગયા, મંજુએ જરૂર વાત છેડી હશે. લાવ એને બોલાવીને પૂછું. હાંમાંહાંમાં કરતાં એને જવાનો દિવસ આવીને ઉભો રહેશે, અને એમને બધાંને થાગડથીગડ વાત દાબી રાખવી છે તે દબાઈ રહેશે. હા ના જણાશે તો બકુલાના બાપને પણ બિચારાને તેનું જે તે કંઇ કરવાનું સુઝશે. મુંગાં બેસી રહેવાનું શું કારણ છે ? મંજુ ને નવીવહુ એની પાસે બેસે છે એટલે તેમણે પૂછ્યું તો જરૂર હશે એણે કદાપિ ટાઢો જવાબ દીધો હશે—એટલે શાણી મંજુએ 'મેરી બી ચૂપ ને તેરી બી ચૂપ' વાળો રસ્તો લીધો લાગે છે. જો સીધો ને સારો જવાબ મળ્યો હોય તો તો એણે તરત મને કહ્યું હોય. ગમે તેમ હોયને ? જે તે જાણી લેવું સારૂં છે.' આમ વિચાર કરી ગરમ અને ગરમ મગજે ગિરિજાએ મોટેથી બૂમ પાડી મંજુને નીચે બોલાવી.

ઘરમાં કોઇ ન હતું. ગિરિજા નીચેની પરસાળના કડેડાવાળા હિંચકા પર, જમી ઘરકામ કરાવ્યા પછી સૂઇ રહેલાં હતાં. મંજુ તથા પ્રભાશંકરની નવી એમની મેડીએ ચઢી ગયાં હતાં. રામશંકર પેઢીએ ગયેલા હતા અને પ્રભાશંકર તથા વીરેન્દ્ર રસોઇયો તથા ચાકર લઇને

પોતાની નાતની બહોળી વસ્તીવાળા એક ગામના નાતીલાઓના આગ્રહથી ત્યાં ગયેલા હતા. મંજુ અને વીરેન્દ્ર વચ્ચે, જે દિવસે ગિરિજાએ કહ્યું હતું તેજ દિવસે સાંજના વાત થઇ ગઇ હતી, અને મંજુએ તે તેની નવી ભાભીને કહી હતી. મોટાંનો મિજાજ અને ધારેલું કામ પાર ઉતારવાનો તેમનો મક્કમ સ્વભાવ મંજુ જાણતી હોવાથી તેણે આ વાતને 'વીરેન્દ્ર જાય ત્યાં લગી છેડવીજ નહિ' એમ નક્કી કરી મૌન ધરી રાખ્યું હતું. 'ગિરિજાને પૂછવાનો વખતજ આવવા દેવો નહિ અને કદાપિ પૂછે તો ગોળ ગોળ વાત કરી દાબડીબંધ ચલાવી લેવું, પણ વીરેન્દ્રના જતા પહેલાં કંકાસ થવા દેવો નહિ' એવો તેનો વિચાર હતો, પરંતુ ગિરિજાએ જોરથી બૂમ પાડી તેને નીચે બોલાવી કે તરત તેના મનમાં ધ્રાસકો પડ્યો.

મોટાં–ગિરિજાનું ઘરમાં ઘણું ચલણ હતું. રામશંકર, પ્રભાશંકર અને નવી સૌ તેમની શેહમાં દબાઈ જતાં હતાં. ઘરનાંમાંજ નહિ પરંતુ અડોસીપડોસીઓમાં આગ્રહી સ્વભાવની હોવા છતાં વિવેકી ને વ્યવહારમાં કાચે તાંતણે તણાઈ જાય એવી તે સીધી સ્ત્રી હતી. કુટુંબીઓ ઉપર જેવો જોઇએ તેવા સ્નેહભાવ રાખનારી અને અગત્યના કામમાં બધી જોખમદારી માથે લઇ અંગ તોડીને કામ કરનારી ખુલ્લા દિલની બિલકુલ વેરભાવ કે અદેખાઈ રહિત મોટા પેટવાળી સ્ત્રી હતી. એના આવાં કામગરા ગુણો અને કોઇના પણ મન ઉપર છાપ પડે એવો ગંભીર ચહેરો કોઇને પણ એને અધીન બનાવી દે તેવો હતો. મોટાંને ઘટતી બધી લાયકાતો તેનામાં એકઠી થયેલી હોઇ સૌ તેની આમન્યા રાખતું હતું. મંજુબહેન એની મોટી ભાભીની આ બધી લાયકાતોની જાણ હતી, તેમ તેણે તેની માનું કામ પણ, એવી સરસ રીતે સાચવ્યું હતું અને સાચવતી હતી કે, મંજુ તેના ભાઇની આગળ કંઇ કહી શકે, પણ મોટાંભાભીની આગળ તેમની મરજીથી વિરૂદ્ધ કંઈ પણ બોલ હલાવી શકે તેમ ન હતું. 'મોટાં ધારશે તે જરૂર કરશે અને મોટાં કહેશે તે કર્યા વગર કોઇનો છુટકો પણ થશે નહિ' એવી તેને સંપૂર્ણ ખાતરી હતી. વીરેન્દ્ર વિલાયત જઇ આવેલો સ્વતંત્રતામાં રહી

આવેલો અને છુટા બોલો થઈ ગયેલો હોવા છતાં પણ મોટાં આગળ દબાઇ ગયા વગર રહેશે નહિ, અને તેને મરજીએ કે કમરજીએ પણ મોટાના હુકમને અધીન થવુંજ પડશે, એવી તેને બીજા કોઇ કરતાં વધારે ખાતરી હતી, અને તેથીજ તે ડરતી હતી કે, જો વાત બગડશે તો ઘરમાં કંકાસ થશે અને કુટુંબ છિન્નભિન્ન થઇ જશે. જેમ બને તેમ ઢાંકપિછોડો કરવો અને 'પૂછીશું–કરીશું' એવા ઉડાઉ જવાબોએ વખત કાઢી નાંખવો, એવો તેનો વિચાર હતો. હાલ વીરેન્દ્ર નોકરી ઉપર ચાલ્યો જશે તો પછી વાત વિલંબે પડશે અને થવાનું હશે તે આગળ ઉપર થઇ રહેશે. 'અણી ચૂક્યો સો વર્ષ જીવે' એ કહેતી પ્રમાણે મંજુબહેન કરવા માગતી હતી, પરંતુ મોટાંએ એકાંતને વખતે બોલાવી તેથી તે ગુંચાઇ.

મંજુના મનની મુસ્કેલી તેની નવીભાભી સમજી ગઇ. તે બોલી કે, 'બહેન! હવે તમારે ખરેખરી વાત કહ્યા વગર ચાલવાનું નથી! મોટાં તમારાં ઉડાવ્યાં ઉડે એવાં નથી. એમને વાત નક્કી કરી લેવી છે એટલે ચોખ્ખો ખુલાસો કરાવ્યા વગર રહેવાનાં નથી. તમે કહ્યું તે જો ખરૂં હોય તો તમારા વીરૂભાઈ પણ માનવાના નથી અને જ્યાં ખરી વાત જાહેર થઇ કે 'દારૂ ને દેવતા' મોટાં અને મોટા ભાઇને તકરાર થયા વગર પણ રહેવાની નથી. ખરેખર 'સુડી વચ્ચે સોપારી' જેવું છે. રામાટામા કરી અરધોક કલાક કાઢી નાંખો તો કાલની વાત વળી કાલે. હમણાં સાડાચાર પોણાપાંચ સોરા તમારા બન્ને ભાઇઓ આવી પહોંચશે અને તેઓ આવશે એટલે ગડબડમાં એકાંત મળશેએ નહિ અને મોટાંથી તમને પુછાશેએ નહિ.'

'રામાટામા કર્યે કે ઉડાવનારા જવાબ આપે મોટાંભાભી આગળ નહિ ચલાવી લેવાય? એમને કેમ સમજાવી લેવાં તે હું જાણું છું. ખરી વાત કહીશે ખરી અને ઉડાવીશે ખરી. વીરૂભાઇ જાય ત્યાં લગી સંભાળી લેવું એવો મારો વિચાર છે. વળી તમે શું સમજ્યાં છો ભાભી! વીરૂભાઇએ મને એવો ચોખ્ખો જવાબ આપ્યોએ નથી હો. એણે પણ વાતને ઉડાવીજ છે, અને હું પણ ગોળ વિંટાળીને હાએ

નહિ અને નાએ નહિ એવુંજ ગોળગોળ કહીશ. એ પોતે કદાપિ વીરૂભાઈને પૂછે અને વાત બગડી જાય તો કોણ જાણે? બાકી હું તો મારાથી બને તેટલો યત્ન કરી કંકાસનું મોં કાળું કરીશ.' બોલો તમે મને શું સલાહ આપો છો?' મંજુએ તેની ભાભીને સવાલ કર્યો.

'તમે વળી મને કયાં આ વાતમાં સંડોવો છો બહેન! તમે જાણો અને તમારાં મોટાં જાણે! મને તો તેમણે બકુલાને એમની નજરે ચઢાવવાનું કહ્યું હતું તે એમની નજરે ચઢાવી. હવે 'લોઢું ને લવાર' તમને ઠીક લાગે તેમ કરોને? અમારો દેરાણી જેઠાણીનો સંબંધ! એમને એમ લાગે કે 'આણે બગાડ્યું.' મારે એટલા ઉંડા પાણીમાં ઉતરવાની શી જરૂર?'

મંજુ હસી અને બોલી કે 'જુઓ મોટાંનો તમને કેવો ડર લાગ્યો. તે દિવસે મને તો તમે કહેતાં હતાં કે 'બકુલા વીરૂભાઈને યોગ્ય નથી અને તે પસંદ કરશે પણ નહિ.' હું તમને અંદર હોમી દીધા વગર રહેવાની નથી. તમે જાણો કે 'હું ખસી જાઉં અને મંજુબહેન ભુંડાં થાય' એ વાત બનવાની નથી. હું તો મોટાંને કહીશ કે મારાં ભાભી બધું જાણે છે, પૂછો એમને?'

'ઠીક છે જુઓ. તમે ગમે તેટલું કહેશો પણ મોટાં મને પૂછશે નહિ. એમણે મને એ કામ સોંપ્યું નથી. તમને સોંપ્યું છે તે તમને પૂછશે અને તમને ગમે તેમ ક્રોસ કરીને પણ તમારી પાસેથી ખુલાસો મેળવશે. હું તો તમને કહું છું કે ગોળગોળ વાત ન કરતાં ઉડાવનારો જવાબ દેજો. ભલેને શ્રીમુખે વીરૂભાઈને પૂછે? વીરૂભાઈને એમનાથી પુછાશે નહિ, કારણ કે, એ પોતાનો મોભો કદીએ છોડે એવાં નથી. વળી મોટાભાઈને એ કદાપિ પૂછશે તો તેઓ હું તો માનું છું કે, તેમને ના પડશે. માના ઠેકાણાનાં એ, વીરૂભાઈને પરણવા બાબત પૂછે એ બનેજ નહિ. એ તો ગમે તે રીતે તમારી પાસેથીજ વાત કઢાવશે અને તમારે મોઢે ખુલાસો મેળવશે.'

નણંદ ભોજાઈ મોટાંને શો જવાબ દેવો તે સંબંધી વાતો કરે છે એટલામાં મોટાંએ ફરીને બૂમ પાડી અને 'આ આવી બા!' એવો

મજેનો હેતાળ જવાબ આપી મંજુબહેન હમેશના સ્વભાવવાળી, ખુલ્લા મનની બની જઇ નીચે ગઈ.

'મંજુ ! પછી પેલી વાતનો તેં કંઈ સાર કાંઢ્યો કે, નહિ ?' પોતાની સાથે હિંચકે બેસાડતાં ગિરિજાએ સવાલ કર્યો.

'હું એ વાત વિસરી ગઇ નથી મોટાંબા ! મેં થોડી ઘણી વાત કરી છે પણ તેનો પુરો ખુલાસો થયો નથી. 'અધુરી વાતમાં તમને શું કહું' એમ જાણી મેં તમને કંઈ કહ્યું નથી.' મંજુએ ઠંડે, શાંત મને ઉત્તર આપ્યો.

'કેવી રીતે અને કેમ વાત નીકળી તથા તેણે શું શું કહ્યું ? વગેરે જે કંઈ વાત થઈ હોય તે તું મને કહે ? હું તેનો સાર સમજુ તો પછી તેમાં આગળ વધવું કે માંડીવાળવું સૂઝે. બકુલાની બા મને ગઇ કાલે મળી હતી. તે કહેતી હતી કે, તેમને એક સારો લાગ છે. કોઇને આશા આપીને નિરાશ કરવું તે સારૂં નહિ. તે આપણે માથે દોષ મૂકી જાય અને આખો જન્મારો આપણે સાંભળવું પડે. આશા મોટું દુઃખ છે અને આશામાં 'ને આશામાં રાખ્યા કરવું એ મને ગોઠતું નથી. જો તે એક વાત કહી દીધી હોય તો તે તેની મેળે પોતાની પેરવીમાં રહે.'

ગળે પડી ખુલાસો કરી લેવાની યુક્તિ હોય, એમ મંજુને આ બોલવા ઉપરથી લાગ્યું, પણ ખુલાસો નહિજ કરવો અને વાતને લંબાવી લંબાણે નાંખી દેવી, એ પોતાના નિશ્ચયને તે વળગી રહી. 'મોટાંભાભી ! બકુલાની બાને સારો લાગ હોય તો તે શોધી લેવા દેવો જોઇએ. વીરૂભાઇનો ગમે તે મત હોય, તોપણ એટલું તો ખરૂંજ કે, નાતનો ખુલાસો થયો ન હોય ત્યાં સુધી આપણા મનમાં અને સામાના મનમાં દગદગો રહે. નાતનો તોડ નીકળ્યા વગર આપણાથી નચિંતે કંઈ કામ થાય ? અને સામો માણસ પણ છેવટ લગી હિમ્મત ધરી રહે એવી આપણને ખાતરી પણ કેમ પડે ? હું તો એમ ધારૂં છું કે વીરૂભાઈનું લગન આપણાથી નાતના નિકાલ પહેલાં થઇ શકશે નહિ અને નાતીલો—કન્યા દેનાર પણ બહારથી ગમે તેમ ધારતો હશે પણ છેવટ સગાંસાગવાંથી જુદા પડી જવાને ભયે છેલ્લી

ઘડીએ ડગી જશે, માટે આ વાત મુલતવી રહે તો સારૂ. બકુલાની બાને તમે કહો છો તે ઉપરથી તો ઉતાવળ હોય એમ લાગે છે અને વીરૂભાઇ કરે તોપણ હાલ નહિ પોર, એવું મને તેના બોલવાપરથી લાગે છે.'

'વીરૂને શું હમણાં વિવાહ નથી કરવો ? બકુલા નહિ અને બીજી. કોઈ ઠેકાણે કંઈ ગોઠવણ હમણાં ને હમણાં થાય એવું હોય અને હું કે તમારા મોટાભાઈ ચોકકું ગોઠવીએ તો વીરૂ શું ના પાડે ?' ગિરિજાએ ઉલટાવીને પૂછ્યું.

'તમે કે મોટાભાઇ જે કરો તે વીરૂભાઇએ માન્ય રાખવુંજ જોઇએ પણ હાલ તરત તો કદાપિ ના પણ પાડે; કારણ એને જવું છે અને એ એના કામકાજમાં ચાલુ થઈ જાય નચિંત થયો ન હોય ત્યાં લગી કદાપિ રાહ જોવાનું પણ કહે. મોટાંભાભી ! એનું એ બહાનું પણ કંઇ નહિ લેખવવા જેવું કહેવાય નહિ. ઉંચે મને કેમ કોઇ બાબત થાય ? અત્યારે તો એનું મન એ બાબત ઉપરજ લાગી રહેલું છે. એનુ કામ થાળે પડયા પછી આપણાથીએ તેને આગ્રહ કરાય. નવીસરી જોખમદાર નોકરી, તે વળી આમ તેમ ફરવાની અને દૂરની, કામનો બોજો પણ મોટો અને એ નવોસવો તેમાં આપણે તેને પરણાવવાના વિકટ પ્રશ્નમાં ગુંચવી નાંખીએ એ તો ઠીક નહિ.' મેં વાત કરી ત્યારે તેણે બકુલાનાં વખાણ કર્યાં પણ આખર વાતનો સાર એવો જણાયો કે તે હાલ તરત ઉંચે અને અદ્ધર જીવે કંઇ કરવા માગતો નથી. નોકરીનું રાગે પડ્યા પછી જ્યારે એ ફરીને અહિં આવશે ત્યારે વિચાર કરશે.' મંજુએ પોતાના ધાર્યા પ્રમાણે વાતને કાળને ટોલ્લે ચઢાવી.

'વર તો ન પરણે તોય ચાલે, કંઈ કન્યાને પરણાવ્યા વગર ચાલે ? ડોસી કહિં કુંવારી જોઇ છે ? આનો તો અર્થ એવો થાય કે, સામાએ કરવું હોય તો કરી લે. વીરૂ હવે પછી રજા ઉપર આવે અને તે વખતે વિચાર કરે અને હા ના કહે, તે ઉપર કંઈ કન્યાને કુંવારી બેસાડી રખાય ? વખતે તે દહાડે પણ ના પાડે તો કન્યાવાળાંનું

બિચારાંનું કંઈ જોર છે? એવે વખતે તેમણે શું કરવું?' ગિરિજાએ રીસથી પણ ગંભીર ચહેરે કહ્યું.

'વરવાળાંએ ત્યારે શું બંધાઈ જવું મોટાંભાભી! મોટા ભાઈ કે તમે બંધાઈ જાઓ અને વર મોટો છે તે ફરી જાય તો નહિ, પરંતુ કદાપિ છેલ્લે પાટલે જઈ બારમે કલાકે ના પાડે તો તમે શું કરો? કશાએ બંધણી તો થાય નહિ. એ તો એમને રાહ જોવી હોય તો જુએ અને ના જોવી હોય કે મારો લાગ હોય તો કરી લે, એ સિવાય બીજું કંઈ બને નહિ.' મંજુએ ચોખ્ખે ચોખ્ખું શ્રીફળ પકડાવી દીધું.

ગિરિજાનું મગજ મંજુનાં વચન સાંભળી ધમધમાટ થઈ ગયું, પરંતુ નાની નણંદ આગળ ક્રોધ કાઢવો અને આગ્રહ બતાવવો તે ઠીક નહિ લાગ્યાથી થોડી વાર ચૂપ રહી તથા મન મારીને બોલી કે, 'હાસ્તો, સૌ સૌની સગવડની વાત છે? આવી બાબતોમાં કોઈને વચન અપાયે નહિ અને કોઈ બંધાયે નહિ. એ તો એને લાગ હોય તો કરી લેવું, એજ ઠીક છે પણ મંજુબહેન! તમે કે તમારા ભાઈઓ તમારાં મગજમાં જે રાઈ રાખો છો તે ખોટી છે હો! નાતવાળા કોઈ એકદમ તમારે ઘેર પૂછવા દોડી આવવાના નથી. અલબત, જ્યારે નાતનું સમાધાન થઈ બધું સલ થશે, ત્યારે કોઈ પૂછવા આવશે. અદ-બદમાં કોઈ ઝંપલાવશે નહિ, બે ચાર વર્ષ રખડવાનો વારો આવશે. મારે શું? તમને બધાંને જેમ ઠીક લાગે તેમ કરો.'

મોટાંને ઉદાસ થતાં અને પોતાને તથા પોતાના ભાઈઓને રખડવાની ધમકીનો ઇસારો કરતાં સાંભળી મંજુ બોલી કે 'બળતામાં કોઈ ઝંપલાવશે નહિ એવું તો મોટાં! તમે પણ માનો છો? બેઉ પક્ષ હોય. મારા પોળમાં ગઈ કાલે નાતમાં પેલું પ્રસ્તુત હતું અને બૈરાં એકઠાં થયાં હતાં તેની કંઈક વાત મારા સાંભળવામાં આવી છે તે ઉપરથી હું કહું તે સાંભળો—અલબત! નાતથી લોક જરા ડરે છે ખરા તોપણ કેટલીએ સ્ત્રીઓ—અરે ખાસી આધેડ ઉમ્મરની સ્ત્રીઓ વીરૂભાઈને પોતાની દીકરીઓ દેવાને આતુર છે. બૈરાં અંદર અંદર પડાપડી કરી રહ્યાં છે. તમે જોજોને એક બે દિવસમાં મારા મોટાભાઈને કાને વાત

આવે છે કે નહિ.' મોટાંભાભી! કેમ ભૂલો છો? કુંકુનો ચાંલ્લો સૌને ગમે. નાનજાતથી શું થવાનું છે? અદેખા લોક ચાર દહાડા ખાલી થુંક ઉડાડી તથા દ્વેષ કરીને જપી જશે. આખા હિંદુસ્તાનમાં જ્યાં ને ત્યાં વિલાયત જઇ આવેલાઓ માટે ઝઘડા થાય છે, છતાં કોઇને નાત બહાર કે કુટુંબ બહાર નીકળી ગયેલો જોયો? ચાર દહાડા બખાળા કરી સૌ ટાઢા પડી જશે અને નાતજાતમાં જેમ ચાલતું હશે તેમ ચાલશે. અભિમાન નથી કરતી મોટાંભાભી! પણ કહોને, મારા વીરૂભાઇને ક્યારે નાતમાં જઇ જમવા બેસવું છે? સાધારણ માણસો હવે તો નાતના જમણમાં આવતા નથી તો પછી કલેક્ટર જેવે મોટે ઓહ્દે ચઢેલો મારો વીરૂભાઇ નાતમાં જઈ જમવા બેસવાનો છે? અને સગાંસાગવાંને ત્યાં હશે, ત્યાં તો કોણ આડે આવનાર છે? આ તો ખાલી ખોટો ડર છે.'

પ્રકરણ ૫ મું.

'મંગળા! તારા દિયરને માટે તો નાતમાં કંઈ કંઇ અવનવી વાતો સંભળાય છે! હાય! હાય! લોક કહે છે તે વાત ખરી, કે, વિલાયત જતાં જુવાન છોકરા હાથથી જતા રહે છે. ક્યાં તારા ઘર–કુટુંબનો મલાજો, ક્યાં મોટાંનો દાબ અને શક્રો, અને કેવી મજેની આચાર વિચાર ને વ્યવહારવાળી તમારી આબરૂ ઇજ્જત!' મંગળાગૌરીની કાકીએ બપોરની ચા પીતાં પીતાં કહ્યું, 'વીરેન્દ્ર કેવો શરમાળ, કેવો વિવેકી અને કેવો સીધે રસ્તે ચાલનાર છોકરો! વિલાયત ગયો ત્યાં સુધી તો બહુ સારો હતો, અને ત્યાં ગયા પછીએ તું અને તારા કુટુંબનાં માણસો એનાં વખાણ કરતાં હતાં ત્યારે આ શું?'

'પણ છે શું કાકી,' મંગળાગૌરીએ હસીને વિસ્મયથી પૂછ્યું. 'પણ છે શું કાકી, કહો તો ખરાં. હું તો હજીએ કહું છું કે, મારો દિયર જેવો હતો તેવોને તેવોજ ભોળો, સીધો અને વિવેકી નિખાલસ જુવાનિયો છે. અમારી પોળના લોક, નાતના જે લોકો એમને મળવા

આવ્યા હતા તે અને અમે ઘરનાં સૌ કોઈ એમનામાં વિલાયતવાસથી જરાએ ફેર પડેલો જોતાં નથી અને તમે આ શું અવનવું કહો છો? શી વાત છે, તે તો મને સમજાવો?'

'તમે ગમે તેટલું છાનું રાખશો પણ દુર્વાસ હશે તે ગંધાયા વગર રહેશે નહિ. મેં એક બે જણને મોઢે સાંભળ્યું કે, વીરેન્દ્ર વિલાયતમાં એક મડમ પરણીને આવેલો છે અને પેલા નભુની છોકરી માટે તારી જેઠાણીએ એને લગન કરવાનું કહ્યું ત્યારે એણે સાફ ના પાડી. હાય હાયરે બાપ! એવું હોય તો તો એનેજ નહિ, પણ તમારા ઘરનેએ અમારે તો તજવું પડે. લોક તો રડયા કાગડા છે! તમે ન જાણો તે લોક જાણે. જોજેને, નોકરી ઉપર ગયા પછી મડમને બોલાવશે અને તે આવ્યા વગર રહેશે નહિ. તારી નણંદ પાસે મોટાંએ લગનની વાત તેને કરાવી અને તેણે સાફ ના પાડી એટલુંજ નહિ, પણ હસતાં હસતાં એમ કહ્યું કે 'મંજુબહેન! તારી મડમ ભાભી આવે, ત્યારે તું એકવાર અમારે ત્યાં આવજે. તે કેવી મજેની બાઈડી છે. મારે તો આપણી નાતની કન્યાનું હવે કંઇ કામ નથી. મોટાં તો એ વાત સાંભળી હબકી ગયાં છે. પેલો જુગલ અને તેની ફોઈનો દીકરો કૃપાશંકર તો ખાનગી કાગળપત્તરો લખીને તપાસ ચલાવવાનો વિચાર કરે છે. એ લોકો તમારા ઘર સાથે લગારે સંબંધ રાખવા ઇચ્છતા નથી. વીરેન્દ્ર આવ્યો ત્યારે મોટાંએ નભુની છોકરીને તમારે ત્યાં એકાદ બે દિવસ રાખી હતી તેથી જુગલ નભુને પ્રાયશ્ચિત કરાવવા માગે છે. વીરેન્દ્ર પાસે પ્રાયશ્ચિત્ત કરાવી તારા જેઠ તેને નાતમાં ભેળવી દેવા માગતા હતા પણ એ લોકો ચેતી ગયા તેથી બંધ રહ્યું. તું શું જાણે? તને પારકી જણીને જાણવા દે નહિ તો.'

'કાકી! તમે આ શું બધું ધતિંગ જેવું કહો છો? લોક તો રડયા તેજદ્વેષી છે. કોઈનુંએ તેઓ સારૂં જોઇ શકતા નથી. મારો દિયર અમારા ઘરમાં એક ગાય જેવો ગરીબ સીધો ને નિખાલસ માણસ ગણાય છે. મોટાભાઇ અને મોટાંની ધાકે તે થરકી જાય છે. એ મડમ પરણે, તે વાત છુપી રહે અને મંજુબહેન આગળ તે એવી નિર્લજ વાત

કરે, એ બધું ખોટું છે. અદેખાઓએ વણીને ઉભું કરેલું ધતિંગ છે. કોઇ દહાડો મારો દિયર એવું કરેએ નહિ અને અમારા ઘરની રીત-ભાતથી ચલિત થાય નહિ. જુગલ અને કરપો મૂરખા છે. બકુલાની વાત કાઢી, તેઓ અમસ્તાજ પોતાના પગમાં કુહાડો મારે છે. અમે એવી માલ વગરની મલિન વાતોથી ડરી જઇએ એવાં નથી કાકી ! મને મારા દિયરને માટે સંપૂર્ણ ખાતરી છે. શું એમની કેળવણી તે તો વિચારો. આપણા લોકને એમના જ્ઞાનની કિમ્મત કયાંથી થાય ? નાની બાળ ઉમ્મરના માણસને સરકાર હજારો–બલ્કે લાખો લોકના ઉપરી તરીકે નીમે છે તે શુ કંઇ વિચાર નહિ કરતી હોય ? એમને તો એવું જ્ઞાન આપવામાં આવે છે કે, જેથી એ વ્યવહારિક, ડહાયા, ધીરા અને ખરેખરા સંયમી બને છે. અલબત, આપણા લોકને એમની કેળવણીનો આભાસ નહિ એટલે શું કરે ? બિચારા–માત્ર નિંદા કરીને પેટ ભરે ! અમે લોકની એવી મલિન વાતો અને બનાવટોથી જરાએ ડરતાં નથી. મને તો આ વાત સાંભળી એ બિચારા ક્ષુલ્લક હૃદયના પેટકુટિયાઓ માટે દયાજ ઉત્પન્ન થાય છે. કાકી ! હું તમને ખાતરી આપું છું કે, મારો દિયર આપણી નાતજાતમાં બીજો કોઇ નહિ હોય એવો શાળો નીતિમાન અને આપણા આચાર વિચારનો તથા રહેણી કરણીનો ખરેખરો વખાણનાર છે. આપણા લોકની અને અમારા કુટુંબની રીતભાતથી વિરૂદ્ધ હોય એવું એક પગલુંએ ભરે એવો તે નથી. એને બિચારાને માટે આવી બનાવટી વાત ઉડાવનારા પોતેજ પોતાની જાળમાં ફસાશે અને પસ્તાશે, જોજોને. તમે આ બધી કહી તે વાત સાંભળીને તો હું દિઙ્મૂઢ થઇ ગઇ. અરેરે ! લોક શું કરે છે ? જ્યાં રેતી ઉડતી હોય ત્યાં લોક સાગર ઉલટયો કહેતાંએ લજવાતા નથી ? અજબ છે આપણા લોકની નિર્લજ્જ ધૃષ્ટતાને હાય ! હાય ! નબળા પોચા અને ગરીબ એકલવાયા કુટુંબના માણસને આપણા લોક શું ન કહે ? ' મંગળાગૌરીએ તેની કાકીએ કહેલી વાત ઉપર પોતાના મનથી નાતના લોક માટે પ્રકટેલી દયા સાથે તિરસ્કાર અને અભાવનો આ રીતે ઉભરો કાઢયો.

'મંગળા ! તું ગમે તેમ કહે, પણ પંચ બોલે તે પરમેશ્વર. બે ત્રણ દિવસમાં આ વાત મને ચાર પાંચ જણે કહી. આપણે આપણા માણસનું છિદ્ર ન જાણીએ અને લોક પણ આપણને મોઢે ન કહે. એવું કોણ મૂર્ખ હોય કે કાણાને કાણું કહે ? સૌ એમ કહે કે, જ્યારે વાગતું ગાજતું માંડવે આવશે ત્યારે જણાશે. આપણે શા માટે તેના સગાને કહીએ ? અલબત, આપણા લોકની અને સગાઓની આ રીત સારી નથી, પણ સઘળે એવી રૂઢિ પડી ગઇ છે. લોક ખરી વાત સ્નેહી સગાને કહેતા હોય તો હમણાં માણસ સુધરે.'

'જુઓ કાકી, તમે પણ લોકની એ રીતને વખોડો છો તો ખરાંને. મને તો મૂળથીજ કોઇની પાછળ કશી વાત કરવી તે પસંદ નથી. કોઇનું કંઈ સારૂં ખોટું આપણા જાણવામાં આવ્યું હોય, તો શા માટે ખુલ્લેખુલ્લું તેને પોતાને કે તેને સુધારનારને ન કહેવું ? પાછળ નિંદા કરી તેનું પાપ ધોવું શા માટે ? લોકની આવી નિંદાઓથી અને એક બીજાના કાનમાં ઝેર રેડયાની રીતથી આપણા લોકમાં ઘેર-ઘેર અને આંગણેઆંગણે કજિયાકંકાસ ચાલે છે. ભલેને ગમે તે હોય, અને લોક ગમે તે બોલે કે નિંદા કરી બદગોઈ ઉડાડે, હું તમોને ખાતરી આપું છું કે, મારો દિયર પવિત્ર છે અને એનામાં લગારે કહેવરામણ આવે એવું નથી. એકવાર ભૂલચૂકે એવું થઇ ગયું હોય તોપણ અમે સુધારી લઇએ અને અમે આંખ ફેરવીએ એટલે એમ-નાથી કંઇ થાય નહિ, સમજ્યાં કાકી ! મડમ સાથે લગન કરનાર લોકને છોકરાઓ જુદા અને આ મારો કેળવાયેલો દિયર જુદો ! પરમ દિવસે આપણી નાતની વસ્તીવાળે ગામ જવાનું હતું. એ કહે કે 'હું તો આપણા પોષાકમાં આવું નહિ.' મારાં જેઠાણીએ આંખ ફેરવી કહ્યું કે 'કેમ વીરૂ !' આટલા શબ્દો બોલવા સાથે તરતજ તે આપણો પોષાક પહેરી આગળ થયા અને મેં ના કહ્યું, નહિ તો પાઘડી પણ પહેરી જાત. બે દિવસમાં એમની નોકરીએ જનાર છે ત્યાં એમની સાથે અમારો જાણીતો રસોઇયો અને ઘરનો જુનો પટેલ જવાના છે. અમે રાતદહાડો સાથે બેસી વાતોચીતો કરીએ છીએ. વિલાયતની અનેક

વાતો પૂછીએ છીએ. બધી બાબતમાં જેવા આગળ હતા તેવાજ છે. કોઈ બાબતમાં અતડા, ઉદ્ધત કે વિલાયતથી હુંપદી થયેલા લાગતા નથી. મડમ પરૂણ્યો હોય અને આપણી નાતજાતો રીતરિવાજોથી વિરૂદ્ધ થઈ ગયેલો હોય તો, એ રહે છે તેમ ઘરમાંએ રહે નહિ. તેને માટે તો વાડી બંગલો રાખવો પડે અને ખાવાપીવાનું પણ જુદું રખાવવું પડે. આ તો જેવા એ અહિં હતા અને બૂમ પાડતાં વાંત નીચે આવી નહાઇ ધોઈને જમવા બેસતા, તેવાજ હાલ છે. નાનું પંચિયું પહેરી ચોક વચ્ચે નહાય છે અબોટિયું પહેરી ફુંકી સંધ્યા કરે છે અને પછી જમે છે. ઘરમાં પહેરણ અને ધોતિયું પહેરી આખો દહાડો યુરોપનાં ગતકડાં કરી અમોને હસાવતા રહે છે. મડમ પરણેલાના ઢંગ એવા હોય કે કાકી? એ તો કેવોએ ઇસ્કીલાલ્—કડક માણસ થઇ ગયો હોય. તે વળી ઘેર આવીને ઉતરે પણ ખરો કે?' આમ કહી મંગળાગૌરી ઉઠતી હતી એટલામાં જેકોર નામની સગી આવી તેણે કહ્યું કે, 'મંગળાગૌરી, તમે તો દિયર આવ્યા પછી આણી તરફ કહિં ફરકતાંજ નથી, એ શું? તમારાં મડમ દેરાણીનાં દર્શન કરીને ઘરમાં ને ઘરમાં બેસી રહો છો કે શું?'

'મારો દિયર સાહેબ એટલે દેરાણીએ અલબત મડમજ હોયને! એ લોક ક્યારે આપણાથી જુદા છે? વિલાયતના ટોપીવાળા લોક અસલ આર્ય જાતિના છે. એ લોકની સાથે આપણો સંબંધ બંધાય એ શું ખોટું છે? એવા સંબંધવાળી હોઈ હું તમને વિસરીએ જાઉંસ્તો.' આમ કહી મંગળાગૌરી હસી પણ જેકોરના મનમાં તો મશ્કરી જેવું નહિ પરંતુ કંઇક વહેમ જેવું ભાસ્યું. આપણા લોકનાં અજ્ઞાન બૈરાં ઘણી વાર વ્યંગમાં પણ સમજતાં નથી અને ઉલટો અર્થ લે છે, તેમ જેકોરને થયું. તે તો એમજ સમજી કે મંગળાગૌરીએ માની લીધું ને તે પોતાના ઘરના પક્ષમાં એમ બોલી કે, તેઓ અસલ આર્ય છે ને તેમનો સંબંધ કરીએ તેમાં કંઈ ખોટું નથી. આવા ખોટા વિચારમાં થોડીવાર તેનું મન ગુંચવાયું અને તેણે કંઈ ઉત્તર આપ્યો નહિ, એટલે મંગળાગૌરી બોલી કે 'જેકોરબહેન! કેમ ચૂપ

થઈ ગયાં ? મારો દિયર મડમ દેરાણી લઈ આવ્યો—અરે ! લઇ આવ્યો તો નથી પણ પરણી આવ્યો હોય તોય શું ખોટું ? તમે રાજી થાઓ કે દિલગીર ! નવા નવા સંબંધ થાય, નવું નવું જોવા જાણવાનું મળે અને નવાં નવાં કૌતૂક ઉત્પન્ન થાય તે સારૂં કે ખોટું ? તમે એક ટોળું બાંધીને બેઠાં છો, તેમાં ને તેમાં રમ્યા કરો તે સારૂં કે તેનું ક્ષેત્ર વિશાળ કરો તે સારૂં ? બોલો કેમ મૌન થઇ ગયાં ?' તેણે હસી ખભે હાથ દઇ તેને હલાવી મશ્કરીભર્યું વહાલ કર્યું, પણ જેકોર તો ઉલટું ને ઉલટુંજ સમજતી, પોતે સાંભળેલી વાતમાં કંઇક ખરાપણું છે એવુંજ માનતી રહી. આખરે ગુંચવાતી તે બોલી કે, ' મંગળાબહેન ! એવા સંબંધ આપણાથી થાય ? એ તો ગજબ ! એ લોક આપણામાં સમાય ? અને તેમનો છાંયડો લેવાય ? એવું ન વેઠાય બહેન ! તમારા જેવાં આવું બોલે એ તો હડહડતો કળજુગ આવ્યો કહેવાય !'

' કળિયુગ તો ચાલે છેજને જેકોરબહેન ! ઘેરઘેર હાલ કળજુગનાં કૌતૂક નથી જોતાં ? બ્રાહ્મણના છોકરાઓ છડેચોક મદિરાપાન કરે, અભક્ષાભક્ષ કરે અને ગમે તેવી અનીતિએ ચાલે એ શું કળિયુગ નહિ ? આવા દુર્ગુણો ઘરનાં જાણે, સગાં જાણે, નાત જાણે ને છેવટ વાહિત શહેરના લોક જાણે, તેમ છતાં કોઈ તેવા અધર્મને કે અનીતિને માટે એક અક્ષરે બોલે નહિ, અને જેમ તેમ કરી ચલાવી લે, એ કળજુગ આવ્યો કહેવાય નહિ કે ? ખોટે માર્ગે જતા માણસને અટકાવવાની હિમ્મત કરવી નહિ અને ખાલી નિંદા કરવી, એના જેવું હિચકારાપણું બીજું શું કહેવાય ? મારો દિયર, જે એક નિર્મળ નીતિવાળો સીધા સાધુ વિચારનો ધર્મને અને આપણા રીતરિવાજોને સંપૂર્ણ માન આપનારો માણસ છે, તેને માટે તમે નાતીલાં આમ ખોટાં ગુલબાન ઉડાવો અને વાહિત રીતેજ સગાંના કાનમાં ઝેર રેડો એના જેવી નાતની બીજી શી અધમતા હોય ? નઠારા ઈર્ષાળુ લોક—અરેરે ! કેવું અસત્ય બોલે છે અને અજ્ઞાની માણસો કેવાં ભરમાઇ પિંછાનું પારેવું કરે છે ? ખરેખર આમજ આપણે પછાત પડી ગયાં અને દુઃખી થયાં ? જેકોરબહેન ! ખોટું લગાડતાં નહિ પરંતુ તમે આવી વાત મશ્કરીમાં

પણ માની શકે; એ શું આપણું દુર્ભાગ્ય નહિ કે?' મંગળાગૌરીએ સવાલ કર્યો.

જેકોર ઠંડી પડી ગઈ, મંગળાના ઉદ્દગારોથી લેવાઇ ગઈ અને મેં કયાં આ વાત કરી, એમ મનમાં પસ્તાવા લાગી, છતાં ઉપરથી મોં હસતું દેખાડી બોલી કે 'હું તો બહારથી એવું તેવું અનેરૂં સાંભળ્યું તેથી મશ્કરી કરૂં છું મંગળાબ્હેન! પણ તમે એમ ઉતરી શું પડો છો? તમારો દિયર શું દેવ થઈ ગયો? ભલભલા માણસો ત્યાં જઇ ફસાઇ પડે છે તો પછી એની–જુવાનિયા નવલોહિયાની બિચારી શી વાત! લોક ઈર્ષાથી વાતો કરે છે એમ ધારી તમારે કંઈ તજવીજજ ન કરવી, અને કહેનારાં ઉપર સામું દુઃખ લગાડવું એ શું એવીતેવી બાબતોને ઉત્તેજવા જેવું ન કહેવાય? નાતના દાઢડિયાઓનાં સગાં પણ તમારી માફક કરે છે એટલે નાતીલા બિચારા શું કરે? કોઈ કહે તે સાંભળવું, તેમાં કંઇ વજુદ છે કે નહિ, તેની તપાસ કરવી અને આપણા રીતરિવાજ ને રહેણીકરણી હોય તેને જાળવી રાખવી, તેમાં બગાડો થતો હોય તો અટકાવવો અને નીતિએ ચાલવાનો પ્રયાસ કરવો, એ શું આપણો સૌનો ધર્મ નહિકે? ભલે તમને ખાટું લાગે-મેં તો જે સાંભળ્યું છે તે ખુલ્લેખુલ્લું તમને કહ્યું. કહે છે કે, તમારા દિયેર, દેરાણી મરી ગયાનો કાગળ ગયાં પછી ત્યાંની મડમ પરણ્યા છે અને હાલ તેને સમજાવી પટાવી બે ત્રણ મહીના માટે ત્યાં રાખતા આવ્યા છે. અહિં નોકરી ઉપર ચઢી ગયા પછી એને બોલાવી લેવાના છે. હાલ મીઠું મીઠું બોલે છે અને ઘેર આવીને ઉતર્યા છે તેથી ભૂલ ખાવાની નથી. મંગળાબહેન! એવા માણસ તો ઉપરથી બહુ શીળા, વિનયી અને ડોળી હોય, સમજ્યાં. તમારા ઘરનાંએ લોક ઉપર ગુસ્સે નહિ થતાં ઝીણવટથી તપાસ કરવી જોઈએ. મોટાં આબરૂદાર કુટુંબોના જુવાનો યુરોપ જઇને સુધરી આવ્યા કરતાં બગડી આવ્યા વધારે છે. મોટા ઓદ્ધો મળે, કંઇક ધંધો કરતાં આવડે કે સારૂ રળી ખાય એટલે છોકરો સુધાર્યો અને કાર્ય સીધ્યું, એમ માનવાનું નથી. વ્યવહારમાં રહીને સુધરવું, કમાવું અને

આપણી રીતભાતે રહેવું તે સારૂં છે. લોકથી વેગળા જતા રહી પોતાને ગમે તેમ વર્તી ગાડી ઘોડા દોડાવવા કે પૈસા ઉછાળવા એમાં કંઇ આબરૂ ઇજ્જત નથી. વ્યવહાર છે તે ખરો છે ? ભણ્યાનું સાર્થકય પણ્ વહેવારૂ સમજમાં–દુનિયાદારીની સમજમાં રહેલું છે. ભણ્યા અને લોક વ્યવહાર કે નીતિરીતિમાં કંઈ સમજ્યા નહિ, અને જેમ ફાવે તેમ વર્ત્યા એથી જીવન સુધરી ગયું, એમ માનવું એ મોટી ભૂલ છે. દુનિયા ઉપર બધી પ્રજાઓ પોતપોતાના રિવાજ અને રહેણીકરણીને માન આપી વર્તનારનેજ પ્રતિષ્ઠિત અને ડહાયો ગણે છે, સમજ્યાં મંગળાબ્હેન !' જેકોરે ટંકોરબંધ ડહાપણ ભર્યો જવાબ આપ્યો, એટલે મંગળાગૌરીની કાકી બોલ્યાં કે, ' મંગળાગૌરી, તારે ચિઢાવું નહિ. લોક તો જેવું સાંભળશે તેવી વાતો કરશે. આપણા લોકનાં નવરાં બૈરાંને એકાદ જણનું ચાંદું જેવામાં આવ્યું એટલે વખત કાઢવાનો જાણે અમૂલ્ય અવસર મળ્યો હોય, એવો આનંદ થાય છે. આપણાં બૈરાંને માટે કહેતી ચાલે છે તે નથી જાણતી કે, ચાર મળે ચોટલા તો કેઈના ભાગે ઓટલા. તમારૂં ઘર અને વીરેન્દ્રરાવ ખરા હશે તો લોક જખ મારે છે ! શા માટે કોઇ કંઇ કહે તેની સાથે વાદે વાત વધારવી.'

જેકોર બોલી કે ' અલબત, લોકો તો વાત કરશે. તમારે ચિઢાવું નહિ મંગળાગૌરી. ખોટું ખરૂં કંઇ ઢાંકયું રહેવાનું છે ? લોકો ધૂળ ઉડાડે તેથી કંઇ સૂરજ ઝંખાય છે. એ તો સામી લોકનીજ આંખો પુરાય છે. મેં તો લોકના બોલ તમને સંભળાવ્યા બાકી હું તો એમાંનું કંઈ માનતી નથી. આવી સારી કેળવણી પામેલો માણસ એવું કરેજ નહિ. મડમો કરતાં શું આપણા લોક જાય તેવા છે ? રૂપમાં તો આપણે એ લોકોથીએ ચઢીએ. વિદ્યામાં જરા પછાત, પણ તેએ હવે તો આપણી છોકરીઓ ભણવા માંડી છે. ઉંચી કેળવણી તો યુરોપમાંએ ઘણીજ થોડી સ્ત્રીઓ લેછે અને હું તો કહું છું કે, બહુ ઉંચી કેળવણીની સ્ત્રીઓને અરે–બધા પુરૂષોને પણ જરૂર નથી. પોતપોતાના ધંધાને યોગ્ય સારી કેળવણી માણસને મળે તો બસ છે. પ્રજાના જીવનમાં ઉંચી કેળવણીની ઝાઝી જરૂર નથી અને જે થોડી

જરૂર છે તે એવા ખાસ ઇશ્વરદત્ત બુદ્ધિ વાળા માણુસો ભણે અને બીજાને માર્ગ બતાવે એટલે બસ. યુરોપ અમેરિકામાંએ આ પ્રમાણે છે. આપણે અહિં હાલ સૌ વકીલ બારિસ્ટર થાય છે તેમ ત્યાં નથી. ત્યાં તો ધંધાને બરની કેળવણી લોકને આપવામાં આવે છે. અલબત આપણે બ્રાહ્મણે-પછી છોકરાએ કે છોકરીએ સારી કેળવણી લેવી જોઇએ, કારણુ કે, આપણે લોકના ગુરૂપદે રહેવાને સરજાયેલાં છીએ. આપણી છોકરીઓ સારી કેળવાય તો પછી મડમ શું કરવાની હતી. હવે જુવાનિયા તે સમજે છે. શરૂઆતમાં એવો મોહ હતો હાલ નથી. હું તો મંગળાબહેન ખરેખર આવી વાતુ માનતીજ નથી પણ તમારે તજવીજ કરવી, આકળાં થવું નહિ. કદાપિ માણુસ ભૂલ કરતું હોય અને આપણા જાણવામાં આવે તો સુધારી શકાય. માઠું લગાડતાં નહિ, મેં તો લોકમાં થતી વાતનો પડઘોજ માત્ર પાડી દેખાડયો છે. તમને કોઇ કંઇ કહે તો ધીરા મનથી બધું સાંભળી લેજો.' તે આમ કહી મંગળાગૌરીનું મન મનાવતી હતી એટલામાં છોકરીએ બૂમ પાડી કે 'બા ! ભાઇ ઉઠયો ચાલની જલદી.' જેકાર 'મંગળાગૌરી, માઠું ન લગાડતાં હો કે બહેન !' એમ કહી ત્યાંથી ગઇ એટલે મંગળાગૌરી બોલી કે, 'જોયું કે કાકી ! લોક કેવા ટપ્પો મારે છે અને પાછા ઉપરથી મલમપટો કરે છે.'

'બહેન ! લોકને શું ? તેમને તો ગમ્મતની એક વાત હાથ આવી. એક બીજાને મળે અને નવાજુની પૂછે ત્યારે કહેવાનું મજેનું રામાયણુ મળી આવ્યું. શા માટે તેઓ વાત ન કરે ?'

'ભલે વાત કરે ત્યારે. અમે કયાં કોઈથી ડરીએ છીએ' આમ કહીને મંગળાગૌરી ઉઠી. તેની કાકીએ તેની સાથે ઉભી થઇ બારણા સુધી વળાવવા ગઇ. છુટાં પડતાં પડતાં તેણે કહ્યું કે 'મંગળા, તજવીજ કરજે અને કાલે વળી મને મળજે. હુંએ કંઇ નવું-સવું જાણ્યું હશે તો તને કહીશ.'

'પણુ કાકી, શી તજવીજ કરવાની છે ? એ તો નકારા લોકોના મનના ખાલી દ્વેષના ઉભરા છે. મેં તમને કહ્યું નહિ કાકી, કે, અમે

દહાડે તેમજ રાતે ઘણીવાર સુધી દિયર ભોજાઈ વાતોના ગપાટા મારીએ છીએ પણ મને તો જરાએ કોઈ વાતે શક પડતો નથી. બિચારો ભોળોભટાક, સાંસારિક બાબતમાં કંઇ ઝાઝું સમજતોજ નથી, ભણી જાણ્યું એટલુંજ. પરમ દહાડે એ જવાના છે એટલે કાલે તો ઘણું કામ હશે, અહિં અત્યારે ખરૂં ને નએ અવાય! તમે કહ્યું તેમ હશે ને નાતમાં વાત વધારે ચર્ચાઈ હશે તો અમારા ઘરમાંએ આજ કંઇક ચેંપેં થશે. કાકી, તમે કાલે મારા ઘર તરફ આવજો.' આમ કહી મંગળાગૌરી વિચાર કરતી મનમાં હસતી મશ્કરીમાં ને મશ્કરીમાં દિયરને આ બાબત પૂછવાનો બેત ગોઠવતી ઘર તરફ ચાલી નીકળી.

પ્રકરણ ૬ હું.

'કેમ વીરૂભાઈ! મજેનો મેળાવડો થયો કે નહિ? નવી ભાભીએ આજ કેવી બજાવી? મોટાં ભાભીએ ખુશ થયાં છે. નાતની કન્યાઓ અને જુવાન સ્ત્રીઓ તો આ મેળાવડો જોઈ રાજી રાજી થઈ ગઇ. સૌને મડમ સાહેબ ગમ્યાં. અહો! કેવી મજેની હસમુખી ઇંગ્રેજ બાનુ છે.' મડમને વળાવી પાછાં ફરતાં મંજુબહેને વીરેન્દ્રને કહ્યું.

વીરેન્દ્ર હસીને પ્રસન્ન મને બોલ્યો કે 'બહેન, તારી અને નવી ભાભીની ગોઠવણમાં કંઇ કહેવાનું હોયજ નહિ. મોટાંબા ખુશ થયાં તે નવાઇ! આપણે મેળાવડાનું ઠરાવ્યું ત્યારે તો તે કંઇ બહુ રાજી જણાતાં ન હતાં.'

'એમની બકુલા, પેલી શાંતા અને હું, ત્રણ જણીઓ મડમ સાહેબને એમની પાસે લઇ ગયાં હતાં. હિંદોળા ઉપર પોતાની પાસે બેસાડી, બકુલા અને શાંતાની મારફત એમણે મિઠાશથી એની સાથે વાતો કરી હતી. તમે કહેલું તે ઉપરથી એની માનો તેમણે ઉપકાર માન્યો, અને ઉઠતી વેળાએ વળી એમણે પોતે એને હાર પહેરાવ્યો હતો. મડમ એમની મોટાઇ અને એમની તરફના આવા મોટા કૌટુંબિક માનથી ખુશ થઇ હતી. બકુલા ધીરૂં ધીરૂં ઈંગ્રેજી બોલતી તેથી મોટાંના મનમાં

ઉમળકાના ઉભરા આવતાં. મંજુબ્હેન અમારી સાથે તે વખતે ન હતાં તો ?' મંગળાગૌરીએ ચલાવ્યું ' મંજુબ્હેન અમારી સાથે હોત તો તમને એમના મનનો ભાવ બરોબર વર્ણવી બતાવત.'

'તમારી વર્ણનશક્તિ કંઇ કમી નથી ભાભી !' વીરેન્દ્રે મશ્કરી કરી. 'બકુલા ઈંગ્રેજી બોલે એટલે એમને આનંદ થાય એમાં શી નવાઇ ! મંજુબ્હેન ભાગ્યુંતૂટ્યું ઇગ્રેજી બોલતી હતી તેથી મને કેવો આનંદ થતો હતો. મડમ તો વારંવાર 'મંજુબ્હેનનેજ બોલવા દો-ની મિસ્તર' એમ કહ્યા કરતી હતી. નવી ભાભી તમારી તો એને ખરેખર છાયા પડી ગઇ. મને કહેતી હતી કે 'ભાભીસાહેબ બહુ બાહોશ છે. મને તો એમનું મુખ જાણે જોઈજ રહું, એમ થયા કરતું હતું. અમારા લોક કરતાં ઘણો-ઘણોજ વધારે તમારા લોકનો વિવેકાચાર છે. સ્ત્રીઓની ગંભીર મર્યાદાવાળો હોઇ અંદરથી આવી સંપૂર્ણ છૂટવાળો તમારો સંસાર બહુ મજેનો લલિત લાગે છે. મંજુબ્હેન અને ભાભી કોઈ કોઈ વાર મને મળતાં રહે એવી તમે ભલામણ કરતા જજો. હું ત્યાર સોરી તેમની સાથે વાત કરૂં એટલું ગુજરાતી શીખી જઈશ. ભાભી! તમારાંથી તો એ બહુજ પ્રસન્ન થઇ છે.' વીરેન્દ્રે મંગળાગૌરીને સારૂં લાગે એવાં પ્રિય વચન સંભળાવ્યાં તેથી મંજુબ્હેન બોલી કે, 'ભાઇ, તમે એને ઘેર રહ્યા હતા ? એ તો વીસી જેવું કહેવાય ?'

'બ્હેન ! ત્યાં તો સારાં કુટુંબો પણ પરદેશીઓને પોતાને ઘેર રાખે છે. વિલાયતમાં એની હીણપત નથી. એવો મોંઘો દેશ છે કે, ત્યાં એવી તેવી સગવડ વગર રહેવું પાલવેજ નહિ. આપણા દેશની સોંઘવારી સાથે એને સરખાવી શકાય નહિ. એને ઘેર કંઇ હું એકલો રહેલો ન હતો, પરંતુ અમે બે ત્રણ વિદ્યાર્થી હતા. એનું કુટુંબ મોટું છે. એનાં માબાપ ઉપરાંત એ ત્રણ બહેનો અને ત્રણ ભાઇઓ છે. અમારી તરફ સૌ પોતાનાં ભાંડુ જેવો હમેશ સ્નેહ બતાવતાં હતાં.' એમ કહી વીરેન્દ્રે એ કુટુંબે બજાવેલી સેવાને ઉપકારભર્યાં અંતઃકરણે યાદ કરી તે સાંભળી મંગળાગૌરી બોલ્યાં કે, 'એની બહેનો કેવડી છે ?'

'ભાભી, એવો સવાલ કેમ પૂછો છો વારૂ ?' મંજુબ્હેને તેને

વધારે બોલતાં અટકાવી સવાલ કર્યો, એટલે મંગળાગૌરી હસી કંઈક ખમચાતા અવાજે બોલી કે, 'એની બહેનને તમારા ભાઇ લેતા આવ્યા હોત, તો તમને મડમ ભાભી મળત. લોકો વગર પરણી આવે કેવી વાતો કરે છે તમે સાંભળી છે?'

વીરેન્દ્ર આશ્ચર્ય પામી બોલ્યો કે, 'નવીભાભી, લોકો શી વાતો કરે છે? મને કહો તો ખરાં?'

'લોક તો કહે છે કે, વીરેન્દ્રરાવ વિલાયતમાં ગોરી મડમ પરણીને આવેલા હોવાથી લગન કરવાની ઇચ્છા ધરાવતા નથી અને બિહાર જઈ–ઠેકાણે પડ્યા પછી એને બોલાવી લેવાના છે. લો, મેં તો જેવું સાંભળ્યું છે તેવું તમને કહી દીધું.' મંગળાગૌરીએ તેના મનમાં હતું તે મંજુબહેનને સંભળાવવાને કહ્યું.

'લોક તો ગમે તેમ બોલે ભાભી! કોઇનો પણ ઉદય નહિ સહન કરી શકનારા અદેખાઓ ગમે તેવાં ગુલબાન ઉડાવે તેમાં આપણે શું? ભલે મડમો ગમે તેવી હોય તેથી શું? આપણે અહિં એવી કન્યા પસંદ કરીશું કે મડમ પણ ઘડી વાર જોઈ રહે! વીરૂભાઇએ હમણાંજ તમને કહ્યું તે ન સાંભળ્યું કે, એ મડમ તમારા ભભકાથી શરીરથી અને છટાથી અંજાઈ ગઇ હતી. તમારા જેવી–અરે! તમને ઝક્કડ મારે એવી તમારી દેરાણી લાવીશું. મડમનું આપણે શું કામ છે? મારો વીરૂભાઇ મડમને પસંદ કરેજ નહિ. એ તો હલકા કુટુંબના છોકરા હોય તે ત્યાં વંઠી જાય આપણે કોણ? અને મારો વીરૂભાઇ કોણ? લોક જખ મારે છે. ખોટાંખરાં ગુલબાન ઉડાડયાથી શું થવાનું છે. એવા લોકની તો મોટાભાઇ કહે છે તેમ દરકારજ કરવી નહિ. હવે વખત બદલાયો છે અને ઘણા જણ પોતાનું શ્રેય શામાં છે, તે સમજવા લાગ્યા છે.'

હસતાં હસતાં વીરેન્દ્ર બોલ્યો કે 'નવીભાભી! તમે આવી વાત ક્યાંથી સાંભળી લાવ્યાં અને સાંભળી તો ખેર પણ તમારા મનમાં તે ખુંપી કેમ? તમને મારો વિશ્વાસ છે કે નહિ? તમે કંઈક ભરમાયાં હો એમ લાગે છે, નહિ તો એ વાત એક કાને સાંભળી બીજે કાને

કાઢી નાંખો ? બોલો તમારા મનમાં શું વસ્યું છે ?'

'દિયરજી, મારા મનમાં કંઇ વસ્યું નથી. મેં તો એ વાત સાંભળી બીજેજ કાને કાઢી નાંખી છે. આ તો મંજુબ્હેનને સંભળાવવા ગમ્મત દાખલ કહી. હું જરાએ ભરમાઇ નથી અને મને લગારે વહેમ આવ્યો નથી. આપણે કંઇ એ લોકથી જઇએ એવાં નથી. આપણે ગોરાં છીએ, એ ગોરાં છે. આપણે ભણીએ છીએ એ ભણે છે, એમના રિવાજ પ્રમાણે એમનામાં હોંશિયારી હોય છે અને આપણા રીતરિવાજ પ્રમાણે આપણામાં આવડ અને ચતુરાઈ હોય છે. મારી દેરાણી બિચારી મરી ગઇ એટલે શું કરૂં. બાકી એ મડમ એને જોઇને ચકિત થઇ જાત, અને હજીએ શું છે? મંજુબ્હેન કહે છે તેમ એવી કન્યા લાવીશું, કે તમારા સાહેબ મિત્રો અને તેમની મડમો જોઇ રહે. હું તો કહું છું અને માનું છું દિયરજી કે, આપણા લોકમાં જે છટા ગાંભીર્ય અને સ્ત્રીત્વ સંપૂર્ણતાએ પહોંચેલાં જોવામાં આવે છે તે એ લોકમાં નથી. ચિબાવલાપણું અને આમ તેમ ઉંચે મોઢે જોવાં હસવાં અને પુરૂષની માફક હરવાંફરવાં એ કંઇ સ્ત્રીત્વ કહેવાય નહિ. એ લોકનાં ગોરાં ભણેલાંએ શું હોય છે? પોતાની ભાષા લખી વાંચી જાણે, એ કંઇ ભણતર કહેવાય? એમ તો આપણા લોક ક્યાં નથી ભણતા ? ઉંચી કેળવણી પામેલી સ્ત્રીઓ તો એમનામાંએ બહુ થોડી હોય છે. મંગળાગૌરીએ આપણા લોકની ઉત્તમતા બતાવી.

'આપણે એ લોકથી ઉતરતા નથી, પરંતુ ઉતરતા હોઇએ તો પણ શું ? આપણે આપણામાં શોભીએ અને એ એમનામાં શોભે. યુરોપિયનો અને એશિયાના લોકો વચ્ચેનો લગન સંબંધ સુખી નીવડતો નથી, એવા હજારો દાખલા છે, અને એવું શા માટે કોઈ કરે ? મારો વીરૂભાઇ ક્યારે કુંવારો હતો અને ક્યાં એને કન્યા મળે નહિ એવું છે ? એક કહેતાં અનેક કન્યાઓ છે. મેં કહ્યું નહિ ભાભી ! એ તો અદેખાઓએ ઉડાડેલી ખોટી વાત છે. પેલો કીરપાશંકર ભાઈ વિલાયતથી આવવાના હતા તે પહેલાંનો પેટ ચોળી શૂળ ઉત્પન્ન કરી રહ્યો છે અને એના જેવા બેવકુફ એને થોડાક સાગરિદ મળ્યા

છે. આપણે તો હાથી પાછળ અનેક કુતરાં ભસે, એમ ગણી તેમની ઉપેક્ષા કરવાની છે. વીરૂભાઇને આવી વાત કહી તમારે અમસ્તો ઉદ્વેગ કરાવવો ન જોઇએ ' મંજુબ્હેને કહ્યું.

'મને આ વાત સાંભળવાથી કંઇ ઉદ્વેગ થતો નથી અને થવાનો પણ નથી હો બહેન !' વીરન્દ્રે ઠાવકાઇથી કહ્યું કે 'મને લગારે ઉદ્વેગ થતો નથી અને હું તેવાઓની દરકાર પણ કરતો નથી. જે કંઇ કરવું હોય તે કરવાને હું મુખત્યાર છું. મને મારૂં હિત શામાં રહેલું છે, તેની સમજ છે. કુટુંબની મહત્તા સાચવવી એ પણ હું સારી રીતે સમજું છું. મને પસંદ પડતી વાતમાં હું કોઇની દરકાર કરતો નથી.'

મંગળાગૌરી બોલી 'તમને તો મડમ ગમે અને તમે તેને પરણવા અમારીએ દરકાર રાખો નહિ. જોજો દિયરજી એવું કરતા ? અમે તમને એવા હાથમાંથી જતા રહેવા દઇશું નહિ. મોટાંભાભીએ બકુલા માટે તમારૂં ચોકઠું ગોઠવવા માંડયું છે. તમે આમ બોલશો તો અમે તમને અહિંને અહિં પરણાવી દઇશું'. તે આમ કહી ખૂબ હસી તે જોઇ મંજુબહેન બોલી કે 'ભાભી! આમ ગાંડુઘેલુ શું ભરડો છો ? એ વાત હવે જવા દો અને ચાલુ વાત કરો.'

'ચાલુ વાતમાં શું કહેવાનું છે. તમારા ભાઇ કહે છે કે, મડમ મને જોઇ ખુશ થઇ, તે સાંભળી મારે કુલાઈ જવું અને મારાં વખાણની વાત કરાવવી. આ વાત તો હું માત્ર ગમ્મત દાખલ બોલી. બીરેન્દ્રભાઇને હું કયાં નથી ઓળખતી! એ પરણીને આવ્યા હોય તોપણ હું તો એકવાર ન માનું અને કોઇને માનવા પણ કઉં નહિ. ક્ષીરપાશંકર છોકરાં વગરનો છે એટલે ગમે તેમ બોલે, એ શું હું નથી જાણતી, અને એના બોલ્યાથી શું ?' વીરેન્દ્ર સામું જોઇ હસીને તેણે આગળ ચલાવ્યું કે 'દિયરજી ! યુરોપિયનો ગમે તેને પરણતા હશે ? માબાપની રજા તો જાણ્યામાં એમનેએ લેવી પડે છે ?'

વીરેન્દ્રે ગંભીર મુદ્રાથી જવાબ આપતાં કહ્યું કે, 'ભાભી, સારા સભ્ય અને ગૃહસ્થ લોકમાં તો બધેય માબાપની અથવા વડી-

લોની સંમતિ વગર વિવાહ થતા નથી. ઘણાંએ વરકન્યા એક બીજાને ચહાતાં હોવા છતાં માબાપના કહ્યા વગર પરણી શકતાં નથી. માબાપનું મન મેળવી લેવું જોઇએ એટલુંજ નહિ, પણ તેમની શંકાઓનું પુરૈપુરૂં સમાધાન થવું જોઇએ, તેમ ન થાય તો તેઓ સંમતિ આપે નહિ અને લગન પણ થાય નહિ. ગામ હોય ત્યાં ઢેડવાડો નથી હોતો ? મોહને વશ થઇ પરણેલાં જોડાંમાં લગન પછી તરત કુસંપ થાય છે અને છુટાછેડા લેવા પડે છે. યુરોપ અમેરિકામાં હાલ તો છુટાછેડાના કેસોથી લોકો કંટાળવા લાગ્યા છે. સત્ય, સારો આચાર અને સુનીતિ તો બધીએ પ્રજાઓમાં સારાંજ ગણાય છે. વિવાહની શી વાત કરો છો ? યુરોપમાં વિધવા' વિવાહની છૂટ હોવા છતાં પણ સારા ઘરની ઘણીએ સ્ત્રીઓ વૈધવ્ય પાળે છે. સારૂં એ તો આખી દુનિયાંમાં જ્યાં જુઓ ત્યાં સારૂંજ છે. આપણા લોકનો સંસાર ભાળી, એવો મજેનો છે કે, જરા વિચાર કરી જોનારને તેમાં જે સુખ દેખાય છે તે બીજી પ્રજાઓના સંસારમાં દેખાતું નથી, આપણા લોકની માહિતી વગરના લોકોએ ભલેને આપણને વગોવ્યા હોય, તેથી શું ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ ગોઠવવામાં આપણા લોકો જેટલા ફતેહમંદ ઉતર્યા છે તેટલા કોઇ ઉતર્યા નથી, અને ફતેહમંદ ઉતર્યા નથો એટલુંજ નહિ, પરંતુ બીજા લોકો હજુ આપણી એ સંસ્કૃતિની પૂર્ણતાને અરધે માર્ગે પણ પહોંચ્યા નથી, એમ કહું તો ખોટું નથી. યુરોપની બધી પ્રવૃત્તિ સ્વાર્થ ઉપર ગોઠવાયેલી છે અને સોનું સોનું ને સોનુંજ શોધવાને તેઓ વિદ્યાકળા ભણે છે અને મોટાં મોટાં જોખમો ખેડે છે. આપણી પ્રવૃત્તિ બધી નિવૃત્તિમૂલક છે જ્યારે એમની નિવૃત્તિ પણ પ્રવૃત્તિમૂલક હોઇ તેમનું દરેક કાર્ય તે તરફ ઝોકાતું રહ્યા કરે છે. યુરોપની પ્રવૃત્તિ ભલે ગમે તેવી મોહક હો પરંતુ મને જરાએ પસંદ નથી. આપણા સંસારમાં જે સુખ અને સ્વારસ્ય રહેલાં છે તે તેમનામાં નથી, અને મારા જેવો તો શું પરંતુ મારાથી છેક ઉતરતો માણસ પણ એમના સંસાર તરફ ઢળે એવું કશું છેજ નહિ. કેટલાક માણસો ત્યાં લગન કરે

છે તે તેમની ઇચ્છાએ નહિ પણ ફસાઇ જવાથી કરે છે, અને લગન કરે એટલે તેને નિભાવવું પડેજ. એવા મૂર્ખ લોકો જેવો મને ગણવામાં આવે તેવા લોકની હું દરકાર કરૂં અથવા પરવા રાખું ? કદી નહિ. નવી ભાભી, એવા લોકની હું દરકાર કે પરવા રાખતો નથી, અને તમારે પણ રાખવી નહિ. આપણા કાનમાં ઝેર રેડી આપણાં મન ઉશ્કેરે એવી તેમની વાતો સાંભળવા સુદ્ધાંની તમારે દરકાર કરવી નહિ.'

'દિયરજી હું એજ મતની છું. આ તો મેં સહેજ જાણવા માટે કહ્યું. એવા લોક એમની મેળે પસ્તાશે. આપણો હિંદુ સંસાર એવા લોકોથી હમેશ ડહોળાતો રહે છે અને ઘરોઘર એવી વાતો થાય છે. નહિ લાગતું વળગતું હોય તેમને પણ તેઓ ઉશ્કેરી મૂકે છે. મોટાં જેવાં ઘરડાં માણસો આવી વાતો સાંભળે ત્યારે વહેમાય અને જ્યાં અમૃત પીવા જેવું હોય ત્યાં ઝેર ઝેર થઇ રહે. મારે માટે તમારે ફિકર રાખવી નહિ. હું એવી તેવી વાતોને મચક આપતી નથી. તમે મડમ પરણીને આવ્યા હો તોપણ હું તો વાંધો લઉં નહિ. હું તો તમને સુખી જોઇનેજ આનંદ પામું.'

'પણ હું લાવું નહિ, એમ કેમ નથી કહેતાં ભાભી!' વીરૂએ પોતાને માટે તેના મનમાં કેવા વિચાર છે તે સ્પષ્ટ કરવાને કહ્યું.

મંગળાગૌરી બોલી કે 'તમારે માટે મને જરાએ શંકા નથી, તેમ છતાં કદાપિ એવું બન્યું હોય તો હું આમ કરૂં, એવો મારો બોલવાનો હેતુ છે. આપણે તો એને પ્રાયશ્ચિત્ત આપી હિંદવાણી બનાવી દઇએ.'

'નવીભાભી, હવે એ વાત જવાદોની? કાલે વીરૂભાઇ જવાનો છે તેની વાત કરો બસ.' મંજુએ ટાયલું કરતી મંગળાગૌરીને અટકાવી કહ્યું કે, 'ભાઇ, હવે તમે ક્યારે આવશો? સાડાત્રણ ચાર વરસ તમે ઇંગ્લાંડમાં રહ્યા અને હવે આમ પરદેશ ફરતા રહો એટલે કુટુંબીઓને તો તમે પરોણા જેવાજને?'

'મંજુબ્હેન, એમ શા માટે બોલો છો? એ પરદેશ ફરે અને

નોકરી કરે એટલે રજા અલબત ન મળે, આપણને શું છે ? આપણે ત્યાં જઇને રહીએ, એટલે ત્યાં પણ ધરજ જાણવું. ગઈ કાલે તમારા ભાઈ મને કહેતા હતા કે, 'તું વીરૂની સાથે જા, અને ત્યાંનું ઠેકાણું પડયા પછી પાછી આવજે.' પણ મેં ના કહ્યું. હમણાં નહિ, પણ છ મહીના પછી હું જઈશ.

'અરે! છ મહીના પછી શા માટે, હાલજ ચાલોને ? તમને કંઇ દુઃખ પડવાનું નથી. ત્યાં એવો કંઇ બંદોબસ્ત કરવા જેવું પણ નથી. મુંબાઈથી મેં કાગળ લખ્યો છે. માણસો બંગલો ગાડી ઘોડો વગેરે સૌ ગોઠવણ કરવાના છે. એમનો કાગળ પણ આવી ગયો છે. હમણાંજ ચાલો નવીભાભી ! તમને મોટાંનો ઓસારો આવતો હોય, તો લાવો હું તેમની રજા મેળવી આપું. વળી રાયજીને તો મેં ત્રણ મહીના પછી મંજુબહેનને લઇને ત્યાં આવવાનો ગઇ કાલે ખૂબ આગ્રહ કર્યો છે. રાવજી મહીનામાં પાછા આવશે અને મંજુબહેન રહેશે. હમણાં તમે ચાલો ને એ લોકો આવે. એટલે તમે આણી તરફ આવજો.' વળી હસીને તે બોલ્યો કે 'તમારી શંકાને પણ એથી અવકાશ રહેશે નહિ.'

'હા, નવીભાભી ! તમે હમણાં જાઓ તો બહુ સારૂં.' મંજુએ તેની ભાભીને આગ્રહ કરવા માંડયો, પણ એટલામાં નીચેથી મોટાંએ વીરેન્દ્રરાવને બોલાવ્યો. 'આ વાત નવીભાભી તમામ ભૂલી જજો. મોટાંના મનમાં ડપકો પડે, એવું કંઇ કહેતાં નહિ.' એમ કહીને મંજુ આગળ થઇ અને બન્ને ભાઈ બહેન નીચે ગયાં, જ્યારે મંગળાગૌરી મેળાવડાનાં કપડાં બદલવાને પોતાના ખંડમાં ગઇ.

પ્રકરણ ૭ મું.

'નરભેરામે પોતેજ ના કહી એટલે મોટાંને ખોટું લાગવાનું કારણ રહ્યું નહિ, એ ઠીક થયું. બકુલા છે તો હોંશિયાર, પણ બિચારીની તબિયત સારી નથી. જે થયું તે સારૂંજ થયું. લોકો કેવા ખરાબ

છે. મૂર્ખ માણસો ગમે તેવું ગુલ્આન ઉડાવતાં પણ બીતા નથી. હિંદુ સંસાર ખોટો થઈ જવાનું આજ કારણ છે. યુરોપિયન લોકના કરતાં આપણા લોક થોડીક રીતભાત અને કેળવણી સિવાય બીજી રીતે જરાએ ઉતરતા નથી. મારે માટે આવો શક તેઓ લઇ ગયા તો પછી બીજા ફક્કડ છોકરાઓ માટે ગમે તેમ બોલે, તેમાં શી નવાઇ !' આમ વિચાર કરતો વીરેન્દ્ર તેની મેડીમાં આમ તેમ ટેલતો હતો એટલામાં ઇશ્વરરાય આવ્યા. તેમને હસીને બોલાવતાં તેણે કહ્યું કે, 'રાયજી ! રેલવેને લગતી ગોઠવણ બરોબર કરી આવ્યા છોને ? પ્રભાશંકરભાઇએ તેમના માણસને મોકલવા કહ્યું પણ મેં ના પાડી.'

'રેલવેની અને અહિં આગળ બે ઘોડાગાડીઓ લાવવાની ગોઠવણ મેં કરી દીધી છે. નોકર અને બ્રાહ્મણને આગળ મોકલીશું અને પ્રભાશંકરનો પટાવાળો લગેજ કરાવી દેશે. આપે તેની ચિંતા કરવી નહિ.'

'વારૂ, બીજા શા વર્તમાન છે ?' વીરેન્દ્રે નાતીલાઓની વાતો જાણવા ખામોખામ પૂછ્યું.

'એ લોક તો જોર ઉપર છે. ઈંગ્લંડ કાગળ પત્તર લખી જવાબ મગાવવાની વાતો કરે છે. સ્ત્રીઓમાં તેમ નથી. કીરપાશંકરની વહુ એમ કહે છે કે, કંકુનો ચાંલ્લો કોને ન ગમે ? મારી છોકરી જીવતી હોત તો હું પણ વિવાહ કરત. કીરપાશંકરને એના બોલ ગમતા નથી, કારણ કે, એણેજ આ બધી ધાંધલ ધર્મના બહાના નીચે ઉભી કરી છે. હમણાં આપણા લોક ધર્મને માટે કંઇક વધારે લાગણી દેખાડતા જણાય છે.'

'રાયજી ! એ લોકોમાં ધર્મની સમજ હોય એમ તમે માનો છો ? ધર્મ એટલે શું, તે પણ, હું તો કહું છું કે, તેઓ ભાગ્યેજ સમજતા હશે.' વીરેન્દ્રે ઉપર ઉપરનો ધર્મનો દેખાવ કરનારાઓ માટે ટુંકી પણ માર્મિક ટીકા કરતાં વળી કહ્યું કે, 'આપણે અહિંજ નહિ, પરંતુ યુરોપમાં પણ લોકોનો મોટો ભાગ ધર્મ એટલે શું, તે સમજ્યા વગર ધર્મઘેલાપણું અને પોતે બહુ ધાર્મિક છીએ, એવું દેખાડવાનો યત્ન કરે છે. જુનાને વળગી રહેનારા આપણામાંજ નહિ, પરંતુ તમામ

પ્રજાઓમાં સૌથી વધારે માણુસો હોય છે. આ બાબત ધાંધલ કરનારા માણુસ અજ્ઞાન લોકોમાં ફાવી જાય છે. દુર્ભાગ્યે સૌ પ્રજાઓમાં અજ્ઞાનોનો મોટો જથો હોય છે. વળી ધર્મ એક એવી બાબત છે કે, જેની સામે થવું સમજુ માણુસો પસંદ કરતા નથી.'

'આપણા લોકમાં ખરી વાત કહેવાની હિમ્મત બહુ થોડી છે, તેમાં વળી ધર્મની બાબત હોય ત્યાં તો, સૌ આંખ આડા કાન કરવાના. પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે હિમ્મત દેખાડે છે. કીરપાશંકરની વહુ તેના પતિ કરતાં વધારે હિમ્મતવાળી કે નહિ ?' ઇશ્વરરાયે ઉત્તર આપ્યો.

'અલબત્ત, સ્ત્રીઓ—તેમને ખરી લાગતી વાત હમેશ બહુ હિમ્મતથી કહે છે, અને એટલા માટેજ વિદ્વાનો કહે છે તે ખરૂં છે કે, સ્ત્રીઓથી સાંસારિક રીત રિવાજોમાં જેવો સુધારો થશે, તેવો પુરૂષોથી નહિ થાય. સ્ત્રીઓને કેળવણી આપવા બાબત આટલો બધો આગ્રહ થાય છે તે એટલાજ માટે કે, તેઓ સમજશે અને સુધરશે તો દેશનો ઉદ્ધાર થતાં વાર લાગશે નહિ.' કંઇક યાદ કરતો હોય તેમ થોડી વાર મૌન રહી વીરેન્દ્ર બોલ્યો કે 'બધું ઠીક છે, પણ તમારૂં કામ થવા બાબત તમને કેમ લાગે છે ?'

'એને માટે તમારે ચિંતા રાખવી નહિ. મડમ સાહેબ એવી ખુશ થઇ છે કે, મારૂં કામ થયા વગર રહેશેજ નહિ. આપે ભલામણ કરી ત્યારથી સાહેબ બહુ માયાળુપણે બોલે છે. મને તેનું મન વાંચતાં એમ લાગે છે કે, તે પહેલાજ પ્રસંગે મારા પ્રોમોશનની બાબત હાથ ધરશે. ફળફળાદિના બે કરંડિયા તૈયાર કરાવી હું મારી સાથે લેતો આવ્યો છુ અને જગન્નાથ મહારાજને કહ્યું છે કે, તે તેણે એની પાસે રાખવા, કે જેથી જરૂર પડતાં લગેજમાં શોધવા જવું પડે નહિ.'

'નવીભાભીએ તેને બધું સમજાવેલું છે. એમાં મારે કાળજી કરવાનું કંઈ કારણ નથી. સ્ટેશન ઉપર ઝાઝા મિત્રો વગેરેને આવવા દેતા નહિ. મને એવી ધાંધલ ગમતી નથી.'

'વારૂ, તેમ કરીશું.' આમ કહીને ઇશ્વરરાય કામ હોવાથી ઉઠયા પછી કેટલીકવાર વીરેન્દ્ર આરામ ખુરસીમાં વિચાર કરતો આંખ મીંચીને પડી રહ્યો.

સત્તરથી પચ્ચીસ વર્ષની ઉમ્મરમાં માણસને વિચારો જેવો વાયરે ચઢાવે છે, સાહસ કરવાને ઉત્તેજે છે અને જેવાં પરાક્રમનાં કામ કરાવે છે તેવું તે પછીની ઉમ્મરમાં થતું નથી. પ્રખ્યાત થઇ ગયેલા પરાક્રમી પુરૂષોનાં ચરિતોમાં પણ આપણે જોઇએ છીએ કે, તેમણે જે નામ-નાઓ મેળવેલી, તે ભરજુવાનીના જુસ્સાદાર સાહસિક વિચારોથી ભર-પુર વર્ષોમાંજ મેળવેલી. જેમ સારાં તેમજ નઠારાં કામો પણ એજ વય કરાવે છે. આ સમયને ગદ્ધાપચ્ચીસીનો સમય કહેલો છે તે બહુ અનુભવી વાત છે. ખરેખર, એ વયમાંજ મનુષ્ય સારે ખોટે માર્ગે ઘસડાઇ જાય છે. વડીલોને ખરેખરી દેખરેખ અને સંભાળ રાખવાનો એજ વખત છે, એટલે મોટાં અને રામશંકરને ચિંતા થાય તે કંઇ ખોટી નથી. જુવાન ા મનની સ્થિતિ, જ્યારે ચંચળ, અને જે બાજુનો પવન વહાતો હોય તે બાજુ તરફ સહેજ ખેંચાઇ જાય એવી હોય છે તે વખત સંભાળી લેવાની તેમને ચિંતા રહે છે. યૌવન, ધનસંપતિ, અધિકાર અને સ્વતંત્રતા એ સૌ વીરેન્દ્રરાવને પ્રાપ્ત થએલાં હતાં. પોતાના હાથનો ઉછેર હોવા છતાં અને ગૃહશિક્ષણની બહુ સારી છાપ પડેલી હોવા છતાં પણ, વડીલોને તેમના સ્નેહને લઇ, ચિંતા થતી હતી કે, વખતે લોક શંકા કરે છે એવું હોય તો ? બે દિવસ થયાં મોટાંના જાણવામાં લોકની વાત આવી હતી. તેઓ જરા વધારે ગંભીર અને માર્મિક રીતે વીરેન્દ્રના બોલવા ચાલવા ઉપર ધ્યાન આપતાં ને વીરેન્દ્રથી તે સમજાયું હતું. મંગળાગૌરીએ તેના સાંભળવામાં આવ્યું તેવું દિયરને કહી દીધું, પણ મોટાંનો બોલ હાલ્યો ન હતો. તેમના મનમાં ભય ઉત્પન્ન થયો હતો તે વિચાર કરતાં અને મંગળાગારીના ખુલાસાથી સહેજ વીરેન્દ્રને સમજાયું હતું. વિચારમાંને વિચારમાં તે મનમાં બોલ્યો કે, 'મોટાં બાએ મને અમુક વાત ભાર દઇને બે ત્રણ વાર પૂછી, તેનું કારણ બીજું કંઇજ નહિ પરંતુ નવીભાભીએ કહી તે વાત, એમના જાણવામાં આવેલી માટેજ પૂછેલી. ભલે, તે લોક તેમનો ધર્મ છે તે કહે. એ પ્રમાણે મારે મારો ધર્મ પણ જોવો. વિવાહ સુખને માટે થાય છે. સંસારી જીવન પોતાના તેમજ બીજા લોકના સુખ

માટે યોજાયેલું છે. આખી દુનિયાં એને સુખ અને લોકના ઉપકાર માટે ઉપયોગી ગણે છે. આપણે અહિં ઘણાં લગનો પાછળથી સુખકારક નહિ પરંતુ દુઃખકારક અને કલેશથી ભરપુર નીવડે છે. યુરોપમાં પણ બધાં લગન સુખી નીવડતાં નથી, પણ ત્યાં તેમાંથી છુટું થઈ શકાય છે. છુટું થવું એ સારૂં નથી—એના કરતાં કલેશ વાળું છતાં એ એમનું એમ ચલાવતાં કંઇક શાંત. પડી કંઇક પરિચયથી સહ્યું પડી જઇ સુખકર થાય છે. સવાલ માત્ર એ છે કે, લગન કરનારનો આપણામાં અભિપ્રાય લેવાતો નથી. વડીલોને માન આપવું, તેમની આજ્ઞામાં રહેવું અને બધી રીતે જેટલા બને તેટલા વિનીત રહી વિવેકથી વર્તવું એ ખરૂં, પરંતુ આપણને પોતાને સમજણ આવેલી હોય પછી વિવેકસર રીતે આપણે તેમની આગળ. આપણો વિચાર જણાવવો. મોટાભાઇ ને મોટાંભાભી મારે માટે પુત્રથી પણ વધારે પ્રેમ થરાવે છે, છતાં આ વખતે એમના વિચારને મુંગે મોઢે અનુસરવું ઠીક નથી. મારે નાત જાતમાંથી નીકળી જવું નથી, મારે આર્યત્વને કે આપણી પરંપરાને છોડી દેવી નથી, પરંતુ વિવેકસર જેટલું મને લાગતું વળગતું હોય, તેટલું મારે જણાવવું જોઇએ. મોટા ભાઈ આગળ મારે કંઈ બોલવું પડે, એ બહુજ ખોટું કહેવાય, ઇશ્વર એવો વખત ન લાવે એમ હું ઇચ્છું છું. આજે જવાનું છે એટલે આજનો દિવસ નીકળી જાય તો પછી કંઇ ફિકર નથી. કાગળ પત્તરમાં ગમે તે જણાવાય, એમાં કંઇ હરકત નહિ. મારે પોતાને જેની સાથે લાગતું વળગતું છે એવી બાબત, બીજાઓએ શા માટે ડહોળવી.? હું કે જેને પરણવાની જરૂર છે તેને કંઇ વિચારે આવ્યો નથી અને બીજાને શું, કે તેઓ ઘોળાઘોળ કરે ? અજબ છે આપણા લોકની આ રીતને ! આનું નામજ બેવકુફી ! આને લીધેજ હિંદુ સંસાર કલેશમય થઇ ગયેલો જણાય છે. ના, ના, આપણા લોકની એ મર્યાદા —આમન્યાને હવે મુંગે મોઢે સહન કરવાનો વખત નથી.’ વીરેન્દ્ર આમ બોલી જરા ગરમ થયેલા મગજે આરામ ખુરસીમાંથી ઉભો થઈ બારી આગળ ગયો, એટલામાં મંજુબહેન આવી તેણે કહ્યું કે,

'ભાઈ! ચાલો મોટાભાઈ બોલાવે છે.'

'કેમ બહેન! થોડા વખત ઉપર હું એમની પાસે બેઠો હતો. તેમણે મને જે કહેવું જોઇએ તે કહ્યું અને બહાર ગયા છતાં, એટલામાં પાછા આવ્યા? અને મને શું કહેવાનું છે? કંઇ નવીન છે? તમે જાણતાં હો તો કહો?'

'ના ભાઇ! હું કંઈ જાણતી નથી..'

'ના, ના, તું કંઇ જાણતી હોઈશ. શા માટે મને કહેતી નથી' કે વીરેન્દ્રે વાત કાઢવા યત્ન કર્યો.

'ખરેખર ભાઈ! હુ કંઇ જાણતી નથી. તમને નવીભાભીએ કાલે જે વાત કરી હતી તે મોટાભાઇ તમને બોલાવીને કહે, એમ લાગતું હોય તો ભૂલ છે. એ તો એવા ગંભીર છે કે તમારી આગળ એક અક્ષર ઉચ્ચારે નહિ. બીજી કંઇ વાત હશે.'

'બહેન! હું પણ તમારી જેમ માનું છું. મોટાભાઇ મર્યાદા મૂકી મારી આગળ એવી વાત કાઢે નહિ, પરંતુ મોટાંએ ઉશ્કેરી મૂકયા હોય તો ન બનવાનું પણ બને. મને તમે આવ્યાં તે પહેલાં એજ વિચાર આવ્યો હતો. કદાપિ એવું કંઈ પૂછે તો મારે શાં માટે મર્યાદા મૂકી ખરી વાત ન કહેવી બહેન? અથવા તું મારી વતી તેમને ઉત્તર આપજે કે, હાલ શું છે? જે વખતે એ બાબત વિચાર ઉપર લેવાની હશે તે વખતે થઇ રહેશે. તું આટલું કામ આજ કર, કે જેથી જતી વખતે કોઇને કંઈ ખોટું લગાડવાનો પ્રસંગ આવે નહિ.' વીરેન્દ્રે મંજુબહેનને પોતાની વકીલાત કરવાનું કહ્યું.

'ભાઇ, એ વાતજ નીકળવાની નથી. મોટાભાઇ ખુશીમાં છે અને આજ તમે જવાના, તેથી સહેજજ બોલાવે છે, ચાલો.'

મંજુ અને વીરેન્દ્ર ત્રીજે માળથી પહેલે માળ આવ્યાં પણ રામશંકર ત્યાં ન હતા, તેથી છેક નીચે ભોંયતળિયે ગયાં. રામશંકર પરસાળના ઓરડામાં પાઘડી હાથમાં રાખી હિંચકા ઉપર બેઠા હતા અને મોટાં તેમની સામે ભડા આગળ એક પાટલા ઉપર બેઠાં હતાં. વીરેન્દ્ર આવી રામશંકર પાસે હિંચકે બેઠા અને મંજુ મોટાં પાસે જઇને

બેઠી. થોડી વાર કોઈ કંઇ બોલ્યું નહિ. વીરેન્દ્રેજ મૌન ભાગતાં પ્રશ્ન કર્યો કે, 'મોટાભાઇ! હમણાં ગયા હતા ને એટલામાં કેમ પાછા આવ્યા?'

'સહેજજ. આજે તું જવાનો હોવાથી મારો જીવ કામમાં લાગતો નથી. જરૂર જોગ રકમ સાથે રાખવી જોઇએ તે લઇને ઘેર આવ્યો. તારાં મોટાં જરા દિલગીર છે. સૌને અણગમા જેવું લાગે. મને એમ થયું કે, ચાલ ઘેર જાઉં, સૌ સાથે બેસી વાતચીત કરીએ. જોને મંજુનું મોં કેવું ઉતરી ગયું છે?'

રામશંકરે આમ કહ્યું એટલામાં તો મંજુની આંખમાં આંસુ આવ્યાં, મુખ લાલ થઇ ગયું છતાં હસીને તે બોલી કે, 'મોટાભાઇ! વીરૂ ભાઇ ત્રણ સાડાત્રણ વર્ષે આવ્યો. અહિં આઠ દિવસ રહ્યો અને હવે પાછો નોકરીએ જાય છે, તે ગમતું નથી. મારાં નવાંભાભી સવારે રડી ગયાં ત્યારથી મારૂં મન પોચું થઈ ગયું છે. મોટાં ભાભી ગમગીન લાગે છે. ભાઇ જાય છે, તેની ગોઠવણ કરવામાં છીએ પણ બધાંનાં મન બળે છે.' આટલું બોલતાં બોલતાં મંજુ રડી ગઇ અને મોટાંની તથા વીરેન્દ્રની આંખો પણ ભિંજાઇ.

રામશંકર જરા થોભીને બોલ્યા કે, 'મંજુ! છોકરો હોય તે નોકરી ચાકરીએ ન જાય.? તમે શા માટે રડો? એને તમારે હિમ્મત ને ઉત્સાહ આપવા જોઇએ. ઉઠ પાણી લાવી વીરૂને અને તારાં ભાભીને આપ અને ખુશીની ઉત્સાહ આવે એવી વાતો કર.'

પાણી લાવી મોટાં અને વીરેન્દ્રને આપ્યા પછી મંજુ બોલી કે, 'મોટાભાઇ! વીરૂભાઇ ત્યાં જઇને ઠેકાણે પડયા પછી પહેલ વહેલી હું ત્યાં જઈશ.'

'હા બહેન! જજે. તારાં મોટાંએ આવશે.'

'નારે, મારે જવા જેવું ઈશ્વરે રાખ્યું નથી. હવે મારે કદિ જવું નથી. પેલી વહુ હોત તો આજેજ એમની સાથે જાત. એ બધી હોંશ ઉડી ગઈ. હવે મારે તો કદિએ જવું નથી.'

'વહુ આવે ત્યારે જશીને મોટાંભાભી? ભાઇ છે તો કાલે

વહુ આવશે, એમાં શું? એ વખતે જન્જો.'

'તે વખતની વાત તે વખતે બ્હેન, અત્યારે શું છે?' મોટાંએ વાત કરવા માંડી, પણ તેમના મનમાંનો ડુમો દૂર થયો નહિ.

રામશંકર વીરેન્દ્ર સામું જોઇ બોલ્યા કે 'વીરૂ, આ જગન્નાથ મહારાજને તો તું સારી રીતે ઓળખે છે. પ્રભાશંકર પાસે પાંચસાત વર્ષ થયાં રહેલો છે, વારંવાર અહિં આવે છે, રસોઇ કરે છે અને બબ્બે ત્રણ દિવસ રહે છે. મને બહુ સારો માણુસ લાગે છે. જોઈતારામ પટેલ છે તે પણ તને અજાણ્યો માણુસ નથી. બન્ને જાણીતા માણુસ છે અને તને કોઇ જાતની અગવડ પડવા દે એવા નથી. તારી તબિયત ઉઠાવવામાં તેઓ એમની મહેનત લેતાં પાછા પડે એવા નથી. મેં અને પ્રભાશંકરે ગઈ કાલે રાતે જગન્નાથ મહારાજને બધું સમજાવ્યું છે. પરદેશમાં ખાવાપીવાની સારી સંભાળ રાખવી તે એના મનમાં ઠસાવ્યું છે. વળી સારો પગાર આપવાનું પણ કહ્યું છે. પગાર તારે આપવાનો નથી. અમે અહિંથીજ એના કુટુંબને આપીશું. બીજું કંઇ સહેજ વાપરવા—ખીસા ખરચ તરીકે જોઇએ તે તું આપજે. કપડાં લત્તાં પણ બન્ને જણને લઇ આપ્યાં છે. જોઇતાને પણ તારે પગાર આપવો નહિ. તું એમની સંભાળ રાખજે અને એ તારી સંભાળ રાખશે. બહુ અદબ અને નરમાશથી રહેવાની અમે એમને શિખામણ દીધી છે, કારણ કે, એ લોક અજ્ઞાન એટલે અહિંની માફક ત્યાં પણ વર્તવા જાય.'

'મોટાભાઇ, નોકરો સાથે કેમ વર્તવું તે વીરૂભાઇને કહેવું પડે એવું નથી. એટલું ખરૂં કે, આ મહારાજ જરા છુટા મોંના માણુસ છે કંઇ અલાવડાં કરવા કે ડહાપણ કરવા જાય, પણ ત્યાં બૈરૂં નહિ એટલે અલાવડાં કરશે કોને? વીરૂભાઇ કંઇ એને મોં આપે નહિ.' મંજુએ કહ્યું.

'બ્હેન! મારે ને એમને ઘરગતુ વાત કરવાનો વખતજ નહિ આવે? જમું, એટલી વારજ મારે તેમને મળવાનું થશે. બેઉ જણને રહેવાની ગોઠવણ જુદી થશે. મારે બંગલે અને તહેનાતમાં ત્યાંના

નોકરો રહેશે. એમની ઉપર હું નજર રાખીશ અને જે જોઇશે તે આપીશ. એ બાબત તમારે કશી ફિકર કરવી નહિ.'

'જગન્નાથ મહારાજને મેં દાબીને કહ્યું છે કે, મારા વીરૂને ખાવાની ચીજ સારામાં સારી, સારી ચઢેલી અને ઉની ઉની આપતા રહેવું. જેમ હું પોતે હોઉં તેમજ તમે છો એમ જાણવું, અને એક મા કે બૈરીની માફક ભોજનની સગવડ સાચવવી. સવારીમાં જવું પડે ત્યાં પણ, કહિ ઠંડું કે કાચું દવાયું ખવરાવવું નહિ. વખતસર જે બને તે થોડી ચીજ થાય તો થોડી, પણ તાજી તરત કરીને ખવરાવવી મને ખાતરી છે અને જગન્નાથ મહારાજ એવા નથી કે, જે વખતે જે આવ્યું તે ધાપડી દે. ભોળો ભડભડિયો બ્રાહ્મણ-રસોઇમાં બાહોશ છે.' મોટાંએ મહારાજને સર્ટિફિકેટ આપ્યું, એટલામાં મહારાજ પોતેજ ત્યાં આવી પહોંચ્યા. મંજુબહેન તેની સામું જોઇ બોલી કે, 'જુઓ સાંભળો મહારાજ! મોટાંભાભી કહે છે કે, વીરૂભાઈ સાથે એ પોતેજ હોય તેમ તમે છો, એવું સમજજો.'

'બહેન! મને એવું કહેવું પડે તેમ છેજ નહિ મોટાંભાભી અને મંગળાભાભીએ બધું મને કહ્યું છે. રાતે મધરાતે, રંગમહેલમાં કે વનમાં જ્યાં હોઇશું ત્યાં, ભાઇને એમને રૂચતું હશે તેજ ભોજન કરી આપીશું ને વળી ખાતરીનું. મારા જીવથી પણ જાદે જતન કરીશ. હજારના પાળનારની સેવા કરવી તે પરમેશ્વરની સેવા કરવા બરોબરજ છે. જોઇતો પણ જેવો તેવો નોકર નથી, અને જ્યાં અમે બે જણ છીએ, ત્યાં તમે બધાં છો, એમ જાણજો. ભાઇને પરદેશ જેવું લાગવા દઇશું નહિ. અમારે ત્યાં બીજું શું કામ છે?'

'બસ, જગન્નાથ બસ, એટલુંજ. વીરૂને તે પરદેશમાં છે અને એક રસોઈઆના હાથ તળે જમે છે, એવું લાગવા દેતા નહિ, એટલી કાળજી રાખશો તો બસ છે. હું તમને એનો બદલો આપીશ. ભોજનપાણીની તેમજ એની તબિયતની તમારે કાળજી રાખવી, એ સિવાય તમારે માટે ત્યાં બીજું કંઇજ કામ નથી. બહારનું કામ એના સરકારી નોકરો બજાવશે.' રામશંકરે જગન્નાથ મહારાજને સમજ પાડી.

'તમારે એવી તેવી કશી ચિંતા કરવીજ નહિ મોટાભાઇ! આ તો ગમે તેટલો પણ આપણો દેશ છે. વિલાયતમાં મેં મારી સગવડ કરી લીધી હતી તો પછી અહિં શું મુશ્કેલ છે?' વીરેન્દ્રે તેનાં મોટાં ભાઇ ભોજાઇને નચિંત રહેવા ખાતરી આપી.

'વિલાયતમાં તું એક વિદ્યાર્થી હતો અને અહિં અમલદાર છે. વિદ્યાર્થી ગમે તેમ રહે અને ગમે તેવું કામ કરે, તેથી તેને કે જોનારને કંઈ લાગે નહિ, અને અહિં અમલદારીમાં તો બધું દરજ્જાને ઘટે ને શોભે તેમ કરવું પડે. મનથી સાદા, જીવથી ઉદાર પરંતુ વર્તનમા રૂવાબદાર રહેવું.' રામશંકર આમ કહી ઉઠયા અને મંજુબહેન ઘડિયાળ સામું જોઇ બોલી કે 'વીરૂભાઈ! પણે જવાનો તમારે વખત થયો.'

'કયાં જવાનું છે?' મોટાંએ પૂછયું.

'વીરૂભાઇના દોસ્તદારોએ મેળાવડો કર્યો છે ત્યાં.'

'આજે હવે કયાં વખત છે? સાંજ પડી અને નવ વાગે ગાડી જાય છે. આટલા દહાડા એમને નવરાઈ ન મળી? ભલે જાઓ, જલદી આવજો.' આમ ટીકા કરી મોટાંએ રજા આપી.

પ્રકરણ ૮ મું.

'જોઇતારામ, મુંબાઇથી બધું સાથે લીધું હતું તો કેવું કામ લાગ્યું? તમને ગમતું ન હતું અને દાણાદુણી કયાં વિંઢારીશું? એમ કહેતા હતા પણ જોયુંને, અહિં તો દાળે સારી મળતી નથી. લોટને બદલે મેંદો મળે છે. આપણે તો ગમે તેમ કરીને, કાં તો અહિંથી કે કાં તો મુંબાઇથી, ચોખ્ખુંજ અનાજ મગાવવું પડશે. બજારૂ માલ ભાઇને ખવડાવાશે નહિ.' જગન્નાથ મહારાજે કાગળ લખતાં લખતાં જોઇતાને કહ્યું કે 'બોલ તારે કંઈ લખાવવું છે?'

'મહારાજ, અનાજ પાણીના વાત કાગળમાં ચીતરી કાઢી કે શું?'

'નારે, એ તો તને કહું છું. કાગળમાં તો આપણે સુખ રૂપે

આવી પહોંચ્યા તે, અને વ્યવસ્થા કરવા માંડી છે તે, તથા એકાદ બે દિવસમાં બધો બંદોબસ્ત થઈ જશે, એટલુંજ માત્ર લખ્યું છે. તારે ઘેર કંઇ કહેવરાવવું હોય તો તે બોલ, લખું.'

'અડવાડિયુંએ થયું નથી તે પહેલાં હું ઘેર શું લખાવું ? મંજુ બહેનનું નામ લઇને લખો કે, મારા ઘરનું માણસ આવે તેને આપણે કુશળ છીએ તે કહે.'

કાગળ બીડતાં બીડતાં જગન્નાથ મહારાજ બોલ્યા કે 'જોઇતારામ, દેશે જુદા, બોલીએ જુદી અને માણસે જુદી જાતનાં લાગે છે ? ગામ દૂર એટલે મને તો જવાનું મળ્યું નથી પણ તમે બે ત્રણ વાર ગામમાં જઇ આવ્યા, તે કેવું લાગ્યું ? બોલી આવડે નહિ એટલે પૂછીએ પણ શું ? પરદેશી ભૈયાની બોલીમાંએ આ લોક તો બરાબર સમજતા નથી. જાતરાએ આવનારા બિચારા શું કરતા હશે ?'

'ભૈયાની બોલી તો ઘણાય માણસ બોલે છે. જાતરાળુની પાછળ ફરનારા ગોરો બધી બોલીઓ જાણે હો. ગામ સારૂં છે, લોક ગરીબ ને માયાળુ છે. કાલે ભાઇ ફરવા જવાના છે એટલે હું તમને ગામમાં લઈ જઇશ. ઠીક છે, મને તો અહિં અનકું લાગતું નથી. ગામ દૂર છે તેથી શું ? અહિં ક્યાં માણસની ખોટ છે. બધા બંગલા ભરેલા છે. બધે સપાઈ સપરાં ને હજુરિયા નોકરો તરવરી જાય છે. જુઓને ભાઇની તહેનાતમાં કેટલા માણસ ખડા રહ્યા કરે છે. આપણને તો ગમ્મત પડે છે,'

'મનેએ અણગમો લાગતો નથી જોઇતારામ ! તમે છો તેથી મારો વખત ગમ્મતમાં ને વાતચીતમાં ચાલ્યો જાય છે. તમે જેવું આવડે તેવું આ લોક સાથે ભરડી વાતોના તડાકા મારો છો એમ મારાથી થતું નથી. મને આ બોલી ઝટ જીભે ચઢે એમ લાગતું નથી.'

'હિંદી બોલી બોલવાનો તો આપણા દેશમાંએ અમને જરા મહાવરો ખરો મહારાજ !' જોઇતારામે પોતાની હોંશિયારી અને આવડ બાબત ફુલ મારતાં ઉકળાઇથી કહેવા માંડ્યું કે 'હિંદી બોલી, અમારે જ્યાં ને ત્યાં આખોદાડી બોલવી પડે. નાનપણથીજ હું મોટા

લોકને ઘેર રહેલો અને સપૈયાં સાથે તમાકુ પીવા કરવા બેસીએ તેથી અબે તબે કરતાં કરતાં આવડી ગયેલું. બે વાર તો આણી તરફ જાતરામાં પણ આવી ગયેલો, હું તો બહુ દેશ ફર્યો છું મહારાજ.'

'અમે તો ગુજરાતમાં ફરેલા, અમ બ્રાહ્મણભાઇને તમાકુ પીવાની બંધી એટલે સપાઈ સપરાં સાથે બેસવા ઉઠવાનું નહિ. ઘરના નોકરો, છોકરાં કે બૈરાં સાથે બેસવાનું અને આપણી બોલીમાં બોલવાનું. હિંદી તો હુંએ બોલું છું તમે મને નથી સાંભળ્યો ?'

'કેમ ના સાંસળું ? તમે તો ખાસી વાત કરોછો. ભાઇનો જમાદાર છે તે બહુ સારૂ ચોખ્ખું બોલે છે. એ જાતનો બ્રાહ્મણ અને ચોખ્ખો છે. નવરા હો તારે આવજો આપણે ઘડી ઘડી એની પાસે બેસીશું એ કચેરીએ જતો નથી, બંગલેનં બંગલે રહે છે, લાયક માણસ છે.'

'જોઇતારામ, આ બંગલો અને આપણે રહેવા કરવાની ગોઠવણ તો બહુ સારાં છે. કેવો મોટો બંગલો છે ને કેવો મોટો વિસ્તાર આંતરી લીધો છે. માણસોને માટે પણ કેટલી બધી ઓરડીઓ કાઢેલી છે. પાણીછાણીની પણ સોઇ છે.'

'અમલદાર લોકને રહેવા માટે કરાવેલા બંગલાઓમાં શા માટે ક્યાશ રાખે ? પરદેશી ને વિલાયતી અમલદારો આવે, તેમને રહેવાને આવી સગવડ ન હોય તો કેમ ચાલે ? આ તો ઘડીવાર મોટા રાજાનેએ ઉભો રાખી શકાય એવી અમલદારી, કાંઇ જે તે વાત છે ! કેટલાં વરસ વિલાયતમાં રહે છે ત્યારે આ કલેકટરી મળે છે, તમે શું જાણો મહારાજ ! મામલતદાર સાથે સવારીમાં ફર્યા, સાહેબ લોકની સવારીમાં ફર્યા નથી તો ! ભાઇ સાથે સવારીમાં જવું પડે ત્યારે જોજો, તમે તો છક થઈ જશો.'

'કાલે બે હાથી ક્યાંથી આવ્યા હતા જોઈતારામ.' જગન્નાથે પૂછ્યું.

'આ મુલકના રાજાને ત્યાંથી ભાઇને તેડવા માટે આવ્યા હતા. એ બિચારા શું જાણે કે બૈરૂં નહિ હોય ? મહારાજ તમે ભાઇનાં વહુને જોયેલાં કે ?'

'હા, જોયેલી! પુતળી જેવી રૂપાળી બાઈ હતી. બિચારીનું ભાગ્ય ઓછું, નહિ તો અત્યારે પાનની પિચકારીઓ મારતી ન હોત?' જગન્નાથ મહારાજે લાગણીથી કહ્યું.

જોઈતારામ બોલ્યો કે 'એનું ભાગ્ય સારૂં તે ઘાટડીએ ગઇ. સુખનાં શમણાં જોતા જોતા જવું એના જેવું સળવું ભાયગ બીજું શું કહેવાય? દુનિયાં દુઃખથી ભરેલી છે. ઝાઝું જીવ્યામાં કંઇ માલ નથી મહારાજ! જુવાન માણસો મરી જાય તેને તો કંઇ દખ નહિ. દખ તેમનાં મરણાં જોનારને ને પાછળ પડયાં રહેલાંને. હું તો આશા ભર્યાં મરણ બહુ સારાં ગણું છું.'

જોઇતાની ફિલોસોફીથી કંટાળી જગન્નાથ મહારાજ બોલ્યા કે 'તું તો ગનાનની પુંછડી છે પટેલ, એ વાત રહેવા દે. જુવાનનું મરણ થાય તે તે સારૂં લાગે? અને સારૂં કહેનારની લોકો જીભ ખેંચી નાંખ્યા વગર રહે? હશે, તને જેમ ગમે તેમ ખરૂં. વારૂ તે રાજા કોણ છે અને કેમ ભાઇને તેડું આવ્યું હતું તે જાણતા હોય તો કહો? હાથી મોકલ્યા ત્યારે તો બહુ મોટા રાજા હશે?'

'હાથી તો અહિં બેલની માફક ધોબીને ઘેર પણ હોય છે. રાજા મોટા જમીનદાર છે. આપણા દેશના રાજા જેવી હાકમીવાળો નહિ. અહિં તો મોટા ગૃહસ્થ જમીનદાર લોક રાજા કહેવાય છે—ખતરી નહિ. ગમે તે જાતનો જમીનદાર હોય. કહે છે કે બ્રાહ્મણ જમીનદારો—અરે રાજાઓ પણ છે. કંઇ મેળાવડા—મિજલસ જેવું હતું તેથી ભાઇને તેડવા આવ્યા'તા એમ તેમની સાથે આવેલો મહેતો મને કહેતો હતો. ભાઇએ ઉપકાર માની તેને પાછો મોકલ્યો. બહેન આવશે ત્યારે એકાદ વાર આપણે જઇશું મહારાજ!'

'જોઈતારામ, તમે બંગલે રહો એટલે તમને ભાઇનો સહવાસ બહુ પડે. મારે ચુલો સંભાળવાનો એટલે શું કરૂં, નહિ તો કેવાં કેવાં ઓળખાણ કરૂં. હજી થાય છે. ધીરે ધીરે પગ ગોઠવાવા દો, પછી વાત! એવા રાજાઓને તો હાથેળીમાં રમાડીશું. ભાઈ પરણેલા હોત કે વહેલા પરણે તો ઠીક. ઘરખાં બૈરૂં હોય તો આપણને ગમે અને

છૂટથી વાતચીત થાય આ તો શે બહાને બહાર જવાનું કહેવાય ? '

' વિલાયત જઇ આવ્યા એટલે પરણતાં વાર લાગશે. કોઇ એકદમ કન્યા દેવાને ઉભું નહિ થાય. કેટલાક જણ વિરૂદ્ધ પડયા છે નહિ તો કયારનુંએ મોટાં બાએ ચોકઠું ગોઠવી દીધું હોત. ખાનદાન ઘર છે એ વાત ખરી, પણ લોક નાતથી બીએ. નાત માથાનો મુગટ છે, ઢોર ઢાંખરે ટોળે બંધાઈ રહે છે તો આપણે માણસને નાત વગર ચાલે ? મળશે, કન્યા તો મળશે પણ વાર લાગશે. '

' જોઈતા, તું ભૂલ કરે છે. મોટા માણસને વાર લાગતી નથી. નાત જાતના વાંધા, વિવાહના વાંધા અને બીજા બધા ઝઘડા ગરીબને માટે છે. પૈસાદાર–મોટા માણસોને કશું નડતું નથી. ગરીબનાં છોકરાં કુંવારાં રહે, ગરીબ નાતના ગોદા ખાય, અને ગરીબનું કામ ટોલ્લે ચઢે, ગૃહસ્થનું નહિ. નાતના લોક ભાઇને માટે ઘણુંએ બફડતા હતા. બોલો તેમનાથી શું થયું ? ભાઇએ કે તેમના કુટુંબે લોકની દરકાર કરી. મોટા સૌ કરે ને ગરીબથી કંઈ થાય નહિ. '

' મહારાજ, એમ ન ધારતા, નાત તો ચહાય તે કરે અને મોટા ગૃહસ્થે નાત આગળ તો મોંએ તરણું લે. નાતથી કોણ મોટું છે ? ' જોઈતાએ નાતનું જોર કેવું છે તેનું જગન્નાથ મહારાજને ભાન કરાવવા કહ્યું કે, ' પૈસો તો ઢેડને ઘેર પણ હોય. પૈસાવાળો કે ઓદ્ધાવાળોએ નાત આગળ મોટો નહિ. નાતમાં તો સૌ સરખા ! '

' જોઈતારામ, એ વખત જતો રહ્યો. નાતનું જોર હવે ભાગી ગયું. સૌને ચઢતી પડતી હોય છે. અત્યારે નાતોનું જોર નથી. નાતમાં હમેશાં મોટા–પૈસાદાર આગેવાન અને શેઠિયા હોય છે કે બીજું કોઇ ? કોઈ ગરીબને નાતની પટલાઇ કરતો જોયો ? મોટો માણસ તે નાત ને ગરીબ તે નાત બહાર, સમજ્યા પટેલ. ' જગન્નાથ મહારાજે જોઈતારામને સામું નાતના સ્વરૂપનું ભાન કરાવવા કહ્યું એટલામાં બંગલેથી એક માણસ આવ્યો તેણે જણાવ્યું કે, ' જગન્નાથ, તમારા કબજામાં ચાર ઓરડી છે તેમાંની છેલ્લી મોટી ઓરડી જેમાં બે ખંડ પાડેલા છે તે, સાફસુફ કરાવી નંખાવજો. સાહેબનો હુકમ છે કે, એક બાઇ દો

તીન રોજમાં તેમાં રહેવા આવનાર છે.'

જોઇતારામ બોલ્યો કે, 'એ ખોલીમેં તો હમ લોગ સુતે હે ભૈયા. ઓર હમેરા અશબાબ રખ્યા હૈ.' જગન્નાથ મહારાજ હસ્યા ને જોઇતા સામું જોઇ બોલ્યા કે 'ભાઇને કહેજો જોઇતારામ, આને કહ્યાથી શું વળવાનું છે?' પેલા માણસને જગન્નાથે વિવેકથી બોલાવી પોતાની પાસે બેસવા કહ્યું પણ તે બોલ્યો કે, 'સાહેબ બંગલે આવી ગયા એટલે મારાથી બેસાય નહિ. બે આદમીએ સાહેબની તહેનાતમાં હાજર ને હાજર રહેવુંજ જોઇએ.' આમ કહી તેણે ચાલતી પકડી.

'તમે ચા તૈયાર કરોને મહારાજ! વખત થવા આવ્યો છે હમણાં મંગાવશે. હું ચા લઇને જઇશ અને બધી વાત ઉલટાવી નાંખીશ. આપણી જોડે બીજું માણસ ને તે વળી બૈરૂં હોય, તે કેમ પાલવે? આપણે સુવા બેસવા, સરસામાન રાખવાં અને દાણાદુંણી વગેરે રસોડાની ચીજ મુકવા જગા જોઇએ કે નહિ? ચાલો તમે ઝટ ચા કરો, ને હું તે લઇને જાઉં.'

'એ ઓરડી નવરી પડી રહેલી છે. જમાદાર જાણે છે અને કોઈની મોટી લાગવગ હશે ત્યારે ભાઇએ આપી હશે. જોઇતારામ હા ના કરવા જતા નહિ. વશા હારશો. સરકારી પટાવાળા અને જમાદારનું ધાર્યું થશે એટલુંએ તમારૂં નહિ થાય? ભાઇ આપણને સાંભળતા નથી, એમ નહિ પણ આપણે આખું ખાવા જઇએ તો ના ફાવીએ.' જગન્નાથે બ્રામણી શીલ બતાવ્યું.

'વાગ્યો તો તીર નહિ તો તક્કો' જુઓ તો ખરા મહારાજ,' એમ કહી જોઈતારામ દૂધ લેવા દોડયો અને જગન્નાથ મહારાજ 'બાઇ વળી કોણ હશે?' એવો વિચાર કરતા શગડી સળગાવવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

'આકાશ નિર્મળ થઇ જઈ બહાર મજેની સ્વચ્છ ચંદની નીકળેલી લાગે છે.' આંખ ઉઘાડી ધીરેથી પાસુ ફેરવતાં વીરેન્દ્ર મનમાં

બોલ્યો. ' ત્રીસ બતરીસ કલાક થયાં બિછાનામાં આમનો આમ ચૂપચાપ વગર ખાવે પીવે અને વગર બોલવે પડી રહ્યો તેને લીધે બહુ સારી અસર થઇ. શરદીનો બહુ સખત ઝપાટો લાગ્યો. ટાડ વહાઈ તાવ આવ્યો ત્યાર પછી શરદીમાં ઘોડા ઉપર મુસાફરી કરી તેને લીધે બહુ પછડાયો. દાકતરને તેમજ મને પોતાને પણ ન્યુમોનિયાનો ભય હતો. હતું પણ એવુંજ. અત્યારે મને પૂર્ણ આરામ ને આરોગ્ય લાગે છે. હવા બદલાઇ ગઇ છે. શિયાળાનો દહાડો, ટાઢનું જોર અને માવઠું થયું એટલે એકદમ શરદી થઇ ગઇ.' વીરેન્દ્રરાવ પલંગમાંથી કાચની બારી સામું જોતો જોતો મનમાંને મનમાં આમ વિચાર કરવા લાગ્યો. ત્રણેક દિવસ ઉપર કોઇ અગત્યના કામ માટે બે સ્વાર અને એકાદ બે કારકુન સાથે તે પરગણાના ગામ તરફ તપાસે ગયા હતો. તેના ગયા પછી માવઠું થયું અને ચોરામાં રાત રહેવું પડયું ત્યારે ટાઢ ભરાઈ જવાથી તાવ આવ્યો. ગામ બહુ દૂર નહિ હોવાથી કારકુનને પાછળ મૂકી એક સ્વાર સાથે તાવ ભર્યોજ તે પાછો આવતો રહ્યો. માવઠું થયેલું અને પવનના સામા સપાટામાં ઘોડા પર મુસાફરી કરી તેથી છાતી જકડાઈ ગઇ. તાવ પણ ત્રણ ચાર ડીગ્રી સુધી ચઢી ગયો. મુકામસર આવી પહોચ્યાથી તેમજ દાક્તર અને માણસોની સારી મદદથી ત્રણ ચાર દિવસે જરા આરામ થયો. કે જે આરામની ઉંઘામાં તે અત્યારે જાગ્રત થયેલો છે.

સવારના ચારનો અમલ છે, પાછલી રાતનાં ચાંદરણાં નીકળેલાં છે. બારીઓ, કાચની હોઇ ચારે તરફથી સખત બંધ કરેલી છે, કે જેથી પવન આવે નહિ. દિવાનખાનામાં જ્યા નરસિંગ કરનાર અને માણસ સુતેલાં છે ત્યાં દીવો બળે છે અને દરદીના ખંડમાં કાચમાંથી ઉજેશ આવે એટલુંજ અજવાળું પડેલું છે. પલંગ અને તેની નજીક બે ખુરસી અને એક સ્ટૂલ, એ સિવાય આખા ઓરડામાં બીજું કંઇ રાખેલું નથી. ઓરડો વિશાળ ઉંચી ઉભરણીનો અને પુષ્કળ હવાનો સમાવેશ થાય એવો હોઈ દરદીને શાંત અને એકાંત આરામ આપવાને યોગ્ય છે. આપણી વાર્તાનો નાયક વીરેન્દ્ર શરદીથી પછડાઈ જવા

છતાં ઈશ્વર કૃપાથી એકજ સ્થિતિએ ચૂપચાપ પલંગમાં ને પલંગમાં સુવાડી રાખેલો રાતના સારી ઉંઘ લઇ આરામની તેમજ હિંમતની ઉષાના ઉત્સંગમાં ટગર ટગર.બારી સામું જોતો અને વિચાર કરતો, ઉપર જણાવ્યું તેમ સુતેલો છે એટલામાં એક નર્સ હાથમાં ઝીણી મીણબત્તીનો ઝાંખો દીવો લઇ ધીરેથી બારણું ઉઘાડી અંદર આવી. વીરેન્દ્ર બારી તરફ પાસુ ફેરવી સુતેલો અને અશક્તિને લીધે મંદ—શૂન્ય મગજ કોઈ વિચારમાં એકચિત્ત હતો, એટલે બારણું ઉઘડયું તે, અજવાળું પડયું તે, કે પોતાના ખંડમાં કોઇ માણસ આવ્યું તે, કશું જાણી શકયો નહિ. સારવાર કરનાર સ્ત્રી બહુજ ધીરે પગલે દીવો નીચે મૂકી પલંગ પાસે ગઈ અને પોતાનો ટાઢો પંજો દરદીને લાગે તો નિદ્રાનો ભંગ થાય, અથવા તેને કંપારી આવે, તે માટે ગરમી લાવવા બન્ને પંજા બાંયમાં ઘાલી પલંગ આગળ જરા ઉભી રહી.

વીરેન્દ્રરાવે પાસું ફેરવ્યું તેવીજ નર્સ ઈંગ્રેજીમાં બોલી કે, 'સાહેબ આપને ઉંઘ નથી આવી ?'

'નહિ, આજે તો હું આખી રાત નિરાંતે ઉંઘ્યો છું અને મારી તબિયત મામુલી આરોગ્ય ઉપર આવી ગઇ છે. તમે શું આખી રાત મારી બરદાસમાં જાગતાં રહેલાં છો ? મને કશી ખબર નહિ હોવાથી પૂછું છું.'

'નહિ સાહેબ, હું પણ સારી રીતે ઉંઘી છું. આપની સારવારમાં તો આપને આશ્રયે રહેલી પેલી કુમારિકા છેક સાડા અગિયારથી ત્રણ લગી આ ખુરસીમાં વાંચતી બેસી રહી હતી. ત્રણ સવા ત્રણને અમલે મારા હોલમાં આવી મને જાગ્રત કરી તે સુવા ગયેલી છે. એ કુમારિકા બહુ ભલી ને માયાળુ છે. તબિયતે સારી હોઇ તેણે બે ત્રણ દિવસ ને રાતો આપની સારવારમાં મને ઘણી—ઘણીજ મદદ કરી છે. આવી ભલી છોકરીઓ કોઇકજ હોય છે. અભ્યાસ પણ બહુ ખંતથી કરે છે અને જયારે હું જોઉં છું ત્યારે વાંચતી હોય છે. હસમુખી આનંદી અને બહુ અદબવાળી શરમાળ છોકરી છે. એક બે વાર એને ઉછેરનાર વિલિયમ સાહેબની સારવાર માટે હું અનાથા-

શ્રમમાં ગયેલી ત્યાં પણ મેં આવી ને આવીજ રીતે એને મહેનત લેતાં જોઇ છે.'

'અલબત બહુ ભલી કુમારિકા છે, મને આરામ છે. તમો એને બહુ શ્રમ આપતાં નહિ, કારણ કે, આ મહીનામાં તેને પરીક્ષામાં બેસવાનું છે. એના અભ્યાસમાં ખલેલ થાય તો પછી આપણે એને ઉપકાર કર્યો ગણાય નહિ. આશ્રમમાં તમને એનો પરિચય પડયો હશે નહિ વારૂ ?'

'હા સાહેબ, રે. વિલિયમ તેને પોતાની પુત્રી કરતાં પણ વધારે ચહાતા હતા. તેઓ અમેરિકા ગયા ત્યારે એને માટે સૌને બહુ ભલામણ કરતા ગયા છે. એ યુરોપીયન માબાપની નહિ પરંતુ આ દેશનાં કોઇ ખાનદાન કુટુંબની છોકરી છે, એમ તેઓ કહેતા હતા.'

'તમે એની કંઈ વધારે હકીકત જાણો છો ?'

વીરેન્દ્રરાવે આતુરતાથી પૂછ્યું.

'ના, હું કંઈ હકીકત જાણતી નથી. રે. વિલિયમને તે મળી આવી હતી. તેમણે એને આશ્રમમાં બહુ વહાલથી ઉછેરી મોટી કરી છે. હાલનો આશ્રમનો વડો સારો માણસ છે, પરંતુ મિશનનો અહિંના જન્મનો એક પાદરી છે તે એને રંજાડે છે, એવું થોડા દિવસ ઉપર મારા સાંભળવામાં આવ્યું હતું. એના પાલકના ગયા પછી, તેણે કહેલું હોય તેથી અથવા કોઇ રીતે તેના જાણવામાં આવેલું હોય કે પોતે દેશી છે તેથી, પણ લગભગ બે વર્ષ થયાં આશ્રમની એક ઓરડીમાં તે જુદીજ રહેતી ને જમતી. તેને તકરાર થયા કરતી, એમ મને મારા સાથની એનીજ ઉમ્મરની બીજી એક નર્સ તરફથી જાણવામાં આવેલું. તે કોઇ બીજાનો આશ્રમ શોધતી હતી. આપને કોણે એની ભલામણ કરેલી સાહેબ.'

'મિશનના પેલા બુઢા પાદરીએ મને તેની ભલામણ કરી અને મેં પરીક્ષા લગી તેને મારા બંગલામાં રહેવા અને ખાવાપીવાની સગવડ આપી. અભ્યાસ ચાલુ રાખવાને જણાવેલું તેથી હાલ અહિં આવી રહેલી છે. જો કે હજી તો હમણાંજ અહિં આવ્યાને પખવાડિયું થાય

છે, એટલામાં બંગલાના તમામ માણસો એને ચહાય છે અને મદદ કરે છે. બેથી ત્રણવાર માત્ર મિનિટ બે મિનિટ મને મળી છે તોપણ બહુ ભલી, અને મર્યાદશીલ કુમારિકા મને જણાઇ છે.'

'અરે બહુજ ભલી છે. કોઇને પણ વહાલ ઉત્પન્ન કરે એવી સોજીલી છે. આપને તો એ બહુ ચહાતી હોય એમ લાગે છે.' આમ કહી તે જરા હસી અને ફરીને બોલી કે, 'અલબત, હજી તો એ કુમારિકા છે પરંતુ એટલી નાની નથી કે કંઇ સમજે નહિ. એની રગોમાં હિંદુ લોહી છે તેથી આટલી બધી શરમાળ અને અદબવાળી છે. અમારૂં લોહી એની નસોમાં હોત તો, કયારનીએ આપની સાથે હળીમળી ગઈ હોત.'

ઉત્સાહભેર બેઠા થઇ પલંગના તકિયાને અઢેલીને બેસતાં બેસતાં હસતે મુખે વીરન્દ્રરાવે પૂછ્યું કે, 'તમે યુરોપમાં જન્મેલાં છો?'

'હા સાહેબ, સ્કોટલાંડમાં મારો જન્મ થયેલો, ઈંગ્લંડમાં મેં કેળવણી લીધેલી અને પછી અમેરિકા થઇ દસ વર્ષ થયાં અહિં આવેલી છું.'

'હિંદુઓ માટે તમારો કેવો અભિપ્રાય છે? ખાસ કરીને હિંદુ સ્ત્રીઓ માટે?' વીરેન્દ્રરાવે નર્સને સવાલ કર્યો.

થોડીવાર અટકી જરા હસીને તે બોલી કે, 'સાહેબ! તમારો સવાલ બહુ માર્મિક છે, છતાં હિંદવાણીઓની સારવાર કરતાં મને જે અનુભવ થયો છે, તે ઉપરથી કહું છું કે, મને તો હિંદુઓ અને હિંદુ સ્ત્રીઓને માટે બહુ ઉમદા અભિપ્રાય ઉત્પન્ન થયેલો છે. અત્યંત લાંબાં, કેટકેટલાંએ જનરેશનના સિવિલિઝેશનથી, જે મનુષ્યત્વ આવવું જોઇએ તે મનુષ્યત્વ, દુનિયાની બીજી કોઇ પણ પ્રજાઓ કરતાં હિંદુઓમાં વધારે આવેલું છે, અને લાંબી સંસ્કૃતિના પરિણામ રૂપ વિનય તથા વિવેક પણ મને તો ખાનદાન હિંદુ કુટુંબોમાં જેવો સારો જણાયો છે તેવો બીજે કહિં જણાયો નથી. ઉપર ઉપરથી જોનારા અને હલકા વર્ગના હિંદુઓ સાથે પરિચયમાં આવેલા યુરોપીયનો ગમે તે બોલતા અને લખતા હોય, પરંતુ હું તો માનું છું કે, હિંદુઓની સંસ્કૃતિ જો કે,

સેંકડો વર્ષ થયાં અવનતિમાં આવી ગઇ છે તેમ છતાં પણ સંસારના ઉંડાણુમાં, તેની ઝળકી જોવીને તેવીજ ઝળકી રહેલી છે. દટાઇ રહેવાથી કટાઈ ગયેલી કિમતી ધાતુની માફક હિંદુઓની સંસ્કૃતિ તેમના ઘરોમાં ઘણે ઠેકાણે અને બહુ બહુ પ્રસંગોમાં અચ્છી રીતે ચમકતી જણાઇ છે. કેળવણી અને જનસંસ્કૃતિના પ્રસારનો આટલો બધો વધારો થવા છતાં પણ પશ્ચિમ તરફનો જનસમાજ, અરે સંસારી સમાજ, હજી એવી સંસ્કૃતિ ઉપર આવ્યો નથી કે, જેને છિન્ન ભિન્ન અને જીર્ણ થઇ ગયેલી એવી પૂર્વ તરફની સંસ્કૃતિવાળા સમાજ સાથે સરખાવી શકાય. ઉપરના દેખાવે પશ્ચિમ તરફનો ચળકાટ સારો લાગે છે, પરંતુ તે ગિલ્ટ છે, જ્યારે ઝાંખો ઝાંખો પણ હિંદુ સંસારમાંનો ચળકાટ અસલ હોઇ, હિંદુસ્તાનનાં ઝુંપડામાં અને રાજમહેલોમાં એક સરખો ઝળકયા કરે છે.'

વીરેન્દ્રરાવ હસીને બોલ્યો કે, 'તમે મને સારૂ લગાડવા અથવા દરદીને ગમ્મત મળે એવા વિચારથી હિંદુઓનાં વખાણ કરતાં હો એમ મને લાગે છે. તમારો ખરેખરો અભિપ્રાય આપતાં હો એમ લાગતું નથી.'

'નહિ સાહેબ, અનુભવથી મારા મનમાં ઉતરેલો આ મારો પોતાનો ખરેખરોજ અભિપ્રાય છે દરદીને ગમ્મત મળે એવા કે સારૂં લગાડવાના વિચારે હું આમ કહું છું, એમ આપ બિલકુલ ધારતા નહિ. મને હિંદુ સંસારને માટે માન છે. બધી બાબતોની માફક એનેએ બીજી બાજુ છે, પરંતુ હું તો દરેક બાબતમાં ઉજળી બાજુ ઉપરજ ધ્યાન આપું છું. દોષ કે ખામી વગરનું તો આ દુનિયામાં કશું છેજ નહિ, પરંતુ જે ડહાયા માણસો છે, તેમણે દોષ કે ખામી નહિ જોતાં જે ગુણ હોય તેજ જોવાનો છે. નીતિશાસ્ત્ર ગુણગ્રાહી થવું એવુંજ સૌને શીખવે છે.

'યુરોપ સુખ—મોજ માટે વિવાહ કરે છે અને અમે મનુષ્ય તરીકે પ્રાપ્ત થયેલી ફરજ બજાવવાને વિવાહ કરીએ છીએ. આ પ્રમાણે વિવાહનો હેતુ ભિન્ન હોવાને લીધે યુરોપનો ગૃહસ્થાશ્રમ અને આપણી

તરફનો ગૃહસ્થાશ્રમ જુદા પડે છે. હિંદુ સંસારમાં તમોને જે ઝગડી આલમ પડે છે તેનું કારણ પણ એજ છે. આરોગ્યનો વિચાર પણ નહિ કરતાં ખૂબ શ્રમ લઇ પૈસો કમાવો અને તેથી સુખ ખરીદવું એ કંઈ જીવનનો ખરો હેતુ નથી. જીવનનો હેતુ તો મનુષ્ય તરીકે ઇશ્વરે પોતાને જે ફરજ બજાવવા મોકલ્યાં છે તે બરોબર બજાવવી તે છે. યુરોપનો આગળ વધવાનો ઉત્સાહ વખાણવા જેવો હોવા છતાં તેમાં ઉંડું મનુષ્યત્વ આવવાની વાર છે. 'દુનિયાના બીજા લોકો કરતાં અમે મોટા, બુદ્ધિશાળી, ગોરા અને સૌને ભોગે સુખ ભોગવવાને માટે પ્રભુને ત્યાંથી આ જગતમાં મોકલાયેલા માણસ છીએ," એવું યુરોપે માન્યું છે પરંતુ સુખ ઉપરાંત બીજી ઘણી ફરજો બજાવવાનું કામ ઇશ્વરે મનુષ્યને સોંપેલું છે એમ તેમણે સમજવું જોઇએ. આનો ખ્યાલ ગોરી પ્રજાઓને ઝટ આવતો નથી. અલબત ધર્મ, નીતિ, ફરજ અને મનુષ્ય કર્તવ્ય વગેરે બાબતો ઉપર યુરોપમાં આગળ તેમજ હાલના વિદ્વાનોએ વિચાર કરેલો અને સારા ગ્રંથો લખેલા છે, પરંતુ સામાન્ય પ્રજાવર્ગના સમૂહમાં એ શિક્ષણની જરાએ અસર થયેલી નથી. ત્રણ વર્ષ ઇંગ્લંડમાં રહેતાં મેં જે જોયું ને અનુભવ્યું તે એજ કે, હરકોઇ પ્રકારે ખૂબ મહેનત લઇ રળવું અને તે વડે મળાય એટલું સુખ માણવું. ભોગ ભોગવવા એજ જીવનનું ધ્યેય! દુનિયા આંતરવાનું કારણ પણ એજ. પોતાની વાત જે તે પ્રકારે આગળ ધરવી અને એવું શિક્ષણ પ્રવર્તાવવું કે જેથી બીજા લોકો પોતાને ભજે. જેમ જેમ આવી પ્રવૃત્તિ વધતી જાય છે તેમ તેમ ધર્મ વિસાતો જાય છે. હિંદમાં બ્રાહ્મણોનો અસલ ધર્મ રહ્યો નથી તે ખરૂં, પરંતુ તેના મૂળ સિદ્ધાંતોનો પાયો લગારે ઢીલો થયો નથી. સંસારમાં તેનું શિક્ષણ આચાર સાથે ભેળવી દઇ તેમણે એવું ઉંડું ઉતાર્યું છે કે, જે કદી પણ નાશ પામશે નહિ.'

આ પ્રમાણે જરા ખુલા અવાજે વીરેન્દ્રને બોલતો સાંભળી તેને આશ્રયે આવી રહેલી પેલી કુમારિકા મેરી ધીરે ધીરે શરમાતે મને અંદર આવી. વીરેન્દ્રે તેની સામું જોયું એટલે ગાલમાં હસીને ઝીણા વિવેકભર્યા મધુર અવાજે તેણે પૂછયું કે 'સાહેબની તબિયત હવે સારી છેને?'

નર્સે હસીને તેને જવાબ આપ્યો કે ' તમને કેમ લાગે છે ? તમે સાહેબની સારવાર કરવામાં મારા કરતાં વધારે કાળજી અને લાગણીથી કામ કર્યું છે. સાહેબની તબિયતના સુધારા માટે મારા કરતાં તમને વધારે શાબાશી છે. '

' મેં કંઇ કર્યું નથી. હું તો તમોને માત્ર મદદ કરતી હતી ને મારે વાંચવાનું હતું તે મારી ઓરડીને બદલે અહિં બેસીને વાંચતી હતી. શાબાશી દાક્તર સાહેબને અને આપને છે. અલબત બે દહાડા ઉપર જરા ચિંતા થાય એવી હાલત હતી. એ વખતે તમે હિમ્મતથી આખી રાત જાગી ઘણું કામ બજાવ્યું છે. '

નર્સ વચમાંજ બોલી કે ' તે રાત્રિએ તમે પણ ખડે પગેજ આખી રાત મને મદદ કરવામાં ઉભાં રહ્યાં હતાં. સાહેબની સાથે આવેલા તેમના માણસો બહુ મહેનતુ અને લાગણીવાળા માણસો છે. કુટુંબના માણસો હોય તેવા નોકરો છે. '

નર્સ સામું જોઇ વીરેન્દ્ર બોલ્યો કે ' હિંદુઓની એ રીત પણ તમારા લોક કરતાં બહુ ચઢિયાતી છે. ગુલામગીરી તો હિંદુસ્તાન જાણતુંજ નથી. ગુલામ કે ચાકરને હિંદુઓ એક-કુટુંબી ગૃહસ્થ-પોતાના જેટલીજ સ્વતંત્રતાવાળો ગણે છે. હિંદમાં દરેક માણસ કાં ગૃહસ્થ, કાં ખેડુત કે કાં મજુર સૌ કુટુંબી-ગૃહસ્થાશ્રમી હોય છે. તેને પોતાનું ઘર, પોતાનું ખેતર અને પોતાની સ્વતંત્ર જિંદગીમાં એક રાજા કે ગૃહસ્થની માફક રહેવાનું અને વર્તવાનું છુટાપણું હિંદમાં છે. વ્યક્તિ સ્વાતંત્ર જેને માટે યુરોપમાં હમણાં ખૂબ ચર્ચા ચાલ્યા કરે છે તે હિંદુસ્તાનમાં છેક બ્રાહ્મણકાળથી ચાલુ છે. પરાધીનતા, અને બીજા ઉપર જીવવાની રીત હિંદમાં છેજ નહિ. સૌ સાના પગ ઉપર ઉભું રહે એવી લોક વ્યવસ્થા છેક મનુના સમયથી થએલી છે. કામકાજ અને ધંધાની વહેં-ચણી પણ એવી સારી રીતે કરાએલી છે કે, જેથી કોઇને સ્પર્ધાનો ઝાઝો ભયજ રહેતો નથી. શૂદ્રનો અત્યારે ખોટો અર્થ કરવામાં આવેલો છે. સેવા કરવાનું કામ શૂદ્રનું છે એટલે કે ત્રણ વર્ણને જોઇતી મદદ આપવાનું કામ. એથી કંઈ શૂદ્રની સ્વતંત્રતા છીનવી લેવામાં આવેલી

નથી. પરાણે મારી ઝુડીને કામ લેવાની રીત હિંદમાં નથી. મોટા રાજાઓ, અમીર ઉમરાવો અને ગૃહસ્થો પણ પોતાને કરવાનાં કામ પોતે પોતાને હાથેજ કરે છે.-શૂદ્રો માત્ર તેમાં સહાય આપે એટલુંજ. પોતાનું કામ પોતાને હાથે કરવામાં હિંદમાં શરમ કે હીણપત છેજ નહિ.'

મેરીએ હસીને કહ્યું કે, 'બુદ્ધદેવના બાપ પોતે હળ ખેડવા ગયેલા એવું મેં વાંચ્યું છે.'

'બુદ્ધદેવના બાપજ શા માટે' વીરેન્દ્રે ચલાવ્યું કે 'તેમની પણ પહેલાંના દાખલાઓ છે. મિથિલા—આ પ્રદેશના મોટા રાજાઓમાંનો એક સંસ્કૃત સાહિત્યમાં વખણાયેલો તત્વજ્ઞાની જનક નામે રાજા હળ ખેડવા ગયેલા ત્યાંથી તેમને સીતા મળી આવેલાં, એવી આખ્યાયિકા છે. હિંદુઓ પોતાથી બીજાને હલકા ગણતા નથી. અધિકાર પ્રમાણે ભેદ છે, તે તો બધે હોયજ. નોકરોને માટે પણ તેમજ છે. ઘરના રસોઇઆ અને ચાકરોને ઘરની શેઠાણીઓ કામકાજમાં એક સરખી રીતે મદદ કરે છે, તેને પોતાના કુટુંબમાંના એક માણસ જેવો માને છે અને તેવીજ તેની સંભાળ રાખે છે તથા તેને દરેક બાબતે સહાય કર્યા કરે છે. શેઠ ચાકર વચ્ચે એવો સંબંધ રહે છે કે, જેથી તેઓ એક બીજાને સહાયકારક રહ્યાજ કરે. જુના નોકરને હિંદુઓ કુટુંબના વડીલ—વૃદ્ધના જેટલુંજ માન આપે છે અને પાળે છે. અમારા આ નોકરો પણ ઘણા જુના માણસો છે, અને તેઓ મારા કુટુંબનાં માણસો હોય એટલીજ મારા ઉપર માયા રાખે છે.'

'અલબત, નોકરને નોકર તરીકે નહિ પરંતુ આપણા પોતાના કુટુંબના માણસ જેવો માણસ ગણવામાં આવે, તો તેને પણ આપણે માટે તેવીજ લાગણી રહે. ચાકર—નોકરને હાથે બધું કામ લેવું અને શેઠાઇ કરવી એતો ઠીક નહિ. માણસ માત્ર કામ કરવાને સરજાયેલું છે અને કામ કરવું તેમાં કંઇ હીણપત નથી.' નર્સે તેનો વિચાર જણાવી આટોપવા માંડયું એટલામાં જોઇતો અને મહારાજ ચા લઇને આવી પહોંચ્યા એટલે નર્સ તથા મેરી બહાર ગયાં.

પ્રકરણ ૧૦ મું.

'જગન્નાથ મહારાજ ! પેલી છોડી આપણું સાંભળી સાંભળીને ગુજરાતી બોલવા જાય છે અને આપણે વાત કરીએ છીએ ત્યારે—જાણે તે બહુ ધ્યાનથી સાંભળે છે. આપણી બોલી સાંભળી એનું મન જાણે હરખાતું હોય એમ લાગે છે. તમારી પાસે તે દહાડે કક્કો લખાવી ગઇ તે એણે ગોખી કાઢયો કે શું ? ગઈ કાલે આપણા અક્ષરમાં છાપેલું કંઇક કાગળિયું બેસાડતી હતી.'

'અરે કક્કો લખાવી ગઇ હતી એમ શું કહો છો ? એ તો બે ચોપડીઓ વાંચી ગઇ. તમે બપોરે બંગલે હો એટલે શું જાણો ? આપણા અક્ષરો ને બારાખડી સૌ એને આવડી ગયું. મુંબાઈથી આપણી નિશાળોમાં ચાલતી સાત ચોપડીઓ મંગાવી તેમાંની બે કડકડાટ વાંચી જાય છે. કોઇ કોઇ વાત ન સમજાય તે મને પૂછે છે. ગમે તેમ કહો જોઇતારામ ! પણ મને તો લાગે છે કે, આ બાઇ સરસ્વતીનો અવતાર હોય તેવી છે. આપણી બોલી બોલતાં એનું મન ખુશખુશાલ થઇ જાય છે. એને આપણી બોલી ઉપર ઉંડો ભાવ હોય અને જાણે પેલા જનમની ગુજરાતણ હોય, તેમ જરા ધીમેથી મારી સાથે ગુજરાતી બોલવા જાય છે. એના બોલ જાણે ગુજરાતની ન હોય એવા ચોખ્ખા નીકળે છે. એને બોલતાં જેવો આનંદ થાય છે તેવો આપણને તેને સાંભળતાં આનંદ લાગે છે. મારી પાસે આવે છે કે તરત ભાગ્યુંતૂટ્યું ગુજરાતી બોલવા માંડે છે. સરસ વાંચે છે. એ કહેતી હતી કે, ત્રણ મહીનામાં તો હું તમારી બોલી બોલીજઈશ. આટલી ઝડપથી કેમ એને આવડતું હશે ? ખરેખરે મારાથી તો સમજાતું નથી.'

જોઇતારામ જુના સાદા વિચારથી બોલ્યો કે, 'મહારાજ એમાં નવાઈ શી છે ? તમે કહ્યું તેમ પેલા અવતારની ગુજરાતણ હોય અને ભણતાં ભણતાં મરી ગઈ હોય તો આ અવતારમાં ગુજરાતી બોલતાં લખતાં ઝટ શીખી જાય, એમાં નવાઇ નથી. છાપેલો ગુજરાતી કાગળ વાંચતી જોઇ ત્યારથી મને તો એમ લાગ્યું છે કે, કોઇ ગુજરાતની

છોડી ભણતાં ભણતાં મરી ગયેલી તે સાહેબને ઘેર જન્મી છે. મને 'જોઇતારામ' કહીને બોલાવે છે અને છએ ગભરૂ જેવી-વહાલી લાગે એવી. તો! પોષાકે ઘર આગળ તો અહિંના હિંદુ લોક જેવો પહેરે છે. ગઈ કાલે બંગલે ભાઇને મળવા આવી ત્યારે ભાઈ પાસે નવીભાભી, બહેન અને મોટાં બાની-સૌએ સાથે પડાવેલી છબિ ટપાલમાં આવી હતી. ભાઇ વાત કરીને ગયા તે પછી એણે મારી પાસે છબિ જોવા માગી અને બહેન તથા મંગળાભાભીનો પોષાક ધારી ધારીને જોવા લાગી. ગમે તેમ ગણો મહારાજ, પણ મને તો પેલા ભવનો ગુજરાતનો જીવ આ ભવ બીજા લોકમાં જન્મેલો લાગે છે. એમ ન હોય તો બોલી અને પોષાક ઉપર આવડો બધો ભાવ ક્યાંથી થાય?'

'જોઇતારામ, ઠીક વાત મળી. આજે સવારે મને એ પહેરવેશ માટે પૂછતી હતી. છબિ જોયેલી તેથી પડપૂછ કરતી હશે. ભણવામાં હોંશિયાર છે એટલુંજ નહિ, પણ વિવેક વાતમાં ને ચાલમાંએ બાઇ ગોરા લોકનું ફરજંદ હોય એમ નથી લાગતું. કંઇક કામણગારૂં માણસ છે.' જગન્નાથે કહ્યું.

'કામણગારૂં માણસ હશે તોય શું? તમને અને મને શું કરનાર છે?' જોઇતારામે બીડી સળગાવતાં સળગાવતાં જવાબ આપ્યો.

'અરે મૂર્ખા! મને તને તો કંઇ કરનાર નથી પણ ભાઇને જાળમાં ખેંચી લે કે નહિ?' જગન્નાથ મહારાજે જુવાની અને રૂપ ઉપર નજર દોડાવી કહેવા માંડયું કે, 'આપણે તો આધેડ થઈ ગયા. આપણને કોઈ કામણ શું કરે? ભાઇ જેવા જુવાનિયાને કામણ કરે તો પીડા. મોટાં બાએ આપણને ભાઇની સંભાળ રાખવા અહિં મોકલ્યા છે તે સમજો છો કે નહિ પટેલ!'

'આપણે એવું તેવું કંઈ ના સમજીએ મહારાજ! જેમાં સંભાળ રાખવાની હોય તેમાં રખાય? મંદવાડમાં આપણે ઓછી સંભાળ રાખી?'

'મંદવાડમાં તો આપણા કરતાં એણે બહુ બજાવી છે. પેલી

ઇસ્પિટાલમાંથી દેખરેખ રાખવાને ગોરી મડમને બોલાવી હતી તે એની ખંત ને મહેનતનાં વખાણ કરતી હતી. થોડા દહાડા ઉપર ભાઇ પણ જમતાં જમતાં એનાં વખાણ કરતા હતા. બાઇ સારી છે, કળજુગ જેવું તો કંઇ લાગતું નથી, પણ લફરૂ વળગે નહિ તેની સરત રાખવી જોઇએ.

'ભાઇ એવો માણસ નથી મહારાજ.'

'અરે ! ભાઈ શું ભાઇનો પીર, એમાં ગોથાં ખાઇ જાય. મોટા મુનિવર ચળી ગયા છે તો ભાઇની શી વાત ! તમે બંગલે ઘણી વાર બેસો માટે તમને કહેવાનું.'

'ત્યારે ભાઇ, એવી સંભાળ અમારાથી રખાશે નહિ. આપણે તો વરંડા ઉપર બાંક પડયો છે ત્યાં બેસીએ. ચીઠી ચપાટી આવી ગઇ હોય તો મહિં જઇને આપી આવીએ, કે કોઈ મળવા આવ્યું હોય તો તેની ખબર આપીએ, મહિં શું થાય છે કે શી વાતચીત ચાલે છે, તે કશુંએ જાણીએ નહિ. એમના શરીરની એમના કામકાજની તમારા રસોડાની અને પૈ પૈસો આઘો પાછો થાય નહિ તેની આપણે સંભાળ રાખીએ, બીજા કશાની નહિ. પણ તમને કયમ શક પડયો મહારાજ !'

'ગાંડા છો પટેલ, શક બક કાંઇ પડયો નથી. આ તો અળગતની વાત કહું છું. ભાઈ જુવાનિયા અને આ બાઇ કન્યા વેષમાં રમકડા જેવી એટલે 'બિલાડી ને દૂધ.' બંગલામાં આખોદહાડો આવે છે કે નહિ ?'

'ના. મેં તો કોઇકજ વાર જોઇ છે, અને તે પણ કેવી લહેજુ. ઉભે ઉભે વાત કરીને પાછી જાય. કાગળનું પતાકડું આપે એટલે હું મહિં જઇ ભાઇને બતાવું અને ભાઈ કહે કે આવવા દો, એટલે બીજા માણસને તો એકલો ધકેલું પણ આની જોડે તો હુંએ અંદર જાઉં, ને એની સાથે પાછો નીકળું. આથી બીજી શી સંભાળ રાખીએ.' જોઇતારામ પટેલે નિખાલસ મને જેમ બનતું હતું તેમ કહી બતાવ્યું ને બીડી પીવા માંડી.

'એસ્તો, બીજું શું ? મને તો પેલો જમાદાર એકવાર કહેતો હતો કે, બાઇ બંગલે આવે છે.'

'કાંઇ પૂછવા કરવા આવે. જમાદાર આ દેશનો માણુસ છે, અને આ દેશના માણુસ એવા વધારે એટલે નઠારાને નઠારૂં દેખાય. જોજો મહારાજ, આવી વાત કરી ભાઇને વગોવતા. બાઇને વગોણાનો ભય લાગે એમ નથી. કારણ કે, એ લોકો એવી બાબતોને કંઇ વજન આપતા નથી, એ તો બધું આપણા લોકમાં છે.'

'બધાએ લોકમાં એનું હીણપદ તો હોય ! તમારી નાતરિયા નાતમાં નથી ?'

'અમારી નાતરિયા નાતમાં તો મહારાજ તમારા કરતાં વધારે મલાજો છે. કયાંની વાત કરો છો અને કયાં ઉતરી પડો છો ? નાતરિયા નાતને અને તમારે શું લાગે વળગે છે ?' જોઇતારામે જગન્નાથ મહારાજને દબાવ્યા.

'નાતરિયા નાતની વાત રહેવા દો. એ તો મેં સહેજ કહી, એમાં તમને દુઃખ શું લાગે છે. વાત બીજી છે.'

'જે હોય તે કહોને ? સંભાળ રખાય' જોઇતાએ પોતાની અસલ ઢબ અને સ્વાભાવિક ભાષામાં કહ્યું.

'પટેલ, તમારાથી કંઇ સંભાળ રખાવાની નથી. જમાદાર કહેતો હતો કે, એક બે દહાડામાં ત્રણ દહાડા પરીક્ષા માટે તે કલકત્તે જનાર છે અને ભાઇએજ ત્યાં રહેવાનો એને બંદોબસ્ત કરાવી આપ્યો છે. ત્યાંથી આવ્યા પછી ભાઇ એને બીજે મોકલવાના છે. સાંજે તમે બંગલેથી અહિં આવો એટલે શું જાણો. મોટા લોકને સાંજનો વખત નવરાશનો. આપણે જ્યારે કામ, ત્યારે એ લોક નવરા, તમે બંગલેથી અહિં આવો ત્યાર પછી મોડી બંગલે આવે અને વાતચીત કરતાં કરતાં બન્ને જણુ ફરવા જાય. બોલો તમે શું જાણો ?'

'બહાર જાય અને રસ્તામાં કંઇ વાતચીત કરે, તે આપણે કયાંથી સાંભળીએ ? અને સંભાળે શી રાખએ. એવી તેવી જોખમદારીમાં આપણે કંઇ સમજીએ નહિ. તમને એમ લાગ્યું હોય તો

લખો અમદાવાદ કાગળ, ગમે તે કોઇ અહિં આવી જશે.'

'ના જોઇતારામ, કાગળ લખવા જેવું કંઇ નથી, હશે ત્યારે હું લખ્યા વગર નહિ રહું. 'માળી રૂડયો ફુલ લે' તેમ નોકરી લેશે બીજું મારૂં શું લેવાના છે? પણ તે કંઇ લફરામાં પડી ન જાય તેની સંભાળ રાખવી. જાત કજાત કોણ હોય, કોણ નહિ, અને એમને ધાપ મારે તો આપણે દેશમાં શું મોઢું બતાવીએ?' જગન્નાથ મહારાજે પોતાની ફરજને લઇ પોતાનું કર્તવ્ય બતાવ્યું. જોઇતારામને આથી કંઈક ફરજનું ભાન થયું અને કેટલીક વાર લગી વિચાર કરતો ને સ્મરણ શક્તિને પૂછતાં તે મૌન રહ્યો.

'કેમ બોલ્યા નહિ જોઈતારામ?' જગન્નાથ મહારાજે પોતે કેવી સંભાળ રાખે છે, તે બાબત મનમાં અભિમાન લઇ કહ્યું કે 'કેમ બોલ્યા નહિ? પટેલ, રાભાની માફક કામ કરવું અને ખાવું પીવું એનું નામ તો કંઇ નહિ. જે ઠેકાણે અને જેના ઘરનું લુણ ખાઇએ તેના સારામાં હમેશ ધ્યાન આપતા રહીએ ત્યારે ખરા. બોલો તમે આમાંનું કંઈ જાણો છો? મેં જમાદાર અને બીજા માણસોને પડપૂછ કરી ઘણી હકીકત મેળવી છે. ખૂદ એ બાઇનું મન પણ હું વાંચી શકયો છું.'

'તમે મોટા જોશી! એટલે પારકાં મન વાંચી શકો. પરજાતની વિશવાસી છોડી ભાઇને ભોળવે ને તે ભાઇને ફસાવાની હિમ્મત કરે, એવું તમે વાંચી શકો, અમારા મનમાં એવી વાત ઉતરે નહિ. તમે તો દૂધમાંથી પોરા કાઢો એવા ડહાપલા છો મહારાજ! આવી નઠારી વાતની ચોળચુંથ ના કરીએ! એમાં તો કોઇનો જીવ જાય, કોઈની નોકરી ચાકરી જતી રહે અને આપણે તેમના ગામના–દેશના માણસ ઠર્યાં એટલે આપણે જાણી જોઇને પગ ઉપર કુહાડો માર્યો કહેવાય? ભાઈ કંઈ નાનો સુનો માણસ છે? એનાં હેરિયાં શું લો છો? તમારે તો સારી રસોઇ કરીને મેલવી અને તમારા ખાતાની કરકસરથી સારી ગોઠવણ રાખવી. ફલાણું આમ કહે છે અને ફલાણાના મનમાં આવું તેવું છે, એવા વિચાર કરવા અને કોઇને વગર લેવે દેવે ફજેત કરવા

જેવું ધતિંગ મનમાં ને મનમાં ઉભું કરવું ઠીક નહિ. ભાઈ તો કાંઇ કરે એવો નથી, સહેજમાં કોઈનો ગાંજ્યો જાય એવો નથી, તેમ છતાં એવું કંઇ કરે તોપણ આપણે શું કરવાના હતા ? લાત મારીને કાઢી મેલે, સમજ્યા મહારાજ !' જોઇતાએ જગન્નાથને ઠપકા સાથે શિખામણ આપવા આ પ્રમાણે કહ્યું, પણ તેના મનમાં કેટલીક જોઇ ન જોઈ, સાંભળી ન સાંભળી બાબતો મહારાજના આ પ્રમાણે કહેવા પછી તાજી થઈ આવી તેથી વિચારમાં પડ્યો.

જગન્નાથ મહારાજ રીસ ચઢાવી બેઠા હતા ત્યાંથી ઉઠી બોલ્યા કે, 'ભલેને ભાઇ ! તમને જેમ ઠીક લાગે તેમ કરો અને જેમ ગોઠે તેમ થવા દો. મારે કયાં નહાવા ઉતરવું છે. આપણે તો બે જણ સાથે આવેલા એક દેશના અને ઘરનાં વડીલોએ આ જુવાનિયાની દરેક રીતે સંભાળ રાખવાનું કહેલું, તેથી કહીએ. હજુએ કંઈ વડી પાપડ વંડી ગયાં નથી. આટલેથીજ વાત બંધ રાખીશું. રસોડાની બાબત અમારે જોવાની તે જોઇને રામનું નામ દેઇશું પછી શું !'

'મહારાજ ! રીસ શાની ચઢાવો છો ? હું તો ખરૂં કહું છું. આપણે બહુ ઉંડા ન જવું. આપણે શું કરવાના છીએ. વડીલોએ સંભાળ રાખવાનું કહેલું છે પણ આપણાથી આવા મોટા માણસને કંઇ કહેવાય, અને હસતાં હસતાં કંઈ કહેવાય તોય કયારે ? જ્યારે આપણે કંઈક ખાતરી લાયક જોઇએ કે સાંભળીએ ત્યારે ? ઉટંગ બાંધી અથવા વહેમાઇને કંઇ કહેવા જઇએ તો પાછા પડીએ, મહારાજ ! મોટા લોકના ઘરમાં પાંચ સાત ઠેકાણે મેં નોકરીઓ કરી છે, મોટા કુટુંબોમાં છોકરા, વહુઓ, અને દીકરીઓ કેવાં જુવાન, અણસમજુ અને પોતાના પૈસા ટકાના વૈભવમાં મસ્ત હોય છે, તેમના ઢંગ રંગ કેવા હોય છે અને તે કેવાં અટકચાળાં અને સ્વચ્છંદી હોય છે, તમે કંઇ જાણો છો ? આપણે તો ગમે તેવા પણ ચાકર—નોકર માણસ ! આપણો બોલ માર્યો જાય, આપણે જુઠા પડીએ અને ઘરનું મોટું માણસ તેના દીકરા દીકરી કે વહુનું કહ્યું ખરૂં માને ને આપણે ખોટા પડીએ. આપણને એમાં શું લહાણુ મળે ? હા, જાતો-

જાત કંઇ અડપલું જોયું હોય અથવા કાનોકાન સાંભળ્યું હોય, અને સામું માણસ સાંભળે એવું હોય, તો હસતાં હસતાં કંઇક શિખામણ રૂપે કહેવાય, નહિ તો નહિ, સમજ્યા.' જોઇતાએ તેના અનુભવનું મહારાજને કાન પકડવા પડે એવું ભાષણ કરી બતાવ્યું તે સાંભળી જગન્નાથ હાથેળીમાં સુકો ચોળતા ચોળતા તેની પાસે આવી બેસીને બોલ્યા કે, 'વાત ખરી જોઇતારામ, પણ આ બાબત તમે કંઇ જાણ્યું અથવા સાંભળ્યું છે ખરૂં કે નહિ, ખાનગીમાં મને કહો ? આપણે એક દેશના ને ભાઇના ખાસ માણસ એટલે આપણે એક બીજા આગળ આપણે જાણ્યું હોય તેની વાત કહેવી જોઇએ. આકળા પડી જવાનું કામ નથી. મેં તમને ના કહ્યું કે—અમદાવાદ કાગળ પત્તર લખાય નહિ. તમે એ છોડીના ચેનચાળા જોયા છે.' મહારાજે જોઇતાને મનવવા તેના ખભા ઉપર હાથ મૂકી સવાલ કર્યો.

'જવાન બૈરૂં એટલે ચેનચાળા તો હોયસ્તો, એટલુંએ સમજતા નથી મહારાજ ! તમે કંઇ નાના નથી. બહુ તો મારા કરતાં પાંચ વર્ષે નાના હશો. તમારે બૈરાં છોકરાં છે ને મારે તો ઘેર છોકરાંને છોકરાં છે. આમ અણઘડ જેવી શું વાત કરોછો ? જવાન છોકરાં તો અમથાંએ ચાળાચસકા કરે, મનમાં કશુંએ ન હોય.'

તમાકુનો ડુચો હોઠમાં ઘાલી જગન્નાથ હવે નરમ થઇ બોલ્યા કે 'ના, જોઈતારામ, ના એમ નથી. મારી આગળ ડહાપણ ના કરો. આ જુવાનિયાંના સાધારણ ચાળા નથી. પાણી ઉંડાં વહે છે. ભાઇનું મન ચોખ્ખું હશે પણ બાઈનું મન ચોખ્ખું લાગતું નથી, મારાથી તો જે સમજાય છે તે કહું છું.'

'સમજ્યા તમે ધૂળ ! આવી વાતમાં મેલુ થાય તોપણ પહેલાં ભાયડાનું મન મેલું થાય, બૈરાનું નહિ, અને ભાઈના મનમાં મેલ નથી, એ હું તમને ખાતરી આપું છું. બાઈ તો બિચારી હજુ ભોળી ઉગતી કન્યા છે. એને કશો વાયરો વહાયેલો હોય એમ લાગતું નથી. હું તો એને એનું કામ કરતી અને વાંચતી જોઉં છું. આખો દહાડો ને રાત કામકાજ કરે અને વાંચે પછી ઘડી ચાર હરવા ફરવા જાય

નહિ ? હસવા બોલવાનું મન કરે નહિ ? બંગલેથી હું આવું તે પછીજ એ ત્યાં આવે છે એવું કંઈ નથી. ઘણીએ વાર હું ત્યાં બેઠો હોઉં ને આવે પણ મેં કહ્યું તેમ વાત કરીને ચાલી જાય. વીરૂભાઈ નવરો છે શું ?'

'પણ ભાઈ ફરવા જાય તેમની સાથે જાય ને ?'

'વારૂ જાય, જતી તો નથી પણ જાય એથી શું ? મેં કહ્યું તેમ, આખો દહાડો વાંચીને કંટાળી હોય તે ફરવા જાય નહિ ? એમ તો ત્યારે તમારી પાસે—આપણી પાસે આવીને નથી બેસતી. બંગલે આવે છે તે કરતાં તો અહિં ઘણી વાર આવે છે. અને ભાઇ સાથે બોલે કે ચાળાચસકા કરે તે કરતાં અહિં ઘણું બોલે અને હસે છે.'

'પટેલ, તમારૂં ઉંહું મટે નહિ.' આમ કહી મહારાજ રસોડાની ઓરડીમાં ગયો એટલામાં મેરી ત્યાં આવતી જણાઇ. તેને જોઇ જરા ઉતાવળે તે બોલ્યો કે, 'જગન્નાથ મહારાજ ! અહિં આવો, દેવતા પાડવાની હજુ વાર છે, આ તે બાઇ આવી.' જગન્નાથ રસોડામાંથી બહાર આગલા ઓરડામાં આવ્યો અને જોઇતારામે ઉભા થઈ ખુણામાં પડેલી ખુરસી લાવી વચમાં મૂકી. હસતાં હસતાં એક શબ્દ ગુજરાતી તો ચાર શબ્દ હિંદી એવી ઢેડગુજરાતી ભાષામાં તે બન્ને જણને હસાવતાં મેરીએ પોતાને કલકત્તે પરીક્ષા આપવા જવાનું છે, એમ કહ્યું.

'કેટલા દહાડા થશે ?' જોઇતાએ ગુજરાતી હિંદીમાં પૂછયું ને તેણે 'અડવાડિયું' એમ કહ્યું તેથી હસીને જોઇતારામ મહારાજ સામું જોઇ ગુજરાતીમાં બોલ્યો કે, 'જુઓ જગન્નાથ, કેવી ચોખી ગુજરાતી જીભ લાગે છે. માનો ન માનો પણ પોતમાં કાંઈ સમજણ પડે એવું નથી.'

'કયાં ઉતરશો ?' જગન્નાથે પૂછયું. 'તમારે કાંઈ ઓળખાણ છે ?'

તેણે હિંદીમાં ઉત્તર આપ્યો કે 'ના, ઓળખાણ નથી ને ગોરા અથવા ખ્રિસ્તી લોકના ઓળખાણમાં ઉતરવું નથી.'

'તમે ખ્રિસ્તી—ગોરા લોકમાંનાં નહિ ?'

'ના, મને તે લોકો ગોરા લોકમાંની ગણતા નથી. મારી અસલ જાત હિંદુ છે એટલે ગોરા મારાથી અતડા રહે છે. એમનો હિંદુઓ તરફનો અણગમો બીજા સહન કરે મારાથી થયો નથી અને થતો નથી. હું એમને અળખામણી અને એ મને અળખામણાં થઇ ગયા છે. નાની હતી ત્યારે પણ મને એમની સુગ સમજાતી અને અપમાન લાગતું પરંતુ તે વખતે શું કરી શકીએ ? વળી મારો પાલક કંઇક વધારે ખુલ્લો દિલનો ને સ્વતંત્ર વિચારનો માણસ હતો તેથી ચાલતું, પરંતુ તેના ગયા પછી ગોરા લોકોની એ અવગણના મારાથી સહન થઈ નહિ અને અમારી વચ્ચે ભેદ વધતો ગયો. એ ભેદને પરિણામેજ મારે તમારે અહિં આવીને રહેવું પડયું છે. આપણી વચ્ચે જુઓ કશો ભેદ જણાય છે ?'

જગન્નાથ મહારાજ તો સાંભળી રહ્યા પણ જોઇતારામ પટેલ પરદેશી–પરધર્મી અને અસ્પર્શ એવી ખ્રિસ્તી–વિશવાસી બાઈ ઉપરનો અભાવ દાબી જરા મીઠા શબ્દોમાં બોલ્યો કે 'આપણી વચ્ચે પણ મોટો ભેદ છે. તમે પરધર્મી, પરદેશી અને પરનાત જાતનાં તેથી ભેદ કેમ નહિ ? અમારે તમારે ખપે નહિ. અમે શરમાળ, તાબેદાર અને ગરીબ એટલે ગોરા લોકને જણાવીને શું કરીએ પણ ધર્મનો તો અમનેએ મોટો ભેદ લાગ્યા ને સાલ્યા કરે, એમની સુગ એમની પાસે, અમારે કયારે માથા સરસા જડયા છે કે, સુગને ગણગારીએ. એ એમને રસ્તે ને અમે અમારે રસ્તે ! કાળું ગોરૂં ઇશ્વરે કર્યું તેમાં આપણે શું કરીએ ? બધે ઠેકાણે ગોરા લોક કાળા લોકની સુગ રાખી માણસ જાતમાં જુદાગીરી પડાવે છે.'

'પણ જોઇતારામ, કાળા ગોરાનો તો ભેદજ કયાં છે ? એ તો આફ્રિકાના સીધીઓ અને આપણી વચ્ચેનો ભેદ છે. ગોરાઓને પહેલાં આફ્રિકાની માહિતી પડી ને એ સીધીઓથી ભરેલો દેશ યુરોપની થડમાં હોવાથી ત્યાં પહેલા ગયા એટલે એમને કાળાની સુગ ચઢી, આપણે માટે નહિ. આપણે કાળા લોકમાં નથી, આપણે તો તાપ તડકાને લીધે આવા જરા–બેરંગા થઇ ગયા, તેમાંએ જુઓને ભાયડા

જેટલો બાઇડીઓનો વર્ણ બેવર્ણ છે ? આપણા લોકની બાઇડીઓ તો ગોરા લોકને પણ લજાવી દે એવી ગોરી સુંવાળી ને મુલાયમ ચામડીની છે. બાયડા બહાર તાપ તડકામાં ફરે એટલે કાળા પડી જાય. વળી આફ્રિકાના લોકનો તો ઘાટે આપણા કરતાં ફેર છે. ચીના લોક આપણાથી જુદા છે પણ યુરોપિયન લોક આપણાથી જુદા નથી. આતવાર હોય ત્યારે પરભાશંકરભાઇને ત્યાં એમની ઓફિસના બે ત્રણ કારકુનો આવતા. તેઓ બી. એ. થયેલા હતા. એ લોક કહેતા કે, આપણે અને યુરોપિયનો તો એક જાતિના લોક છીએ. ચામડીના રંગમાં જરા ફેર પડયો તે તો માત્ર તાપ તડકાને લીધે. યુરોપમાં ટાઢ એટલે આખે શરીરે કપડાં પહેરી રાખવાનાં અને તાપ નહિ એટલે ચામડીનો રંગ બદલાય નહિ. આપણે અહિં પરગણામાં ફરનારનો દાખલો લોને ? ઉનાળાને દહાડે ગામડે ફરનાર કેવો કાળો પડી જાય છે. વળી રાત દહાડો કપડાથી ઢંકાયેલાં રહેનાં અને ખુલ્લાં રહેતાં અંગના રંગ વચ્ચે આંતરો પડે છે તે જોયો છેને ? ગોરા લોક આપણી જાતિના આપણા રંગના અને આપણી ઘટમના લોક છે. સીધીઓ અને ચીન તરફના લોક કાળા–પીળા ને જુદી જુદી ઘટમના છે. આપણે ને ગોરા તો એક સરખા ઘાટના છીએ, તેમાં ભેદ શો ?'

મેરી હસીને બોલી કે 'તમે બધું જાણો છો. આ દુનિયાના લોક ઘાટથી ને રંગથી જુદા પડેલા છે, તેમાં પણ મધ્યએશિયાથી માંડી યુરોપ લગી એકજ જાતના આર્ય લોકો રહે છે અને એ આર્ય લોકમાંનાજ આપણે ને યુરોપિયનો છીએ. તાપને લીધે આપણી ચામડી જરા કાળાશ પર ગઈ ત્યારે ટાઢને લીધે તેમની ચામડી ખડબચડી થઇ.'

'ચામડીના રંગ ઉપરાંત આંખોનો રંગ જુઓને ? સાહેબ લોકની આંખોનો રંગ માંજરો હોય છે. આપણે તો માંજરી આંખના માણસને સારૂં કહેતા નથી.' જોઈતારામે કહ્યું.

'પણ આપણા લોકમાંએ કેટલાક માંજરા હોય છે. ગોરૂં હોય તે માંજરૂં હોય.'

'ના, આ ગોરાં છે, પણ એમની આંખો જુઓને કેવી કાળી ભમ્મર જેવી છે.' જોઇતારામે મેરી સામું જોઇ વળી ચલાવ્યું કે, 'જગન્નાથ, આપણે આમને સાહેબ લોકમાંનાં હોય એવું કહીએ છીએ, પણ આંખો જોતાં તો એ આપણા લોકમાંનાં હોય એવું લાગે છે.'

મેરી કંઇક સમજી ને બોલી કે 'જોઇતારામ, હું સાહેબ લોકમાંની નથી, હું તો દેશી છું. મારામાં અને એ લોકના રંગમાં, ઘાટમાં અને આંખોમાં તમે ધીરેથી વિચાર કરી જુઓ, તો ઘણો ફેર માલમ પડી આવે. એ લોકો પણ મને દેશી ગણે છે. મને પણ દેશીનો સહવાસ પહેરવેશ અને દેશી રીતભાત ગમે છે. જુઓને હું દેશી રીતમાં રહું છુંને ?'

'કોઇ વાર તમે એમના જેવો પોષાક પહેરી નીકળો છો ત્યારે અમને ગમતાં નથી. મોટી બાઇડીને લહેલુર ઝુલતો ને શરીર ઢંકાતો આપણો પોષાક સારો લાગે. તમારામાં અમારાપણું હશે પણ અમને તો કાંઇએ સમજાતું નથી. તમારી ઓરડીમાં તમને દેશી પોષાકમાં તમારૂં કામ કરતાં જોઇએ છીએ, ત્યારે દેશી જેવાં, ને બીજા પોષાકમાં કે ટેબલ પર બેસી ચા પીતાં ને ખાતાં જોઇએ છીએ, ત્યારે ખ્રિસ્તી જેવાં લાગો છો. તમારી રીતભાત, આચારવિચાર ને રહેણીકરણી બધું ખીચડા જેવું લાગે છે. અમારામાં કહેવત છે કે 'નહિ હિંદુ, નહિ મુસલમાન' એવું તમારામાં લાગે છે. અમારા દેશમાં તો તમને અમારી ઓરડીમાંએ પેસવા દઇએ નહિ, અને તમે અમને અડો તેએ સહીએ નહિ.' જોઇતારામે ભાંગડો વાટી નાંખ્યો.

'બહુ શું બોલો છો ? જોઇતારામ. આપણે ત્યાં હમણાં પેલી મડમને ભાઇએ આપણે ઘેર બોલાવી હતી કે નહિ ? સગાં અને નાતનાં બૈરાં, એની કેવી ખુશામત કરતાં અને નમ્યાં ને નમ્યાં રહેતાં હતાં. એ તો ખરેખરી મડમ હતી અને આ તો કહે છે કે દેશી માબાપનાં ફરજંદ છે, ને અસલપરથી દેશી રીતભાત બોલીચાલી ને રહેણીકરણીએ રહે છે. કયાં એ લોક ને કયાં આપણે ! એ લોક તો આપણી સાથે હળેજ નહિ. આ તો આપણા લોકમાંનાં છે.' મેરી સામું જોઇ

જગન્નાથ તેને સમજાવવા અને સારૂં લગાડવા માટે હસવા જેવી ગુજરાતી હિંદીમાં બોલતાં કહેવા લાગ્યો કે 'જોઇતારામ તો બાઇ અમસ્તો! મડમોને અડતાં અને તેમની સાથે બેસતાં ઉઠતાં કોઇ અભડાઇ જતું નથી, સામું માન સમજે છે. હા, એમનો ખોરાક ને આચારવિચાર જુદો, એટલે અમારા ઘરના રસોઈના ભાગમાં ન લઈ જવાય.'

'કેમ લઈ જવાય? એ લોક આભડછેટ પાળતાજ નથી. ઢેડનેએ અડે અને આપણુનેએ અડે, ગમે તેનું અડયુંઆભડયું ખાય.'

'બપ્પ કરો જોઇતારામ. તમારા લોક કયારે આભડછેટ પાળે છે. અત્યારે ચાની હોટેલોમાં કોણ અડયુંઆભડયું ગણે છે, કહોને? જે પ્યાલાએ ઢેડે ચા પીધી હોય તેજ પ્યાલે પાછો બ્રાહ્મણ ચા પીએ. અડયાઆભડયાનું તો બધું હવે ઠીકજ છે. એમ કહો કે, કેટલોક વહેવાર અને આચાર જુદો તે જુના વિચારના ને ધર્માંળુઓને ન ગમે. જુવાનિયા તો હવે કશાયને ગણુતા નથી. જેમ આપણુને એમની સાથે ભેળાવું ગમે નહિ, તેમ એમને આપણી સાથે ભેળાવું પણ ગમે નહિ. આપણે ઉઘાડા રહીએ તે એમને નાગા લાગીએ અને આપણે હાથે જમીએ તે એમને ગંદુ લાગે, એની તો એમને બહુજ સુગ!'

જોઇતારામ અને જગન્નાથને આ પ્રમાણે વાદ કરતા જોઇ તથા પોતાને તેમાં અરધું સમજાય, અરધું ન સમજાય, એવું થતું જોઈ કંટાળીને મેરી ઉઠી ને બોલી કે 'મહારાજ મારે પરમ દિવસે જવાનું છે અને તમારી પુરી સારી થાય છે માટે મને કરી આપજો. હું કાલે તમને મળીશ.' આમ કહી તે પોતાની ઓરડીએ ગઇ. તેની પુંઠળ કેટલીક વાર જોઈ રહ્યા પછી જોઈતારામ બોલ્યો કે 'મહારાજ! જેવું હોય તેવું કહી દેવું, ખરી વાતમાં ખાર શો. એમને ને આપણે અને નહિ. આભડછેટનું કહ્યું તે તમે ના સમજ્યા!'

'સમજ્યા સમજ્યા, તમારાં બૈરાં કયારે આભડછેટ પાળે છે. અહિંની વાત જાણો છો? આ દેશના સારા ધર્માળુ ક્રિયા ના ને પંડિત બ્રાહ્મણોમાં પણ આભડછેટ પાળવામાં આવતી નથી, એવું એક દહાડો

પેલો પાણીની કાવડવાળો ભટ્ટો કહેતો હતો. આપણા ને આપણા લોકમાં આચારવિચારનો ફેર નથી હોતો? આપણા દખણી બ્રાહ્મણોમાં અને અમારામાં કેટલો ફેર છે. 'એ તો એક બીજાના સહવાસમાં રહીએ, એટલે એક બીજાને ગમતું ગોઠતું હોય તેમ આચરાય અને મહાવરો પડી જાય, એટલે કંઇ નહિ. દખણી મોટો ઓધ્ધેદાર હોય પણ તેની બાઇડીને પાણી ભરવું પડે. એ લોક અમારા રસોઇના આચારવિચારથી અમને ઠીક લાગતા નથી અને અમે બીજાના હાથનું ભરેલું પાણી વાપરીએ, તે એમને ઠીક લાગતું નથી. એ તો બધા દેશાચાલ કહેવાય, એમાં આ બિચારી શું સમજે. હિંદુ માબાપની છોડી હશે પણ કોઇ પાળક રહ્યું નહિ એટલે વિસવાસી લોકમાં ઉછરી અને તેમના જેવી થઇ; તોપણ નહિ, એનામાં દેશીપણું ને દેશીનું ખૂબ અભિમાન છે.'

'દેશદેશના ચાલ તો જુદા હોયજ મહારાજ. આની રીતભાત તમે કહોછો તેમ હિંદુ જેવી છે. અહિંના પોષાકમાં હરતી ફરતી જોઇએ છીએ, ત્યારે તો નરી હિંદવાણી જેવી લાગે છે. છે તો મહારાજ, ખરેખર કોઇ સારા ઉજળા માબાપનું છોકરૂં, પણ શી ખબર એનાં માબાપ કોણ અને શી જાતનાં હશે? દખ્ખણમાં સારા લોક પણ કેટલાક પહેલી છોડી દેવને અર્પણ કરે છે, એવી કોઇ સારા કુટુંબની છોડી મોરલી થયેલી તો નહિ હોય?'

'ના, મોરલી તો નહિ. એ તો સારી નથી હોતી.' જગન્નાથે કહ્યું. 'આ તો મરજાદાવાળી ને બહુ શરમાળ છે. ગોરા લોક સાથે ઉછરી છે પણ કેવી અદબ ને મલાજો રાખે છે. ખોરાકમાંએ સાત્વિક છે. આપણી બધી બાબત વખાણતી જાય છે અને તે પ્રમાણે કરે છે. અહિં રહે છે ખરી, પણ હજુ એણે એક પૈસો સરખોએ કદી માગ્યો નથી. ભાઇની કચેરીમાં મોટો બાબુ નોકર છે તેની છોડીઓને ભણાવવા જાય છે અને તે પડે જાણ્યામાં નિર્વાહ કરે છે. એ લોકની કોઇ કોઇવાર વાત કાઢે છે અને તેમના રીત રિવાજો કરતાં આપણા રીત રિવાજોને વખાણે છે. ભાઇને રેશમી કપડાં પહેરી જમવા બેસતા

જોઇને તો એને બહુજ આનંદ થાય છે.' દૂધવાળો આવવાથી જગન્નાથ મહારાજ તપેલી લઈ દૂધ લેવા ઉભા થયા એટલે જોઈતારામ બોલ્યો કે, 'મહારાજ, ચાની તૈયારી કરજો, ભાઇને આવવાનો વખત થયો. હું બંગલે જાઉં છું.'

પ્રકરણ ૧૧ મું.

'ઓત્તારી! ભાઇ તો કયારનાએ આવ્યા હોય, એમ લાગે છે! જમાદાર પોષાક પહેરીને ઉભેલો છે.' જમાદારને સફ સમારી વરંડા ઉપર ઉભેલો જોઇ જોઇતો મનમાં આમ બોલી વહેલો વહેલો પગથિયાં ચઢી દાદર ભણી જતાં, તેની સામું જોઇ બોલ્યો કે 'કબસે સાહેબ આયા હે.'

'એક ઘંટા હો ગયા.'

'હમકુ યાદ કિયા થા?' જોઇતાએ પૂછ્યું.'

'નહિ.' જમાદારે ઉત્તર દીધો, પણ જોઇતો સાંભળવાની દરકાર કર્યા વગર હળવે પગલે દાદર ચઢી ગયો. બંગલાના દિવાનખાનામાં ઑાઠે રહી ડોકિયું કર્યું, તો વીરેન્દ્ર કચેરીના પોષાકમાં એક કલાર્ક સાથે કાગળિયાં જોતો અને લખતો જણાયો. ધીરે રહી તે અંદર ગયો અને વીરેન્દ્રની નજરે પડાય તેમ સામેની ચોપડીઓની ઘોડી લુછવા લાગ્યો. વીરેન્દ્રે તેની તરફ જોયું પરંતુ બોલ્યા ચાલ્યા વગર કામ કરવું ચાલુ રાખ્યું. વીરેન્દ્રને પોતાની હાજરી બતાવી કબાટ લુછી બીજે બારણેથી તે છજામાં જઇ બાંક ઉપર બેઠો.

સાંજનો વખત હતો અને પંખીઓ દૂર દૂરથી ઉડી આવી બાગનાં ઝાડોમાં ભરાતાં હતાં. માળીએ તાજુજ પાણી છાંટયાથી ખોદેલી ને તાજી પલળેલી માટીની મજેની મીઠી વાસવાળી પવનની લહેરો આવતી હતી. જોઇતો દિવાનખાના તરફ કાન રાખી આનંદભેર બેઠો કે તરત તેના મનમાં—કયાં ગુજરાત અને કયાં આ પરદેશ—એવા વિચાર

ચાલવા લાગ્યા. બહુવાર થઈ નહિ એટલામાં વીરેન્દ્રના ટેબલ પરની ટોકરી વાગી અને નીચેથી જમાદાર ઉપર આવ્યો. ટોકરીને અવાજે જોઇતાને અંદર જવાનું ન હતું, કારણ કે, તેને ખાનગી નોકર તરીકે નામ દઇને બોલાવવાનો રિવાજ રાખેલો હતો. જમાદાર સલામ કરી અંદર ગયો કે તરત, જોઈતાએ બાંક ઉપરથી ઉઠી બારણામાં ઉભા રહી—શું થાય છે, તે જોવા માંડયું. જમાદાર કારકુન પાસે ઉભો પણ વીરેન્દ્ર તો નીચું જોઇ લખતોજ રહ્યો. મિનિટ દોઢ મિનિટમાં કલમ નીચે મૂકી ઉંચું જોઇ તેણે જમાદારને કહ્યું કે, 'જાઓ પેલાં માણસોને વિદાય કરો.' જમાદાર નીચે ગયો. વીરેન્દ્રે ઉભા થઈ જોઇતાને સાદ કરી કારકુનને કહ્યું કે, 'તમે પણ આ કાગળ મારા કોથળામાં મૂકી જાઓ.' જોઈતા સાથે પોતે પછી કપડાં બદલવાના ઓરડામાં ગયો.

'ભાઈ, ચા લઈ આવું?' જોઈતાએ તેણે ઉતારેલાં કપડાં ઠેકાણે મૂકીને પૂછ્યું. વીરેન્દ્રે બીજી તરફના મોટા છજામાં જતાં જતાં તેને કહ્યું કે 'હા, બે પ્યાલા લઈ આવ, અને રસોડે જતાં પેલી બાઇને અહિં મોકલતો જા.'

'લોક કહે છે કે, કામ કરવાથી થાક લાગે છે, પણ હું જોઉં છું કે, મને તો કામ કરવાથી ઉત્સાહ વધે છે અને આનંદ મળે છે.' વીરેન્દ્ર છજામાં બંધાવેલા હિંચકા ઉપર બેસતાં બેસતાં મનમાં બોલ્યો કે 'મને તો ખરેખર કામ કરૂં છું તેમ વધારે અને વધારે ઉત્સાહ આવે છે અને મન આનંદિત થાય છે, અથવા કદાપિ એમ હશે કે, કામ કરવાથી આનંદ અનુભવવાની કુદરતી રીતેજ ભાવના થતી હશે. ભૂખ્યા હોઇએ ત્યારે જેમ ખોરાક સ્વાદિષ્ટ લાગે, તેમ કામથી થાકેલા મનને આનંદ ઉત્સાહ વધતો હશે. ગમે તેમ હો પરંતુ મને તો હાલ એવો અનુભવ થાય છે. જેમ વધારે કામ કરૂં છું તેમ ઉત્સાહ આવે છે. આનંદ માણુનાં મઝા મળે છે. દુઃખ પછી સુખ સારૂં લાગે એ સામાન્ય સત્ય પ્રમાણે થતું હોય તો ભલે!' વીરેન્દ્ર આ રીતે ઉત્સાહ અને આનંદી આરામ લેતો ધીરે ધીરે ઝુલતો હતો એટલામાં મેરી સંકોરાતી સંકોરાતી અંદર આવી. વીરેન્દ્રે તેને 'આવો' એમ કહી

સામેની ખુરસી ઉપર બેસવા ઇસારત કરી પૂછ્યું કે 'તમારે ક્યારે કલકત્તે જવાનું છે?'

'પરમ દિવસે કેદાર બાબુની જગન્મોહિની જનાર હોવાથી હું પણ તેની સાથે જઇશ. ઉતરવાની આપે ગોઠવણ કરાવી આપી તે ઠીક છે, અને ત્યાંજ ઉતરીશ.'

'જગન્મોહિની તમારી સાથે પરીક્ષામાં બેસનાર છે? તે ક્યાં ઉતરવાની છે?'

'એનો બનેવી કલકત્તામાં નોકર હોવાથી તે એની બ્હેનને ઘેર ઉતરશે. મને પોતાની સાથે રહેવાનું કહે છે, પણ કલકત્તા જેવા શહેરમાં, એક કલાર્કની જગા કેવડી હોય કે જ્યાં સૌનો સમાસ થાય? વળી તેમને ગરીબને શા માટે ખરચમાં અને તસ્દીમાં નાંખવાં.'

'ઠીક, મોટાં શહેરોમાં હલકા પગારના નોકરોને રહેવાની અને ખાવાપીવાની બહુ અગવડ પડે છે.' વીરેન્દ્રે કારકુન સિપાઇઓ વગેરે હલકા પગારના નોકરો માટે દિલસોજી બતાવતાં ચલાવ્યું કે 'જેમ જેમ લોક સુધારણા વધતી જાય છે તેમ તેમ મોંઘવારી વધે છે. પશ્ચિમ તરફનાં વિચારો અને રહેણીકરણીનો જેમ જેમ વધારે ફેલાવો થાય છે, તેમ તેમ એક તરફથી માણસોની જરૂરિયાતો વધે છે અને બીજી તરફથી પહેરવા ઓઢવાની અને ખાવાપીવાની વસ્તુઓ મોંઘી થતી જાય છે. છેલ્લાં પોણોસો વર્ષના આંકડા ઉપરથી જણાય છે કે, દિન ઉગતે દરેક વસ્તુના ભાવો ચઢતા ને ચઢતા ગયેલા છે. હજી એમ લાગે છે કે, વધારે મોંઘવારી થશે. આવા વખતમાં કારકુનો, મહેતાજીઓ અને ટુંકા પગારના નોકરો તેમની જરૂરિયાતોને પહોંચી વળે એવું નથી. આગલા વખતમાં પગારોનું જે ધોરણ બાંધવામાં આવ્યું છે તે હાલ ચાલુ રાખવું, મુનાસબ નથી. ત્રણ માણસનું એક કુટુંબ ગણીએ તોપણ તેમનું પોષણ થાય તેમ નથી, તો પછી બચરવાડ માણસો હાલના ટુંકા પગારમાં કેવી રીતે નિભાવ કરી શકે? ખરેખર આ બાબત મોટા અધિકારીઓએ વિચાર પર લેવા જેવી છે.'

'ઇશ્વરે આપને મોટા અધિકારી બનાવ્યા છે અને આપ આવી

દિલસોજી રાખો છો એજ એમનાં સુભાગ્ય છે.' મેરીએ વીરેન્દ્રને સારૂં લગાડયું. 'આપના જેવા મોટા અધિકારીઓનું જ્યારે લક્ષ ખેંચાશે અને દિલસોજી ઉત્પન્ન થશે, ત્યારેજ એ લોકોનો ઉદ્ધાર થશે. હિંદુ કુટુંબમાં ત્રણ માણસ ગણાય નહિ સાહેબ. જ્યાં બાળલગ્નની રૂઢિ છે ત્યાં તો કારકુન તેની નોકરીમાં દાખલ થાય તે વખતેજ ચાર પાંચ માણસના કુટુંબવાળો હોય. પતિપત્ની અને બે કે ત્રણ બાળકો પચીસ વર્ષના હિંદુને હોવાં, એ કંઈ નવાઈ જેવું નથી. માણસો કરતાં પણ બાળકોને વધારે પોષણ જોઇએ છીએ. પોષણના અભાવે તેમનાં શરીર પ્રતિદિન નબળાં અને મન 'કંગાલ—હિમ્મત વગરનાં થતાં જાય છે. વળી ટુંકા પગારના નોકરો લાંચ રૂસવત લેવા તરફ ખેંચાઇ જાય, એ પણ લોકના ચારિત્ર્યને જાણી બુજીને બગાડવા જેવું છે.'

'યસ,—અરે હા, ખરેખર ધનનો સંકોચ ચારિત્ર્યને બગાડે છે. ઘણા લોક આ વાત સમજી શકતા નથી. દેશીરાજ્યોમાં અને આગલી પાદશાહીમાં લાંચ રૂશવતનાં જોર હતાં તેનું કારણ એજ કે, નોકરોને પેટપુર પગાર આપવામાં આવતા નહિ. હાલ જેમ મોંઘવારી વધે છે તેમ લોકને મોજશોખની ભાવના પણ વધતી જાય છે અને એ મુસ્કેલીઓને વશ થતાં માણસ નિરૂપાયે ચારિત્ર્ય ભ્રષ્ટ થાય છે. ધનનો સંકોચ કુટુંબોમાં કલેશ કંકાસ કરાવે છે, એ વાત પણ સાચી છે. સુખી કુટુંબોમાં બધે સંપ જંપ જણાય છે અને સંપ જંપ હોવાથી તેમનાં બાળકો સંતોષી અને સારા ગુણનાં નીવડે છે. લોક નાયકોએ અને સરકારે પોષણથી પ્રજાને અને તેના ચારિત્ર્યને જરૂર પોષવું જોઇએ. તમારા કહેવામાં સત્ય છે.' આમ કહી વીરેન્દ્ર હસ્યો એટલે મેરીના મુખ ઉપર અંદરના આનંદ સાથે સ્ત્રીજાતિની સ્વાભાવિક લજ્જાળુતા દેખાઈ અને વીરેન્દ્રને તે અપૂર્વ મોહક લાગી. અમુક સ્વાર્થ કે હેતુથીજ, સૌંદર્ય પોતાના પ્રેક્ષકને મુગ્ધ બનાવતું નથી, પરંતુ તેનો ધર્મજ એવો છે કે, જોનારને તે સ્વાભાવિક રીતે આકર્ષે છે. ખળખળ વહેતાં ઝરણો, મૃદુ પવનની લહેકીઓથી નાચતાં કિસલયો અને ભારે ગર્જનાઓ કરીને આકાશને મલિન બનાવી રહેલો મેઘ,

અથવા રેતીના રણમાં આગ વરસી રહી હોય એવા તડકામાં મૃગજળનો દેખાવ, કંઇ તેના પ્રેક્ષકને સ્વાર્થને માટે મુગ્ધ બનાવતા નથી, પણ પોતાના સૌંદર્યમાં તેમને આનંદનો નીસો ચઢાવી મુગ્ધ બનાવે છે. કુદરતનાં, કાવ્યાદિકનાં અને સ્ત્રીજાતિની રૂટડાઇનાં સૌંદર્યો સાધારણ રીતે મનુષ્ય માત્રને પોતાનો અપૂર્વતામાં મુગ્ધ બનાવી દે છે. નિર્દોષ બાળકો પણ તેજાદિક સૌંદર્યથી મુગ્ધ બને છે તો પછી—સૌંદર્ય શું? તેની જેને સમજ છે એવો માણસ એમાં મોહ પામે તેમાં શી નવાઇ! મેરીના મુખ ઉપર પ્રકટેલા ભાવને લીધે વીરેન્દ્ર તેની સામું જોઇ રહ્યો અને જેમ જોવાતું ગયું તેમ તેમાં અપૂર્વતા વધારે અને વધારે જણાતી ગઇ. એકવાર આંખે આંખ મળી કે મેરીએ કન્યાની શરમે નજર નીચે નાંખી દીધી અને જેમ દડો પછાડવાથી ઉછળે તેમ એ શૃંગાર લજ્જાના સૌંદર્યે વળી વીરેન્દ્રને કોઇક અલૌકિક સૌંદર્યની છાયા દેખાડી. બાળા જાણે ઉમળકા ભર્યા મધુર હાસ્ય રસથી તરબોળ થઇ જતી હોય તેમ ચંચળ નેત્રે પરાણે પરાણે નીચું જોઇ રહી અને વીરેન્દ્ર તેના રસથી ભરપુર વદનકમળનો હઠીલો ભ્રમર હોય, તેમ તેની તરફ એક ટસે જોઇ રહ્યો.

વાચક, આને કંઇ ઘણો વખત લાગ્યો નહિ, વિજળીના ઝબકારાની માફક બધું બની ગયું, પરંતુ બેઉને તેમાં કંઇ નવું નવું અને ન સમજાતો ભાવ જણાઈ ગયો. મેરી જે એક અભ્યાસી નિર્દોષ બાળા હતી તેને આજે પહેલ વહેલુંજ કંઇક નહિ સમજાતું હૃદયમાં કોઇ દિવસ નહિ આવેલું એવું કામણગારૂં—ઘેલું આવ્યું, અને તે પોતે જાણે પોતાને ભૂલી ગઈ હોય તેમ થયું. તરતજ પાછું તેણે બળ કરી નાયક સામું જોયું અને મુખ ઉપર આવી ગયેલા પેલા સૌંદર્યના ચમત્કારી દેખાવ કરતાં સો ગણા વધારે મોહક અને સાંભળનારને અમૃતની વૃષ્ટિએ ભિંજાવી દે એવા મધુર અવાજે વીરેન્દ્રને કહ્યું કે 'મને શરમાવો નહિ, મેં તો સહજજ કહ્યું કે, નોકર માણસોને સુખે આજીવિકા ચાલે એવું મહેનતાણું મળવું જોઇએ, અને આજીવિકા પૂરતું મળે નહિ, તો તેનું ચારિત્ર્ય બગડે. હું કંઇ એવો અભિપ્રાય

આપવાને યોગ્ય નથી, આપ મારા વિચારને આટલું બધું અનુમોદન આપો છો તે મને શરમાવે છે.' તે ગાલમાં હસી.

સૌંદર્ય તરફ ખેંચાઈ ગયેલા વિચારો અને દૃષ્ટિ પાછાં ખેંચી લઈ ગંભીર બનવાનો યત્ન કરી વીરેન્દ્ર બોલ્યો કે 'નહિ, નહિ, હું તમને વખાણથી શરમાવતો નથી, પરંતુ તમે ગરીબ–કંગાલો તરફ અભાવ નહિ પરંતુ અનુકંપા બતાવો છો અને ગરીબાઇ ચારિત્ર્ય બગાડે છે એમ કહો છો, તેને અનુમોદન આપું છું. કોઇ પણ વિચારમાંથી સારો અર્થ ખેંચવો, એ બહુ સારી ટેવ છે અને એથી જ્ઞાન વધે છે.'

મેરી કંઇ બોલી નહિ અને કોઇ મિષે આડું જોઇ રહી એટલામાં ચા લઈને જોઇતો આવી પહોંચ્યો. એક નાના સુંદર આરસના ટેબલ ઉપર ચાંદીના પ્યાલામાં ભરી તેને માટે ચા મૂકી તથા સાહેબ લોક અને બીજા પરોણા કે મળવા આવનારાઓ માટે રાખેલા ચિનાઈ પ્યાલામાં પેલી બાળાને ચા આપી, પોતે જરા દૂર ઉભો રહ્યો.

'પીઓ' એમ કહી વીરેન્દ્ર હિંચકેથી ઉઠી ટેબલ આગળ ખુરસી પર જઇને બેઠો અને બે ઘુંટડા પીવા પછી વળી બોલ્યો કે, 'જોઇતારામ, ઇશ્વરરાયની મહેસુલી ખાતામાં બદલી થઇ છે અને સાહેબ સાથે હમણાં પરગણામાં ફરવા જવાના છે. નવીભાભી હમણાં આવવા રાજી નથી તેથી તમે દેશમાં જાઓ અને મંજુબહેનને અહિં તેડી લઇ આવો તો કેમ?'

'આપ કહેતા હો તો હું તો કાલે જાઉં. મેં વળી સાંભળ્યું છે કે, જગન્નાથજીનો મેળાએ મહીના સોરો આવે છે. બહેન આવશે તો થોડા દહાડા અમનેએ ગમશે.'

'તમને ગમે પણ બહેનને ગમે નહિને? એની સાથે કોઈ હોય તો સારૂં.'

'પનાકીને સાથે લેતો આવું?'

'હા, એ આવે તો સારૂ. એને દસ દહાડા પછી રજાઓ પડવાની છે. બહેન અને પિનાકી બે જણ આવે તો બન્નેને ગમે.

હું કાગળ લખું અને જવાબ આવે એટલે તમે તેડી આવો.’ ચા પી ઉઠતાં વીરેન્દ્રે જોઇતારામને કહ્યું. ‘બહેન આવશે તો આપણને ગમ્મત અને એને યાત્રા થશે. હાલ ઋતુએ સારી છે અને મને પણ સવડ છે.’

‘હું તો નવીભાભીને પણ લેતો આવીશ. ના શું આવે? હું એમને અહિંની વાતો કહીને તથા જાતરાનું બહાનું બતાવીને તરત સમજાવી દઇશ. એમને ક્યારે બહુ રહેવું છે? મહીનો દોઢ મહીનો રહીને સૌ પાછાં જશે. લાંબી વાટ એટલે ખરચ થાય, એ ખરૂં સાહેબ!’

‘જોઈતારામ, ‘સાહેબ’ કહીને કેમ વાત કરો છો?’

‘લોક આગળ સાહેબ એમ કહીને બોલવાની ટેવ પડી ગઈ એટલે સાહેબ કહેવાય છે ભાઇ, એમ બોલવામાં શું ખોટું છે?’

‘તમે ભાઇ કહો છો તે બહુ સારૂં લાગે છે.’ વીરેન્દ્ર ખુરસી ઉપરથી ઉઠ્યો અને જોઇતો પ્યાલા તથા કીટલી લઇ જતાં જતાં કહેતો ગયો કે ‘અરધા પોણા કલાકમાં રસોઈ તૈયાર થશે ત્યારસોરા આવજો, ભાઇ.’

જોઇતાના ગયા પછી મેરી બોલી કે ‘સાહેબ, આપના દેશના આ બે નોકરો બહુ અચ્છા માણસ છે. આપને માટે બહુ લાગણી રાખે છે. આ લોકો જેવી આપની સેવા કરે છે તેવી અહિંના લોક કરત નહિ. અલબત વૈતરૂં કરે પણ ભાવ વગરનું. પોતાની શું ફરજ છે? તે તો અહિંના લોક સમજતાજ નથી. મોં માગ્યો પગાર લેવો તેમ છતાં ચોરી ખાવું, તે એમનું કામ. નોકરો એવા ન જોઇએ.’

‘આ અમારો બહુ જુનો નોકર છે અને જુનો નોકર કામ કરે કે નહિ, કંઇક બેદરકાર જણાય કે સહેજ દોષ કરે, તોપણ તેને કાઢી મૂકવો નહિ. કોઈ અણીને વખતે જુનો નોકર એક કુટુંબી કરતાં પણ વધારે ઉપયોગી અને સહાયકારક થઇ પડે છે. અમારા ઘરમાં જે માણસ રહ્યો તેને અમે કદી પણ દુભતા નથી અને નોકર જેવો ગણતા પણ નથી.’ વીરેન્દ્રે જવાબ દીધો.

'કેદારબાબુને ત્યાં મહીને છ મહીને નોકર બદલાયા વગર રહેતો નથી.'

'એ ઠીક નહિ. વારૂ કેદારબાબુનું તમને કયારનું ઓળખાણ?'

'બે ત્રણ વર્ષ થયાં હશે, સાહેબ.'

'હું તમને કંઈ પૂછું?'

'હા, ભલે પૂછો. મને કંઇ રીસ નથી.'

'તમે કોણ છો?' વીરેન્દ્રે શરમાતાં શરમાતાં પૂછ્યું.

મેરીના મોં ઉપર સેરડા પડી ગયા, તેનું હૃદય ગદ્દગદ્દ થઇ ગયું અને શું કહેવું–તે તેનાથી સમજાયું નહિ. થોડી વાર મૌન રહી મનમાં ઓછું આવેલું તે દબાવી ગંભીર મુદ્રાએ તે બોલી કે 'હું કોણ છું? તે મને અભાગિણીને ખબર નથી. મારૂં આ જગતમાં કોઇએ નથી અને હું પણ જાણે કોઇની નથી. મારો પાલક ફાધર વિલિયમ એમ કહેતો કે 'તું ઉંચી કોમનાં હિંદુ માબાપની છોકરી હોઉં એવું મને જણાયેલું છે. હું એક નદી કિનારેથી બેભાન અવસ્થામાં તેને મળી આવી હતી. તેણે મારાં માતપિતા માટે તજવીજ કરી હતી પણ તે વખતે કંઇ પત્તો લાગ્યો ન હતો. ફાધર વિલિયમ બહુ સારૂં સંસ્કૃત જાણતો હતો અને મને પણ તેણેજ સંસ્કૃત બીજી ભાષા તરીકે લેવરાવેલી. હિંદુ રીતરિવાજનો તે બહુ ખંતથી અભ્યાસ કરતો. મને મારા વર્તન અને સ્વભાવ ઉપરથી કહેતો કે 'મેરી, તારી નાડીઓમાં હિંદુ રૂધિર વહે છે અને તું ખરેખર એક નિર્દોષ હિંદી બાળકી છે અને હિંદુજ રહેજે બેટા.' જ્યારે તે સ્વદેશ ગયો ત્યારે બહુ રડ્યો હતો. એ ધારત તો મને સાથે લઇ જાત પણ નહિ, તેણેજ મને કહ્યું કે 'તું તારા દેશમાં રહે અને તારૂં સારૂં થશે. તેણે મને તેના જેવાજ એક ભલા પાદરીને સોંપી હતી પણ મારે દુર્ભાગ્યે તે મરી ગયો અને મારે પોતાને તે આશ્રમ છોડી અહિં તહિં રહેવાનું થયું. હાલ કેદારબાબુની મને સારી મદદ છે. એ બાબુનું કુટુંબ પણ મારી ઉપર બહુ વહાલ રાખે છે અને હું મારી રીતભાત પોષાક વગેરે બધું એમના જેવુંજ રાખવા લાગી છું. બધી રીતે મને હિંદુ કુટુંબ ગમે છે, અને તેમનું

મન પણ મને હિંદુ તરીકે ગણે છે. નાત જાતના બંધનને લીધે ખાવા પીવા વગેરેનો ઘરગતુ વ્યવહાર તેઓ મારી સાથે રાખી શકતાં નથી. હું અશરણ હોઇ એમના ઘરની રીતે હિંદુ રિવાજે રહું છું અને મારૂં પોતાનું પોતાની મેળે નિભાવી લઉં છું. હું અશરણ કોણ છું, તેની મને ખબર નથી, શું કરું ?' તે રડી ગઇ.

વીરેન્દ્રનું છજું કરૂણારસથી ભરાઇ ગયું અને તેને પોતાને પણ એમ થયું કે, મેં કયાં તેને અને મને બેઉને દુઃખકર આવી વાત કાઢી. તેણે તેની સામેથી દૃષ્ટિ ખેંચી લઇ બીજી તરફ જોયું અને 'પોતે અશરણ કોઇ પણ સ્નેહી સંબંધી કે અંગત માણસ વગરની એકલી છે' એવા પોતે ઉચ્ચારેલા ઉદ્‌ગારથી ખિન્ન થયેલી બાળા મહાશ્રમે જીવને ઠેકાણે લાવી નીચી નજરેજ 'હું રજા લઉં છું સાહેબ.' એમ કહી બીજું કંઇ બોલ્યાચાલ્યા વગર ત્યાંથી ચાલી નીકળી. વીરેન્દ્ર તેની પાછળ જોતોજ રહ્યો અને તે એકદમ સામેનો દાદર ઉતરી પડતાં અદૃશ્ય થઇ ગઇ. તે ગઇ તેમ છતાં પણ જાણે તેનો ઓળો જોઈ રહ્યો હોય તેમ કેટલીક વાર લગી તે બાજુ તરફ વીરેંદ્ર જોઈ રહ્યો. દાદર પર તેનાં પગલાંએ ખડખડયાં નહિ અને પગરવ પણ સંભળાયો નહિ. વીરેન્દ્ર કેટલીક વાર ચિત્રમાં ચીતર્યો હેય તેમ સ્તબ્ધ બેસી રહ્યો, તેના મગજમાંના વિચારો ઉડી ગયા અને જેમ બધું શૂન્ય થઇ ગયું હોય તેમ તેને કંઇ સમજાયું નહિ. આખરે દાદર ઉપર થતા ખડખડાટે તેને જાગ્રત કર્યો. 'તે આવી કે શું ?' એમ મનમાં બોલી હિંચકેથી ઉઠી જુએ છે તો બંગલાનો માળી આવતો જણાયો. તેણે સલામ કરી દાદરમાં એક કોરે સંકોચાઇ ઉભા રહેતાં રહેતાં કહ્યું કે 'સાહેબ ! ખાણાકી તયારી હો ગઇ હૈ.' તે તરત પાછો ઉતર્યો અને વીરેન્દ્ર પણ મૂક બની ગયો હોય તેમ બીજા કશા વિચાર વગર એકદમ દાદર ઉતરી જેવા ને તેવાજ પોષાકમાં રસોડે ગયો.

પ્રકરણ ૧૨ મું.

'જોઈતારામ, અલ્યા આ શું?' વીરેન્દ્ર જેવું તેવું જમીને હમેશની માફક વાતચીત કર્યાકારવ્યા વગર ચાલ્યો જવાથી જગન્નાથ મહારાજે પૂછ્યું.

'હું તમને પૂછવા જતો હતો એટલામાં તમેજ મને પૂછ્યું. ભાઇના મન ઉપર કંઈક ભારે ગમગીની આવેલી જણાય છે. પેલી છોડીએ અને એમણે ચા પીધા પછી તેમને ખાસી 'ગોટપેટ' વાતો કરતાં મૂકીને હું તો આવ્યો હતો અને કલાક પોણા કલાકમાં આ શું થઇ ગયું? પેલી બાઇએ એકાંત જોઇ કંઈ અડપલું કર્યું હોય અને ભાઇ ચિઢાયા હોય તો કોણ જાણે?'

'એથી તો ગુસ્સે થાય; ગમગીન થાય નહિ. ભાઇ ગુસ્સે નથી પણ દિલગીર છે. દયાથી એમનું હૃદય ભરાઇ ગયેલું લાગે છે. એ બાઇ દુ:ખી છે અને તેણે એના દુ:ખની કદાપિ કંઈ એવી વાત કહી હોય, તો આમનું મન કોમળ એટલે અસર થાય. તું એ વાત સમજે નહિ. જા પેલીની ઓરડી તરફ જઇ આવ.' જગન્નાથ મહારાજે તેને સરત કાઢવા કહ્યું.

'ફકર નહિ, સરત કાઢી આવવી, એતો મારૂં કામ! એનીજ નહિ પણ ભાઈનીએ તેમને ખબર પડે નહિ—એમ ખબર કાઢતો આવું. તમે એટલી રોટલી કરી જમતા થાઓ મહારાજ.' આમ કહી જોઇતો ઉઘાડે માથે અને ઉઘાડે શરીરે બહાર નીકળી પડ્યો. સંધ્યાકાળ થઇ ગયો હતો. બંગલાના દરવાજા ઉપર અને બંગલામાં દીવા બળતા હતા, પણ બાગમાં બધે ઝાડપાનને લીધે અંધારૂં હતું. ધીરે પગલે અને કોઇ દેખે તો જાણે કે 'સહેજ ફરે છે' એવા ડોળથી જોઇતો આમ તેમ ફરવા લાગ્યો.

'કોઈ દહાડો નહિ એવી ગમગીની આજે ભાઈના મન ઉપર દેખાઇ તેનું શું કારણ?' મહારાજે રોટલી વણતાં વણતાં વિચાર કરવા માંડ્યો. 'જોઈતારામ કહે છે, એમ તો બને નહિ. બાઇ ગરીબ

અને બહુ શરમાળ છે. વળી સાલસાઇમાં અડધી અડધી થઈ જાય છે, એટલે એના ભાર નહિ કે, ભાઇ ઉપર વિકારી નજર નાંખી શકે. કામનું કાર્ય આવું ન હોય ? જુવાન માણસ તો અડપલું થતાં રંગરાગમાં આવી જાય. આ તો એથી કંઇ જુદુંજ કારણ હોય એમ લાગે છે. બાઇએ કંઇ પૈસો ટકો માગ્યો હોય, એની ઉપર કંઇ ભયંકર આળ આવેલું હોય અને તેમાંથી પોતાને બચાવી લેવાની અરજ કરી હોય કે તેના આંતરિક કોઈ મહા દુઃખની વાત કહી હોય, તો દિલગીરી થાય. કામનો ફટકો નથી પણ લાગણી દાઝી લાગે છે. આ ગભરૂ આશા ભર્યો જુવાનિયો, તેનાં વડીલોએ આપણને સોંપ્યો છે તો આપણે તેના સુખ દુઃખની નાડ જેતા રહેવું જોઇએ. જુવાન, સારે ઓધ્ધે ચઢેલા અને જોઇએ તેવા વૈભવવાળા જુવાનિયાને વહુએ જોઇએ તો ખરી. નોકરીનું કામકાજ કરી કંટાળેલા એના મનનો રમાડો કયાં ? આપણે નોકર માણસ પડયા. આપણી સાથે વાતચીત કે ગમ્મત એ બિચારો શી કરે ? આખો દહાડો ને રાત એકલા મોટા બંગલામાં કોઇ સાથે કશું બોલવા ચાલવાનું કે હસવાનું નહિ એટલે તેને ગમે પણ કેમ ? એ બાઇનું તો કંઈ નહિ, પણ હું તો ધારૂંછું કે, એકાંતને લઇ મનમાં આવા વિચાર આવવાને લીધે ગમગીની થઇ હશે.' મહારાજ આમ વિચાર કરતાં કરતાં રોટલી વણી રહ્યો પણ જોઇતો આવ્યો નહિ. ઉભો થઇ તે બારણામાં ગયો અને જોયું તો જગત અંધારામાં ડુબડુબાં થઇ રહેલું જણાયું. 'સાહેબ લોકો અને હાલના ભણેલા લોકો બખાળિયાએ નહિ તો ! વસ્તીથી વેગળા મોટા બંગલામાં એકલા પડયા રહે અને સાથે રહેતાં માણસને પણ ઝાઝી વાતચીત કરવા દે નહિ. એકાંતમાં બેઠા બેઠા વાંચે, વિચારે કે ઉંઘે. આપણા જેવા ગડબડિયા, ધાંધલિયા અને બખાળિયાઓને આવા લોકમાં ગમે નહિ. ખૂબ વસ્તી ને લોકસૈની બોલચાલ હોય ત્યારે આપણને તો ગમે. જાઇતો બહાર ગયો એટલામાં મને સુનું લાગે છે તો પછી વીરૂભાઇનો બિચારાનો સમી સાંજથી બંગલાને મેડે ચઢયા પછી શી રીતે વખત જાય ? અમુઝણ થાય,' જગન્નાથ મહારાજ આમ વિચાર

કરે છે એટલામાં જોઇતો આવ્યો.

'કેમ શા સમાચાર લાવ્યો ?' મહારાજે પૂછ્યું.

'કંઈ જાણવા જેવું નથી. ચાલો ખાવાની તૈયારી કરો.' જોઈતારામે ઉત્તર દીધો. 'ભાઈ તો બંગલે જઈ હમેશની રીતે તેમના ટેબલ ઉપર બેસી કાગળિયાં જુએ છે.'

જગન્નાથ મહારાજે જોઈતાને જમવા બેસાડતાં પૂછ્યું કે ભાઈનીજ વાત. આપણે બીજાની શી પંચાત છે? ભાઇનું મન ઉંચું હોય કે ભાઇનો જીવ દુખાતો હોય, ત્યારે આપણને લાગે.'

'ભાઇનો જીવ દુખાયો તો છે મહારાજ! મેં બંગલે જતા પહેલાં મેરીની ઓરડીમાં જોયું ત્યારે તે ટેબલ ઉપર માથું નાખી દઇ મનમાં ને મનમાં રડતી જણાઈ. હું ઝાડ આગળ જરા ઉભો રહ્યો અને જોયું પણ તેને કંઇ બોલતી સાંભળી નહિ. પછી બંગલે ગયો. ત્યાં ભાઇ ઉપર પ્રમાણે બેઠેલા જણાયા અને પહેરેગીરે પણ કહ્યું કે, તેઓ કામ ઉપર બેઠેલા છે. વળી પાછા ફરતાં મેરીની ઓરડી આગળ ગયો ત્યારે તેના જેટલીજ વયની અપછરા જેવી એક છોકરી તેની પાસે બેઠેલી જણાઈ. બન્ને જણીઓ ઇંગ્રેજીમાં અને કંઇક હિંદી ભાષામાં વાતો કરતી હતી. પેલી નવી છોકરી આણી તરફના હિંદુ-બાણુની છોકરી હોય એવું લાગતું હતું, કારણ કે, તેનો પોષાક ધોળો પણ કંઈક આપણા લોકના જેવો હતો અને બોલી પણ મીઠી ને ધીરી હતી. મેરી તેની સાથે વાત કરતી હતી પણ ઘાંટો રડવાને લીધે ભારે થઈ ગયેલો લાગતો હતો. તે રડેલી અને ભાઈ જરૂર દિલગીર થયા લાગે છે. શું હશે? મને તો કંઇ સમજાતું નથી. જુવાનિયાંના બીજા કંઇ અવનવા બનાવ બન્યા હોય તો આમ ન હોય? આ તો કંઇ બીજી ખટપટ કે બાઈના દુઃખની બાબત હોય એવું લાગે છે.'

'બાઇના દુઃખની બાબત હોય તેમાં ભાઈ શા માટે આમ દિલગીર થઇ જાય? સમજવાનું એ છે, જોઈતારામ. ભાઈ આગળ તો ઘણાંએ ગુનેગાર આવે છે અને ઘણાએ ગરીબ માણસો ને બાઇડીઓ પોકેપોક મૂકી દુઃખની ફરિયાદો કરે છે, કદીએ દિલગીર થતા નથી.

આ બાઇને એવું શું દુઃખ હશે, કે જે ભાઇને આવડી બધી અસર કરે ? બે રોટલીએ એમણે અત્યારે ખાધી નહિ. મુગે મોઢે નીચું જોઇને બે કોળિયા ભર્યા. જમતાં જમતાં કંઈ બોલ્યાચાલ્યા પણ નહિ; અને ચુપચાપ ચાલ્યા ગયા. મને બહુ લાગી આવ્યું છે.'

'આને જોઇને ભાઇને મરનાર યાદ આવી હશે વારૂ ?' જોઇતારામે ખોળ કરી.

જોઈતાની ઝીણવટથી ખુશી થઈ મહારાજ બોલ્યો કે 'હા, હા એમજ, જોઈતારામ. મરનાર વહુ યાદ આવેલી. આ જવાન છોકરીને જોઇ તે યાદ આવે, એમાં નવાઇ નહિ તો.'

'વળી ચા પીતાં પીતાં મને એમ પણ કહેતા હતા કે, 'મંજુ બહેનને તેડી આવશો જોઇતારામ ?'

'ત્યારે તો એજ. એકલા જીવને ગમે નહિ તો. મોટા કુટુંબમાં ઉછરેલા માણસના, આવા દેશવટામાં દહાડા જાય નહિ. માણસ કદી એકલું રહી શકતું નથી.'

'માણસની શું વાત કરો છો મહારાજ, પશુ પંખીએ એકલવાયાં હોય તો હીજરાઇ મરે. સારસની જોડમાંનું એક મરી જાય તો બીજું હીજરાઇ હીજરાઇને થોડે દિવસે તેની પાછળ મરી જાય છે. ઢોરે એકલું રહેતું નથી. એકલા રહેવાનું હોય તો પરમેશ્વર સંસારની જાળ શા માટે ઉત્પન્ન કરે ? મને રજા આપે તો હું કાલે દેશમાં જઇ મંજુબહેન અને મંગળાભાભીને તેડી લાવું. એ લોકો ત્રણ ચાર મહીના રહે અને તે પછી બે ચાર મહીને લગન કરી નાંખે, તો કંઇ નહિ.'

'મેરીએ અત્યારે ખાધું પીધું નહિ હોય ?'

'ના ખાય કયાંથી ? બંગલે ચા પીધી અને પછી તો આ પ્રમાણે થયું. પેલાં સવારનાં પૂરી ને શાક છે તે તમે એને આપીઆવો મહારાજ. તમારે ને એને સારી બોલચાલ છે. બચારી છોડીમાણસ છે અને એની ખબરઅંતર પૂછનાર કોઇ નથી.'

'તમે કહો છો કે–કોઇ બાબુની છોકરી એને ત્યાં આવી છેને આપણે તો તેને જોઇ નથી પણ એ કોઇવાર કહે છે કે, એ બાબુને ત્યાં છોકરીઓને ભણાવવા એ જાય છે, તે હોય તો. લાવ જાઉં ?' જગન્નાથે પૂછયું.

'જાઓ, ખુશીથી. એમાં કંઇ હરકત નથી. માણુસ માણુસન ખબરઅંતર કાઢતું ન રહે, તો બીજાું કોણ કાઢે ? આપણી પાસે રં એટલે આપણો ધર્મ છે. તમે હિંદી ગુજરાતી જેવું બોલો છો તે રં સારી રીતે સમજી શકે છે. મારૂં હિંદી કે ગુજરાતી એનાથી બરોબ સમજાતું નથી એટલે શું કરૂં, નહિ તો હું જાત.' જોઇતારામે મહા રાજને ઉત્તેજન આપ્યું. 'હું ગયો તે વખતેજ તમે ગયા હોત તે બધો મર્મ લઇ આવત.'

'મર્મ લાવવા જેવું શું છે ? તમે જેવું ધારો છો તેવું કંઈ બને નહિ. ભાઇને તમે સાધારણ માણુસ જેવો ધારો છો ? અને રં છોડીએ મડમ જેવી લાગે છે પણ ગોરા લોકનું ખોળિયું ન હો પટેલ ! કોઇ દેશીની છોડી જેવી લાગે છે. મને તો એની બોલીચાલ ને રીતભાત ઉપરથી કોઈ કોઇવાર એમ લાગે છે કે, જાણે એ ગુજ રાતી માબાપનું ફરજંદ ના હોય ? પટેલ, માણુસની જાત છાની રહેતી નથી. ગમે તેવું નાનું–અરે ધાવણું બાળક હોય અને તેને એન માબાપથી વિખુટું પાડી બીજી જાત–લોકમાં ઉછેર્યું હોય, તોપણ ઝીણવટથી તેની રીતભાત વગેરે જોઇએ અને સારા માણુસપારખુ હોઇએ, તો તરતજ સમજાય કે, તેનામાં કયી જાતનાં માબાપનું લોહ છે. ઘણા લોક કહે છે કે, જન્મને લઇ જાત નથી પણ સારી માઠ કેળવણીને કે ધંધાને લઇને જાત છે, પણ હું તે માનતો નથી. કણ બીનું છોકરૂં ગમે તેટલું કહીએ પણ કણબીજ; અને બ્રાહ્મણનું છોક બ્રાહ્મણજ. સંસ્કારથી માણુસ સારૂં ખોટું થાય છે–સુધરી શકે છે પણ તેનામાં કુદરતી રીતેજ ઉતરેલા બીજગુણ સંસ્કારથી દબાયા છત પણ સારા પારખુ માણુસથી સમજાયા વગર રહેતા નથી. અમાર બ્રાહ્મણોએ જન્મથી અને સંસ્કારથી–બેઉથી જાત માનેલી છે ;

અમસ્તી નહિ. એક જન્મ માના પેટનો અને બીજો જન્મ સંસ્કાર–કેળવણી–સોબત વગેરેનો; એમ બે જન્મ બ્રાહ્મણોએ માનેલા છે. આ બાઇને સાહેબશાહી કેળવણી મળી છે, સાહેબશાહી રીતભાત અને સોબત મળી છે, પણ મને તો એની કોઈ કોઈ રીતભાત જોઇને એમ લાગે છે કે જાણે એનામાં ગુજરાતી માબાપનું લોહી ન હોય! આપણને ગુજરાતી બોલતા સાંભળવાનું એને વારંવાર મન થાય છે અને આપણી રીતભાતો પણ એને જાણે ખરા અંતરની લાગણીથી વહાલી લાગે છે.'

'આનામાં ગુજરાતી લોહી હોય તો તો એક રતન જેવી બાઇડી નીપજે. બહેનનો પોષાક તે દહાડે ધારી ધારીને જોતી હતી. તે જાણે ભૂલી પડેલી હોય અને પોતાનાં માણસો મળવાથી ખુશી થઇ હોય, તેમ આપણને મળતાં એને અંતરમાંથી ઉમળકો આવે છે. અરેરે! બચારી કોણ હશે? જાઓ જઈ આવો મહારાજ.'

જગન્નાથ મહારાજ બારણામાંથી પાછો ફરીને બોલ્યો કે, 'જોઇતારામ, લો આએ પોતેજ અહિં આવ્યાં.' સાદા બંગાળણ જેવા દેશી પોષાકમાં મેરી અંદર આવી અને હિંદીમાં મહારાજને પૂછ્યું કે 'કયાં જતા હતા?'

જગન્નાથ મહારાજ ઉત્તર આપે તે પહેલાંજ જોઇતારામ બોલ્યો કે, 'તમને ખાવાનું આપવાને માટે આવતા હતા, એટલામાં તમે અહિં આવ્યાં. ચા પીધી એટલે તમે ખાવા માટે આળસી ગયાં હશો, એવો વિચાર કરી તમારે માટે મેંજ તેમને ખાવાનું લઇ તમારે ત્યાં જવા કહ્યું, ને તેમને પણ એમ લાગ્યું તેથી ત્યાં આવતા હતા એટલામાં તમે આવ્યાં, ભલે આવ્યાં. બેસો આ ખુરસી ઉપર ને જરા નાસ્તો કરો. થાળી મૂકવાને રહો પેલું સ્ટૂલ આપું.'

જોઇતારામનું બોલવું ઘણું ખરૂં સમજી મેરી તેના આવા ભાવથી ગદ્ગદ થઇ ગઈ અને આભારભર્યા લાગણીવાળા શબ્દોમાં બોલી કે–'જોઇતારામ, તમે મારી તરફ જે માયાળુપણું બતાવો છો અને મારે માટે જે લાગણી ધરાવો છો, તેનો હું કેટલો ઉપકાર માનું તે પણ મને

સમજાતું નથી. તમારી શેઠાણી માટે તમે જેવી લાગણી ધરાવો અને તેની જેવી સેવા ઉઠાવો તેવી–અરે તેથી પણ વધારે–તમે મારે માટે લાગણી ધરાવો છો ને સેવા ઉઠાવો છો. હું તમારો શો ઉપકાર માનું ?'

'ઉપકાર માનવા જેવું કંઇ નથી બાઇ. સાથે રહ્યાં એટલે એક બીજાના સુખદુઃખમાં ભાગ લેવો, એ આપણો ધર્મ છે. ભાઇના મંદવાડમાં તમે એમની કંઇ થોડી સંભાળ રાખી છે ? પેલી ઇસ્પિતાલવાળી બાઇ, તેમની આગળ તમારાં વખાણ કરતી હતી, એમ એમણે પોતેજ મને કહ્યું હતું. અમારો તમારો સ્નેહ કંઇક ઓર જેવો લાગે છે. તમે જાણે અમારામાંનાંજ ન હો, એમ અમને લાગે છે. આ બધા લોક કરતાં અમારૂં મન તમારી તરફ અને તમારૂં મન અમારી તરફ ખેંચાય છે.' જગન્નાથે કહ્યું.

જોઈતારામ પટેલ એકદમ બોલી ઉઠ્યો કે 'મહારાજ સચ કહેતા હે બાઇ–' મેરી તેની સામું જોઇ હસી ને બોલી કે 'તમે તમારી બોલીમાં બોલો. મને તે બહુ મીઠી લાગે છે, અને હું કેટલુંક સમજું છું."

જગન્નાથે કહ્યું કે 'તમને અમારી બોલી સારી લાગે છે અને બહુ થોડા વખતમાં તમે આવી ભાગીતૂટી વાતચીત કરવા શીખી ગયાં તે જોઇને અમને બહુ અચંબો લાગે છે. મને અહિંની બોલી કયમે મોઢે ચઢતી નથી અને તમને જન્મસિદ્ધ હોય, તેમ અમારી સરસ્વતી કેમ મોઢે ચઢી ગઇ ? અમને તમારામાં જાણે અમારા દેશપણું દેખાય છે, શું હશે ? કોણ જાણે !'

'હું તમારા દેશ જેવી થઇ જાઉં તો ?' મેરી હસી.

જોઈતારામ–'તો તમે સુખી થાઓ. અમારો દેશ કંગાલ નથી. અમારા દેશમાં બાઇડીઓને આણી તરફના જેવું દુઃખ નથી. સાહેબીમાં અમારો દેશ ઉતરે તેવો નથી. સાહેબના ઘરનાં બૈરાંને તમે તે દહાડે જોયાં છેને ?'

'તમારો મારો દેશ શો ? અમે ને તમે સૌ હિંદુસ્તાનનાં છીએ.'

'ના, હું હિંદુસ્તાનને માટે નથી કહેતો, અમારા ગુજરાતને માટે કહું છું. ગુજરાતનાં બૈરાં જેવું એકાદ બૈરૂં અને એવો સુંદર પોષાક અને ઘરેણાંગાંઠાં દેખાડોને? પારસી લોકો પરધર્મના ને પરદેશના તેમ છતાં અમારો પોષાક પહેરે છે તે શું અમસ્તા? પારસણો ને ગુજરાતણોનો પોષાક જોઇને તો મડમો છક થઇ જાય છે.' જોઈતારામે મોટા દેશાભિમાનથી ગુજરાતનાં વખાણ કર્યાં અને મેરી એકટસે તેના બોલવા અને હાવભાવ સામે જોઈ રહી.

'ગુજરાતનાં મેં બહુ વખાણ સાંભળ્યાં છે અને ઘણું વાંચ્યું છે. કાચું સોનું પાકે એવો એ દેશ છે. પારસીલોક બહુ મજેના લાગે છે. ભોળા, રૂપાળા ને શોખીન.'

જગન્નાથ મહારાજ બોલ્યા કે 'હશે, હવે તમે હું આપું તે જરા જમી લો.'

'ના, એ વાત બોલશો નહિ. હું કોઇના હાથનું જમતી નથી.' વિસ્મયથી જોઈતો બોલ્યો કે, 'તમે સાહેબલોકોમાં ઉછર્યાં, એમના જેવો વખતોવખત પોષાક પહેરો છો અને આ મહારાજના હાથનું જમો નહિ એ શું?'

'મારે એવું વ્રત છે.' મેરીએ હસીને ઉત્તર આપ્યો.

'એ તો હું માનુંજ નહિ. તમારા લોકને વ્રત હોયજ નહિ.'

'તમારા લોક એટલે શું?' તેણે પૂછ્યું.

'વિસવાસી-ખ્રિસ્તી.' જોઈતાએ રોકડો જવાબ આપ્યો.

'ના, હું તેમાં નથી. હું તો હિંદવાણી છું.'

'હું માનું નહિ તો.'

'તમે કેમ ન માનો? મને કેટલીક વાર એ લોકના પોષાકમાં જુઓ છો તેમાં?'

હવે જગન્નાથ મહારાજથી રહેવાયું નહિ તેથી તે વચમાંજ બોલ્યો કે, 'ના પોષાક ઉપરથી નહિ પણ કેટલીક રીતભાત ને આચારવિચાર ઉપરથી. તમે આણી તરફની હિંદવાણીઓ જેવો ઘણીવાર પોષાક

પહેરે છે પણ બોલીચાલી ને બીજી કેટલીક રીતભાત અમને એ લોકના જેવી લાગે છે.'

'રીતભાત તો જેવા લોકમાં રહીએ તેવી થાય. મને જ્યારથી સમજ પડી કે, હું હિંદુ જાતની છું ત્યારથી હિંદુની રીતે રહું છું. અને જો હું જાણું કે તમારામાંની છું–ગુજરાતની છું તો ગુજરાત જેવી થાઈ જાઉં, એમાં શું ?'

'ના અમારા લોકમાં–હિંદુમાં તો થયું થવાય નહિ. જે જાતમાં જન્મ્યાં તેજ જાત રહે. એમાંથી પણ જો માણસ વટલાયું તો ફરીને અમારામાં આવીજ શકે નહિ. હુઆ સો હુઆ.' જગન્નાથ મહારાજે હિંદુપણાનું સ્વરૂપ બતાવ્યું.

'શિવાજી મહારાજ થઇ ગયા તે જાણો છો મહારાજ ? એમણે મુસલમાન થયેલા હિંદુઓને પાછા હિંદુ કર્યા હતા. આગળ તો પરદેશીઓ પણ હિંદુસ્તાનમાં આવી હિંદુ થઇ ગયેલા છે. આપણા રજપૂતો બધા પરદેશીઓ ને પરધર્મી લોક છે. પરદેશી યવનો હિંદુસ્તાનમાં રહેતાં વૈષ્ણવ થયેલા અને તેમણે વિષ્ણુ અને બીજા હિંદુ દેવોને માનવા માંડેલા. અત્યારે પણ આર્યસમાજીઓ વટલી ગયેલા હિંદુઓને પાછા હિંદુ કરે છે, તો હું હિંદુ છું અને હિંદુ ના થઈ શકું, એમ કેમ બને ? મને હિંદુપણું કુદરતી રીતેજ ગમે છે અને હું હિંદુજ છું, ને હિંદુ રહીશ.'

જોઇતારામ જે તેની સામું જોઇ રહ્યો હતો તે બોલ્યો કે 'મહારાજ તો અમસ્તો. તમારૂં અંતર ચોખ્ખું હોય અને ભૂલેચૂકે કે અણસમજુપણામાં કંઈ થઈ ગયું હોય, તો અમારામાં પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત કરે તે હિંદુ થાય. જગન્નાથ મહારાજ તો અમસ્તા તંત તાણે છે. હિંદુઓમાં ઘણાય ગોટાળા ચાલે છે. લાગવગવાળો ને પૈસાદાર હોય તો કોઈ પૂછતું નથી. વારૂ પણ તમે વ્રત લીધું હોય, એ હું માનું નહિ.'

'ખરેખર જોઈતારામ, મેં બાણુઓની બૈરીઓની સોબત થયા

પછી વ્રત લીધું છે અને હું કોઈના હાથનું બનાવેલું હમણાં ખાતી નથી. વનસ્પતિ આહાર કરૂં છું.'

'ત્યારે તો તમારૂં કલ્યાણ થશે.' જોઈતારામે પુરા ભાવથી અને લાગણીથી જણાવ્યું.

'કલ્યાણ તો ઠીકજ છે, પણ તમારી એવી ભાવના છે, તે સાંભળીને મને બહુ સારૂં લાગે છે.'

'સારૂ માણસ હોય તેને સારૂંજ સૂઝે. આર્યસમાજી જન્મને માનતા નથી, પણ જન્મની અસર માણસમાં હોય છે. સારા માબાપનું છોકરૂં કદી કસાઇને ત્યાં ઉછર્યું હોય, તોપણ કસાઈ જેટલું ક્રૂર ન નીવડે! અને તેના ખોળિયાનું સ્વરૂપ વખતો વખત જણાઇ આવે. માણસમાં શું, ઝાડ પાનમાં એમ છેને? શેલડી ને કરિયાતું એકજ ક્યારે વાવેલાં હોય તોપણ શેલડી મધુર અને કરિયાતું કડવું થાય. જન્મની વાત તો ખરીજ છે. જન્મે માણસ સારી જાતનું હોય, તો તે સારી જાતનું નીવડે અને સારૂંજ થાય. તમે હિંદુની રીતભાતે ચાલશો ને હિંદુના આચારવિચાર તેમજ ધર્મ પાળશો, તો કલ્યાણ નહિ તો સારૂં તો થશે થશે ને થશેજ. પણ બોલો જમવાનું શું કરવા ધારો છો?'

'મારે અત્યારે જમવું નથી. બાણુને ઘેર જાઉં છું ત્યારે ને બીજાં હિંદુ કુટુંબોને મળી હોઉં ત્યારે મને મારે માટે ઓછું આવી જાય છે, અને આજે તેમ થયું છે તેથી જમીશ નહિ. ઘણી વાર મારે આમ થાય છે. આ વાત તમે સાહેબને કહેતા નહિ.' આમ કહી મનમાં ઓછું આવવાથી તે ઉઠી અને બોલી કે, 'ચાલો જાઉં, મારે કેટલુંક વાંચવાનું છે.' આમ કહી તરત ચાલી ગઇ.

જોઇતારામ કેટલીક વાર લગી તેની તરફ જોઈ રહ્યા પછી બોલ્યો કે 'જોયું જગન્નાથ! આને બિચારીને આવી વાતોથી ઓછું આવે છે. ખરેખર જાતે હિંદુ છે અને એનો જીવ અંદરથી દુખાય છે. છોડી માણસ જેનું કોઇ શરીગત નહિ તે શું કરે બચારી!'

'એને મનમાં લાગે છે અને એની રીતભાતથી મને પણ લાગે

છે કે, એનું ખોળિયું અને અંદરનો આત્મા હિંદુ છે. કોઇ કારણે ખ્રિસ્તીઓ ભેગો પડયો અને ઉછર્યો તેથી શું? આપણા દેશી પોષાકમાં હોય છે ત્યારે એનો હિંદવાણી જેવો લટકો નથી જણાઈ આવતો?'

'તે તો ભાઇ તમે જાણો. મને તો દયા આવે છે ને અચંબો લાગે છે કે, આ શું હશે? ગોરી મડમ જેવી છે ને આંખો કાળી છે. મડમનો પોષાક પહેરે છે ત્યારે તો નરી મડમ જેવીજ લાગે છે. ખરા માણસને માટે તો આપણામાં કહેવાય છે કે, જેવા ઘરમાં પડે તેવું થાય. બાબુ લોકમાં ફરે છે તો બંગાળણ જેવી લાગે છે, મારાથી કેમ ના કહેવાય? એક દહાડો કાળી કોરનું ધોળું ધોતિયું—સાડી પહેરીને આવતી હતી ત્યારે તો નરી અપચ્છરા જેવી લાગતી હતી. મેં તો ઓળખીએ નહિ.'"

'એમ ત્યારે!' મહારાજે ઉકમાઇથી પોતાના અભિપ્રાયને મળતા ઉદ્ગારો સાંભળી ઉત્સાહથી કહ્યું કે 'બૈરૂં તો લિંબુના પાણી જેવું. જેમાં નાખીએ તેમાં સમાઈ જાય—હળીમળીને ભળી જાય. ભણી છે સારૂં એટલે બોલી મોઢે ચઢાવી દેતાંએ વાર લાગતી નથી. જોઇતારામ! માનો ન માનો પણ ઉંચી જાતનું ને ઉંચા કુળનાં માબાપનું ફરજંદ છે, એમાં તો જરાય શક નથી.' જગન્નાથ મહારાજ આમ કહીને ઉઠયો અને ઘડિયાળમાં દસ વાગ્યા એટલે જોઇતારામ પણ 'ચાલ રામ, હું એ મારા કામથી પરવારી જાઉં.' એમ કહી રસોડામાં જઈ કામે લાગ્યો.

પ્રકરણ ૧૩ મું.

ત્રણ ચાર ગામ વચ્ચેના એક વિશાળ ખેતરાઉ ટપ્પાની અંદર મહુડાનાં ઝાડોથી ભરપુર ભાગમાં ત્રણ ચાર નાના મોટા તંબુઓ નંખાયેલા હતા. આસપાસ ઘોડાઓ, ગાડીઓ, હાથીઓ, બળદો અને વાહનો, આમતેમ ઝાડની છાયામાં ઉભેલાં હતાં. કારકુનો મહેતાઓ, અને

ખેડુતો એક મોટા ઓફિસ તંબુમાં આવજા કરી રહેલા હતા. લાલ ડગલાઓ અને પટાઓ ઘાલીને સિપાઇઓ તંબુની બહાર ઉભેલા લોકોને ધાંધલ કે ગડબડ કરતાં અટકાવી રહ્યા હતા અને વખતોવખત જમીનદારો, તેમના મુખતિયારો, વકીલો અને બારિસ્ટરો પણ, કોઈ કામને માટે અંદર અને કોઇ કામ પતાવી બહાર જતા જણાતા હતા. આવા મનુષ્યાદિકના સંચારથી જાણે એકાદ શહેરનો ભાગજ લાવીને જંગલમાં મૂકી દીધો હોય તેવો વ્યવસાય ચાલી રહેલો હતો તે વખતે, એક ગામડી ગાડીમાં બેસીને આવેલી કુમારિકા ઉપરોક્ત ઓફિસના તંબુ તરફ ધ્યાન આપ્યા વગર થોડેક દૂર બીજા બે તંબુઓ હતા તેમાંના એક, સહેજ મોટા તંબુ આગળ જઈ ગાડીમાંથી નીચે ઉતરી પડી. જેવી તે નીચે ઉતરી કે તરત, તંબુ ઉપરના જમાદારે ઉભા થઇ સલામ કરી અને તે, તંબુના બારણામાંનો ચક ઉંચો કરી ચટ અંદર ગઈ.

આ તંબુમાંની ગોઠવણ એક ગૃહસ્થના ડ્રોઈંગરૂમ જેવી સુંદર હતી. એક રંગિત પડદાથી તેના બે ભાગ પાડવામાં આવેલા હતા. એક ભાગમાં સોફા, આરામખુરસીઓ, ઓફિસખુરસીઓ, ટેબલો, પેટીઓ અને ચોપડા ચોપડીઓ વગેરે મૂકવાનાં બુકસેલ્વઝ વગેરે હતું, જ્યારે બીજો ખંડ, સુવાના ઓરડા જેવો હોઇ તેમાં પલંગ સોફા, આરામખુરસીઓ, ડ્રેસિંગટેબલ, પાણીના કુંજાની ઘોડી અને બીજો ફરનિચર ટેસ્ટબંધ ગોઠવેલો હતો. પેલી કુમારિકા અંદર આવી બધું જોઇ જેણી તરફ કોઈ માણસ વગેરે ન હતાં તેણી તરફના ભાગમાં ગઈ. સામેથી આંબાઓની શાખાઓ સાથે ઝુલાઇ-વિંઝાઇને આવતા પવનથી ખુશ થઈ, કંઇક લીલાં અને કંઈક ખુલ્લાં ખેતરો ઉપર સપાટ લંબાણુ લગી જતી નજરે કુદરતની શોભા જોઇ બે ઘડી ત્યાંજ ઉભી રહી. ઝાડોના ગચુંબલાની પેલી તરફ ખેતરોની પાર, એક નાની નદી વહી રહી હતી અને તે તરફ ઉતરતાં સારસો અને બીજાં જળ પંખીઓની હારોથી ક્ષિતિજની કિનારી વારંવાર અંકાતાં જોનારની આંખને સૌંદર્ય અને મનને પ્રમોદથી પરિપ્લુત કરતી હતી. આવો સુંદર કુદરતી દેખાવ જોઈ તે મનમાં ને મનમાંજ બોલી કે ' અહો ! ઇશ્વરની

લીલા તેજ ખરી લીલા છે! અને તેજ ઇંગ્રેજ કવિઓ કહે છે તેમ, માણસના મનની બધી ચિંતાઓ અને પરિશ્રમને ટાળી નાંખે છે. મનુષ્યો ગમે તેવા બાગબગીચા બનાવે પણ તે કૃત્રિમ! ઇશ્વરકૃત બગીચાને તે કદીએ પહોચે નહિ.! મજેના કુદરતી દેખાવ ઉપર ફિદા થઈ તે આમ બોલે છે એટલામાં જમાદારે અંદર આવી કહ્યું કે, 'બાઇ, આપ અહિં નચિંત થઇ ફરાગતથી બેસજો. સાહેબને આપનો પત્ર પહોંચ્યો છે અને તેમણે અમોને, આપને જેમ ગોઠે તેમ અહિંયાં રહેવા દેવા અને જે કંઇ કામકાજ હોય તે બતાવવાનો હુકમ કરેલો છે. આપનો કંઈ હુકમ છે? પાણી, ચાહ, સોડા વગેરે આપને કંઈ જોઇએ છીએ? સાહેબને ઘણું કામ છે એટલે અહિં આવતાં હજુ ત્રણેક કલાક લાગશે.'

'મને કંઇ જોઇતું કરતું નથી અને હું અહિં પૂર્ણ આરામથી બેઠી છું. જ્યારે કંઇ કામ હશે ત્યારે બોલાવીશ.' જમાદાર પાછો ફર્યો તેની સાથે તે પણ કોરીડોરમાંથી—માડવી જેવા છજામાંથી અંદરના હોલમાં આવી, અને ઉતારવા જેવાં વસ્ત્ર ઉતારી પલંગવાળા ઓરડામાં એક સોફા ઉપર જઇ પડી.

આ કુમારિકા કોણ? તે વાચકને ઓળખાવવાની જરૂર નથી. પરંતુ તેના કલકત્તે પરીક્ષા આપવા ગયા પછીના વૃત્તાંતને ઉકેલવાની જરૂર છે. જેને આપણે વીરેન્દ્રરાવને આશ્રયે આવી રહેલી મેરીને નામે ઓળખીએ છીએ, તેજ આ કુમારિકા. દોઢ બે મહિને તે આજ આપણા કથાનકની રંગભૂમિ ઉપર આવી છે. તે પરીક્ષા આપવાને કલકત્તે ગઇ, વીરેન્દ્રરાવે ભલામણ પત્ર આપેલા એક બ્રાહ્મણ બાબુને ઘેર ઉતરી અને પાસ થયા પછી એક અઠવાડિયા લગી ને ગૃહસ્થને ત્યાં રહી પાછી આવી. આવીને કેદારબાબુને ત્યાં રહી અને બંગલેથી બધું મંગાવી લીધું કારણ, બંગલામાંની ગમ્મત હાલ જતી રહી હતી. વીરેન્દ્રરાવનો મહારાજ તેની બૈરી માંદી થવાથી ન ચાલે દેશ ગયો હતો. પટેલ એકલો હતો. વીરેન્દ્રના ખાનગી કામમાં ને તહેનાતમાં તે પોતાના ઘરના માણસ તરીકે રહેલો હોઇ બંગલે જઇ રહેવાનું કંઇ ખાસ

કારણુ ન હતું. અભ્યાસ પુરો થયો, ઍનટ્રેન્સ પરીક્ષા પાસ કરવી એ હેતુ પાર પડયો એટલે બંગલે જઇ પડી રહેવાનું જરાએ કારણુ રહ્યું ન હતું તેથી બાબુને ત્યાં ઉતારો લીધો હતો. આ ઉતારો પણુ થોડા વખતને માટે હતો, કારણુ કે જિંદગીને વ્યવસ્થિત કરી નાંખવા તરફ ઘણો વખત થયાં તેનું મન લાગી રહ્યું હતું. પરીક્ષા પસાર કરવાનીજ માત્ર ખોટી હતી. કલકત્તા ખાતે તે હતી ત્યારેજ પરીક્ષાનો પરિણામ જણાયો, તેને ફતેહ મળી, અને તે માટે વીરેન્દ્રને તાર કરી પાછળથી પત્ર વ્યવહાર ઉઘાડયો હતો. પોતાના મનમાં મોઢે કહેવાય નહિ એવી જે અભિલાષાઓ અને આશાઓ હતી તે તેમાં બને તેટલા વિવેક અને મર્યાદાસર જણાવી હતી. વીરેન્દ્રે તેના પત્રોના જવાબ આપ્યા હતા પરંતુ તેમાં તેની અભિલાષાઓ અને આશાઓને જાણે પોતે વાંચી કે જાણીજ ન હોય, તેમ ઉડાવી દઇ સારા વિવેકના અને પોતે ખુશી થયાના ઉદ્દગારો કાઢયા હતા. મેરી આથી બાબુને ત્યાં આવીને ઉતરી ને સરસામાન વગેરે સૌ માણસ પાસે મંગાવી લીધું, દરમિયાન વીરેન્દ્ર સવારીમાં ફરવા માટે પરગણામાં નીકળી પડેલો હતો. બંગલા ઉપર જાદવતારામ પટેલ રહેલો હતો તેમ છતાં તેણે તેના આવ્યાની કે સરસામાન મગાવી લીધો તેની, કંઇ દરકાર કરી નહિ. મળવાની પણુ તેણે તસ્દી લીધી નહિ. પટેલિયો બડો દેશાભિમાની અને ધર્માભિમાની હતો અને મેરીને લાગે તેના કરતાં–તે નહિ આવ્યાથી તેને વધારે ખોટું લાગ્યું હતું. કેદારબાબુને ત્યાં આવી સરસામાન મગાવી લીધા પછી તેણે વીરેન્દ્રને એક પત્ર લખી તે હકીકત જણાવવા ઉપરાંત પોતાનો તેને મળવાનો વિચાર હોવાનું જણાવ્યું હતું. એક સાદા કાર્ડમાં તેને મળવા આવવું હોય તો તેમ કરવાની ચાર શબ્દોમાં તેણે રજા આપી હતી, અને એ કાર્ડ મળ્યા પછી સ્ત્રીઓમાં રહેલા સાહસના ઉત્કટ ગુણથી ઉશ્કેરાઇ તે અહિં આવી હતી.

પત્રોના બરાબર જવાબ નહિ મળવાથી–અરે જાણે પોતાને કંઇ પુછાયેલુંજ ન હોય તેવા સાદાજ ઉત્તર અપાયેલા હોવાથી તે નિરાશ થઇ હતી, તોપણુ અહિં આવતાં પોતાની ખાતર માટે વીરેન્દ્રે જમાદારને

આપેલા હુકમો સાંભળી ખુશ થઈ અને તેના ડમાયલા મનમાં કંઇક સારી આશાના અંકુર ફૂટયા. વયમાં આવતી કન્યા અને વૈભવની પૂજારી સ્ત્રીઓ જરાકમાં પણ પોતાને અહોભાગ્ય માની આનંદના પૂરમાં તણાય છે, તેમ મેરીને પણ થયું. સોફામાં પડતાં અને આમતેમ જોતાં તેનું મન વૈભવી તરંગોને ઘોડે ચઢી ગયું. તે મનમાંજ બોલી કે, 'આ વૈભવની, આ સત્તાના અધિકારની અધિષ્ઠાત્રી થવાય, તો બધાંએ દુઃખ વિસરી જવાય. પણ અરેરે ! હું કયાં જન્મી હોઈશ ? કોની કેવાં માબાપની પુત્રી હોઇશ ? તેઓએ કેમ મારો ત્યાગ કર્યો હશે ? અને કયાં હું ઉછરી, કયાં મારા મનનું વલણ અને કેવા અણગમતા સંજોગોમાં આટલાં વર્ષ ગયાં. આ બધું અંધારૂંને ? આટલાં વર્ષ તો અણસમજુ-પણામાં બાળક અવસ્થામાં અને કંઇ પણ લાગણી કે ભય વગરની હાલતમાં ગયાં, પણ હવે તો સામે બિયાબાન તારૂણ્ય વન આવી રહેલું છે તેમાં ડગલે ને ડગલે ભયસ્થાન છે. પ્રથમાવસ્થાનો એકકે આશ્રય કામ લાગે તેમ નથી. સામેનું ભયંકર જંગલ આવી એકલવાઇ, અસહાય અને સ્ત્રીજાતિની જિંદગીમાં શી રીતે પસાર કરવું ? તે કંઈ સમજાતું નથી. અહિં મારૂં મન બેઠું છે પણ એ સ્વીકારેતોને ?' તે આમ બોલી વળી કેટલીક વાર મૌન રહી અને ટગર ટગર અરિસા સામે જોયા કર્યું. 'હું કોણ ? કોની પુત્રી ? અને હવે મારૂં શરણ કોણ ? હું કોનો હાથ પકડી આ ભવસાગર તરૂં ? નિરાધાર નિરાધાર ! અબળા, કોઇએ સહાય નહિ એવી અબળા ! ને વળી નિરાધાર ! આ નાવિકને હાથે નાવ ચાલે તો ચલાવવું નહિ તો ખેર બૂડી જાય ! લખનારાઓ ભલે ગમે તેમ લખે, ભલે પુરૂષના જેવા વ્યવસાય લઇ સંસાર તરવાનો કન્યાઓને ઉપદેશ આપે અને ભલે સ્વતંત્ર જીવન ગાળવાનો બોધ કરે, પણ મને તો સ્ત્રીને કિંવા પુરૂષને માટે સંસાર તરવાને સાથીની જરૂર જણાય છે.

સમાજની ઉત્પત્તિ ભલે સમાજશાસ્ત્રીઓ 'શ્રમવિભાગ'માં બતાવે, પણ હું તો કહું છું કે, પ્રેમ સમાજનું મૂળ છે અને સમાજનું પોષક અને સંવર્ધક તત્ત્વ પણ પ્રેમજ છે. ભલે શ્રમવિભાગની રીતે પણ સમાજ

આમ સાર્થ કહેવાય કે, મનુષ્યના જીવનના નિભાવ માટે જે કંઇ જોઇએ, તે સ્ત્રીએ અને પુરૂષે, બન્નેએ મળીને પ્રાપ્ત કરવાનું છે. તેમના બેઉના શ્રમવિભાગ જુદા છે. પુરૂષ રળી લાવે અને સ્ત્રી વ્યવસ્થા કરે. આ પણ શ્રમવિભાગનોજ એક ભેદ છે, પણ સમાજ તો પ્રથમ પ્રેમમાંથીજ ઉત્પન્ન થાય છે. પ્રેમ સ્ત્રી પુરૂષને જોડી એકનાં બે, બેનાં ત્રણ અને એમ સંતાનોદ્વારા નાનો સમાજ ઉભો કરે છે. પછી તેમના નિભાવ વગેરેને માટે સહાયની જરૂર પડે છે ને સમાજ મોટો થાય છે. પ્લેટો કુટુંબને ઉડાડી મૂકે છે પણ એરિસ્ટોટલ પાછો તેને ખાસ અગત્ય આપે છે અને હુંએ એ મતની છું. પ્રેમમાંથી કુટુંબ અને કુટુંબમાંથી સમાજ, એમ તેનું બંધારણ હોવુંજ જોઇએ. બધી જરૂરિયાતો પુરી પડતી હોય તોપણ, એકલવાયું જીવન તો ચાલી શકેજ નહિ. જરૂરિયાતોને માટે મનુષ્યો સમાજમાં રહેતાં હોય, તો હું કહું કે, પશુ વગેરે પ્રાણીઓને એવી શી જરૂરિયાતો છે? કે, તેમને યૂથમાં જોડાઈ પોતાની સ્વતંત્રતાને ગુમાવવી પડે? નહિ, જરૂરિયાતો માટે નહિ, પણ પ્રેમનો રસ ઝીલવા માટેજ સમાજ છે, અને જેમ આત્મા કલેવર વગર એકલો રહી શકતો નથી તેમ પ્રાણીઓનાં જીવન સમાજ વગરે કંઈ ભોગવી શકતાં નથી, એટલે સમાજ વગર નહિ જેવાંજ થઈ પડે, માટે પ્રેમનું પિંજર જીવનનો મિત્ર, પ્રાણી માત્રને જોઇએજ. એકલું જીવન કદી પણ નીભી શકે નહિ.'

નિર્દોષ બિચારી કુમારિકા પોતે વાંચેલા થોડાક સમાજશાસ્ત્રના સિદ્ધાંતો ઉપર આમ વિચાર કરતાં કરતાં, પ્રેમને સમાજના આદિ કારણ રૂપ ગણતાં ગણતાં તેમાં વધારે ને વધારે ઉંડી ઉતરતી ગઈ અને પ્રેમ પ્રેમ ને પ્રેમમયજ આ જગતની જાળ છે, એવો નિશ્ચય કરવા લાગી. જુવાની પ્રેમને પોષવા લાગી અને પ્રેમ તેના હૃદયને ખીલવતો ગયો. અલબત, પ્રેમજ આ જગતને સાંકળનાર છે, તેજ એક એવી ચીજ છે કે, જે પ્રાણી માત્રમાં ઐક્ય ઉપજાવે છે. પ્રેમ ન હોય તો આ જગતના બધા અવયવ છુટા પડી જાય અને તેમાં કંઈ સ્વારસ્ય રહે નહિ. પ્રેમ—માયાજ જગતની ઉત્પત્તિનું કારણ છે તો પછી માયા વગર કેમ

ચાલે? માયા–પ્રેમ સમાજનું પણ આદિ કારણ ગણાય એમાં પણ શો શક? પ્રાણ પ્રાણીઓને વહાલામાં વહાલી વસ્તુ ગણાય છે તેની પણ પ્રાણીઓ પ્રેમને માટે આહુતિઓ આપે છે તો પછી, પ્રેમ આગળ પ્રાણની શી ગણના? પતંગિયાં પ્રેમથી અગ્નિમાં ઝંપલાવે છે, ભમરો પ્રેમથી કમળમાં બંધાઈ જાય છે અને પ્રેમની જોડીમાં બંધાયેલાં સારસ પ્રેમીથી વિખુટાં પડતાં માથાં પટકીને મરી જાય છે, તો પછી વિચારવાળું માણસ પ્રેમથી ગદ્ગદ્ થઈ જાય, પ્રેમને માટે પ્રાણ આપવાને તત્પર થાય, અને પ્રેમને માટે સાહસ કરે, એમાં શી નવાઇ! સમાજના મૂળરૂપ પ્રેમને ગણુતી મેરી પ્રેમને વશ થઇ. પછી કેવી રીતે પોતાના પ્રેમને સાર્થ કરવો તેની ચિંતા કરવા લાગી. તે મૌન થઈ સોફામાં કેટલીક વાર જડની પેરે પડી રહી. થોડીવારે વિચારમાં તેની આંખ મિચાઈ ગઈ અને પ્રવાસના પરિશ્રમથી થાકેલો જીવ આરામ શોધતો નિદ્રાદેવીને વશ થયો.

તે નિદ્રામાં પડયાને કેટલોક વખત થયા પછી કામ વહેલું પતી જવાને લીધે વીરેન્દ્રરાવ પોતાને તંબુએ આવ્યો. પહેરેગીર જમાદારે તેને સલામ કરી, મેરી આવ્યાની ખબર આપી, પણ દફતરનો કોથળો લઈ સાથે આવેલા સિપાઇને લીધે તેને કંઈ પણ પૂછવા નહિ અટકતાં, તે તંબુમાં દાખલ થયો અને ઓફિસ ટેબલ આગળ દફતરનો કોથળો મુકાવી સિપાઇને રજા આપી સુવાના ખંડ તરફ ગયો. મેરી આ વખતે લસલસાટ ઉંઘતી હતી. તેની સામું જોઇ પાછો ફર્યો, પરંતુ તેની મનોહર રમણીયતાએ મોહિની લગાડી. તે બહાર નીકળી પોતાના ટેબલ ઉપર બેઠો. ટોપી ઉતારી ખુરસી ઉપર મૂકી અને 'કામ હાથમાં લેઉં' એમ વિચાર કરી દફતરના કોથળા સામું જોયું, પણ ચિત્ત ચોંટયું નહિ. કેટલીક વાર લગી એમ ને એમ મૌન બેસી રહ્યો. કામ હાથમાં નહિ લેવાથી ખાલી પડેલું મન હૃદયાકાશમાં જ્યાં ને ત્યાં ઉડી રહેલી પેલી મોહનમંત્રની મૂર્તિ પાછળ ઉડવા માંડયું અને જેમ જેમ વખત જતો ગયો, તેમ તેમ મોહ મોટો ને મોટો તથા ઉન્માદક થતો ગયો. થોડીવાર મૌન રહી મોહમાં ને મોહમાં તે મનમાંજ બોલ્યો કે 'શા

માટે હું આને ના પરણું ? લોકોએ તો હું પરણું કે ન પરણું, તોપણ જે વાતો ઉડાવવી હતી તે ઉડાડી, જે ફજેતી કરવી હતી તે કરી, અને ઘરનાં વડીલો પણ વહેમાયાં. મને યોગ્ય અર્ધાંગ શા માટે મારે પસંદ ન કરી લેવું ? તે હું સમજી શકતો નથી. શું વડીલો અને સ્નેહીઓ આવા સંબંધથી મને તજી દેશે ? મને મોટો કર્યો, ભણાવ્યો, મારા કલ્યાણને માટે, મારા આરોગ્યને માટે અને મારા સુખને માટે, જેઓ રાત્રિ દિવસ કાળજી રાખે છે તેઓ હું મારૂં સુખ શોધી લેઉ એટલામાં શું મને તરછોડી પોતાનો બધો ભાવ ઉતારી નાખશે ? ના, ના. મોટાભાઇ અને મોટાંબા ગુસ્સે થશે ખરાં પણ ત્યાગ તો કરી શકશેજ નહિ. ત્યારે શું નવીભાભી જે મને જોઇને ગાંડાં ને ઘેલાં થઇ જાય છે તે મને વહાલથી બોલાવતાં અને દિયરજી દિયરજી કરતાં અટકી પડશે ? મારી હેતાળ બહેન, હું તેની ભાભી આણીશ તેથી મારી પરનું બધું વહાલ તજી દેશે ? ના, ના, એવું બનેજ નહિ. આપણે પરનાતજાતના મિત્ર સાથે જેવું વહાલ ને સહવાસ રાખીએ છીએ તેવાં વહાલ ને સહવાસમાંથી પણ તેઓ મને અળગો કરશે ? અને શા માટે ? નાતની બૈરી કરૂં તેથી એમને શો લાભ ? અને આનાથી એમને શો ગેરલાભ ? નાતની બૈરી એમને બોલાવે, પાળે પોષે અને સાંસારિક લહાવા લેવડાવે તે માટે. એવા લહાવા શું આ નહિ લેવડાવે ?' સાંસારિક લહાવાની વાત મનમાં આવતાં તે એકદમ જરા ખમચાયો પણ વિચારવા લાગ્યો કે, 'અલબત, તેમને જે સાંસારિક લહાવાની મજા જોઇએ, તે આનાથી–કદાપિ ન મળે ! એક નાતજાતમાં જે રીતરિવાજ, પહેરવેશ, બોલીચાલી અને બીજાં સર્વ વર્તનો એક સરખાં હોય છે, તે નહિ હોવાને લીધે, આ એમનાથી અને એ આનાથી એકતાર થાય નહિ. જન્મીને આંખ ઉઘાડતાંવાંત જે પોષાક નજરે પડેલો હોય જેવા રીતરિવાજવાળી માતાના ખોળામાં ઉછરતાં જે રીત રિવાજની મન ઉપર નાનપણથી છાપ પડેલી હોય અને જે ભાષા અને ચર્યાઓ ઘુંટણીએ હિંડતાં હિંડતાં ખુંદીને શિખાયેલી હોય તેમાંજ માણસને અચળ પ્રેમ બાઝયો રહે, બીજામાં નહિ. મોહને વશ થઈ પોતાના ઉછેરથી જુદી જાતના

ચારિત્ર્ય–વાતાવરણવાળા માણસની સાથે જીવનને જોડયા પછી મોહ ઉતરી જતાં, એ જીવન પેલા વિપરીત ચારિત્ર્યમાં રમે–આનંદ લે નહિ. સંસારના લહાવા ન લેવાતાં તે શું ખોટું થઇ જાય ? જેવા ચારિત્ર્યવાળા–વાતાવરણમાં માણસ ઉછર્યું હોય તેવા ચારિત્ર્યવાળા વાતાવરણમાંજ તેનું જીવન સુખ રૂપે રહે બીજામાં રહે નહિ ? આ મોટો પ્રત્યવાય ખરો, વડીલોને માટે, સ્નેહીઓને માટે અને નાતને માટે આ પ્રત્યવાય ખરો. આ આડખીલી જબરી અને મોહમાં તેની અવગણના કરીએ તો જીવનભર પસ્તાવું પડે એ પણ ખરૂં ! ત્યારે શું કરવું ? વડીલો નાતમાં જે શોધી કાઢે તેને ગમતે કે ન ગમતે મને પરણવું અને સંસારનું ગાડું ગબડાવવું. બકુલા જેવાં માણસની સાથે જીવન જોડી રાત્રિ દિવસ માંદાની માવજત કર્યા કરવી ? ના, ના, એવા સંસાર કરતાં તો સંસાર ન કરવો તે બહેતર ! એમાં તો પછી લહાવો પણ શો લેવાય ને જીવનનો રસ શું ઝીલાય ? એ તો ગળે તોક નાંખવા જેવું થાય ! વારૂ, પણ આ કોણ હશે ? શું હિંદવાણી નહિ હોય ? ના, છે તો હિંદુ માબાપનું ફરજંદ. તેને ઓળખનારાં એમ કહે છે અને એનામાં જે સ્વાભાવિક ગુણાંશ છે તે પણ હિંદુ જેવાજ છે. જોને હિંદુ પોષાકમાં તે અત્રે આવેલી છે. જો કે ગુજરાતણના જેવો રંગ બેરંગી અને તેવી ઢબના પહેરવેશની જેમ પહેરાયેલો ગુજરાતી પોષાક નથી તોપણ બંગાળી ઢબનો હોઇ કેવો મજેનો ને મોહક લાગે છે !' આમ બોલી જે મુખે મોહિની લગાડી હતી તે મુખ જોવાને તે ફરીને ઉભો થયો અને બહાર જઇ ચા લઇ આવવાની રસોડાવાળા તંબુએ વરધી કહેવરાવી અંતઃપુરવાળા ખંડમાં ગયો.

વીરેન્દ્રે ચા લઇ આવવાની જમાદારને વરધી આપી તે સાંભળી મેરી જાગ્રત થઇ, પણ સ્વાભાવિક શરમથી કંઇ બોલ્યાચાલ્યા વગર જાગતીજ આંખ મીચી જેમ ને તેમ સોફામાં પડી રહી. વીરેન્દ્ર ધીરે પગલે અંદર આવ્યો. પાસે ઉભા રહી તેના મુખ સામે જોયું અને સેવાળથી વિંટાયેલું લાલ કમળ હોય, તેમ વિખરાયેલા કુંતલથી અત્યંત

મોહક લાગતા તેના મુખ સામે જોઇ રહ્યો. પૂર્ણ વયમાં આવેલી, ખીલેલા તમામ અવયવોવાળી અને અત્યંત મનોહર સ્વરૂપવાળી, પોતાને યોગ્ય યુવતી જોઇ તેનું લોહી ગરમ ગરમ થઇ ગયું, એટલુંજ નહિ, પણ લાંબા યુરોપીય ચાલના પરિચયે નીચા નમી તેને ચુંબન કર્યું. મેરીએ ચુંબન થતાંવાંત આંખ ઉઘાડી તેની આંખે આંખ મેળવી અને તરતજ શરમને લીધે પાછી મીચી દીધી. વધારે ઉતેજિત થઈ તથા તેને જાગતી ને બધું જાણતી જોઇ 'આ તમારા પત્રોના જવાબ, આ તમારા બધા પત્રોના પુરેપુરા ને ખુલાસાવાર જવાબ.' એમ કહી વીરેન્દ્રે તેની આંખ ઉપર ચુંબન લીધું અને ગાલ ઉપર ચુંબન કરવા જતાં મેરીએ આંખ મીચેલી રાખવા છતાં, પોતાના બે હાથ ગળે નાંખી વહાલથી તેને અંગ સરસો ચાંપી દીધો. આવા વહાલના સામા ઉમળકાથી જુવાન નાયક બહુજ પરવશ થઇ ગયો, કારણ કે તે બંધનમાંથી છુટવા તેણે જોર કર્યું પરંતુ જોરની સામે વધારે જોર થવાથી છુટાયું નહિ પણ સામું, આખું શરીર તેના પુષ્પના ઢગલા જેવા શરીર ઉપર ઢળી પડયું. તંબુનો ચક ઉપડવાને ગણુસારે પ્રેમના વેલા જેવો નાયિકાનો બાહુબંધ શિથિલ થઇ ગયો અને વીરેન્દ્ર ઉતાવળે ઉઠી બહાર ડ્રોઇંગરૂમમાં જઇ ટેબલ આગળ બેઠો.

હિંદુસ્તાની બ્રાહ્મણે સુંદર પ્યાલા રકાબી તેની સામે મૂકી ચા કાઢી અને જેવો તે બીજો પ્યાલો ટેબલ ઉપર ગોઠવવા જાય છે તેવાજ વીરેન્દ્ર બોલ્યો કે 'ઈધર નહિ, અંદર લે જાઓ.'

બ્રાહ્મણ અંદર ગયો તે પહેલાં તો ધડક ધડક થઇ રહેલા ને આનંદને મોજે ઉછળતા હૃદયે મેરી સોફા ઉપરથી ઉઠી ચહેરો લુછી પલંગ સામેના આરસના ટેબલ આગળ જઈ બેઠી હતી. બ્રાહ્મણ અંદર પેસતાંવાંત તેને જોઇને બમચાયો. પડદાના દેશાચાલનો મારેલો તે શરમથી લેવાઈ જઇ મેરીને ચાનો પ્યાલો આપી તરતજ પાછે પગલે બહાર નીકળી ગયો. વીરેન્દ્ર તો જાણે કંઇજ બન્યું ન હોય તેમ, ચા પી પેપર લઈ તંબુના પેલા ખુલ્લા કોરીડોરમાં જઇ વાંચવા બેઠો અને બ્રાહ્મણ આમ તેમ જોઇ તથા વિચાર કરી બીતો બીતો અંદર જઇ પેલાં પ્યાલો રકાબી લઇ પાધરોજ રસોડાના તંબુ તરફ જતો રહ્યો.

પ્રકરણ ૧૪ મું.

શનિવારનો દિવસ હોવાથી પાસેના ગામના કારકુનો પોતાને ઘેર જવા માટે પાંચ વાગતાંમાં આફ્રિસનું કામ આટોપી તૈયાર થયા. કેદારબાબુ પાસે જઇ કેટલાકે રજા માગી. 'સાહેબને મળ્યા વગર રજા અપાય નહિ' એમ કહી બાબુ ઑફિસતંબુમાંથી ઉઠી સાહેબના તંબુ આગળ આવ્યો. પોતાના ઘરની ગાડી અને માણસ અહિં આવેલાં જોઇ ગાડીવાનને બોલાવી 'કેમ ગાડી લાવ્યો છે?' એવું પૂછ્યું અને સાહેબ રજા આપે તો પોતે પણ ઘેર જવાનું મન કર્યું. તેની પાસે ઉભેલા એક કારકુને વળી ઘેર જવાનું મન કરાવવા ધીરેથી કહ્યું કે, 'સાહેબ, આવતી કાલે રવિવાર અને પરમદિવસે સોમવારે ઇસ્લામીઓની ઇદ હોઈ બે રજાઓ છે.' કેદારબાબુએ કહ્યું કે, 'તમો બધા રજાઓને લીધે ઘેર જવાને તૈયાર થયેલા હો એમ લાગે છે. વારૂ ગેઝીટ જોઈ ખાતરી કરેલી છે કે અમસ્તાજ?'

'ખાતરી કરેલી છે અને તહેસીલદારો તથા મુકદમાવાળાઓને પણ મંગળવારે હાજર રહેવાનું કહેવામાં આવેલું છે. સાહેબની આપ રજા મેળવો એટલે બસ. આ જંગલમાં બે દિવસ અમે અમસ્તાજ પડયા રહીએ તે કરતાં ઘેર જઇ આવીએ. આપ પણ સિધાવો તો સારૂં, આપની ગાડીએ આવેલી છે.'

'ઠીક, જોઇએ. સાહેબ શું કહે છે?' આમ કહી કેદારબાબુ અંદર ગયો અને વીરેન્દ્રરાવ પાસે જઇ સલામ કરીને બોલ્યો કે, 'સાહેબ, ઑફિસ બંધ કરી અને બે દિવસની રજાઓ છે એટલે આપની રજા હોય તો અમે અમારે ઘેર જઇ આવીએ.'

વીરેન્દ્રરાવે બાબુ સામું જોઇ કહ્યું કે, 'કામકાજનો બંદોબસ્ત કરેલો છે? સવારીનાં વાહનો, સિપાઇઓ અને ચોકીઆનો રાખ્યા છે?'

'હા સાહેબ સૌ છે, અને વિશ્વેશબાબુનો હાથી હોદ્દા સાથે આપના વાહનને માટે ત્રણ દિવસ અત્રે રાખવામાં આવેલો છે. હાથી શાંત મિજાજનો અને કેળવેલ ચાલનો છે. આપને પેલા ડુંગર ઉપર

બુદ્ધદેવના વખતનાં જુનાં ખંડેર જોવા જવું હશે તો ત્યાં પણ લઈ જવાશે. આપને ત્યાં જઈ આવવાનો હાલ સારો અવકાશ છે, કારણ કે, પેલા રવિવારે આપણો મુકામ અહિં નહિ હોય. અહિંનું કામ ગુરૂવાર સુધીમાં પુરૂં થઇ જશે.'

'ઠીક, જાઓ.' આમ કહી વીરેન્દ્રરાવ ખુરસીમાંથી ઉભો થયો ને કેદારબાબુ 'વળી કંઈ સાંભરી આવે તો રહી જવું પડે' એવા વિચારે મેરીને 'ચાલ,' એમ કહેવાનું પણ ભૂલી જઈ બહાર નીકળી ગયો. કારકુનો જે તેની રાહ જોઇને બહાર ઉભા હતા તે તો, તેણે 'જાઓ' કહેતાંવાંત પોતપોતાને રસ્તેજ પડી ગયા. 'કેદારબાબુ જાય છે' એવું જાણવામાં આવતાં મેરી ડ્રેસિંગટેબલ આગળ જઇ પોષાક, વાળ અને મોં વગેરે ઠીકઠાક કરી તૈયાર થઇ અને બહાર ગાડીવાને ગાડી તૈયાર કરી બાબુને બોલાવ્યો, તેની સાથેજ પોતે અંતઃપુરવાળા ખંડમાંથી બહાર નીકળી વીરેન્દ્ર સાથે આંખે આંખ નહિ મેળવતાં, તીરછી નીચી નજરે જોઇ વિનયથી બોલી કે, 'હું રજા લઉં છું ત્યારે.'

'કેમ?' વીરેન્દ્રે હસીને તેની સામું જોઇ પૂછયું.

'કેદારબાબુ સાથે ઘેર જવા.' મેરીએ પાણી પાંણી થઇ જતા મધુર લજ્જાળુ શબ્દે ઉત્તર આપ્યો. તંબુનું વાતાવરણ તેના મધુર સ્વરથી રસિક બની રહ્યું અને વીરેન્દ્ર તેનાં અંગપ્રત્યંગ ઉપર મોહી રહેલી આંખ ફેરવતાં ફેરવતાં બોલ્યો કે, 'હવે તમારૂં ઘર કયાં છે? આ તંબુ તમારૂં ઘર નહિ?'

મેરીનું હૃદય આનંદના પૂરથી ભરાઇ ગયું અને શરમથી તે એવી તો દબાઇ ગઇ કે, તેનાથી કશો ઉત્તર અપાયો નહિ, તેમ ઉંચું પણ જેવાયું નહિ. બહાર કેદારબાબુ ગાડીમાં બેઠો પણ ગાડીવાને કહ્યું કે 'તે બાઇને આવવા દો.' એટલે તેનાથી ગાડી હાંકવાનું કહેવાયું નહિ. બહાર ગાડી સ્થિર થઇ રહી અને અંદર મેરી સ્થિર થઇ રહી. આરસપહાણની પુતળી હોય તેમ મજેના ઝીણા બંગાળી કન્યાના ધોળા ને મુલાયમ સાડીના પોષાકમાં સમાઈ જતી હોય, અંગેઅંગમાં સંકોચાઇ જતાં હોય તેમ નીચું જોઇને તે મૌન ઉભી રહી તે

ઉભીજ રહી. બહુવાર તો થઈ નહિ હોય, પરંતુ જોડેલી ગાડીએ બાબુને બહુવાર થતી હોય એમ લાગ્યું. ગાડીમાં બેઠે બેઠે તેણે તંબુના બારણા ઉપરના જમાદારને બોલાવ્યો. કેદારબાબુનો અવાજ સાંભળી ચક ઉપાડી વીરેન્દ્ર બહાર ગયો અને ઇંગ્રેજીમાં તેને કહ્યું કે, 'તમે જાઓ. એ તો હવે અહિંજ રહેશે.'

કેદારબાબુની ગાડી માર્ગે પડી અને વીરેન્દ્રરાવ બે જણ જેટલી રસોઇ કરવાની વરધી મોકલાવી અંદર આવ્યો. તે બહાર ગયો ને અંદર આવ્યો, તોપણ જેમ જડી લીધી હોય તેમ મેરી એકની એક સ્થિતિએ ઉભીજ "રહેલી જણાઇ. પાસે જઇ આંખે આંખ મેળવવા જતાં મેરીએ હસીને આંખ મીચી દીધી. તે તેને ઉપાડી અંતઃપુરવાળા ખંડમાં લઇ ગયો અને સોફા ઉપર મૂકી. ઉપાડી ત્યારે તે તેને ગળે વળગી અને મૂકી ત્યારે હાથ જોડી દઇ સોફામાં બેસી ગઈ. તે હજી પણ આંખ ઉઘાડી નહિ એટલે વીરેન્દ્રરાવ બહાર નીકળી પહેલાં જ્યાં બેઠો હતો ત્યાં જઇ આરામખુરસીમાં આડો થઇ પેપર વાંચવા લાગ્યો.

તે કંઇ બોલી નહિ અને આંખ મીચી દીધી એટલે વીરેન્દ્ર પાછો ફર્યો પણ જેવો તે પાછો ફર્યો તેવીજ તેણે આંખ ઉઘાડી તેની પાછળ જોયું. તે ગયો તે તરફ મોહભરી આનંદી આંખે કેટલીકવાર લગી જોઇ રહી પછી તેણે પોતાના શરીર સામું જોયું અને કંઇ નહિ સમજાય એવા રૂંવે રૂંવે વ્યાપી રહેલો આનંદ અને અમૃતમાં ઝબકોળવાથી નવજીવન પામી પોતાને અહોભાગ્ય માનતાં અંગપ્રત્યંગોને હસી હસીને જોઇ લેઇ, તે ખંડમાં બધે આંખ ફેરવવા લાગી. પોતે જાણે ઇન્દ્રલોકમાં હોય, જાણે કોઇ નવોજ દેવતાઇ અવતાર પામી હોય અને જાણે પોતે હતી તેજ ન હોય, એમ માનતી ને અંતરના આનંદથી ઉભરાતી, પોતે ક્યાં છે ને કોણ છે? તે પણ જાણે ભૂલી ગઇ. આવા લાંબા વિચારે પણ અસંભવિત ગણેલા ને નાસીપાસ થવાના પુરા ભરોંસાએ નાંખેલા પાસા આમ ઓચિંતાજ સવળા પડશે અને કંગાલ, અશરણ, નિરાધાર, અનાથ અવસ્થા એકદમ ફરી જશે, એવું

કદીએ માનેલું નહિ. બે ચાર કલાકમાં થયેલા આવા મોટા ફેરફારે તેને 'શું જોવું, શું બોલવું અને શું કરવું?' તે કશુંએ નહિ સૂઝવા દેતાં ગભરાવી નાંખી. અતિ આનંદે તેને ઘેરી ગાંડી બનાવી દીધી અને ખરેખર તંબુના નાનાસીકડા ભાગમાં આમતેમ ઉઘાડી આંખે બે ત્રણ વાર જોવા છતાં તેને કંઇ સમજાયું કે સુઝયું નહિ. અંગો ઉપરનો કાબુ પણ જાણે જતો રહ્યો હોય તેમ તેને લાગ્યું અને વળી ફરીને તેણે આંખ મીચી દીધી. આંખ મીચી પણ મન ઉત્સાહની ચચળ તેજને આનંદે ચઢી ગયેલુ હોવાથી શાંત થયું નહિ. વિચારોએ ફેરવાયેલી સ્થિતિને વધારે રમણીય અને આનંદી બનાવવા તેને ઉત્તેજી બળ આપવા માંડયું અને પડતા સંધ્યાકાળના અંધારાએ તેની શરમને જાણે પોતામાં ખેંચી લીધી હોય તેમ થતાં, કેટલીકવારે આંખ ઉઘાડી અને શરમને ગળી ગયેલા અંધારાને જોઇ, સોફામાંથી જોરથી ઉભી થઇ ડ્રોઇંગરૂમમાં ગઇ.

ડ્રોઈંગરૂમમાં આવતાં અને ઑફિસનો સાજ પડેલો જોતાંજ તે પેલી બધી વાત વિસરી ગઈ. મને પોતાને અહોભાગ્ય મનાવવા ધારણ કરેલા અભિમાને તેને હવે ઘરધણિયાણીની ફરજ તરફ પ્રેરી. વીરેન્દ્રના ટેબલ ઉપરના ઘંટનું બટન દાબી જમાદારને અંદર બોલાવ્યો અને તે આવ્યો એટલે સ્વાભાવિક રૂવાબે તેને બત્તી કરાવવાનો હુકમ આપ્યો. જમાદારે બહાર જઇ બે હમાલોને અંદર મોકલ્યા. તેમની સાથે રહી તેણે દરેક ખંડમાં દીવા કરાવરાવ્યા અને જે સરસામાન આમતેમ પડેલો હતો તે બરોબર કરાવરાવ્યો તથા પોતેજ વીરેન્દ્રરાવના ટેબલ પરના કાગળો, પેનસીલો, હોલડરો અને ખડિયા વગેરે જેમ જોઈએ તેમ ગોઠવી દીધું. અંતઃપુરના ખંડમાંના કુજાઓમાં નવું તાજું પાણી ભરાવરાવ્યું; ડ્રેસિંગટેબલ આગળના ટુવાલો બદલાવી નાંખ્યા અને એક ઘરધણિયાણી જેવી ગોઠવણ અને સુવ્યવસ્થા કરે તેવી બધી ટેસ્ટબંધ વ્યવસ્થા કરી મીણબત્તી સળગાવરાવી. પોતે મીણબત્તી લીધી ને હમાલ પાસે ત્રિપાઈ લેવરાવી, વીરેન્દ્રરાવ સુતે સુતે અંધારૂં થવા છતાં આંખ ખેંચીને જ્યાં વાંચતો હતો ત્યાં જઈ પેપર ઉપર અજવાળું

પડે તેમ બત્તી મુકાવરાવી.

તેણે બત્તી મુકાવી તે વીરેન્દ્રરાવે જાણ્યું પણ તે તરફ ધ્યાન આપ્યું નહિ અને મેરી પણ કંઇ બોલી ચાલી નહિ. બત્તી મુકાવી તરત તે પાછી ફરી, હમાલ પાસે ફાનસ લેવરાવી રસોડાવાળે તંબુએ ગઈ અને વીરેન્દ્રરાવ સવારીમાં જે પ્રમાણે જમવાની ગોઠવણ કરતો હતો તેમ રસોઇઆને પૂછી પૂછીને પોતાની દેખરેખ નીચે બધી ગોઠવણ કરાવરાવી. હમાલ અને રસોઇઓ તેની કામ બતાવવાની અને કામ લેવાની ખૂબીથી ખુશ થઇ ગયા એટલુંજ નહિ, પણ આવી ચતુરાઇ માટે મનમાં ને મનમાં તેને ધન્યવાદ આપવા લાગ્યા. હમેશના રિવાજ પ્રમાણે જમવા બેસવાની બધી ગોઠવણ થઇ રહેતાં રસોઇઆએ પૂછ્યું કે 'કેટલા વાગ્યા?' રસોડામાંની ઘડિયાળ જોઈ તેણે તેને વખત કહેતાં પૂછ્યું કે, 'રોજ કેટલા વાગે સાહેબ ભોજન કરે છે?' રસોઇઆએ તેનો નિત્યનો વખત કહ્યો કે તરત, હમાલ તરફ ફરી તે બોલી કે, 'જાઓ, સાહેબને કહો કે જમવાનો વખત થયો છે.' હમાલ મોટા તંબુ તરફ ગયો અને પોતે રૂવાબભેર વીરેન્દ્રની રાહ જોતી ખુરસી પર બેઠી.

હમાલે ખબર આપવાથી જમાદાર વીરેન્દ્ર આગળ ગયો અને ભોજનનો સમય થયાની તેને ખબર આપી. તે તરત ઉઠયો જમાદાર પાછે પગલે તંબુના ડ્રોઈંગરૂમમાં દાખલ થયો ને વીરેન્દ્રે અંદર આવી અંતઃપુરવાળા ખંડ તરફ જોઇ તેને પૂછ્યું કે 'મેમસાહેબ કીધર હૈ?' તે રસોડે હોવાનું, જણાવી જમાદાર બહાર ગયો. તેણે ફાનસ લઈ એક હમાલને સાથે જવાને તૈયાર રાખ્યો, દરમિયાન વીરેન્દ્રરાવ આખા તંબુમાં આમતેમ ફરી વળ્યો અને હમાલો હમેશ જે વ્યવસ્થા કરતા હતા, તેથી ઓર—જેવી જોઇએ તેવી વ્યવસ્થા થયેલી જોઈ મનમાંજ બોલ્યો કે, 'ગૃહિણીથીજ ઘરની શોભા છે! ગૃહિણી વગરનું ઘર તે વનજ કહેવાય.' બ્રાહ્મણ કવિઓના આવા અનુભવ સિદ્ધ ઉદ્‌ગારોનું ભાન જ્યારે આવા પ્રસંગો બની આવે છે ત્યારેજ થાય છે. સંસારધર્મ અને તત્ત્વજ્ઞાન તો બ્રાહ્મણોના બાપનુંજ! આજ કેવી

મજેની બધી ગોઠવણુ થઇ ગઇ છે. આ તંબુ જે મારૂં જરાએ ધ્યાન ખેંચતો ન હતો તે આજે કેવો રળિયામણો લાગે છે! મનેજ નહિ પણ આ નિર્જીવ નિવાસને પણ જાણે જીવન પ્રાપ્ત થયું હોય એવું લાગે છે. સુંદર શરીરમાં હમેશ 'સુંદર–સુઘડજ આત્મા હોય છે.' મોટા બૂટ કાઢી કંતાનની સ્લિપરો પહેરી ફરીને તંબુમાં ચારે તરફ નજર ફેરવી તે બહાર નીકળ્યો અને હમાલ બત્તી લઇ આગળ ચાલ્યો તેની પુંઠે પુંઠે રસોડાના તંબુ પર આવ્યો.

તે આવ્યો કે તરત ઉભાં થઇ મેરીએ સામું જોઈ ગાલમાં હસી નજર ફેરવી નાંખી. પોતે વીરેન્દ્રની સાથે ટેબલ આગળ ગઇ. તે ખુરસી પર બેઠો પણ તે બેઠી નહિ અને બ્રાહ્મણને ઇસારો કર્યો. વીરેન્દ્રરાવ સવારીમાં ટેબલ ખુરસીએ જમતો હતો તેથી બ્રાહ્મણ પુરી, શાક, દૂધ ભજિયાં વગેરે સાહિત્ય જુદી જુદી રકાબીઓ અને પ્યાલા-ઓમાં લઇ આવ્યો. બધું ટેબલ ઉપર મુકાયું એટલે વીરેન્દ્રે મેરી સામું જોઇ ઇંગ્રેજીમાંજ કહ્યું કે, 'હવે કેમ? બેસી જાઓ.' મેરીના મનમાં જરા શરમનો સંકોચ આવ્યો, પણ તરત ઉત્સાહે તેજી આપી અને તે તેની સામે ખુરસી ઉપર બેસી ગઇ. સાદુ ભોજન બેઉને અમૃતરૂપ ભોજન થઇ રહ્યું અને મૌનમાંજ બન્નેએ પાએક કલાકમાં જમી લીધું. વીરેન્દ્ર રોજ એકલો ચૂપચાપ જમતો હતો તેમ આજે પણ ચૂપચાપ જમ્યો અને તેઓ વચ્ચે કંઇ વાતચીત થઈ નહિ તેથી કોરે ઉભેલો રસોઇઓ બહુ આશ્ચર્ય પામ્યો. તે બિચારો કંઈ સમજી શક્યો નહિ. હમેશના રિવાજ પ્રમાણે વીરેન્દ્રરાવ જમીને ઉભો થયો કે તરત રસોઇઆએ તૈયાર કરેલી પાનની રકાબી લાવી સામે ધરી. વીરેન્દ્રે રકાબીમાંથી બે પાન લઈ એક મેરીને આપતાં જરા હસતા મુખે જણાવ્યું કે, 'આ બધા નવા ચાલ તમારે શીખવાના અને રોજના કરી લેવાના છે.' મેરીએ રૂપાની ઘંટડી જેવા મધુર ઝીણા સ્વરે ઇંગ્રેજીમાંજ તેને ઉત્તર આપ્યો કે, 'નહિ જી, હું તે રિવાજોથી બાબુઓના સહવાસને લીધે પરિચિત છું અને મને કંઇ ઝાઝું નવું લાગતું નથી.' વીરેન્દ્રે વહાલથી તેનો હાથ બગલમાં લીધો અને હમાલ

બત્તી લઇ આગળ થયો તેની પાછળ બન્ને જણુ એલડીએ ચાલતાં મોટા તંબુ ઉપર આવ્યાં. અંદર દાખલ થતાંવાંત બહારની ચંદનીથી આહ્લાદિત થયેલા વીરેન્દ્રે વહાલથી પૂછ્યું કે 'પેલી બાજુ, નદી તરફ ફરવા જઇશું?' મેરીએ હસીને હા કહ્યું કે તરત જમાદારને બોલાવી હાથી લઈ આવવાનો હુકમ કર્યો.

બન્ને જણુ તંબુની અંદર આવ્યાં અને વીરેન્દ્ર તેના ટેબલ ઉપરની બત્તી તેજ કરવા ગયો એટલામાં મેરી સડસડાટ અંતઃપુરવાળા ભાગમાં જઇ ડ્રેસિંગ ટેબલ આગળના મોટા તખતા સામે ઉભી રહી વાળ વગેરે ઠીકઠાક કરવા લાગી. વીરેન્દ્રે બહાર મોટી ટ્રંક ઉઘાડી તેમાંથી કસબી સાલ કાઢી. પોતે સ્વીકારેલી વહુને ભેટ આપવા વળી જેકીટ પરથી ઘડિયાળના અછોડો કાઢી હોંશભેર અંદર ગયો. છુટા લાંબા ને વિખરાઇ રહેલા કેશથી શોભતી પ્રિયાની નજીક જઇ, માંસલ ગૌરા ગંડસ્થળને શોભાવતો અછોડો તેના કંડમાં નાંખ્યો. મેરી હસીને તેની સામે ફરી ગઇ તેવીજ સાલ ઉકેલી ખભે ઓઢાડતાં તેને ભુજાંતરમાં લઈ બે ત્રણ ચુંબન કર્યા. આ વખતે શરમે તો તેણીને અડધી અડધી કરી નાંખી પણ આંખ તો મિચાવાને બદલે. સામી વધારે ને વધારે પ્રફુલ્લ થઇ પ્રિયતમના વદનનું પાન કરવા લાગી. પ્રિયતમના આશ્લેષનો તેના નાજુક બાહુઓએ સામો જવાબ પણ આપ્યો. નાયક ગરમ ગરમ થઇ ગયો અને પોતે કયાં છે? કેવી રીતે વર્તે છે અને કેવું સાહસ કરે છે? તે સૌ ભૂલી ગયો. નાયકના હૃદયના ઉછાળાનો બધી રીતે બહુ વહાલ ભર્યો શારીરિક ચલનથી ઉત્તર આપવા છતાં પણ સ્ત્રી જાતિના ધીરા ને ગાંભીર્યપૂર્ણ સ્વભાવે જરા મધુરૂં હસીને મીઠા ઇંગ્રેજી બોલમાં પોતાના બાહુ છોડી દઇ કહ્યું કે 'આપ પોષાક પહેરી લોને!' હાથીનો ઘંટ એટલામાં સંભળાયો ને વીરેન્દ્ર બૂટ તથા કોટ પહેરવા બહાર ગયો, દરમિયાન મેરી પણ પોતાનો પોષાક ઠીકઠાક કરી છટાથી સાલ ઓઢી તખતામાં પોતાના ધન્ય ચહેરાને જોઇ મલકાતીને લજવાતી પણ નર્યા આનંદ આનંદ ને આનંદના વાતાવરણમાં ઉડતી એક પરીની માફક ડ્રોઇંગરૂમમાં આવી. વીરેન્દ્ર કોટ પહેરી હેટ હાથમાં

લઇ તેને બગલમાં ધરવા ગયો, પરંતુ 'નહિ, આપણી હિંદી રીતે હિંડો.' એવો મજેનો મોહક વિવેક અને લટકો કરી મેરી જરા આગળ વધી અને એઉ જણુ હાથી ઉપર બેસી જગતને દૂધથી નવરાવી રહી હોય એવી ચંદનીમાં સહેલ કરવા નીકળી પડયાં.

પુરૂષો કરતાં સ્ત્રીઓ બહુ ડહાઇ હોય છે. તેમની ધીરજ અને તેમનું ગાંભીર્ય પુરૂષોના કરતાં બહુ ચઢિયાતું હોય છે. તેઓ પુરૂષો–જુવાનોની માફક એકદમ મોહમાં તણાઈ જતી નથી. ધીરા અને શાંત મને પોતાના મનોભાવ પુરા કરે છે. મેરીએ પણ બહુ લાંબો વખત વિચાર કરી વીરેન્દ્રરાવ સાથે પ્રસંગ પાડયો હતો. આપણે જણાવી ગયા તેમ, પત્રોના સ્પષ્ટ જવાબ નહિ મળવાથી તેને શક પડયો હતો પરંતુ અહિં આવ્યા પછી બનેલા બનાવોએ, તેને પોતે ધારેલા તે કરતાં વધારે સારા પ્રત્યક્ષ ને ખાતરીવાળા જ ગણાય એવા વહાલમાં ઉત્તર મળ્યા હતા તોપણ તેનું મન અંદરથી એવી શંકા કર્યા કરતું હતું કે 'આ મોહનો ઉભરો હોય તો ?' આ શંકાનું નિવારણ કરવા તેણે હવે ધીરે ધીરે લાડ કરતાં કરતાં તેનો હાથ પોતાના હાથમાં લઇ દાબતાં અને શરમાતાં શરમાતાં મજેની ઇંગ્રેજી ભાષામાં પૂછ્યું કે 'હું આ સ્વપ્ન અનુભવું છું કે સાચું ? પ્રિયતમ મને તો જાણે કંઇ સમજજ પડતી નથી ! તમે મારા જીવનપ્રાણ અને હું તમારી, એ તે સાચું કે સ્વપ્ન ?' હસીને વીરેન્દ્ર તરફ તેણે અંગને નમાવી દીધું.

'દિવસે અને પૂર્ણ અક્કલ હોંશિયારીમાં બનેલા બનાવ તે સ્વપ્ન હોય ? આંખ બંધ રાખનારને સ્વપ્ન જેવા લાગે, પણ સ્વપ્ન નહિ.' આમ કહી તેના પોતા તરફ નમી તથા પોતા ઉપર ટેકવાઇ રહેલા શરીરને તેણે પોતાના ખોળામાં પાડી નાંખ્યું અને માવતની મર્યાદા રાખવાને નિઃશબ્દ ચુંબન કર્યું. 'હું કોણ અને કોની છું ?' મેરીથી હર્ષમાં બોલાઇ જવાયું. 'તું ગમે તે હોય તોપણુ હવે મારી હૃદયેશ્વરી છે ! બોલ નહિ ?' ખોળામાંથી બેઠી થઈ વીરેન્દ્રને ગળે વળગી લાડતી લાડતી કાલા મોહક શબ્દોમાં તે બોલી કે, 'હું ગમે તે હોઉં, મને તેની દરકાર નથી. આ હૃદયની હું ઇશ્વરી છું એટલું મને બસ છે, પ્રિયતમ બસ છે !'

'વહાલી, તું કોણ છું તેની શંકાજ કરતી નહિ. તું મારા દેશ તરફની અને અમારી જાતિની હોઉં તેવી છે. તારૂં વર્તન તેમજ મનોવૃત્તિ મને તેની સાખ આપે છે. મનેજ નહિ પરંતુ મારા માણસોને પણ તું અમારામાંની ભાસી અને તેથીજ મેં તને મારામાં મેળવી દીધી. હવે તારે અમારામાં ભળી જવાનું છે?'

'વહાલા, એવા બોલ ના બોલો! હું તમારામાં ના ભળી જાઉં? એવું કેમ બોલો છો? હું હવે હું નહિ, પણ તમારી વહાલાની છાયા માત્ર છું. મારો દેહ તે તમારો દેહ, મારૂં મન તે તમારૂં મન અને મારો પ્રાણ તે પ્રાણજીવન! તમારોજ પ્રાણ છે.'

તેને પોતાના સરસી દાબી તે બોલ્યો કે 'તું મારી અને હું તારો' એમાં હવે ભેદ હોયજ નહિ. પ્રાણે પ્રાણ એક થઇ ગયા, અંગે અંગ મળી ગયાં પણ આચારવિચાર બોલીચાલી અને રીતભાત સૌથી તું મારી સમાન થઇશ?'

'ભમરો ઇયલને પોતાના ઘરમાં લે છે એટલે ઇયલ ભમરી થઈ જાય છે, તો આપમાં ભળી ગયેલી હું આપના—અરે આપણા લોકના જેવી નહિ થઈ જાઉં? એવી આપ શંકાજ કેમ કરો છો! વહાલા, અમો સ્ત્રીઓમાં તો ઇશ્વરે એવો ગુણ મૂકેલો છે કે, અમો જેવું અમારૂં પાત્ર તેવાં સહેજે થઇ જઇએ. તમે જુઓ કે, છ માસ થતા થતામાં હું નરી ગુજરાતણ થઈ જાઉં છું કે નહિ? અલબત્ત તમારે મારા ગુરૂ થવું જોઇશે.'

'અરે ઘેલી! એ શું બોલે છે? હિંદુઓનું તો એ સૂત્રજ છે કે, પતિ એજ સ્ત્રીનો ગુરુ અને પરમેશ્વર.'

'છેલ્લા બે ત્રણ માસમાં મેં તમારી થવાને કરેલો યત્ન તમને કેવો લાગે છે?' 'તમારી થવાને' શબ્દ બોલતાં તે લાડકું મજેનું મોં કરીને હસી.

'તેં અહિં આવતાંજ મને પસંદ કર્યો હતો કે શું?'

'નહિ. મને આપના નોકરોની રીતભાત, રહેણીકરણી અને

ભાષા સાંભળી, પ્રથમ આપના દેશ અને લોક માટે પ્રેમ થયો. પછી જ્યારે તેમણે મને કહ્યું કે, સાહેબ હજી પરણવાના છે, ત્યારે મારા મનમાં પ્રેમ ઉત્પન્ન થયો. મેં ભાષા શીખવા માંડી અને કેદારબાબુના ઘરનાં બૈરાંમાંથી હિંદુ રીતરિવાજ અને પ્રાટી વગેરેનું અનુકરણ કરવા માંડયું. મારો પ્રોગ્રેસ આપને કેવો લાગે છે ?' તેણે વહાલથી વીરેન્દ્રને ખભે માથું નાંખી દઈ પ્રશ્ન કર્યો.

'ત્યારે હવે તું ઈંગ્રેજી બોલવાનીજ બાધા લે. શરમાયા વગર જેવું આવડે તેવું મારી અને જોઈતારામની સાથે ગુજરાતી બોલવા માંડ. ગુજરાતી પુસ્તકો રાતદિવસ વાંચ. ગુજરાતી કવિતાઓ ને સ્ત્રીઓનાં ગીતો મોઢે કર. એમાં ગુજરાતી સંસારનું ચિત્ર બહુજ અચ્છું છે. પોષાક તો આ મઝેનો છે. આમાં ને અમારા પોષાકમાં કંઇ ઝાઝો ફેર નથી અને આપણે મુંબાઈથી મગાવી લઈશું.' કેશ પસવારતાં પસવારતાં કાનની બુટયો પર આંગળાં જતાં તે બોલ્યો કે 'ઓહો ! તું તો વહાલી ખરેખર ગુજરાતણજ છે. જો આ તારી બુટયો અને ઉપલા કાન પણ નાનપણમાં વિંધેલા હોય એવા લાગે છે. જોઉં તારૂં નાક ?' નાકે હાથ અડકાડી 'ખચીત તું અમારામાંની છે અમારામાંની ! મારી વહાલી હવે તું મારી—મારીજ છે.'

'જોજો હો.' તેણે હસીને નીચું જોયું.

'જોવાનું કંઈ નથી. તારે બહુ જોવા જાણવાનું છે. કુતરામાં બીજું કુતરૂં થોડાં બચકાં સહીને પણ ભળી જાય, પણ ગુજરાતી બૈરાંમાં વહુને ભળી જતાં બહુ—બહુજ વાર લાગે છે ! વહુનાં છિદ્ર શોધવામાં ગુજરાતી બૈરાંની આંખ એક નૈસર્ગિક સૂક્ષ્મદર્શક યંત્ર જેવી છે. એ લોકમાં તેમનાં થઇને ઘર કરવું, એ મહા—મુશ્કેલ—મેરૂ ચઢવા જેવું કામ છે. મારા કુટુંબમાં એવું નથી, પણ મારાં મોટાં ભાભી જેમણે મને ઉછેરી લડાવી મોટો કર્યો, ભણાવ્યો અને આ ઉચ્ચ પદે ચઢાવ્યો તે જરા જુના વિચારનાં અને આકળા સ્વભાવનાં છે. મારાં બીજાં ભાભી બહુ હોંશિલાં ને આનંદી છે. મારી બહેન—તારી નણંદ તો, એક વહાલ-સોઇ લાડની પુતળી જેવી છે. કુટુંબનું ને સ્નેહીઓનું ઓળખાણ

જોઈતારામ આપશે. આપણી પાસે છબિઓની ચોપડીમાં તેમની સૌની છબિઓ છે. એ બધું લિટરેચર હવે તારે કીટ કરી નાંખવું, સમજી વહાલી.'

'તોપણ તેઓ આપણો સ્વીકાર નહિ કરે તો?'

'આપણો વિવેક, આપણી અધીનતા, અને આપણી લાયકી એવી શું હોય કે તેઓ આપણો સ્વીકાર કરે નહિ. નમ્રતા ને લાયકીથી જંગલી જનાવરો વશ થઇ જાય છે તો એમને આપણાં કરી લેવાં એમાં શું? આપણે કોણ? તેમનાં છોરૂ છીએને!'

'આપણે બહુ દૂર ન નીકળી જઇએ?' મેરીએ પાછાં ફરવાને મને મમરો મૂક્યો.

વીરેન્દ્રે ખીસામાંથી ઘડિયાળ કાઢી કહ્યું કે 'નહિ, હજી તો ફરવા નીકળ્યાને અરધો કલાક જ થાય છે. તમને બહુવાર થઈ હોય એમ લાગ્યું?'

'નહિ, નહિ અમસ્તીજ.' તેણે શરમાતે અને હસુ હસુ થઈ જતે મોંએ જવાબ આપ્યો કે 'નહિ, નહિ અમસ્તીજ હું તો પૂછું છું.' અજ્ઞાત યૌવનાની મોહક લજ્જા અને સ્વાભાવિક નખરાં હવે તેનાથી થઇ જવા માંડયાં. તે ક્ષણમાં ઉત્સાહથી ઘેલી થઇ જાય, ક્ષણમાં બીએ, ક્ષણમાં હિમ્મત ધરી વાત કરે અને ક્ષણમાં લજવાતી લજવાતી બોલતાં બોલતાં બંધ રહી જાય. પોતાની આ સ્થિતિને પોતે કંઇક સમજે, વળી ભૂલી જાય અને પાછી ઉમળકામાં ઉત્સાહિત થઇ અંતરમાં ને અંતરમાં હસે, અંગ સંકોરે પ્રિયતમ સામું જોવાની ઇચ્છા કરે ને આંખ ઢાળી દે કે ફેરવી નાંખે આ બધા ભાવ નાયકને તેનામાં વધારે ને વધારે ઘેલો—પ્રેમનો નિશો ચઢાવે, એમાં શું કહેવું? વીરેન્દ્ર ઘડિયાળ ખીસામાં પાછી મૂકવા જતો હતો એટલામાં તેણે સાહસ કરી તે તેના હાથમાંથી લઇ લીધી અને તે જોઇને બોલી કે 'જુઓ કેટલા વાગ્યા છે? અને આપણે કેટલે વાગે નીકળ્યાં હતાં?' કાલા શબ્દોમાં લાડતી તે બોલી કે 'ઘડિયાળ જોવાનુંએ ભૂલી ગયા!'

શરમાઈ નીચું જોઇ તે હસી પડી. વીરેન્દ્રના ઉશ્કેરાયેલા જુસ્સાએ તેને બાથમાં લઈ ચુંબન કરતાં કહ્યું કે ‘ તારા આ વદનકમલને જોતાં ઘડિયાળ જોવાનું ખરેખર હું ભૂલીજ ગયો. તું તે મને હવે શીખવ ’ તેને અળગો કરી અળગી ખસી જઇ તે બોલી કે ‘ આ તો આપણે હાથીની અંબાડીમાં છીએ વહાલા ! કેમ ભૂલી જાઓ છો ? હવે હાથી પાછો ફેરવાવો. ’ તે હસીને સંકોરાઇ એટલે વીરેન્દ્ર ધીરેથી ગણગણ્યો કેઃ—

“ અખિયાં અલશાણી, પ્રિયા સેજ ચલોની ! ”

આ ધ્વનિ હું સમજ્યો. ચાલો જલદી પાછાં ફરીએ છીએ; આમ કહી તેણે માવતને ઉતાવળી ચાલે તંબુ તરફ હાથી હંકારવાનું ફરમાવ્યું; એટલે મેરી બોલી કે ‘ વાતમાં ને વાતમાં ચંદની અને જગતની લીલા તો જોઇએ નહિ, ને મને જોવાએ દીધી નહિ ! ’ વીરેન્દ્ર બોલ્યો કે, ‘ કુદરતના બહારની લીલાના કરતાંએ બહુ મને દર, અને ઉન્માદક માનસિક અલૌકિક લીલામાં તમે મને મુગ્ધ બનાવી દીધો ત્યાં બહારની લીલા શી જોઉં ? ’ ‘ બસ, હવે બસ. ’ એમ વ્યંગ અને મર્મવાળી કચિત કચિત થોડી વાત કરતાં કરતાં અને વનપ્રદેશમાં વરસી રહેલી મજેની ચંદની જોતાં જોતાં સહેજ વારમાં તેઓ તંબુને આગણે આવીને ઉભાં રહ્યાં.

પ્રકરણ ૧૫ મું.

‘ જગન્નાથ મહારાજ ઝેણે ને માણહપારખું તો ખરે ! ’ જોઇતારામ પટેલ તેની ઓરડીમાં રોટલા ઘડતાં ઘડતાં બોલ્યો કે ‘ જગન્નાથ માણહપારખું તો ખરેખરો ! ભાઇને અણે જાળમાં નાંખી દીધો ! અમદાવાદવાળાં જાણશે ત્યારે તો કેટલાએ કંકાસ કરશે. નાતજાત ઉપર જેમ બજર પડયું હોય, એવો ફટકારો વાગી જશે. કલકત્તેથી આવીને બારોબાર બાબુને ત્યાં ઉતરી અને ત્યાંથી બારોબાર સવારીમાં ગઈ, એટલે આગળથી કંઇક બેત કરી રાખેલો તો ખરોજ. ભણ્યાંગણ્યાં માણસ કાગળપત્તરથી ગોઠવણો કરે તો ! બાઇડી ચંચળ છે, જો આપણને લાગે

છે તેમ, હિંદવાણી અરે–હિંદવાણી શું–ગુજરાતણુ નીકળે તો તો હીરા જેવી–ભાઇને ખરેખર લાયક બાઇડી થઇ પડે.' થોડીવાર વિચાર કરી આમતેમ જોઇ વળી તે બોલ્યો કે 'ચંચળ શું મારા સાહેબ! નરી સરસ્વતીનો અવતાર! બે અઢી મહીના અહિં રહી તેવામાં અને પંદર વીસ દહાડા સવારીમાં એમની સાથે રહી એટલામાં, ચાવી ચાવીને ધીરે રહી કેવું મીઠું ગુજરાતી બોલે છે. જાણે મધુરી મેનાજ! ભાઇ સાથે છેડા ગંઠાઇ ગયા. હવે. આપણે એને શું કહીને બોલાવવી? આપણે તો સાંજે ભાઈ આવશે અને પહેલવહેલા મુલાકાતે જઈશું ત્યારે 'મેના-ભાભી' એમ કહીને વાત કરીશું. એમને હારૂં લાગે. કણકમાં પાણી પડયું, તે હવે કઈ ન પડયું થવાનું છે?'

"ઓહોહો! શો ફેર! આટલા બધા દહાડા સાથે રહેલી ન હોય તો ઓળખાએ નહિ. ઉકરડાની જાત! વધતાં કંઇ વાર લાગે છે! દોઢ બે મહિના ઉપર અહિંથી કલકત્તે ગઈ ત્યારે જોયેલી, તેમાં અને આજ જોઈ તેમાં કેટલો–જુગ જેટલો ફેરફાર! આ તો મોટું ભરભાદર બૈરૂં! તે દહાડાની અછકલાઇ કયાં? અને આજનું ભારેખમ-પણું કયાં? રોફ ફરી ગયો, શરીરે ફરી ગયું અને પોષાકે ફરી ગયો! આ તો નરી ગુજરાતી બંગાળણુ જેવી લાગે છે. ભાઇની અમલદારીનો દોરે આવી ગયો છે! હાથીએ ચઢીને આવી, બંગલો ઉઘડાવ્યો અને મને બોલાવી કેવી વાત કરી! ધરધણિયાણીસ્તો! પેલું અહિં રહેતી હતી તે તો જાણે કશું જાણતીજ ન હોય? એવી થઈ ગઇ. કેવું ધીરેથી મેનાની પેઠ બોલે છે! મને કહ્યું 'એ સાંજે આવશે.' ભાઇએ શીખવાડેલું ખરૂં! જોડું તો જુગતે જુગતું છે! કોણ હશે કોણ નહિ?–અરે ગમે તે હોયને,–જોડ તો ખાસી મજેની છે, ના કહેવાય નહિ. દસ્મને સામું જોઇને હરખાય, એવું જુગતે જુગતું જોડું. કટમકલેશ ન થાય તો હારૂં! હવે કલેશ કરીને શું કરવાનાં! ભાઈ વિલાયત જઈ આવ્યો પછી આને પરણે, તેમાં કલેશ શા? એ તો એમનું એમ! નાતમાંથી આવી વહુ મળત નહિ! મોટાં પેલી બકુલાને બઝાડવા ધારતાં હતાં પણ તે શોભત નહિ. ઉંટને ગળે બકરૂં! આ તો સાલબાલ ઓઢીને કેવી

રોફથી માણસો પાસે કામ લે છે! જગન્નાથ હોત તો મારો વહાલો હજડજ થઇ જાત! બધાંને દમ ભરાવતી હતી પણ મને તો વહાલથી ને નરમાશથી બહુ વવેકભેર બોલાવ્યો. વાતચીત કરતાંએ મોઢે શેરડા પડી જતા હતા. આપણે શું? આપણે તો હવે ભાઇ આવે એટલે ખાસે મજેને 'મેનાભાભી'ને લાડકે નામે બોલાવીને વાત કરીશું!

સવારીમાંથી વીરેન્દ્રરાવને પાછું ફરવાનું હોવાથી મેરીને તેણે આગળ વિદાય કરી હતી. તેણે બંગલો ઉઘડાવી બધું સાફસુફ અને વ્યવસ્થિત કરવા માંડયું હતું. આવતાંને વાર જોઇતારામ પટેલને બોલાવી તેણે બહુ વિવેક અને મર્યાદાસર તેને પૂછી પૂછીને કામ કરાવવા માંડયું હતું. હિંદુસ્તાની રસોઇયાને રસોડું ઠીકઠાક કરવા મોકલતાં, જોઈતારામને સાથે રહેવા જણાવ્યું હતું. જોઈતારામ બ્રાહ્મણ અને નોકરને કામ બતાવી બપોર થવાથી પોતાની ઓરડીએ ખાવા આવ્યો હતો અને તે દરમિયાન રાંધતાં રાંધતાં તેને, ઉપર પ્રમાણે વિચારના ઉભરા આવવા માંડયા હતા. વિચાર કરતાં કરતાં તેના રોટલા ને શાક તૈયાર થઇ ગયાં. ઘીનો ગાડવો અને ચટણીનો પત્થર પાસે લઇ ખાવાને બેઠો. ખાતાં ખાતાં વળી પાછો તેને વિચાર આવ્યો કે 'ઓહો! શો ફેરફાર! હિંદી ભાષા તો કડકડાટ બોલે છેજ, પણ મારી સાથે ધીરે ધીરે ગુજરાતીમાં પણ કેવું સારૂં ગુજરાતનું માણસ હોય એવું બોલી. જગન્નાથ કહેતો હતો તે ખરૂં કે, દખણીઓ ગુજરાતમાં રહે છે તોપણ તેમનો ગુજરાતી બોલ આપણા બોલ જેવો આવતો નથી! આનો બોલ તો નર્યો ગુજરાતી જેવો આવે છે! ગુજરાતમાં જન્મેલું ગુજરાતી માબાપનું છોકરૂં હશે! જગન્નાથની એ વાત પણ કાન પકડવા જેવી. ગળથુથીમાં ગુજરાતી હોય એવીજ આબાદ બોલી બોલે છે. ધાંટીએ ગુજરાતી! જે ભાષાનું ધાવણ ન હોય તે ભાષા માણસ ગમે તેવી સારી બોલે તોપણ ધાંટીથી ઓળખાય. જન્મ બોલીવાળી ધાંટીનું માણસ ન હોય તે પરખાય. આની ધાંટી તો આપણા લોકના જેવી છે. ભાઇએ પણ એને થોડા વખતમાં બહુ હસજાયું ને શીખવી દીધું હોય એવું લાગે

છે. જરાએ અતડી પડતી નથી. એને પોતાને પણ જાણે કંઇ અતડું કે અનેરૂં લાગતું નથી, જોઇએ છીએ. હમણાં ખાઇને જાઉંછું. આખો દહાડો છેને ? ભાઇ તો સાંજે આવવાના છે ? મારે ને એને વાત-ચીત થશે. આપણે શું ? આપણે તો એને હવે જે ને તે આપણા જેવું થવાનું બતાવ્યા કરીશું. નાત જાતની વાત નાત જાત પાસે ! બાકી વહેવારમાં ને રીતભાતમાં તો ભાઈ ખરેખરો દેશી–ગુજરાતી ગૃહસ્થ છે. આપણા ગુજરાતનું અને કુટુંબનું અભિમાન રાખે છે. બીજો હોય તો ગુજરાતી બાઈડીને મડમનો પોષાક પહેરાવે અને આણે તો મડમનો પોષાક પહેરતી હતી તે કાઢી નંખાવી આપણો પોષાક ધારણ કરાવ્યો ! ગુજરાતણને મડમનો પોષાક અને મડમને ગુજરાતણનો પોષાક પહેરાવ્યો હોય તો કાગડાને હંસનાં પિછાં ઘાલ્યાં હોય એવું અનુકું ને વરવું લાગે ! પણ આને તો અસલ ગુજરાતણ હોય એમ આપણો પોષાક બને છે. મારૂં હૃદરૂં એવું છે કે, કશુંએ સમજાતું નથી ! ! ' જોષતારામ આમ બોલી હાથ ધોઇ ખાઇ ઉઠયો.

જોઈતારામ ખાઇને રસોડા તરફ ગયો અને બ્રાહ્મણે સાફસુફ કરાવ્યું હતું તે જોઇને ખુશ થયો. આ બ્રાહ્મણ સાથે જોઈતારામને અડવાડિયાનો સહવાસ પડેલો હતો. તેની સાથે હિંદુસ્તાની બોલવું બરોબર ફાવતું ન હતું એટલે ઝાઝી વાતચીત કરતો નહિ છતાં આજ તેણે બ્રાહ્મણને બોલાવી પોતાની પાસે બેસાડી સવારીમાં કેમ ચાલતું હતું, તે સંબંધી કેટલીક પડપૂછ કરી બ્રાહ્મણ સાદો અને પોતાના કામ સાથે કામ લેનાર હોવા જોઇતારામને જે જાણવું હતું તે કંઇ જણાવી શકો નહિ. જોઈતારામ તેને ને તે જોઇતારામને ઘરગતુ બાબતોની વાતચીતમાં બરોબર સમજાવી શકતા ન હતા, એટલે જોઈતારામના કેટલાક પ્રશ્નોના ઉત્તરમાં તેણે છેવટ સાફ કહી દીધું કે ‘ બાબા, હમ તો પાક બનાનેકી વાત સિવાય દુસરા કુચ્છ નહિ જાનતે. અપના જો કામ સોઇ કરતા હું. સાહેબ બહાદુર ઓર મેમ સાહેબકી બાતોમેં કુચ્છ જાનતા નહિ. દોનું બહોત અચ્છા હૈ; હમકુ કુચ્છ તકલીફ દેતે નાહિ. '

'હત તારી માનો બાધડ! ભઠિયારૂં કૂટયા કરે, એવોજ દેખું!' કંટાળાથી આમ બોલી જોઇતારામ ત્યાંથી ઉઠયો ત્યારે લગભગ બે વાગી ગયા હતા. બંગલો સાફસુફ કરી માણસો નીચે ઉતરી પડયા હતા. મેમસાહેબ એકલાંજ ઉપર હતાં. જોઇતારામ બંગલા પર આવી જમાદારને મળ્યો. તેની પાસે બેસી બીડી પીધી અને આડીઅવળી કેટલીક વાતચીત કરી, પણ સવારી સંબંધી પડપૂછ કરવાની હિમ્મત ચાલી નહિ. તે જાણતો હતો કે, જમાદાર તેને સીધા જવાબ આપે તેવો નથી. વળી તેનો અંતરાત્મા પણ મહિંથી વારંવાર 'કશી પડપૂછ કરવી નહિ' એવું કહ્યા કરતો હતો. બીડી પુરી થતાં ઉપર જવાને તે ઉઠયો, પણ 'તે એકલી છે ત્યાં જવું કે નહિ?' એવો તરત વિચાર આવ્યો. જીવ ગુંચવાયો. ફરીને આમતેમની સાદી વાતચીત કરવા માટે પાછો બાંક ઉપર બેઠો. કેટલીકવાર લગી ગપાટા માર્યા. જમાદારને સારૂં લાગે એવી વાતચીત કરી અને વળી પાછી બીડી સળગાવી. વિચારમાં પડી ગયેલા મને તે આમતેમ જોતો ને વાતચીત કરતો તથા બીડી ફુંકતો હતો. જમાદાર તેના રામાટામા ને રસળાટ સમજતો હતો, પરંતુ તેનેએ એમ થયા કરતું હતું કે 'આને ઉપર જવા દેવો કે અટકાવવો?' બન્ને પોતપોતાના મનમાં ગુંચવાએલા હતા ને અસંબદ્ધ વાતચીત કરી માત્ર વખત ગાળતા હતા, એટલામાં ઘંટડીનો ટકોરો થયો. જમાદાર 'હજુર!' એમ કહી ઉપર દોડયો ને જોઇતો બીડી હોલવી નાંખી 'શા હુકમ આવે છે?' તેની આતુરતાથી રાહ જોવા લાગ્યો. ખીસામાંથી સોપારીનો કકડો કાઢી હજી તો તે મોંમાં નાંખે છે એટલામાં જમાદાર નીચે આવ્યો અને બોલ્યો કે 'જોઈતારામ, ચાકા બખત હો ગયા હૈ, આપકું માલુમ નાહી? મેમસાહેબ ચા લાનેકી ફરમાશ કરતી હૈ." 'મેમસાહેબનો હુકમ' એમ મનમાં બડબડીને તે રસોડા તરફ ગયો.

જોઈતારામ રસોડે ગયો અને બ્રાહ્મણ પાસે વિલાયતી ચુલો ચેતાવરાવ્યો. બ્રાહ્મણે તેને કહ્યું કે 'ભૈયા દૂધ નહિ હૈ. દૂધકી કુછ તજવીજ કરીએ.' બ્રાહ્મણ ઉપર બડફડી બંગલા ઉપર જઇ જમા-

દારને કંપાઉંડના દરવાજા ઉપરના સિપાઇ પાસે મોકલી, ગમે તેમ કરી દૂધ મંગાવવા જણાવ્યું. તે જમાદારની જગાએ બેઠો અને જમાદાર દૂધની તજવીજ કરાવવા કંપાઉંડ ઉપરના સિપાઇ પાસે ગયો. સિપાઇ બિચારો તરતજ દોડયો પણ તેને આવતાં ઘણો વખત નીકળી ગયો. જોતજોતામાં સાંજના પાંચ વાગી ગયા. દૂધ આવ્યું નહિ પરંતુ બે સવાર સાથે વીરેન્દ્રરાવ આવી પહોંચ્યો. કંપાઉંડ ઉપરના ચપરાસીને ઠેકાણે જમાદારને બેઠેલો જોઇ તેણે ઘોડો ઉભો રાખ્યો. 'ચપરાશી દૂધ લેવા ગયેલો છે' એવો ઉત્તર મળ્યાથી સવારો ઘોડાર તરફ અને તે બંગલાના પોર્ટિકો તરફ આગળ વધ્યા. જોઈતારામે પગથિયાં ઉતરી ઘોડાની લગામ પકડી લીધી ને 'કેમ જોઈતારામ, આનંદમાં છોને?' એમ તેની ખબર પૂછી વીરેન્દ્ર બંગલાને મેડે ચઢી ગયો. દાદર ઉપર મેરી હસતે મુખે તેને મળી અને બેઉ જણ હાથેહાથ મેળવી અંદર ગયાં.

જમાદાર અને સાઈસ—ઘોડાવાળો તરતજ ત્યાં આવ્યા. ઘોડાવાળો ઘોડો લઈ તબેલા તરફ ગયો અને જોઇતારામ વળી પાછો, ઉપર નહિ જતાં દૂધ લઇને રસોડે ગયો. બ્રાહ્મણે પાણી તૈયારજ રાખેલું હતું. જોઈતાએ તેને મદદ કરી. નાખડતોબ ચા તૈયાર કરાવી તે બંગલા પર લઇ ગયો.

વીરેન્દ્રરાવ કપડાં ઉતારી છજાના હિંચકા ઉપર જઇ બેઠેલો હતો અને મેરી અંતઃપુરવાળા ખંડમાં હતી. દિવાનખાનાના મોટા હોલવાળા ટેબલ આગળ ચાના પ્યાલા વગેરે ગોઠવી દેવાનું બ્રાહ્મણને કહી જોઇતારામ છજામાં ગયો. તે વીરેન્દ્રને બોલાવે તે પહેલાંજ તેણે તેને બોલાવી કહ્યું કે 'ધાર્યા કરતાં પાંચ સાત દિવસ મોડું થયું જોઇતારામ! જગન્નાથ નથી એટલે તમને ગોઠયું નહિ હોય. તબિયત તો સારી છેને?' જોઇતારામ બોલ્યો કે, 'તબિયત સારી છે ભાઈ. જરા જરા અણગમો લાગતો હતો. આપણા સિપાઇઓ વગેરે બધા બહુ સારા માણસ છે. મને બોલી આવડે નહિ એટલે વાતચીત કરવાની ગમ્મત પડે નહિ.' 'હજુ તમને આ લોક સાથે વાત કરતાં

ફાવતું નથી અને આ તો મારી સાથે ગુજરાતીમાં વાત કરે છે !' વીરેન્દ્રે કહ્યું. હવે સારૂં લગાડવાનો પ્રસંગ મળી આવ્યાથી જોઇતો હસીને બોલ્યો કે ' એ તો જગન્નાથ મહારાજ કહેતો હતો તેમ, સરસ્વતીનો અવતાર છે ભાઈ ! આજે મારી સાથે ગુજરાતીમાંજ વાત કરી. ટૂઈ–મેનાની પેઠ રૂપાળું વહાલું લાગે એવું બોલે છે. એમના બોલ ઉપરથી મેં તો ક્યારનુંએ એમનું નામ પાડી દીધું છે.' તે હોંસભેર બોલતો હતો તેથી ખુશ થઈ વીરેન્દ્રે પૂછ્યું કે ' શું નામ પાડયું છે ? કહો તો ખરા !'

' મેના ' ' મેનાભાભી. ' નવીભાભી નામ તો આપણા ઘરમાં છે. નવીભાભી કહેવું ઠીક નથી લાગતું. મજેનું મેના જેવું રળિયાત થઇએ એવું મીઠું બોલે છે માટે મેનાભાભી. ' તે આમ કહી હસ્યો એટલામાં મેરી આવી તેની સામું જોઇ વીરેન્દ્રે ગુજરાતીમાંજ કહ્યું કે, ' જોઇતારામે તમારૂં નામ પાડયું છે ને તેજ નામે હવે તમને બોલાવશે, એ નામ બધે ચાલશે. ' મેરી ગાલમાં હસીને બોલી કે ' જોઇતારામ ચા લઇ આવ્યા છે, અંદર પધારોને ?'

' ચાલો ' એમ કહી વીરેન્દ્ર અંદર આવી ખુરસી ઉપર બેઠો. બ્રાહ્મણે બે પ્યાલા ભર્યા એટલે તેણે કહ્યું કે ' જોઇતારામ, હવે જાઓ તમે પણ ચા પીઆવો. ' જોઇતારામને મેરી આગળ સારૂ લાગે એવી વાતચીત ચલાવવી હતી પણ બ્રાહ્મણને લઇ બહાર છજામાં જવું પડયું. ચા પિવાઇ રહેતાં બ્રાહ્મણ પ્યાલા લઇ ગયો. તે બેઉ ગયા પછી વીરેન્દ્ર હસીને બોલ્યો કે ' જોયું, અમારો પટેલિયો કેવો સમજું, ડહાયો અને સમયાનુસાર થઇ જનારો માણસ છે. મને એમ લાગતું હતું કે, આપણા સંબંધથી પહેલવહેલો તો એજ ચિઢાશે, પણ નહિ ખરેખર ડહાયો છે.' મેરીએ કહ્યું કે ' જોઈતારામ તો બહુ ભલો માણસ છે. પહેલાં પણ મારે માટે બહુ લાગણી રાખતો હતો જગન્નાથે મારે માટે તો કાળજી રાખતા હતા. આપના–આપણા નોકરો તો ખરેખર બહુજ ભલા માણસ છે. જોઇતારામ ચિઢાયાતો નથી પણ હું આવી ત્યારે આવ્યા અને ખાવા ગયા તે બપોરે તો જણાયાજ નહિ. આપ પધાર્યા

ત્યારે હમણાંજ આવ્યા.'

'તમે એકલાં એટલે અદબને લીધે તે નહિ આવેલો. સ્થિત્યંતરને લીધે જરા શરમાયને! તે વેળાનાં તમે અને આ વેળાનાં તમે જુદાં? તે વેળાએ તમે 'મેરી' હતાં ને અત્યારે માનવંતાં 'મેનાભાભી' છો. વીરેન્દ્રે હાથ દાબી વહાલ કર્યું. મેના શું? તમે જાણો છો?'

'કેમ નહિ! પોપટની માદા.' વીરેન્દ્ર હસીને બોલ્યો કે 'નહિ. મેનાપોપટ સાહિત્યમાં નરમાદાની રીતે લેખાય છે પણ તે બન્ને એક બીજાથી તદ્દન જુદી જુદી જાતનાં પંખી છે.' મેરી પોતાના અજ્ઞાન માટે શરમાઈ જરા ખિન્ન જણાઇ, એટલે તેણે ખુલાસો કર્યો કે 'તમારી ભૂલ નથી. સૌ એમ સમજે છે ને માને છે. એમાં તમારા ગુજરાતી જ્ઞાનનો દોષ નથી. એવું કહેવાયજ છે. પંખીની જાતોનો વિચાર કરીએ તો તેમ નથીઃ મેના બહુ મીઠી બોલી બોલે છે અને જોઈતારામ તમારી વાણીને તેના જેવી ગણી તમને 'મેના' નામ આપે છે. મજેનું નામ છે, મને તો ગમ્યું.'

'ત્યારે બસ.' મેરી શૃંગારલજ્જા કરી આડું જોઈ ગાલમાં હસી, એટલામાં જોઇતારામ આવ્યો. વીરેન્દ્ર તેની તરફ ફરી બોલ્યો કે 'જોઇતારામ! હવે આમને આપણું બધું ગુજરાતીપણું શીખવાડજો.'

'બૈરાં તો જેવી સાસરી તેવાં સહેજે થઇ જાય. શીખવાડવા જેવું શું છે? પોષાક તો આપણો ને અહિંનો લગભગ એક સરખોજ છે. જરા ફેરફાર છે તે તરત આવડી જશે.'

'આવડે, પણ તોય તમારે આપણી રીતભાતો વગેરે બતાવતા રહેવું. એમને હું બે મહીના મુંબાઇ મોકલવા ધારૂં છું.'

'બસ છે ત્યારે. ગજરાભાભીના શિક્ષણમાં પછી કંઇ કહેવુંજ પડશે નહિ. આપણા લોકની વચ્ચે રહેશે અને ગજરાભાભી બધું બતાવશે, એટલે તો ભાઇ સોનું ને સુગંધ! નવીભાભી અને મંજુ બહેન તો ખુશ ખુશ થઇ જશે. મોટાંબા ચિઢાશે, પણ મોટા ભાઇને તો કંઇ નહિ.'

'કોઇને ચિઢાવાનું કંઈ કારણ નથી. હું મને પાલવતું હોય તેમ કરૂં, તમે તમને પાલવતું હોય તેમ કરો, તેમાં આપણી વચ્ચે ભેદ પડવાનું શું કારણ? તમે ને એ લોકો સાથે સાથે જમતાં નથી, તોપણ તમારો ને એમનો સ્નેહસંબંધ અને વ્યવહાર ચાલે છે, તો પછી અમારી સાથે એમને ભેદ રાખવાનું કારણ શું? અમે કોઇની જરાએ અંગત લાગણી દુખવવા માગતાં નથી. અમે સૌનો સ્નેહ ને સહવાસ ઇચ્છીએ છીએ. વાણિયા કણબી જેવા મિત્રો ને ઓળખીતા સ્નેહીઓ સાથે જેવો સંબંધ રખાય છે, તેવો સંબંધ રાખવાને એ તેઓ નહિ કબુલ થાય?' વીરેન્દ્રે વાત ચલાવવા માંડી.

'શા માટે એવું બોલો છો ભાઇ! ભાઈ ભાઇનો સંબંધ કંઈ ટળે છે? એ તો આપણા લોકનો અમસ્તો મમત છે. ભાણે ભાણું અડકાડીને ખાધામાંજ કંઈ સ્નેહ છે? એવી તો આપ ચિંતાજ કરશો નહિ. મોટાંબા વગેરે સૌ મેનાભાભીને જોઇ ખુશ થશે. આવું સારૂં ભણેલાંગણેલાં અને ડહાયાં–વિવેકી માણસને કોણ ચહાય નહિ? એટલું ખરૂં કે, આપણામાં સોજ જોઇએ.'

'એ તમારે શીખવાડવું. આ બહુ હોંસીલી અને દુશ્મનમાંએ ભળી જાય એવી છે. એનો પરિચય તો મારા કરતાં તમને વધારે છે. વડીલોની સેવા કરવી, તેમની આમન્યા રાખવી અને ગમે તેવું દુઃખ સહીને પણ તેમને રાજી રાખવાં તે આ બહુ સારૂં સમજે છે.'

'અમારા પરિચયની તો ભાઈ શી વાત કહું? હું ને જગન્નાથ, બેઉ જણ હરહમેશ એમના સંબંધી વાતો કર્યા કરતા હતા. અમને તો આમનામાં અલૌકિક ગુણ જણાયા છે. એમનો વનો વેરીનેએ વશ કરે એવો છે. હું વખાણ કરૂં તો તમને ખુશામત જેવું લાગે, એટલે વધારે શું કહું? વહુ તો ઓરડો શોભાવે એવાં મજેનાં છે. મોટાંબા આમના વિવેક આગળ પાણી પાણી થઇ જશે અને તે રીઝયાં તો પછી બીજાની આપણે શી જરૂર છે?'

'નહિ, સૌની આપણે જરૂર છે. સૌ સાથે વિવેકથી માયાળુ-

પણે વર્તવું અને સૌને આપણાં કરી લેવાં. મેં આમને એ બધ
વાત સમજાવી છે. તમે જોશો જોઈતારામ કે, કશી વાતે કોઇને કાં
કહેવું પડે એવું થશે નહિ. મંજુબહેન અને ઇશ્વરરાયને ત્યારસોર
અહિં તેડાવીશું. રાયજી ડરે એવા નથી. બહેન રાંધશે અથવા ખપતે
રસોઇયો બોલાવી લઈશું.'

'અલબત્ત, પછી શું છે? હુંએ છુંને!' જોઈતારામે વગર કહે
નાતજાત આગળ સાક્ષીદાર તરીકે ઉભા રહેવાની હિમ્મત બતાવી કહ્
કે 'પછી શું છે? કોઇથી રાયજીનો વાંકો વાળ થઈ શકશે નહિ. મિત્ર
તથા સ્નેહીઓને ત્યાં જઇને આપણે રહીઆવીએ છીએ કે નહિ?

જોઇતારામ આગળ બોલવા જાય છે એટલામાં જમાદાર ઉપ
આવ્યો અને મેનાએ ઉભાં થઈ સામે જઈ તેના હાથમાંની રૂપાન
રકાબીમાંથી કાર્ડ લઇ વીરેન્દ્રને આપતાં ઇંગ્રેજીમાંજ કહ્યું કે 'Le
them wait down and dress yourself.' વીરેન્દ્ર ઉઠી
ડ્રેસિંગરૂમમાં ગયો અને મેનાએ જમાદારને હિંદીમાં કહ્યું કે 'તેમ
નીચે બેસાડો, સાહેબ આવે છે.' જોઈતારામ તમે પણ હવે રસો
જાઓ. થોડા વખતમાં હું પણ ત્યાં આવું છું.' આમ કહી ત
પોતાના ખંડમાં ગઇ.

પટેલિયો રસોડે આવ્યો અને પોતાની રીત પ્રમાણે બ્રાહ્મણુ
બધું અસલ માફક કરવા ને બતાવવા લાગ્યો. તેનું મન હજુ વિચારજ
કર્યાં કરતું હતું કે 'અહો! ઇશ્વર શું કરે છે?' તરણાનો મેરૂ ને
મેરૂનું તરણ! ભાઇ તો બિચારો ખુલ્લે મને વાત કરે છે, માત્ર મેના
ભાભી કંઇ બોલતાં નથી! ગંભીરાઇમાં અને ભારેખમપણામાં રહે છે
વિવેકી અને શીળી તો મૂળથીજ છે. ભાઇ કહે છે તેમ, વેરીનાએ
પેટમાં પેસી જાય એવી છે. મને તો એજ વિસ્મય લાગ્યા કરે છે કે
આનામાં આટલો બધો આ ફેરફાર શો થઇ ગયો? હતી તેજ નહિ!
પેલું વિસવાસીપણાનું તો રૂવુંએ નથી? ખરેખરી હિંદવાણી! બોલ
ચાલી, ઠાવકાઇ, રીતભાત, વિવેક અને આમન્યા સૌ હિંદુનું! આ બધુ

કોણે શીખવાડયું અને કેમ આવડયું ? અહિંના લોકનાં બૈરાંની રીતભાતો આપણે જોઈ નથી, પણ આપણા લોકનાં બૈરાંમાં તો જન્મારો કાઢયો છે. આપણાં બૈરાંના વર્તનમાં ને આમના વર્તનમાં સહેજ ફેર છે, પણ તે સમજાય તેવો નહિ. મુંબાઈ જશે અને ત્યાંનાં આપણાં ગુજરાતી બૈરાંમાં બે મહીના રહી આવશે તો તો, ઘરમાં કોઇથી એમ નહિ કહેવાય કે, પરદેશી પર નાતજાતની બાઇડી છે ! વળી બહેન અહિં આવશે અને એમના ભેગી થોડા દહાડા રહેશે, એટલે તો સગાંસાગવાં વગેરેની પણ સમજ પડી જશે. પછી અમદાવાદ આવશે, તોપણ કંઇ અતડી કે અજાણી લાગશે નહિ. પરગામની કન્યાઓ આવે છે, તે ક્યારે ઘરગામની રીતભાતો જાણે છે ? આપણે આ વાત કોની પાસે દેશમાં લખાવીએ. ભણેલા નથી તે પુણ ઠીક છે, નહિ તો ‘ રાંપીનો ઘા ’ આપણેજ થવું પડત. થયું તે જોયું અને થશે તે જોઈશું ! પણ નહિ ! કશુંએ થશે નહિ ? સૌ મારી પેઠ કરશે. ભાઇ ને બાઈ બેઉ ભાગ્યશાળી છે અને સારૂંજ થશે. ’

મખમલની સપાટો પહેરી તથા સાલ ઓઢીને નરી હિંદવાણીની ઢબછબમાં મેના રસોડામાં આવી જોઇતારામને સંબોધી ધીરેથી ગુજરાતીમાંજ બોલી કે, ‘ જોઇતારામ, જગન્નાથની પાસે જેમ રસોઈ કરાવતા અને રસોડાની વ્યવસ્થા રાખતા તેવીજ બધી ગોઠવણ કરાવજો. ’

‘ મને હવે કશું કહેવું પડશે નહિ. તમે ન હતાં ત્યારે આ બ્રાહ્મણ મારી આગળ આઠ દહાડા રસોઈ કરી ગયો છે. જગન્નાથ હતા ત્યારે જેવી ગોઠવણ રાખતા તેવીજ આ બ્રાહ્મણ આવ્યા પછી પણ રાખીએ છીએ. સવારી દરમિયાન ગમે તેમ થતું હોય, પણ અહિં તો હું અમારી રીતેજ બધું કરાવીશ. ભાઈસાહેબ અહિં જમવા આવશેને ?’

‘ અલબત્ત, અહિંજ આવશે. મને એમણે એવીજ સૂચના આપેલી છે. બહારની વાત બહાર, આ તો ઘર, અને ઘરના વડા તમે. ’ મેના હસી.

'ઘરનાં વડાં તો આપ. આપની ફરજ અત્યાર લગી હું બજાવતો હતો, હવે આપે તે બજાવવાની છે.'

'પણ તમારે મને શીખવવું જોઇશે' મેનાએ લાડકી વાણીમાં બોલતાં ચલાવ્યું કે 'એ કહે છે કે, જોઇતારામને પૂછીને બધું કરવું, અને હું મારી તરફથી પણ તમને એટલી વિનંતિ કરૂં છું કે, મારી ફરજ હું બજાવી લેઉં એવી તમારે મને શિક્ષા આપવી. મંજુબ્હેન કે બીજું કોઇ આવે ત્યારે, હું અજાણી ને અણઘડ ન જણાઉં, એટલી તમારે કાળજી રાખવી જોઇશે. એમણે મને પોતાની કરી લીધી તો તમારે મારા ઉપર એટલી મહેરબાની કરવી.'

તેના મીઠા વિવેક અને નરમાશથી ભરેલા શબ્દો સાંભળી તે ખુશ ખુશ થઇ ગયો અને બેવડી હોંશથી બોલ્યો કે 'મેનાભાભી! એમ શું બોલો છો? હું તમને શું શીખવાડી શકું? તમે બૈરાં તો સહેજ વારમાં સૌ સમજી જાઓ. વહુ તો હમેશ પરગામની અને પારકા ઘરનીજ હોય? દરેક કુટુંબની ઝીણી ઝીણી બાબતો એક બીજાથી જુદી હોય છે, છતાં સાસરે આવતાંને વાર વહુઓ તે શીખી જાય છે. ઘણી ખરી વહુઓ બાર તેર અને બહુ તો ચૌદ વર્ષની હોય છે અને તમે તો અઢાર વર્ષનાં છો! વળી ભણેલાં અને બધી બાબત સમજો એવાં ચતુર અને ચંચળ છો. હું જે ગોઠવણ કરૂં અને રસોઇયા પાસે જે જે પ્રમાણે કરાવું, તે બધું તમે બેઠાં બેઠાં જુઓ એટલે બસ. તમને બધુંએ આવડી જશે. આમાં શીખવાડવા જેવું કંઇ નથી. પોતાના માણસને પસંદ પડે એવું અને વ્યવહારમાં સારૂં દેખાય તેવું સૌ કરવું. મારા ભાઇ એવા છે કે, તેઓ તમને બધું સમજાવી પાવરધાં કરી દેશે.' તે હસ્યો.

'એમણે તો હાથ ઝાલ્યો તે શીખવાડશેસ્તો, તમે કાળજી દેખાડો અને શાબાશી અપાવો ત્યારે ખરૂં!' મેનાએ હસીને તેને ચઢાવ્યો.

'તે હવે તમે જોજો.' જોઇતારામ શાક સમારતાં સમારતાં

બોલ્યો કે 'મારાથી તમને કહેવાય તો નહિ, પણ જ્યારે તમે શીખવાનો આગ્રહ રાખો છો ત્યારે તો આ શાક સુધારવા લાગો.' તે તરતજ ખુરસી ઉપરથી ઉઠી ચટાઇ ઉપર નીચે બેઠી અને બોલી કે 'લાવો મને ચાકુ આપો. જુઓ હું કેવું સુધારૂં છું!' તેણે તેને બીજું ચાકુ લાવી આપતાં કહ્યું કે 'જુઓ ભજિયાં કરવાનાં હોવાથી આના આવા પાતળા પીતા પાડવાના છે.' મેનાએ તેના કરતાં વધારે બારીક પીતા કરવા માંડયા તે જોઇ તે ખુશી થઇ હસીને બોલ્યો કે 'જુઓ હું કહું છું, તે ખરૂંને? તમે મારા કરતાં પણ સારૂં સુધારો છો. સ્ત્રીઓ તો ઘરગતુ કામમાં કુદરતી રીતેજ ચતુર હોય!'

'આમાં વળી ચતુરાઇ શી?'

'ના, એમાં પણ આવડનું કામ છે. હવે રહેવા દો, ચાકુ નવું છે તે બેસી જાય તો ભાઇ મને ઠપકો દે!' પછી વાતને ફેરવી નાંખી વળી બોલ્યો કે 'બંગલા પર કોણ આવ્યું છે મેનાભાભી?'

'જોઇતારામ તમે મને આમ કહીને બોલાવો છો તેથી મારૂં હૃદય તો જાણે હરખથી ઉભરાઇ જાય છે. બંગલા પર એમની પાયરીનાં બે ઇંગ્રેજ અમલદાર આવ્યા છે.'

'તમે તેમને મળ્યાં?' મેનાએ કહ્યું કે 'નહિ. મારે ને એમને ઓળખાણ નથી. એ લોકમાં તો ઓળખાણ વગર મળાય નહિ.'

'ભાઇ તમારૂં ઓળખાણ ન આપત?' જોઇતારામે સાહેબ લોકને મળ્યામાં ધન્યભાગ્ય માનવાની આપણા લોકની ખુશામતિયા વૃત્તિ દેખાડી.'

'આપણે આપણા ભારમાં રહીએ—સ્વમાનમાં રહીએ તે સારૂં. તેમને મળવામાં હું કંઇ મોટું માન સમજતી નથી. આપણે આપણી રીતે રહીએ અને વિવેક બતાવવામાં મંદ ન રહીએ એટલે બસ. એ લોકની કેટલીક રીતભાતો મને ગમતી નથી.'

જોઇતારામ આ શબ્દો સાંભળી મનમાંજ બોલ્યો કે, 'હાં, સમજાયું. એ લોક તો વહાલમાં બચી લે. આમને તે પસંદ નહિ.

અલબત્ત નાજ હોયને ? એ શી બેઅદબી ! આ કોણે કહ્યું અને સમજાવ્યું ? એ તો કુદરત ! લોહીમાં હિંદુપણું છે તે આનું નામ !' તેણે અનુમાન કર્યું અને તેમાંથી સ્વાભાવિક હિંદુપણાનો પરિણામ ખેંચ્યો.

બંગલા પરનો જમાદાર બોલાવવા આવ્યાથી જોઇતારામ બંગલા પર ગયો. સાહેબલોક ગયા હતા અને વીરેન્દ્ર એકલો હતો તેથી તેણે કહ્યું કે, 'ભાઈ, મારાં મેનાભાભી રસોડે આવેલાં છે અને આપ પણ હવે ત્યાં ચાલો. રસોઈ તૈયાર થઇ જવા આવી છે.'

'જોઇતારામ, રસોડાનું બધું કામ અને વ્યવહાર જેમ આગળથી રખાયેલો છે તેમજ રાખજો.' વીરેન્દ્રે કહ્યું.

'ભાઇ, હું મારી વ્યવસ્થામાં ફેરફાર કે ગડબડ થવા દઇશ નહિ. એમને ઉપરનું બધુંજ બહારનું કામ બતાવીશ અને અલબત, એમને કરવું પણ શા માટે પડે ? એમને સમજાશે પણ નહિ તેમ હું બધું મારે સંભળાવા જેવું હશે તે સંભાળી લઇશ. પણ ભાઇ, આ બાબત કંઇક ખોજ કરજો. આપણે સૌ એમને જેવાં માનીએ છીએ તેવાં તો ખચીત નથીજ. ખરી વાત જણાય ને ચલાવી લેવા જેવું નીકળે તો બહુ સારૂં. હિંદુપણું અને તેએ ઉચી વર્ણનું છે, એવી આત્મા જાણે અંતરમાંથી સાખ પુરે છે, ત્યારે શા માટે તજવીજ ન કરવી ?'

'મેં એ સંબંધી તજવીજ કરી છે.'

'ત્યારે મને કહેવામાં શો વાંધો છે, કહોને ભાઇ ?' તેણે ઉત્સાહી લાગણીથી પૂછ્યું.

'જ્યાં એ મોટાં થયાં તે ખાતામાં તજવીજ કરતાં નિઃસંદેહ એટલું જાણવામાં આવ્યું છે કે, તે હિંદુ છે. એમના પર બચ્ચાં જેવો સ્નેહ રાખનાર સાહેબ અમેરિકા ગયો છે તેને મેં તે દહાડેજ—જે દહાડે તમારી પાસે મેં એને બોલાવરાવી અને તમે અમને ચા પાઇ—તે દહાડેજ એક પત્ર લખ્યો છે. તજવીજમાં એવું જણાયું છે કે, તે

સાહેબ બહુ સારી ડાયરી રાખતો હતો અને તેની ડાયરીમાંથી એમને માટે કંઇ કંઈ જાણવાનું મળી આવશે. વળી તારીખવાર અને ક્યાંથી કેવી રીતે તેને મળ્યાં વગેરે હકીકત પણ મળશે.'

'એનો જવાબ ક્યારે સારો આવશે?' તેણે આતુરતાથી પૂછ્યું, 'અને તમે આમને વાત કરી છે?'

'ના, એ બાબત પૂછતાં આ બિચારૂં ઉત્સાહ ભર્યું ખીલતું ગુલાબ કરમાઈ જાય છે, અને ઓશિયાળા જેવું દેખાય છે માટે એમને કંઇ જણાવવાનું નથી. હિંદુ છે, અને શરીર, વર્ણ, સ્વભાવ, વલણ અને મનોભાવ, બધું ઉંચી જાતનું હોય એવું લાગે છે અને તે કોઇથી પણ સમજાય તેવું છે તેથીજ મેં આ પગલું ભર્યું છે. મારા આ પગલાથી હું કોઇનું મન દુભવવા માગતો નથી. તેમ મને એટલી ઉમેદ છે કે, મારે એને મારા જેવી બનાવી દેવી.• જોઇતારામ, એ પણ મારા જેવી થઇ જવાને અથાગ શ્રમ લે છે. આખો દહાડો ને રાત ગુજરાતી પુસ્તકો ને છાપાં વાંચે છે. રાતના બાર વાગ્યા લગી દહાડે વાંચેલી બાબતોમાંના પ્રશ્નો પૂછીપૂછીને મારી પાસેથી સંસારનું, વ્યવહારનું, ઘરનું, સ્ત્રીઓની રીતભાતનું, વિવાહ, જનોઇ અને બીજાં સારાં માઠાં કારજોની વિગતોનું જ્ઞાન મેળવે છે. તમે સાંભળશો તો ખુશ થશો કે 'આપણાં કેટલાંક ગીત એણે મોઢે કરી નાંખ્યાં છે અને મારી આગળ જ્યારે તે ગાઇ બતાવે છે ત્યારે, મને જાણે ગુજરાતમાં આપણે ઘેર બેઠો હોઉ અને મંગળાભાભીજ જાણે ગાતાં ન હોય? એવો ભાસ થાય છે. આપણાં બૈરાં તો કેટલુંક ગાય પણ સમજે નહિ, એટલે કયો શબ્દ કેવા ભાવથી અને કેટલા ભારથી કેવી ધાંટીએ ગાવો તે જાણતાં નથી, અને આ તો અર્થ, ભાવ અને તેનો વ્યંગ જાણી તથા સમજીને તેવીજ ખૂબીદાર ઢબે ગાય છે.'

'પણ રાગ તો તમે બતાવ્યા હશેને?'

'અલબત, બતાવ્યા વગર કંઇ આવડે છે? બતાવેલા તેમજ સાથે ગાઇને શીખવેલા; પરંતુ શીખવાડવા છતાં પણ કેટલાંક બૈરાંને બરોબર નહિ સમજાયાથી ભાર દઇ ગાતાં આવડતા નથી અને આને

સમજાવ્યાથી આવડી જાય છે. વળી એ પોતે પણ તેમાં રસ લે છે અને મને ન આવડતો હોય એવો રાગ પણ બેસાડે છે. લગનનાં ગીતમાંથી લગનની રીતભાતો. સ્ત્રીઓનાં લગનમાંનાં વર્તન ને બીજી બધી નાની મોટી અને ઝીણી ઝીણી બાબતો હું વિવેચન કરી સમજાવું છુ. આ પ્રમાણે આટલા થોડા વખતમાં એને જે આવડયું છે તે મને ખાતરી આપે છે કે, એનો જીવ હિંદુ હોઇ–મારી સાથે મારાપણામાં એકાકાર થઇ જતાં વાર લાગશે નહિ. મુંબાઈથી મેં થોડાં ઘરેણાંગાંઠાં ને લુગડાંલત્તાં પણ મગાવ્યાં છે.'

'ભાઈ, ગઈ કાલેજ એક પારસલ આવ્યું છે. તે કદાપિ એજ હશે. મેં આપના પોષાકવાળા ઓરડામાં મુકાવ્યું છે.' જોઇતારામે કહ્યું.

'વારૂ, ચાલો હવે, જમવાનો વખત થયો હશે.'

'હા, હું જાઉં છું અને આપ આવો.' આમ કહી તે રસોડે ગયો.

પ્રકરણ ૧૬ મું.

ઉભી રહે રહે જંગાલનું ટપકું, કરૂં તારે ગાલે રે;
મારી ગોરી ગુલાબી નાર, નજર નવ લાગે રે.

કા. પી.

રસોડેથી આવી વીરેન્દ્રરાવ તેનું કામ લઇને ટેબલ પર બેઠો. જમ્યા પછી બહુ વાર લગી જોઇતારામ સાથે ઘર ગામ અને સગાં વહાલાં સંબંધી વાતચીત કરી તથા ઘણીક જાણવા જેવી બાબતો જાણી, બંગલે આવીને મેના ખાનગી–અંતઃપુરમાં ગઇ. ચંચળ અને હોંસીલી વહુઓની જોઈતારામે કહેલી વાતો સાંભળી તેનું મન પણ તેવાંજ હોંસીલાં અને વર તથા ઘરના રમકડારૂપ થઈ જવાની હોંસીલી ઉતાવળ કરવા લાગ્યું. તે સોફામાં બેઠે બેઠે પોતાના જીવ સાથે વાતો કરતાં કરતાં મનમાંજ બોલી કે 'અહિં અને કલકત્તે, બાણુ લોકનાં ઘર અને સંસાર જોયાં. હિંદુસ્તાની, બિહારી, અયોધ્યા ને કાશીવાસી લોકના સંસારના રીતરિવાજ જોયા, પરંતુ આ લોકનો–

ગુજરાતનો સંસાર તો, મને બહુ–બહુજ રમણીય લાગે છે. મુંબાઇના વૈભવને માટે બાણુઓનાં ઘરોમાં વાતો થાય છે, તે ખરીજ ખરી. એ લોકની તરફ મારો આટલો બધો ભાવ અને પક્ષપાત કેમ વારૂં ? અંતર મને વારંવાર આનો એવો ઉત્તર આપે છે કે, હું ત્યાંની છું. ગુજરાતનું ગૌરવ આજકાલનું નથી. બિહારનું રાજ્ય બીજી કોઈ પણ દિશા કરતાં ગુજરાત તરફ વધારે લંબાયેલું હતું. બિહારી સુબાઓ જુનાગઢમાં રહેતા હતા. સોરઠની સ્ત્રીઓની વાણીનાં જુનામાં જુના સાહિત્યમાં વખાણ છે. સ્ત્રીઓનો વેષ પણ ગુજરાતનો વખણાય છે. જોઇતારામ કહે છે તેમ, ગુજરાતમાં સ્ત્રીઓને વળી કેટલી બધી છૂટ ! અહિંના જેવું કેદખાનું નહિ. યુરોપિયન સ્ત્રીઓની માફકજ હરવા ફરવાનું ! કહે છે કે, વડીલોની લાજ કાઢવાની, પણ એમાં શું ? એથી કંઇ બહારની દુંનિયાં સામે કાળો પડદો છે ? લાજ મર્યાદા એ તો સ્ત્રીનું ભૂષણ છે.' આ પ્રમાણે આનંદભેર તે ઉત્તેજક વિચાર કરી રહેલી છે એટલામાં ઉતાવળો ઉતાવળો જોઈતારામ 'મેનાભાભી,' એમ કહી અંદર આવ્યો અને બોલ્યો કે 'વાતમાં ને વાતમાં, ભાઇને કહ્યા છતાં, મુંબાઈથી આવેલુ પેલું પારસલ ખોલવા કહેવાનું તો હું ભૂલીજ ગયો.' તેણે બાજુએ મૂકેલું પારસલ લાવી મેનાની સામે મૂક્યું અને તેના સામું જોઇ બોલ્યો કે 'કેમ ભાભી ! ભાઇને પૂછવું છે કે ઉઘાડું ?'

'ઉઘાડોને. લાવો આપણે જોઇએ.' તે સોફા ઉપરથી નીચે બેસી દોરીના બંધ છોડવવા લાગી.

જોઇતો ઉતાવળિયો હોઇ ચાકુ લઇ આવ્યો અને ટપોટપ બંધ કાપી નાંખી પારસલ ઉઘાડયું. પારસલમાંનું કાગળ વિંટેલું ઉપલું પેકેટ લઇ તે પાછી સોફા ઉપર બેઠી ને તેનો દોરો છોડવા લાગી, એટલામાં જોઈતારામે–'જુઓ ભાભી ! આ જુદી જુદી જાતના સાલ્લા–છાયલો, આ ચણિયા, આ ચોળીઓ અને આ બહાર જવાની રેશમી સાડીઓ ને રસોડે પહેરવાનાં રેશમી પોત.' મેના તે જોતી ગઇ અને પેલું પેકેટ છોડતી ગઈ. તેમાંથી રૂમાલ, મોળિયાં, પીનો અને કોરો વગેરે નીકળ્યું.

જોષતારામને તે દેખાડયું એટલામાં તેણે કપડાંની વચ્ચેથી બીજું પૅકેટ કાઢી ઉકેલ્યું. તેમાંથી લીલી ને લાલ ઝીણી હાથીદાંતની અને કાચની બંગડીઓ અને બીજો કેટલોક ઝીણો સરસામાન નીકળ્યો. જોષતારામે તે સૌ છૂટું છૂટું કરી મેનાને સમજાવી સમજાવી તેની પાસેજ સોફા ઉપર ગોઠવ્યું, દરમિયાન દસ થવાથી વીરેન્દ્રરાવ દિવાનખાનામાંથી ઉઠી અંદર આવ્યો. 'આજ તે પારસલ કે જોષતારામ?'

'હા ભાઇ, તેજ.'

'વારૂ. ત્યારે હવે પેલી ચામડાની ઑફિસબેગ લઇ આવો.'

મેનાએ ઉભાં થઇ તે લેવા જતાં કહ્યું કે 'એ તો તમે સંભાળીને મૂકવાનું કહ્યાથી મેંજ પેલા કબાટમાં મૂકી છે. રહો હું લઇ આવું?' આમ કહી બીજા ખંડમાં જઇ તે બેગ લઇ આવી.

ખીસામાંથી ચાવી કાઢી ઉઘાડી તેમાંથી એક લોખંડનો દાબડો કાઢી, મેનાને આપતાં તેણે કહ્યું કે 'આ દાગીનાનો દાબલો. વીમો ઉતરાવી મોકલ્યાથી આજે બપોરેજ મને મળ્યો હતો. મેનાએ હોંશભેર તે ઉઘાડ્યો. તેમાંથી તેજદાર ઓપવાળી નાજુક બંગડીઓના બે સટ ને હમેશ ગળામાં રહે એવી ચાર પાંચ સેરની કંઠી, વિંટી, મોતીનાં લવિંગિયાં અને માણેકનાં એરિંગ વગેરે નાના અને નાજુક દાગીના નીકળ્યા. મેના બહુજ આનંદમાં આવી ગઇ, અને 'જોષતારામ હવે ક્યારે જાય?' એમ તેનું મન વરધેઘાઇ કરવાની ઉતાવળ કરવા લાગ્યું. વીરેન્દ્રે શાંત મને તેને તે બધું સારી રીતે જોવા દીધું. ખુશી થઈ તે પછી બોલ્યો કે 'કાલે સવારે મેનાભાભી હવે ખરેખરાં ગુજરાતી વહુ બની જશે.' મેના આડું જોઇને હસી પણ કંઇ બોલી નહિ. 'જોષતારામ અમસ્તો શા માટે હવે ઉભો રહ્યો છે?' એવા ભાવે વીરેન્દ્ર પણ 'હશે, મૂકી દો' એમ કહી ઉભો થયો એટલે, વહુવરનું મન સમજી જઇ 'લો, મોડું થયું, હુંએ જાઉં મેનાભાભી,' એમ કહી તે ત્યાંથી ચાલી નીકળ્યો.

વીરેન્દ્ર તેની પાછળ જઇ જમાદારને બંગલો બંધ કરવાનું

કહી પાછો આવ્યો એટલામાં મેનાએ બંગડીઓ અને વિંટી પહેરી લીધાં. તે અંદર આવ્યો એટલે હસીને બોલી કે 'તમારાં ગજરાભાભી ખરાં! વાહ! જેવું જોઇતું હતું તેવુંજ બધું બરોબર 'ફીટ' મોકલી આપ્યું. જુઓ બંગડીઓ ને વિંટી કેવાં આવી રહ્યાં?' 'વાહ મજેનાં' આમ કહી તેનો હાથ લઈ પોંચા ઉપર તેણે વહાલ ભર્યું ચુંબન લીધું અને બોલ્યો કે 'જોઈતારામ તો 'સવારે ગુજરાતી વહુ થઇ જવાનાં' એવું કહેતો હતો અને તમે તો અત્યારેજ થઇ ગયાં.' તેના મોંઢા ઉપર હસીને હાથ દઇ મેના બોલી કે 'એવું તેવું બોલી મને હવે શરમાવો નહિ.'

'નહિ, હું તમને શરમાવતો નથી, વળી અહિં હવે શરમાવાનું શું? અંતઃપુરમાં તો અભેદ હોય! લાવ હું તને શણગારૂં?' આમ કહી વીરેન્દ્રે માણેકનાં એરિંગ હાથમાં લીધાં એટલે મેના બોલી કે 'આ તો તમે મને તે દિવસે પેલી કવિતા વંચાવી હતી તેવું કરવા માંડયું!' 'કયી?' વીરેન્દ્રે વહાલથી પૂછ્યું.

'પેલી, રાધાને કૃષ્ણ શણગારતા હતા તે.' મેના નીચું જોઇ હસી.

'તુંએ મારી રાધા છેને? પણ રાધા તો ઘેલીમાં ગણાય છે.'

'હુંએ તેવીજ, ઘેલી.'

'અને તેથીજ હું તને ઘેલીને, શણગાર સજતાં આવડે નહિ માટે કહું છું કે 'લાવ હું તને શણગારૂં?' આમ કહી તેણે તેને કાને એરિંગ પહેરાવ્યાં.

'બસ, હવે મને કપડાં પહેરી આવવા દો' ચણિયો ને સાડી લઈ તે પડદાવાળા શયનગૃહમાં ગઇ. તે પહેરી થોડીવારે પરાણે પરાણે હસી હસી જતા મુખને ઠેકાણે રાખી બહાર ચોળી-પોલકા લેવાને આવી. તેને સંકોરાતી ને લજવાતી નીચી નમી સોફા ઉપરથી તે લેવા જતાં ભુજાંતરમાં ભીડી દઇ વીરેન્દ્ર બોલ્યો કે-

"તું મુગ્ધાક્ષિ! વિનાજ કંચુક-બહુ, લાગે રૂપાળી મને."

કૃત્રિમ ગુસ્સાથી હસી હસી જતે મોંએ તે બોલી કે 'ખસો,

આમજ શણુગાર સજાતા હશે કે ?' પોલકું લઇ તે પાછી અંદર ગઇ અને તે પહેરી, ઠીકઠાક થઈ ગંભીર ચહેરો રાખી પાછી આવીને વીરેન્દ્ર પાસે બેઠી. થોડીવાર તે કંઇ બોલ્યો નહિ એટલે 'રખેને રિસાયા હોય ?' એવું મનમાં આણી બોલી કે 'કેમ કંઇ બોલતા નથી ? મને સાડી પહેરતાં આવડી છે કે નહિ ?'

'નહિ, બરોબર નહિ.'

'ત્યારે બતાવો.' નીચું જોઇ હસી ઉભી થઇને 'ત્યારે પહેરાવો ?'

વીરેન્દ્રે બતાવ્યું અને મદદ કરી તેમ તેણે પછી બરોબર સાડી પહેરી એટલે તે બોલ્યો કે 'બસ, હવે બરોબર છે. આ પ્રમાણે હમેશ પહેરવું. અમારો ગુજરાતી પોષાક આમજ પહેરાય છે. હવે જુઓ તખતામાં.' તખતામાં જોઇ હસીને તેણે કહ્યું કે 'તમારાં નેત્રનો તખતો તેજ મારો તો તખતો ! આ તખતો તો અવળું દેખાડે ? મને પોતાને લાગે છે કે, મંગળાભાભીના જેવુંજ બરોબર પહેરાયું છે.'

'તમારાથી મંગળાભાભી નહિ પણ 'ભાભીજી' કહેવાય. કેમ ભૂલી જાઓ છો ? વળી વડીલો હોય ત્યારે તો આથી જરા વધારે આઘું ઓઢવું પડે.' આમ કહી તેણે પોતેજ સાડી નાક ઉપર પડી રહે એટલી આગળ તાણી, તથા તેનો હાથ લઈ બે આંગળી વચ્ચે સાડીની કોર પકડાવી લાજ કાઢતાં શીખવ્યું. મેના તો પોતાનું સ્વરૂપ તખતામાં જોઇજ રહી. આનંદના અતિરેકમાં કંઈ બોલી શકી નહિ. વીરેન્દ્ર તેને તખતામાં એમને એમ જોતી ઉભી રહેવા દઇ સોફા ઉપર જઈ બેઠો. વહાલ, મોહ અને ઉત્સાહથી લાંબી નજરે તેની તરફ જોતાં જોતાં તે મનમાં હરખાવા લાગ્યો કે 'ના ના, કોઇ રીતે કોઇને અતડું લાગે એવું નથી. કપડાં અને દાગીના સૌ આને બરોબર ખલે છે. આમની આમ અહિંથી ઉપાડીને મારી અમદાવાદની મેડીમાં મૂકી દીધી હોય તો ત્યાં લગારે વિજાતીય નવતર લાગે નહિ. અને હજી શું છે ? બે મહીના મુંબાઈ રહી આવશે અને ગજરાભાભીના હાથ નીચે ત્યાંની બધી ઘરગતુ રીતભાતો, બોલીચાલી અને

વ્યવહાર જોઇ આવશે એટલે તો જરાય પરદેશીપણું રહેશે નહિ. સાહસ તો બહુ મોટું છે પણ નહિ? આ હોંસીલું રૂપાળું રમકડું, સાહસને ફતેહમાં ઉતારી શાબાશીજ અપાવશે. આ જરાય અતડી કે જુદી પડે નહિ અને ખરેખરી ગુજરાતણમાં ખપી જાય, તો પછી સહભોજનનો વ્યવહાર કદાપિ ન રહે તોપણ શું? સ્નેહસંબંધવાળા પરનાતીના મિત્ર જેવા સંવ્યવહારમાંથી કોઇ કાઢી નાંખનાર છે? લોકો જે કહેશે તે પ્રાયશ્ચિત્ત કરીશું અને આબાદ ગુજરાતી રીતે રહીશું, પછી શું છે? શું હજી એવો વખત નથી આવ્યો, કે જ્યારે સગાં નાતીલાં અને મિત્રો પોતાના કહેવાતા વિલાયતી સ્નેહીને ભોજન સિવાયના સર્વ વ્યવહારમાં સામેલ રાખે નહિ? ના, એ વખત હવે આવ્યોજ છે: કેળવણીએ ખરૂં અને સારૂં શું? તેની સૌ લોકને સમજ પાડી છે. અજ્ઞાનો સમજણથી નહિ તો થાકીને—માથાઝીક કરીને હવે શાંત પડ્યા છે. આંખ આડાં કાન કરી લોક હવે ઘણી છૂટ આપવા લાગ્યા છે. લોકને તુચ્છકારી તેમનાથી અળગું રહેવું નહિ, પણ તેમને સમજાવી તથા મનાવી આપણી ભેગા લઇ આપણે તેમની સાથે રહી, સુખ—સંસારનું સુખ લેવું. સમાજમાં શોભા ને સુખ એક છે.'

વીરેન્દ્ર સોફા ઉપર જઇને બેઠા પછી મેનાગારી તખતામાં પોષાક જોઇ અંદરના ખંડમાં ગઇ. કંગનો લઈ ડ્રેસિંગટેબલ સામે ઉભી રહી તે વાળ હોળવા લાગી. તેને પણ પોતાના આવા રમણીય સ્થિત્યંતરને માટે આનંદના ઉભરામાં મોજમઝાના અને 'હુંએ ગુજરાતી, એમની જાતિની અને દેશની નીકળું તો કેવું સારૂં? અને જેવી એમના હૃદયની ઇશ્વરી થઈ છું તેવીજ એમના ઘરમાં કુટુંબમાંનાં સૌને વહાલી અને માનિતી થાઉં તો કેવું?' એવા ઉમંગકાના વિચારો આવવા માંડ્યા. પોતે પોતાના રૂપને પોતાના પોષાકને અને પોતાના સૌભાગ્યને ધન્યવાદ આપતાં પણ વળી વળીને શંકા કરતા મનને જાણે એમ કહેવા લાગી કે 'મન! તું શા માટે વારંવાર અસ્વીકારનો ભય આણે છે? આમણે તને સ્વીકારી પોતાની હૃદયેશ્વરી બનાવી તેમાં તો હવે કંઇ શક નથીને? જાણીતા મિત્રો અને એમનાં કુટુંબીઓ

અમો બેઉનો સ્વીકાર કરશે કે નહિ ? તેજ માત્ર ભય હોય તો હોય ! એ ભયથી ડરવાનું કંઇ કારણ નથી ? ના ના ! એ ભય પણ મોટો ! અને તેનાથી ડરાય એ પણ ખરૂં ! અમે બે એકલાંજ. અમારે બીજાના આશ્રયની જરૂર પડે ને પડેજ. સ્નેહીઓ અને કુટુંબીઓના સંમેલમાં સુખ રહેલું છે. એકલાંને શું સુખ ? સમવાયમાંજ સુખ છે. જોઇતારામ જેવો ચાકર માણસ 'મેનાભાભી, ને ભાભી !' એવું કહીને માનથી બોલાવે છે એટલામાં આટલો આનંદ, સતોષ અને ઉત્સાહ ઉત્પન્ન થાય છે તો પછી મંજુબ્હેન 'ભાભી' કહીને બોલાવે અને એ કહેતા હતા તેમ, મોટાંબા 'વહુ' કહીને હૃદયના ઉમળકાથી સંબોધે ત્યારે હૃદય કેવું ઉછળે ? ઓહો ! એમણે જે વંચાવ્યું અને સમજાવ્યું તેમાં કેવા લલિત અને હૃદયને ઉછાળનારા સંસારી ભાવો અને લહાવાઓ છે ! એવા લહાવાઓ તો કુટુંબીઓ—વડીલો, અને સ્નેહી—મિત્રો વગેરેના સંમેલમાંજ લેવાય ? એકલાં સ્ત્રીપુરૂષ શા લહાવા લઈ શકે ? એ તો અંતઃપુરનાં વિશ્રંભ ક્રીડનો ! એવી મોજ તો પ્રાણી માત્ર યૌવનમાં માણે, એમાં શું ? મનને બહલાવનાર, સુખના અહંભાવવાળો આનંદ એજ ખરો. એ સિવાય બીજું બધું તો સર્વ સાધારણ કહેવાય ? ત્યારે શું એ વિચારરમણીય સાંસારિક લહાવા લેવાને હું ભાગ્યશાળી નહિ થાઉં ? મારી પોતાની ખામી—અનાવડથી હું એ લહાવા નહિ લઈ શકું ? ના ના, એમ કેમ બને ? હું એવી મહેનત, એવી ખંત અને એવી કાળજી રાખીને એ બધું શીખીશ કે, તેઓ મને 'હું તેમનામાંની નથી' એવું સ્વપ્ને પણ માની શકે નહિ. મારૂં મન મને તેમનામાંની કહે છે અને તેમના જેવી થવામાં—તેમનાં મન જીતી લેવામાં હું શું પછાત પડીશ ? કદી નહિ. કટ્ટુ દુશ્મન હશે તેને પણ હું મેળવી લઇશ. મોટાંબા આકરાં છે, એમ આ કહે છે પણ એમના ઉપર પુત્રભાવ રાખે છે તો પછી હું એવી કેવી હોઉં, કે મારી ઉપર વધૂભાવ ન રાખે ? મંજુબ્હેન મારી નણંદ—કહે છે કે બહુ સ્નેહાળ, મોજી અને બંધુવત્સલ છે તો પછી હું તેમને ભાભીવત્સલ કેમ નહિ બનાવી શકું ? અરે ! એમાં શું ? મને મુંબાઇ

જવા દોને ! ગજરાભાભીનું અને સૌનું મન ખુશખુશ કરી નાંખીશ. ગુજરાતી ઘરની એવી રઢિયાળી–હોંસીલી વહુ બની જઇશ કે આ પોતે પણ કદી એમ વિચારી શકે નહિ કે, તેઓ અહિંની સ્ત્રી–અરે કન્યા સાથે ગાંધર્વવિવાહે પરણેલાં છે ? ' ગુજરાતણ–આબાદ ગુજરાતણ બની જવાના આવા ઉત્સાહી ને ઉત્તેજક વિચારમાં ને વિચારમાં લાંબો મજેનો–કાળો ભમ્મર જેવો ચોટલો હોળતાં હોળતાં તે આનંદમાં તરવા લાગી એટલામાં વીરેન્દ્રરાવ અંદર આવ્યો ને બોલ્યો કે ' હું સહેજ વિચારમાં બેઠો ને કેટલીએવાર તમારી રાહ જોઇ પણ તમે તો બહાર આવ્યાંજ નહિને ! શો વિચાર કરતાં હતાં ? '

મેના તેની સામે ફરી જઈ આનંદથી ઉછળતે હૃદયે બોલી કે ' કહો હવે મને કયારે મુંબાઇ મોકલો છો ? ગજરાભાભીનો અથવા કેસુભાઇનો કાગળ આવ્યો છે કે નહિ ? '.

' ગજરાભાભીનો કાગળ તો તે દિવસે મેં તમને બતાવ્યો હતો. હમણાં દાગીનાના પારસલ બરોબર કેશવચંદ્રનો કાગળ છે તેમાં તે લખે છે કે, જ્યારે તમને અનુકૂળ હોય ત્યારે મોકલજો–ગાડીએ બેસાડયા પછી તાર કરજો. વાડીલાલની મોટાર લઇને હું બોરિબંદર ઉપર સામો આવીશ. '

મેનાએ પૂછયું કે ' વાડીલાલ સંબંધી તમે તે દિવસે મને કંઈક કહેતા હતા પણ મારૂં તે તરફ ધ્યાન ન હતું. એમનું મને ઓળખાણ આપોને ? '

' જો હું કહું છુંને કે–રાધાઘેલી ! ખરેખર ઘેલીજ ! '

' હા હા, જાઓ ઘેલી. ' તેણે લાડતાં લાડતાં મસ્તક વીરેન્દ્રના ખભા પર નાંખી દઇ કહ્યું કે ' ઘેલીને એટલું ફરીને સમજાવો ?'

' વાડીલાલ અમદાવાદનો વાણિયો મારો મિત્ર છે. તેની સ્ત્રીનું નામ ચંપા છે ને તેને એક છોકરો ને એક છોકરી છે. તે મુંબાઇમાં રહે છે ને વેપાર કરે છે. મારા બાપાજીના નામની અમદાવાદમાં આપણી શરાફી પેઢી ચાલે છે. એ દુકાનને નામે ભાગમાં મેં વિલાયતની

કેટલીક વેપારી પેઢીઓની એજન્સીઓ વાડીલાલને મેળવી આપી છે. વાડીલાલ બધું કામકાજ ચલાવે છે. મોટાભાઇને હિસાબકિતાબ મોકલી આપે છે તથા તેમની સલાહ લઇને કેટલુંક કામ કરે છે. એમાં સારી કમાઇ છે. બે વર્ષ થયાં એટલામાં પંદર વીસ હજાર રૂપિયા આપણે ભાગે આવેલા જમે છે. એજન્સીઓ સારી રીતે કમાણી આપતી ચાલે છે. નોકરીમાં શી કમાઇ છે ? વેપારી લોકની લક્ષ્મી અને વૈભવ જોઇશ ત્યારે તું છક થઈ જશે.'

'તમારે વેપારી થવું છે ?' મેનાએ હસીને પૂછ્યું.

'હવે વેપારી ન થવાય. પ્રભાશંકરભાઈ અને હું, નોકરીમાં પડ્યા તે નોકરીજ કરવાના ! પિનાકીને વેપારમાં નાંખીશું.'

'તેને એકલાને કેમ ફાવશે ?'

'તમે એને ભાગિયો જન્મીઆપશો કે નહિ ?' વીરેન્દ્રે વહાલથી તેના લલાટ પર ચુંબન લઇ સ્ત્રીઓને ગમતી મશ્કરી કરી અને મેનાએ મનોભાવ છુપાવવા આંખ મીચી દીધી પણ મોં મલકાઈ ગયું. 'બસ બોલોની હવે હું ક્યારે મુંબાઈ જાઉં ?'

'ત્યાં આવું લાડવાનું અને સાહેબી કરવાની નથી. ગજરાભાભી તેમની જોડેની એક ઓરડી તમને આપશે. તેમાં તમારે એક નોકર રાખીને રહેવું અને તમારૂં બધું કામકાજ હાથે જાતેજ કરવાનું રાખવું. તે જેમ કહે તેમ બરોબર આજ્ઞાધારક રહીને વર્તવું અને એક સાધારણમાં સાધારણ માણસની સ્ત્રી, જેમ ઘર ચલાવે તેમ બધું ઘર ચલાવતાં શીખવું. મોટાંબાના હાથ તળે જઇને રહેવા માટે એક ચાકરડીની માફક બધું ઘરકામ તમારે શીખી લેવાનું છે. હિંદુસંસારમાંની સાસુવહુની લડાઇનું મૂળ ઘરકામજ માત્ર છે. મોટામાં મોટા ગૃહસ્થની બેટી અને મોટામાં મોટા અમલદારની ધણિઆણીને પણ સાસુ આગળ જરાએ આનાકાની વગર ઘાટણનું કામ કરવું પડે છે ને તે કર્યું એટલે બેડો પાર ! અડોસીપડોસી સાથે સહીપણાં કરી દેજો, સૌમાંથી કંઈ ને કંઇ શીખવાનું મળશે. માણસ માણસોની સાથે

રહેતાં જેટલું શીખે છે તેટલું બીજા કશામાંથી શીખતું નથી. વાડીભાઇ, ચંદુભાઇ અને બીજા જે જે મારા મિત્રો અને ઓળખીતા છે તે સૌને ઘેર ગજરાભાભી સાથે જજો. બહાર જાઓ ત્યારે અમલદારની ધણિયાણી–શેઠાણીનો રૂઆબ રાખજો અને ઘેર આવો ત્યારે પાછાં ઘરનાં દાસી થઇ જજો. સમયને અને સ્નેહ પ્રસંગને પિછાણજો. જેવી ઘરમાં કરકસર તેવીજ બહાર વિવેકી ઉદારતા રાખજો. લગનવિવાહ, મેળાવડા, જાહેરસભાઓ, અને નાટકો વગેરેમાં ગજરાભાભી, ચંપાભાભી અથવા ચંદાભાભી સાથે જજો. વાડીભાઈની ગાડી કે મોટાર ખુશીથી મગાવજો, અને નાણું જોઇએ તો તે પણ વાડીભાઈની દુકાનેથી મગાવી લેવાં. કોઇને પણ આપણી તરફથી ખરચનો ભાર દેવો નહિ. વાડીલાલનાં બચ્ચાંને જેવો પ્રસંગ હોય તેવું કંઇ આપવું, તેમ તે આપે તો લેવું પણ ખરૂં.'

'ઓહો! તમે તો મોટું 'કર્ટનલેકચર' ચલાવ્યું, વહાલા! તમે જોજોને, કહેવાથી શું? હું જે કરી બતાવું તે સાંભળજો ને આવું ત્યારે જોજો.'

''યુનિવરસીટીની એંટ્રન્સ કરતાં પણ આ ગુજરાતી સંસારની એંટ્રન્સ પરીક્ષા સહેલી છે, એમ ધારતાં નહિ. એના પરીક્ષકો આગળ બહુ કડક છે.' વીરેન્દ્ર આમ કહીને ઉઠયો અને ઘડિયાળમાં સાડા અગિયારનો ટકોરો થયો. ચાલો બહુ 'લેટ' થયું.

મેના સોફા ઉપરથી ઉઠીને બોલી કે 'નહિ, ઉભા રહો, મને કહો કયારે જવાનું રાખીશું?'

'આવતે શુક્રવારે મુંબાઇની મેલમાં. શનિવારે ત્યાં પહોંચાય તેમ.'

પ્રકરણ ૧૭ મું.

વીરેન્દ્રરાવે મેનાગૌરીને ખરેખરી ગુજરાતણ બનાવવા માટે મુંબાઇ મોકલી. કેશવચંદ્ર અને ગજરાએ તેને પોતાની પાસે બે ખંડની ઓરડીમાં

રાખી અને અસલ ગુજરાતી બ્રાહ્મણના આચારવિચાર તથા રીતભાત વગેરેનું શિક્ષણ આપવા માંડયું. તેણે પણ હોંશ હોંશે બહુ ચપળતાથી તે સા ગ્રહણ કરવા માંડયું.

વીરેન્દ્ર નવીજ પ્રીતિમાં નવી વહુથી જુદો પડ્યો અને વિયોગી થયો, પરંતુ તેને પોતારૂપ બનાવી દેવાના ઉત્સાહમાં વિયોગ તેને સામો રમણીય લાગવા માંડ્યો. પ્રીતિના કાગળપત્તર ચાલતા, નવી નવી બાબતો મેના તેને જણાવતી અને પોતાને સૂઝી આવતી, ગુજરાતી સંસારની ઝીણામાં ઝીણી ખુંચો અને અટપટા રીતરિવાજોની ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બાબતો તે પણ તેને સૂચવતો. તેને લડાવવા ઘરેણાં કપડાં અપાવવા અને ફરવાહરવા, નાટકચેટક જોવા કે બીજે કંઈ લઇ જવા તે ગજરા ને વાડીલાલને લખતો. 'ક્યારેને મારી મેના આવી, મને મારી કલ્પનાનું સ્વરૂપ ખરૂં પડેલું બતાવે ?' એવી ઉમેદમાં તે આનંદે કાળ ગાળતો, એટલે હવે આપણે તેના કુટુંબમાં અને નાતજાતમાં અમદાવાદ તરફ કેવા ગપગોળા ઉડી રહ્યા હતા અને તેની સામાવાળિયા કેવી કેવી કસભરી વાતો કરતા હતા, તે તરફ નજર કરીએ.

અમદાવાદમાં ગનેસને એવી વાત આવી હતી કે 'વીરેન્દ્રરાવ મડમ પરણ્યો છે.' બૈરાં અને બૈરાંને વટાળે એવા કન્યારાશી કહેવાતા તથા નાતજાતનાં ઘર ગણનારા ભાયડા, લોકનાં ઉંડાં ઘરોના ઓરડામાં પેસી એક બીજાના કાન કરડતા અને જાણે પોતેજ જાણ્યું છે ને બીજું કોઈ કંઈ જાણતુંજ નથી, એમ ખાનગીમાં વાતો કરતા. બીજાને ઘેર જઇ તેના ઓરડામાં પેસી 'નવાજુની છે કે ?' એવો ખોટો દેખાવ કરી, પોતે વાત કાઢે, કાને હાથ મૂકતા જાય અને મરચું મીઠું ભરભરાવી વાત કરે, અને પાછા પોતાનું નામ આવે નહિ તે માટે તેને સોગન દે. આમ બૈરાં ને બાયલા વીરેન્દ્રની સામે ઘરનાં ઉંડાણોમાં વીરત્વ બતાવતા પણ બહાર કશું બોલી શકતા નહિ. કોઇ સાહસિક જુવાન, કે ભડભડિયો માણસ તેમને પૂછે તો તરત ખસી જતા. આવી કાનકરડ, કેટલાક દિવસો લગી ચાલી, લગભગ ઘેરેઘેર તે વાત જણાઇ ગઇ. વીરેન્દ્રના ઘરમાં પણ આવી. રામશંકરે જાણ્યું, મોટાંએ જાણ્યું

ને મંગળાએ જાણ્યું પણ સૌએ પોતપોતાના મનમાં રાખ્યું. ઘરની વાત ઘરનાંથી કેમ છણાય? મંગળાગૌરીને તો તેની કાકીએ ખાસ બોલાવરાવી આ વાત કહીને ટાણો પણ માર્યો કે 'તારા દિયરની સાલસાઈનાં બણગાં ફુંકતી હતી, તે હવે કેમ કંઇ બોલતી નથી, ખરૂં કરી બતાવની?' મંગળાગૌરી તેની કાકીનો ટાણો બે ત્રણ વાર ગળી જઈ ને ચૂપ રહી. એકવાર બકુલાના બાપે મોટાંને એકાંતમાં મળી આ વાત પૂછી. મોટાંએ તેને કંઇ મર્મ આપ્યો નહિ, પરંતુ—બકુલાને માટે સારો ઘાટ હોય તો કરી દેવું—એમ ખુલ્લા મને જણાવી દીધું. રામશંકર મનમાં ગુંચવાય, પણ ન તેમનાથી ગિરિજાને પુછાય કે ન વીરેન્દ્રને લખી પુછાવાય? પ્રભાશંકર પરગણામાં ગયેલા, એટલે તે તો કંઈ જાણેજ નહિ. લોકો વાતો કરે અને તરેહવાર ગુલબાન ઉડાડે. મોટાં—ગિરિજા મનમાં ચિઢાય પણ શું કરે? માત્ર દિલગીર રહે. સૌ વિચારમાં પડી ગયેલાં, નિસ્તેજ ને ઉદ્વિગ્ન લાગે.

નાતના લોક તરેહવાર વાતો કરે અને ઘરનાં બિચારાં મનમાં ને મનમાં સિઝાઇ રહે. જેમ વખત જતો ગયો અને સારા લોક તથા વીરેન્દ્રનું કુટુંબ હલકાઓની કુથલી સહન કરતું ગયું તેમ તેમ નિંદકોને જોર આવ્યું. એક રવિવારે બપોરે કૃપાશંકરે નરભેરામને બોલાવી તેના પિતરાઇ કાકા જુગલદાસ દેખતાં ખૂબ ઠપકો આપી કહ્યું કે 'જોયું, તેં છોકરીની વાત બહાર કાઢી તે ખોટું કર્યુંને? હશે, પરમેશ્વર કન્યાને ત્રાજવે આવ્યો, નહિ તો એના બિચારીના શા હાલ થાત? કોઇ દહાડો આવું સાહસ કરવું નહિ. સાસરીનાં સગાં ઉપર રહીને ધૂળ ઘલાવે! મોટાં તને ફસાવી દેત અને એ શું કરત બિચારાં! તું નાત બહાર નીકળી જાત અને છોકરી—હૈયાશગડી આખો જન્મારો તારે ઘેર રહેત. જે થયું તે સારૂંજ થયું.'

'છોકરીને શું છે? એ તો ખાસી કંકુના કોગળા કરત.' કૃપાશંકરની વહુ રતનગૌરીએ મમરો મૂક્યો.

'મઢમની વાત તો દૂર રહી, પણ કહો જોઇએ તમે તમારા ચિરંજીવીને હલકે ઘેર પરણાવશો? ખાસી દાગીનાની ભરેલી વહુ

આવશે!' જુગલે ટાણો માર્યો.

'હા, હા. હું તો પરણાવું. છોકરાને મનગમતી ખાસી ભર્યા-પુર્યા ઘરની વહુ આવતી હોય, તો વળી હલકું કોણ ને ભારે કોણ? આવા હલકા ભારેના અને કુળવાન અકુળવાનના મમતોમાંજ, તમારા જેવાઓએ નાતોજાતોનાં નખ્ખોદ કાઢી નંખાવ્યાંને?'

'ચાલ બહુ બોલતી નહિ. તું આવી વાતમાં શું સમજે? નાતજાતનાં બંધન હોય નહિ તો દુનિયાં વાહિયાત થઇ જાય? નાતમાં આ શો સ્વૈરાચાર! જુગલદાસ તે દહાડે ખૂબ બોલતા હતા. આજ હવે જ્યારે વાત બહાર આવી ત્યારે છાનામાના બેસી રહ્યા છે! મને તો આવું પસંદ નથી. રામશંકરના આખા ઘરને નાત બહાર કાઢી નાંખવું જોઇએ. દાખલો બેસે એવાં પગલાં ભરો, નહિ તો નાતને નામે નહાઇ નાંખો!'

'તમે શા માટે આટલા બધા અકળાઓ છો?' રતનગૌરી બોલ્યાં.

'નાતને ઘરબોળ જવા દેવી? એવું નહિ બને! અમે જીવતા છીએ ત્યાં સુધી તો નાક ઉપર માખે બેસવા દઇશું નહિ.'

નરભેરામ બોલ્યો કે 'ભાઈ, મારાં ભાભી ખરૂં કહે છે. આખી નાત આ વાત જાણે છે છતાં કોઇ અકળાતું નથી અને આપણે શું? મારા કાકા જુઓને કંઇ બોલે છે?'

'તમે બે ભાઇઓ મળીને એમને હોળીનું નાળિયેર બનાવો.'

'ચાલ, તું સમજે નહિ ને શામાટે વચમાં બોલે છે?' કૃપાશંકરે આંખ ફેરવી રતનગૌરીને બોલતી બંધ કરી.

'હું કંઈ હોળીનું નાળિયેર થાઉં નહિ! સૌ ઘાટે ઘાટે વાત થશે. રામશંકરનું કુટુંબ મોટું, વીરેન્દ્રરાવ મોટો ઓહ્દેદાર અને એનો બનેવી ઇશ્વરરાય બહોળો કુટુંબી, વળી જુવાનિયા સુધારકોનો આગેવાન! સહેલથી વાત છેડી શકાય નહિ? કમ્મર કસીને મેદાન પડવું પડે! કેટલાએ માણસોની સાથે વિરોધ થાય અને દુનિયાં તો ખુશામતિયા

છે—લોક પૈસાના પૂજારી છે ! મોટાના સાળા થવા જાય અને આપણે માથે અપજશનો ટોપલો આવે. કૃપાશંકર મને કહે છે, તેના કરતાં પોતેજ આગળ થાય તો શું એઓજી વગસગવાળા છે ? મારા કરતાં તો એમને વધારે મત મળે. હું એમને ખભેખભો અડકાડી ઉભો રહેવાની ક્યાં ના પાડું છું ?' ચાલો તમે પાસો નાંખો અને જુઓ કે, હું બાજી ખેલું છું કે નહિ ?'

'ના અમારે પાસો નાંખવો નથી. હું તો વીરેન્દ્રના પક્ષની છું. અમારે શા માટે આગળ પડવું પડે ? એ તો બધેય હોય, ચાલ્યાં જાય છે ! નાતમાં કેટલાએ દુરાચરણી લોક છે, કોણ નામ દે છે ? આ તો સિવિલિયન થયેલો—આપણી નાતનું નાક છે. મડમ પરણ્યો તો તેને ઘેર છે, આપણે શું ? આપણી નાતમાં વળી એક નવાઇ !' રતનગૌરી હસી.

'આજે નાતની વાડીમાં મિત્ર મંડળની સભા છે. ચાલો ત્યાં વાત કાઢજો. હવે કંઇ છુપું નથી ! સૌ કોઇ જાણે છે. નાતીલાઓ કેવા વિચાર ધરાવે છે તેનો ત્યાં દાણો ચાંપી જુઓ.' નરભેરામે સૂચવ્યું.

જુગલદાસ છાતી કાઢીને બોલ્યા કે 'હા ચાલો. હું ત્યાં વાત કાઢીશ. તમે મને ટેકો આપજો.'

'હા ચાલો. ટેકો શું ? હું ચોખ્ખું ને ચટ બધુંએ બતાવી આપીશ.' કૃપાશંકરે જુસ્સાદાર જવાબ આપ્યો.

'જુગલભાઈ, નાતમાં મડમ આવે તે તમને પસંદ નથી ? ભલે આવે !'

'હાં, તમે પણ મશ્કરી કરતાં દેખું ! વિચાર તો કૃપાશંકરના જેવાજ છે !'

'ના, મારાં ભાભી તો, એ આવ્યો ત્યારનાં કહે છે કે, એને નાતમાં લેવો જોઇએ.' નરભેરામે ખુલાસો કર્યો.

'અમો કેટલાંક બૈરાં એક ઠેકાણે એકઠાં થયાં હતાં. એને કન્યા

કેવાની ત્યાં વાત નીકળી હતી. નાતની કેટલીક સ્ત્રીઓને તે વખતે પોતાની છોકરીઓ ત્યાં નાંખવાનું મન થયું ત્યારે મેં કહ્યું કે, એને નાતમાં લેવામાં શો વાંધો છે ?'

'વાંધો વાંધો, કેમ વાંધો નહિ? પાંચ હજાર વર્ષથી આપણા બાપદાદા જે માર્ગે ચાલતા આવ્યા તે માર્ગ એકદમ ઓળંગી જાય તેને માટે વાંધો નહિ ? એમ કેમ કહેવાય ? પુરાતન પરંપરાને તોડી પાડવી એ તો નાત સામે બંડ કર્યું કહેવાય ? અને એવા બંડખોર લોકોને વગર સજાએ જવા દેવાય ? એવાં આંખમિચામણાં કરીએ તો કાલે ઘરધણિયાણી માથે છાણાં થાપે !'

'નાતની વાતમાં મને શા માટે સંડોવો છો ? ઘરધણિયાણીને શું છે બિચારીને ? હિંદુ સંસારે એને તો કશો મતાધિકારજ આપ્યો નથી ! નહિ પૈસો અને નહિ ઘર ! માત્ર પેટ ભરવાનો અધિકાર ! એક પશુનોએ કબજો લેવાય, અને એક સ્ત્રીનોએ કબજો લેવાય ? મા બિચારી નવ માસ બાળકને પેટમાં રાખે, જન્મ્યા પછી પિંડ ચુસાવી ગૂ–મૂતર ધોઇને મોટું કરે અને નફ્રરખંદો નઠોર ભાયડો હોય તે કોર્ટમાં ફરિયાદ કરે ત્યારે રોતી અને કકળતી માની છાતીએથી વછોડી બાળક તેને સોંપાવાય ! વાહ ! તમારી પાંચ હજાર વર્ષની ઇન્સાફી પરંપરા !' રતનગૌરી રીસ કાઢી ત્યાંથી પછી અને જુગલદાસ, કૃપાશંકર તથા નરભેરામ મિત્રમંડળમાં વીરેન્દ્રની વાત વલોવવાને નાતની વાડીએ જવા નીકળ્યા.

પ્રકરણ ૧૮ મું.

સિવિલિયન મિ. વીરેન્દ્રરાવની નાતની વાડીની હકીકત અને ચિતાર જાણવા ને જોવા જેવાં હોવાથી વાંચનારને તે સમજાવ્યા વગર આગળ વધીએ તો આપણે તેને ઈનસાફ આપ્યો કહેવાય નહિ. બીજી નાતો કરતાં વીરેન્દ્રની નાતના બ્રાહ્મણ કંઇક સુખી હતા, પરંતુ

'બલ્લાંકુત્તાં' વાળી જે આખ્યાયિકા લોકપ્રચલિત છે તેનું મોટે ભાગે જોર હતું. ઘણા જણે નાતને વાડી કરી આપવાને ઉત્સાહે આગળ ઉધામા કરેલા, પણ નાતનું ભાગ્ય મોટું એટલે કોઇનો ઉત્સાહ સફળ થયેલો નહિ. નાતોજાતો જમાડવાની હોંશવાળા આગેવાનો તેમ છતાં નિરાશ થયેલા નહિ. તેમનો એ બાબતનો ઉદ્યોગ ચાલુ રહેલો. ઉઘરાણું કરી જોયાં તેમાં ફાવ્યા નહિ. ઉતાવળિઆઓએ નાણું ભરી આપેલાં તે પુરતી રકમ નહિ જમે થવાને લીધે કેટલીએ વાર ઉઘરાણી અને ગાળાગાળ થયા પછી તેમને પાછાં આપી દેવાં પડેલાં. જનોઇ, લગન, અઘરણી ને બારમાની નાતો વખતે નાતને નામે કંઈક દાપું લેવાનું ઠરાવેલું તેમાં પણ થોડા દિવસ, માસ કે થોડાં વર્ષો લગી કેટલુંક જમે આવેલું અને પાછો એકાદ જણો નિયમ તોડે કે તરત નાતનું ટોલ ખાતું તૂટી પડેલું! એકઠાં થયેલાં નાંણાં અરધાં ખવાઇ જાય અને અરધાં-પરધાં પાછાં ન અપાય ત્યારે ઉજાણી કરી ઉડાવી દેવાય! ઘણાંએ વર્ષ લગી આવા કાઠારગડા ચાલેલા. છેલ્લે નાતને એક ભરખ મળ્યું. નાતનો એક લીલો માણસ બે જુવાન વિધવાઓ મૂકીને મરી ગયો. વિધવાઓનાં પિયેરિયાંએ તાણાતાણ કરી તેમાંથી વાત વંકી. બન્ને બાજુએ વકીલોની સલાહ લેવાઇ. મુકરદમો મંડાત અને બાઇઓને રોટલો ખાવાનું ને પડી રહેવાનું મળત, પરંતુ તેમનાં ભાગ્ય ટુંકાં એટલે પેલી બિલાડીઓને જેમ વાનરજી મળ્યા હતા, તેમ તેમને નાતની વાડી કરવાની હોંશવાળા પંચાતિયા મળી આવ્યા. બન્ને પક્ષવાળાનાં મુખતિયારનામાં મેળવી આ શાણા લવાદીઓએ કેટલોક વખત 'આજ કરીશું, કાલ કરીશું' એવા વાયદા કરવામાં કાઢી નંખાવ્યો, દરમિયાન એક વિધવા બિચારી મરી ગઈ. પંચાતિયાએ ઝગડો પતી જવાને ભયે બીજા એક દૂરના પિતરાઇને ઉભો કરી તે વારસ થવાનો ભય બતાવ્યો. લાંબો વખત કંકાશ અને ઝગડા કરાવ્યા પછી બેઉને ખોખરાં થયેલાં જોઇ તેમણે બન્ને જણને ઉલટાસુલટી સમજાવી નાતની વાડી માટે જોઈતી રકમ પડાવી ને બાકી રહ્યું તે વહેંચી આપ્યું. પરિણામ એ આવ્યું કે, ન વિધવાને તેના પોષણ

પુરતું મળ્યું કે ન પેલા પિતરાઇને લાભ થયો!

નાતની વાડી ખરીદવા જેટલી રકમ મળ્યા પછી તેમણે જમીનની તજવીજ કરવા માંડી. પડાળીઓ કે કંઇક નાનું જેવું પણ મકાન હોય એવી જગા માટે ઘણી તજવીજ કરી, પણ તેની એટલી કિમ્મત પડવા માંડી કે, ખરીદાય નહિ અને નાની જગા લે તો તેમાં નાતનો સમાવેશ થાય નહિ! આખરે આછી વસ્તીવાળા કુંભારવાડામાં એક નખોદિયા કુંભારનું મોટું કંપાઉંડ નાતના આગેવાનોની ધ્યાનમાં આવ્યું. જેમની પાસે પેલાં નખોદિયાં નાણાં હતાં તેમણે પોતાનાં પાનસોપારી કાઢી તરત ખરીદનું સાટું ઠોકી દીધું. નાતની 'વાડી માટે જગા લીધી–જગા લીધી' એવી વાત થઇ એટલે કેટલાંક હોંસીલા માણસો ને બૈરાં કેડમાં છોકરાં ઘાલી તે જોઇ આવ્યાં! જગા વિશાળ હતી પણ તેમાં રાંધવાની કે બેસવાની પડાળીઓ ન હતી. નળિયાં, ભાગીતૂટી કહિંક કાચી ને કહિંક પાકી જુની ઈંટો અને કહિંક ચાર થોરિયા કે ઝાંખરાં નાંખીને એક મોટું મેદાન આંતરી લીધેલું હતું. જ્યાં માટીનું કોટડું હતું ત્યાં આગળ તેનેજ પછીત ગણી કાચી પાકી ઈંટોનું એકઓરડો ને આગળ મોટી ઓસરીવાળું ઘર બાંધેલું હતું પણ કેટલાંક વર્ષથી કુટુંબ પરવારી જવાને લીધે એકલા પડેલા કુંભારે તેને સમરાવ્યું ન હતું. છાપરાનું મોતિયું અને પાંખો જતાં રહ્યાં હતાં. કંપાઉન્ડના બીજા કોટડા આગળ ગધેડાં પૂરવાનું એક છાપરૂં હતું, તે પણ એવું જીર્ણ થઈ ગયેલું કે, જેમાં બેસાય તો નહિ પણ પેસાયે નહિ! કંપાઉંડમાં બીજી બાજુ કાંપ અને માટી કેળવવાના વર્ષો થયાં સુકાઇ ગયેલા કયારા ને વરીડા જેવો એક બોખો કુવો હતો. બીજા ભાગમાં નિમાડાનાં ખંડેર, કે જેની રાખમાં આળોટેલાં ગધેડાંએ પાડેલા ખાડા ને કુતરાંની બૅાઓ હતી! બીજી તરફ નળિયાં, ઈંટો, ભાગેલા ઘડા અને તોલડાંના ઠીકરાના ઢગલા હતા. ત્રીજી બાજુ એક કોરે નાનું ઝિંઝીનું ઝાડ અને બાવળિયો હતો. 'વાડી વિશાળ! પણ ઠીક થાય ત્યારે?' આમ સૌ કોઇ જગા જોઇને કહેતું. લેનારાઓને આ વાત ખુંચતી પણ શું કરે? ઠીકઠાક કરવાના પૈસા કયાંથી લાવવા? આખરે ઠીકઠાક કરવાનો એક લાગ આવ્યો.

એક બહોળા કુટુંબીને ત્યાં ચોમાસામાં બારમાની નાત આવી. ખટપ-ટિયાઓએ આ નાતેજ વાડીની વાસ્તુ કરવાનું મહુરત ધ્યાનમાં લીધું. નાત કરનાર વસ્તારી એટલે સગાંસાગવાં ભરાયાં. તેમણે બિચારાંએ ગધેડાંની લાદીના થર કાઢી નાંખ્યા. રસોઇ માટે રાખેલા મજુરોને બબ્બે ચચ્ચાર આના વધારે આપવા કરી નિમાડાઓની રાખના ઢગલા ફેંદાવી બધે પાથરી દેવરાવ્યા. સાંજે નાત ભરાઈ એટલે જુવાનિયાઓને ઘડા દોરડાં બે ચાર વધારે અપાવ્યાં. ' હરહર મહાદેવ ' કરતા ઘડો ઉછાળી ફરતાફરતી બધે છંટકાવ કરતા તેમને નવરાવ્યા. હોંસીલા જમનારાઓએ પગવડે ખુંદવાનું કામ કરી ખડિયા પત્તરાળાં રહે એવી ટીપણી કરીને પંગત પાડી! પાટે આવેલા વાડી પસંદ કરનારાઓએ આથી પોતેજ પોતાને ધન્યવાદ આપી ખુશાલી જાહેર કરી! ઉપરા-ઉપરી આવી બે ચાર નાતો થઇ એટલે કુંભારનું ખંડેર વાડોલિયું, જ્વાળામુખીની તળેટી આગળનું મેદાન હોય, એવું ખાસું ગધેડિયા રંગનું ચોગાન બની રહ્યું! તેને વખાણનારાઓએ નોકરી ચાકરીવાળા જુવાન નાતીલાઓને મંતરી થોડાં નાંણાં એકઠાં કરી કુંભારવાળા મકાનને સુધરાવ્યું. બીજા એક ગૃહસ્થે ગધેડાં પૂરવાની ઝુંપડી અડાળીમાં ભેરવી આપી. થોડો સુધારો થતાં બીજાઓને ઉત્તેજન મળ્યું. તેમણે વળી કેટલુંક કરાવી આપ્યું. છેલ્લું છેલ્લું વળી એક નખોદિયું નાતને મળ્યું તેમાંથી દરવાજો અને તેની ઉપર મેડો નીકળ્યો. આ મેડો નાતના જુવાનિયાઓએ નાતના મિત્રમંડળના હોલ તરીકે પસંદ કરી લીધો ને અવરનવર તેમાં સભાઓ ભરવાનું ચાલું કર્યું. નાતનું મિત્રમંડળ આ વાડીમાં અને આ હોલમાંજ આજે મળેલુ છે કે જેમાં પોતાની મુબારક હાજરી આપવાને માટે છેલ્લા પ્રકરણમાં જણાવેલા કૃપાશંકર, જુગલદાસ અને નરભેરામ વીરેન્દ્રરાવ સંબંધી ચર્ચા ચલાવવાની ઉમેદે નીકળેલા છે. પ્રસંગને લઇ આપણે પણ હવે તેમાં સામેલ થઇએ.

સભામાં કૃપાશંકર વગેરે આવ્યા તેની પહેલાં માત્ર બે ત્રણ મિનિટ ઉપરજ ભાષણકર્ત્તાનું બોલવું પુરૂં થયું હતું. હજી તો પ્રમુખ જેને ભાષણ ઉપર વિચાર આપવા હોય અને વિવાદ ચલાવવો હોય

તેને આમંત્રવાને ઉભો થયો હતો એટલામાં પેલા ઉત્સાહી ગૃહસ્થો આવી પહોંચ્યા. આવનાર ગૃહસ્થોની ઉમ્મરના પુરૂષો જયાં આગળ બેઠા હતા ત્યાં આગળ બહુ માન સાથે જુવાનિયાઓએ તેમને જગા કરાવી આપી. પછી પ્રમુખે કહ્યું કે ' હવે જે ભાઇઓને 'આ ભાષણ ઉપર કંઇ બોલવું હોય તેમણે બોલવું.' કૃપાશંકરે અહિંથીજ આરંભ કરતાં પૂછયું કે–' ભાષણ થઇ ગયું ? અને થઇ ગયું તો શો વિષય હતો ?' પ્રમુખ જવાબ આપે તે પહેલાં તો એક ઉત્સાહી જુવાનિયાએ ઉભા થઈ તેમને કહ્યું કે, ' ભાષણ થઈ ગયું. તે વૈવાહિક નીતિરીતિ ઉપર'હતું. તેના મુદ્દા વગેરે વસ્તુ વાદવિવાદ ચાલતાં આપથી સમજાશે.' જુગલદાસે કૃપાશંકરની વતી પ્રમુખ સામું જોઇને કહ્યું કે ' બસ, ભાષણનો વિષય જણાવ્યો એટલે બસ. હવે ખુશીથી જેને વિચાર આપવા હોય તેને બોલવા દો.'

પ્રમુખ પછી બીજું કંઈ નહિ બોલતાં બેસી ગયો એટલે પેલા જુવાને ભાષણકર્ત્તાને ધન્યવાદ આપી જણાવ્યું કે ' અલબત, હાલ ચાલતી આપણી વિવાહ પદ્ધતિમાં ફેરફાર થવો જોઇએ. ભવિષ્યમાં સારી પ્રજા ઉત્પન્ન થાય એવો યત્ન કરવો, એ આપણો સૌથી પહેલો ધર્મ છે. આગલા ઋષિ મુનિઓએ વિવાહની જે પદ્ધતિ નક્કી કરેલી છે તે સારી પ્રજા ઉત્પન્ન થાય એવા હેતુથીજ નક્કી કરેલી છે. કાળના વહેવા સાથે માણસોની સ્થિતિ બદલાઇ ગઈ અને જેમ અજ્ઞાન વધતું ગયું તેમ સુપ્રજનનનો હેતુ ભુલાઈ ગયો. અજ્ઞાનને લીધે કોઈએ એકાદ વહેમી કારણ કે ધાર્મિક હેતુ બતાવ્યો એટલે લોકો અંધશ્રદ્ધાએ તેને વળગી પડ્યા ને ગાડરિયો પ્રવાહ ચાલ્યો તે ચાલ્યોજ. એકે કર્યું તે બીજાએ કર્યું અને 'આમ કરવુંજ જોઈએ' એવી ખોટી સમજ સ્વાર્થીઓએ અજ્ઞાન બૈરાં અને ભાયડાઓના મનમાં ઘાલી દીધી. ' રાજાનો કુંવરજ રાજા, ને પ્રધાનનો છોકરોજ પ્રધાન થાય ' એવી પરંપરા ચાલી તે ચાલી. કોઇએ એમ ન વિચાર્યું કે–રાજાનો કુંવર હોય તે રાજા નહિ, પરંતુ જેનામાં રાજા થવાની લાયકાત હોય તે રાજા, ને લાયકાત હોય તેજ પ્રધાન, પ્રધાનનો છોકરો પ્રધાન નહિ ? કુળવાન

ને ખાનદાન માટે આ અંધ—અન્યાયથી ભરેલી પરંપરા ચાલી ! ' તે ખોટી પરંપરા છે ' એવું સમજનારા પણ પોતાની ઉપર આવી પડેલા પ્રસંગમાં હવે તેને સુધારવાની હિમ્મત કરી શકતા નથી. અજ્ઞાન સ્ત્રી પુરૂષોની બહુમતિ આગળ તેમને નમી જવું પડે છે. મારે આપને જે વિનંતિ કરવાની છે તે એજ કે, ' આપણે હવે જરા હિમ્મત દેખાડવી જોઇએ. આપણને જ્ઞાન થવાથી જે વસ્તુ ખરાબ જણાતી હોય તે અજ્ઞાનોની બહુમતિથી ડર્યા વગર દૂર કરવી જોઇએ. દાખલો પાડ્યા વગર કામ થતું નથી. ઉપદેશો અને ભાષણો કરવામાં આપણે ઘણો વખત ગાળ્યો ! હવે કરી બતાવવા માંડવું. નઠારા અને હાનિકારક રીતરિવાજો, કાયદાઓથી કે ઉપદેશોથી નહિ પરંતુ પ્રત્યક્ષ આચરણથી ફેરવાય છે. '

તરતજ બીજો એક પીઢ ગ્રેજ્યુએટ બોલવા ઉઠયો. સભાએ તેને તાળીઓથી વધાવી લીધો. જુગલદાસે આ વખતે કૃપાશંકરના કાનમાં કહ્યું કે, ' હવે જોજો, ભાષણકર્તાને અને તેને વખાણનારાને આ ગૃહસ્થ તોડી પાડશે. ઉમ્મરલાયક માણસ બોલે તેની વાત જુદીસ્તો ! જુવાનિયા ગમે તેમ ભરડી નાંખે તેથી શું ? ' જુગલદાસ ને કૃપાશંકર ' તે શું કહે છે અને કેવું આપણા મતને અનુસરતું બોલે છે ! ' એવી ઉમેદે પાંચે ઇંદ્રિયોને તેની તરફ પ્રેરી જરાક ટટાર થયા. પેલા ગૃહસ્થે ભાષણકર્તાને તથા તેને વખાણનારને ઘટતી શાબાશી આપી જણાવ્યું કે ' ભાઇઓ ! જ્ઞાનનો ઉજેશ થયો છે. સારૂં શું ને ખોટું શું ? તે દેખાવા માંડયું છે અને પહેલાંનો વખત વીતી ગયો છે. હવે બધી બાજુનો વિચાર કરવો એ આપણી ફરજ છે. જુનું એટલું બધું નઠારૂં ને નવું એટલું બધું સારૂં એવું નથી. નવાજુનાની સરખામણી કરવી, અને દેશકાળને નાતજાતને કુટુંબની પરંપરાને અને બીજા લાભાલાભને જોઇ તથા વિચારી પોતાની સ્થિતિ તરફ લક્ષ રાખી સુધારો કરવો. એકદમ મોટો ઉછાળો મારવો નહિ, તેમ આપણને દુઃખકર જણાય તેવા રીતરિવાજના ગુલામ પણ થઇ જવું નહિ. વડીલોની આમન્યા રાખવી, કુટુંબ ને જ્ઞાતિની પરંપરા જોવી તથા તેમાંથી સુખકર—સરળ માર્ગ શોધી કાઢવો. તેના ગુણ અવગુણ વિચારી જોવા, તેના લાભાલાભ ઉપર નિધા પહોંચાડવી,

આગળ બની ગયેલા બનાવોનાં સારાં માઠાં પરિણામો તપાસવાં, વિદ્વાન અને વૃદ્ધોની ધીરજથી સલાહ લેવી અને પછી જેમ ઠીક લાગે તેમ, અલબત અજ્ઞાનોની ગમે તેવી પ્રબળ બહુમતિ અને વિરૂદ્ધતા હોય તોપણ, તે પ્રમાણે કરવું અને લગારે ડરવું નહિ. સ્ત્રીશિક્ષણ, વિવાહ-મર્યાદા, દ્વીપાંતરગમન અને બીજી ઘણી સુધારાગની બાબતો જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે લોક ચોંકી ગયા હતા. અજ્ઞાન સમૂહોમાં મોટો ઉમાટો પડી રહ્યો હતો અને કેટલેક ઠેકાણે તો તોફાની પગલાં ભરાયાં હતાં; પરંતુ વાખલો બેસાડનારાઓએ અજ્ઞાનોને નતિ નહિ આપતાં બધા સુધારા ચાલુ રાખ્યા, તો હાલ સૌ તેનો લાભ લે છે. લોકો જેને નિંદતા હતા તેને હાલ વખાણે છે, માટે આ જુવાન ગૃહસ્થે કહ્યું તેમ, આપણે હવે કરી બતાવવાને તૈયાર થવું જોઇએ.

આપણી હાલની વૈવાહિક પદ્ધતિમાં ભાષણકર્ત્તાએ જે દોષ બતાવ્યા તે ખરેખર આપણને પડતીએ આણી મૂકનારા દોષોજ છે. તે સુધારી લેવાને આપણે જેટલી વાર કરીએ છીએ તેટલી આપણે પોતાનેજ હાનિ કરીએ છીએ! નાનાં બાળકો ને પરણાવી દેવાં, બાળ વિધવાઓ માટે ભરણપોષણ રાખવું નહિ, કહેવાતા કુળવાન અને ખાનદાન—દુષ્ટ છોકરાઓને સુકુમાર શીલવતી કન્યાઓ આપવી, વિષમ આચારવિચાર અને વિપરીત રહેણીકરણીવાળાં, વયમાં મોટા તફાવતવાળાં, રૂપરંગમાં દુશ્મનનેએ કંપારી આવે એવાં અયોગ્ય જોડાં જોડી દેવાં, એ પ્રજાનું—ખરે ભવિષ્યની પ્રજાનું, નસંતાન કાઢવા જેવુંજ છે! કોઇ પણ વિચારી મનુષ્ય તેને ધર્મ કહી શકે નહિ. ઋષિમુનિઓ એવા અજ્ઞાન ન હતા. તેમને દોષ દેનારાઓ પાપી ને પાખંડી છે! તેમણે પ્રજાને સુખી, આરોગ્ય, સુવર્ણ, સુવિચારી અને મજબુત તન-મનની બનાવવા માટે બહુ કાળજીથી આપણી વિવાહપદ્ધતિ ગોઠવી આપેલી છે. નાની ઉમ્મરનાં વરકન્યાને પરણાવવાનું તેમણે ક્યાંહિં કહ્યું નથી! વૃદ્ધને કન્યા દેવાનું કહ્યું નથી. અસમ આચારવિચારઅને એક બીજાથી ઉલટીસુલટી રીતભાત તથા એક બીજાથી વિરૂદ્ધ વિચારનાં વરકન્યા પરણાવવાનું પણ તેમણે કહિં કહ્યું નથી. સુપ્રજનનશાસ્ત્રમાં

હાલ પશ્ચિમના વિદ્વાનો જેમ જણાવે છે તેમ, બધી રીતે એક બીજાને યોગ્ય હોય તેવાંજ વરકન્યા પરણાવવાનું તેમણે ફરમાવેલું છે. આપણે તેમના નિયમો ઉપર પગ દઈ ઉલટે રસ્તે જતા રહ્યા છીએ. સ્થિતિ બદલાય તે પ્રમાણે રૂઢિઓ બદલાવી જોઇએ, કારણ કે, જન સમાજ એકની એક સ્થિતિવાળો કદીએ રહેતો નથી. જેમ સ્થિતિ ફેરવાય તેમ વ્યવહારમાં પણ ફેરફાર થવો જોઇએ. માણસ ઉત્સવપ્રિય અને કીર્તિપ્રિય હોઇ એકસ્થિતિમાં ઘણો વખત લગી રહેતું નથી. વય ફરતાં જેમ બીજી ઘણી બાબતો ફરે છે તેમ અમુક સ્થિતિને માટે રચાયેલા નિયમો અને રૂઢિઓ પણ સ્થિતિ બદલાતાં ફરવાં જોઇએ, જો ન ફેરવાય તો તે વિપરીતતા ઉત્પન્ન કરે અને સમાજમાં મોટો ભેદ ઉત્પન્ન થાય. સમાજમાં ભેદ ઉત્પન્ન થાય એટલે ચાલુ નિયમો રૂઢિઓ ને ધારાઓ તૂટવા માંડે, માટે સ્થિતિના ફેરફાર સાથે ધારાને કાનુનો પણ ફેરવવા જોઇએ. નાતજાતોનાં બંધન કડક નહિ પણ સ્થિતિસ્થાપક હોવાં જોઇએ. નાતીલાની સ્વાતંત્ર્ય ભાવના દુભાય એવું કડક બંધન હોય, તો તે યોગ્ય કહેવાય નહિ. નાતના ધારાઓ અને બંધનો નાતના કલ્યાણ માટે તેમજ નાતીલાની સુસ્થિતિ માટે બંધાય છે. દરેક કાયદા કાનુનને માટે એવો સામાન્ય નિયમ છે કે, તે સૌમ્ય હોવાં જોઇએ. સખતાઇના કાયદા પરિણામે બંડ ઉપજાવે છે. જે છોકરાંને સખતાઈમાં રાખી ઉછેરવામાં આવે છે, તે છોકરાં મોટાં થતાં વંઠી જાય છે, માટે નાતના કાયદા જેમ કાળ ફરે તેમ ફેરવવા જોઇએ. જ્ઞાતિરૂપી સંસ્થા સમાજના કલ્યાણ માટે સમાજના માણસોએ સ્થાપેલી છે અને તેમાં સર્વેને સરખો ન્યાય મળવો જોઇએ. પશુઓ સુદ્ધાંમાં ટોળાં હોય છે તો પછી મનુષ્યમાં તે વગર કેમ ચાલે? માત્ર એટલુંજ કે, તે સારી સમજથી ઉદાત્ત અંતઃકરણે શુદ્ધ બુદ્ધિથી ચલાવવાં જોઇએ.

સભાનું વાતાવરણ જુગલદાસ અને કૃપાશંકરને પોતાના મતથી વિરૂદ્ધ લાગ્યું અને જો કંઈ બોલવા જાય તો જુવાનિયા તુચ્છકારી કાઢે, તેથી ગુપચૂપ બેસી રહ્યા. નરભેશંકરે એક બે વાર કૃપાશંકરનો

પગ દાબ્યો પણ ઉભા થવાની તેમને હિમ્મતજ આવી નહિ. વીરે-ન્દ્રરાવનું નામ દઇને તો નહિ, પરંતુ આડકતરી રીતે તેમના કેસને લાભકારક વિચારોનો સભામાં પડઘો પાડી જુવાનિયાઓની સભા બરખાસ્ત થઇ. બહાર નીકળતાં પોતાના જેવા માણસોને મોંઢે કૃપા-શંકર અને જુગલદાસે સભામાં ચાલેલી ચર્ચા સામે પોતાની કડવાશ જણાવી અને અભણુ—જુના વિચારના માણસોએ ધર્મને મોટો ધક્કો લાગવાનો ભય હોય એવા તેમના વિચારમાં તણાઇ જઈ જુવાનિયા-ઓને કેટલીક ગાળો પણ દીધી. આવા માણસોનાં રસ્તામાં ટોળાં કરી કૃપાશંકર અને જુગલદાસે, પણ કેટલોક ઉભરો કાઢયો, પરંતુ વિખરાતા જુવાનિયા અને સુધારકોએ તેમની તરફ કાન ધરવાની પણ દરકાર કર્યા વગર ચાલવા માંડયું એટલે તેઓ પણ બબાળા કરતા કરતા ઘેર ગયા.

પ્રકરણ ૧૯ મું.

વીરેન્દ્રરાવ કે તેમનું કુટુંબ કંઇ જાણે નહિ અને બે બાજુવાળી ઢાલની લડાઈની માફક નાતના લોક ‘ અણુસરજી પીડા ’ ઉભી કરી એક બીજામાં પેટ ચોળીને પીડા કરતાં જંપ્યા નહિ. જુવાનિયા અને સુધારક વિચારનો સમૂહ એક બાજુએ અને જુના ઝેરીલા વિચાર-વાળો સમૂહ બીજી બાજુએ રહી એક બીજાની સામે ધુરકાધુરકી કરવા લાગ્યો. જુવાનિયાઓની સભામાં કેટલાક ખુલ્લે ખુલ્લા વિચાર બહાર આવ્યા પછી તો કૃપાશંકર અને તેમનો જુનો પક્ષ લગભગ બે મહિના સુધી એવો વાએ ચઢયો કે, પોતાનું કામકાજ પડતું મૂકીને પણ એ ચર્ચા ચલાવ્યે ગયો. એક પક્ષ કહેશે કે ‘ આમ કરીશું ’ તો બીજો પક્ષ કહેશે ‘ અમે આમ સપડાવીશું ’ આવી હવામાં ગોળીઓ છૂટયાજ કરે. રામશંકરને ઘેર બધી વાત આવે પરંતુ તેમણે તો એવું મૌન ધારણ કરેલું કે, જાણે પોતાને આ બાબત કંઇ નિસ્બતજ હોય નહિ. ધોળાધોળ અને અકળામણમાં દોઢ બે મહિના

નીકળી ગયા પછી ગિરિજાએ એક દિવસ રાતે ઇશ્વરરાયને તેડાવ્યા, અને આગલી મેડીએ જ્યાં બે ભાઇઓ બેઠા હતા ત્યાં આ બાબત ચર્ચવાની ગોઠવણ કરી.

પ્રથમ ઇશ્વરરાય ઉપર જઈ રામશંકર અને પ્રભાશંકરની પાસે બેઠા. પછી ગિરિજા ત્યાં ગયાં અને મંગળા તથા મંજુબહેન બહાર ઉભાં રહ્યાં. કેટલીક વાતચીત કરતાં કરતાં મોટાંએ ઇશ્વરરાયને પૂછયું કે 'રાયજી! તમારા સાળા માટે નાતમાં કેવાં ગુંનબાન ઉડે છે તે જરા આમને કહો અને કંઇક કાન ઉઘાડો.' રામશંકરે મોટાંને તરત જવાબ આપ્યો કે, 'મારા કાન ઉઘાડાજ છે. લોકોની જરાએ જરી વાત દરરોજ મારે કાને આવે છે, પણ હું તે લક્ષમાં લેતો નથી. આવી વાતોથી ગરમ થઇ જઈ 'પેલા કાચબાની માફક' ચાવળાઇ કરવાની મને કંઇ જરૂર નથી. જ્યારે વખત આવશે ત્યારે 'જેવા પડશે તેવા દેવાશે.'

'પડશે ત્યારે—હવે શું દેવાના છો. વાતમાં ને વાતમાં લોકો કસ ઉપર ચઢી ગયા છે અને આ રાયજીએ દોઢ બે મહિના ઉપર નાતની સભા ભરાવરાવી ત્યાર પછી તો ખરેખરા પક્ષજ પડી ગયા છે. હવે તમને કોણ પૂછે છે? તમારા ઘરને તેઓ નાતમાં ગણતાજ નથી.' ગિરિજાએ રીસ ભેર ટાણો માર્યો. તે સાંભળીને ઇશ્વરરાય બોલ્યા કે, 'અલબત લોકોએ પોતાને કંઇ લાગતું વળગતું નહિ હોવા છતાં વાતને ખૂબ ચહેરી કસ ઉભો કર્યો છે, પણ તેથી શું? પક્ષ પડયા છે તે સારૂં છે, એથી વહેલો નિકાલ આવશે. અમારામાંના કેટલાકનો એવો વિચાર છે કે અમારો ને એમનો પક્ષ પડવા દેવો. પક્ષથી કામ જલદી ને બહુ સારૂં થશે. પહેલાં વેર જેવું લાગશે પણ વખત જતાં તે ઘસાઇ જશે. અમારા પક્ષના તરૂણો બહુ મક્કમ વિચારના માણુસો છે અને તે સૌ હવે જે તે કાર્ય કરી બતાવવાને ઉત્સુક છે. તેઓ ખુલ્લે ખુલ્લું કહે છે કે, 'વાતો તો બહુ દહાડા કરી, હવે તો જે તે વાતને આચારમાં મૂકવા દો.' આપણા સાહિત્યના પેલા સત્યની માફક ક્રિયાની સિદ્ધિ સત્વથી થશે, સાધનથી નહિ. આપણી પરંપરાને જાળવી આપણા

ધર્મને સાચવી તથા સૌના મનમાં કર્તવ્ય બુદ્ધિ ઉપજાવી અમે કાર્ય કરીશું. અલબત, સૌનું મન તો ક્યાંથી રખાય? નાતોમાં વળી કેટલાક એવા હઠી માણસો હોય છે કે, જેમને બ્રહ્મા પણ રંજન કરી શકે નહિ! જુના વિચારવાળાઓની કુટિલતા આ હેતુવાદ કાળમાં નહિ ચાલે. જેઓ સ્વાર્થ આગળ ન્યાય અન્યાય, રીત કરીત કે સારૂં ખોટું કંઈજ જોતા નથી, તેમનાથી સુશિક્ષિત સમાજ ઉપર અમલ નહિ કરાય.' અત્યારે સૌ દેખતા થયા ત્યારે એ લોક કહે છે કે 'માંકણને આંખો આવી.' અલબત, આંખો આવી છે. આગળ જેમ લોક ગરદન મરાતા તેમ હવે ગરદન મરાશે નહિ. જુવાનો કહે છે કે, 'જેમ નતિ આપીશું તેમ તેમની કમાન વધારે તંગ થશે, માટે હવે તો એજ, નતિની વાતજ કરવી નહિ."

તમેજ કહોને? નાતીલાઓના કલ્યાણને માટે નાત છે કે, અકલ્યણને માટે? મોટા પટેલિયા ગમે તેમ કરે અને ગરીબ–બીને ચાલનારનો જરા જેટલો દોષ–અરે દોષે શેનો? નાતના અણઘડ નિયમનું જરાક ઉલ્લંઘન થાય, કે તેને કચરી મારે! જ્યાં જુઓ ત્યાં ઝેર વેર ને કજિયા કંકાસ! નાત નાતીલાનું જીવન બગાડવા કે નાતીલાના કલ્યાણના માર્ગમાં કાંટા નાંખવા માટે બંધાયેલી નથી.' કૃપાશંકર વગેરે જુના પક્ષના આગેવાનો, વીરેન્દ્રરાવની વાત આગળ ધરી અમને–જુવાનિયાઓને દાબી દેવા તથા દાખલો બેસાડવા માગે છે, પણ તેઓ સમજતા નથી કે, અસલી જોહુકમીનો જમાનો હવે જતો રહ્યો છે. હવે કોઇ એમની શેહમાં તણાશે નહિ. વીરેન્દ્રરાવ મડમ પરણ્યા છે એવું બોલ્યા તેથી શું? કંઇ ખાતરી કરી? મોઢે ગપ્પાં માર્યા તેથી શું થયું? આ તો પુરાવાનો સમય છે.'

રામશંકર વચમાંજ બોલી ઉઠયા કે 'ઇશ્વરરાય, આપણે ખરા-ખોટી કરવી નથી. આપણે તો સામોપચારથી અને ધીરજથી કામ લેવું છે. જુવાનોને માટે તમને આટલું બધું માન અને વિશ્વાસ છે તે બહુ સારી વાત છે, પરંતુ મને એટલો બધો વિશ્વાસ પડતો નથી. મુંબાઇમાં પેલું પ્રીતિભોજન થયું ત્યારે જેઓ છાતી કાઢીને જમવા બેઠા

હતા, તેઓ માછળાથી પાતળાં પાણી જેવા થઈ જઈ પ્રાયશ્ચિત્તો કરી નાતમાં પેઠા હતા. જુવાનોને આપણા પક્ષમાં લઈ લેવા ખરા, પણ બધો આધાર તેમની ઉપર રાખવો નહિ. પેલો વચલો પક્ષ છે તેને બળવાન બનાવવો. વીરૂને ક્યારે નાત જાતમાં જઈ અહિંયાં ભાણું માંડવું છે ? આપણે એમ હશે તો, ડહેલે એને જુદો રાખીશું. નાતનો ટંટો હોય કે ન હોય તોપણ મેં એને રહેવા બેસવા માટે નવે વર્ષેજ ડહેલું સમરાવી ઠીક કરાવ્યું છે. વારૂ, એ બધી વાત રહી, પણ મને કહો તો ખરા, કે વીરૂએ શું કર્યું છે અને તમે ખાતરી લાયક કંઈ તજવીજ કરી છે, કે, તુતેતુત બધી ઉડતી વાતો ઉપરથીજ લોકોએ આ ધિંગાણું મચાવ્યું છે ?'

ઇશ્વરરાય ધીમે અવાજે બોલ્યા કે 'મેં કંઇ તજવીજ કે ખાતરી કરી નથી. એમને કાગળ લખીને મિંજણ કરવું એ મને ઠીક લાગ્યું નહિ. ખાતરી લાયક મારા જાણવામાં કંઇ આવેલું નથી, પણ સામાવાળિયાઓએ મેળવેલી ખબરમાં મોટે ભાગે કંઇક સત્ય હોય એમ મને ખાતરીના માણસે જણાવેલું છે. સાદા મામુલી કાગળપત્તરો આવે છે. એમણે બે ત્રણ વાર મોઢે ને કાગળે આગ્રહ કરેલો હોવાથી જિતેન્દ્રલાલને લઇ થોડાજ દિવસમાં હું એમને ત્યાં જઈ આવવાનો વિચાર રાખું છું.'

'મંજુબહેનને પણ સાથે લઇ જવાના છે ભાભીજી !' મંગળાગૌરીએ ગિરિજાને સંબોધી જણાવ્યું કે 'મંજુબહેન જશે તો વળી લોક રડયા વધારે ચિઢાશે.'

પ્રભાશંકર બોલ્યા કે 'લોક ચિઢાવામાં હવે શું બાકી છે ?'

'મંજુ જશે તો એમને રાંધી આપશે સામું સારૂં. રાયજી ઉપરે એટલાં ઓછાં ચુંથણાં !' મોટાંએ માર્મિક જવાબ આપ્યો.

'અમે તો હવે એ લોકનાં ચુંથણાંથી ડરતા નથી. અમારા મનને ઠીક લાગતી વાત કરતાં ડરવાનું અમે છોડી દીધું છે.' ઇશ્વરરાયે ટટાર થઇ ચલાવ્યું કે 'અમે એમનાથી લગારે ડરીશું નહિ, પણ અમારા

અંતરાત્માને જવાબ દેતાં ડરીશું. સ્નેહીઓ અને પારસી–મુસલમાન ઓળખીતાઓને ઘેર જઇએ છીએ તો પછી વીરેન્દ્રરાવ અને તેમની મડમ સાથે અત્યારે એવું શું આડું છે કે, ના જઇએ ? જિતેન્દ્રલાલે આગ્રહથી મારી સાથે આવવાનું માગી લીધું છે. એ છોકરો વીરેન્દ્રરાવની માફક હીરો નીકળેલો છે. એ શું કૃપાશંકર અને જુગલદાસ કરતાં નાતમાં ઓછી લાગવગવાળો માણસ છે ? એનું કુટુંબ કેવડું મોટું છે ! અમારામાંના બીજા સભ્યો પણ કંઈ કમ નથી. વીરેન્દ્રરાવને ત્યાં જઈશું, દસબાર દિવસ રહીશું, અને જગન્નાથજી તરફ જઇ આવી મહિનામાં અહિં પાછા ફરી આવીશું. છોને નાતીલા પહેલો ઘા અમારી ઉપરજ કરે !'

'જિતેન્દ્ર વગેરે તમે ત્રણુ જણુ જઈઆવો ત્યારે તો નાતથી એકદમ કંઇ થાય નહિ. તેમને કંઇ ખાતરી જોઈને ? વિલાયત જઇ આવવા માટે ઘણા જણુ ઉશ્કેરાયા હતા પણ તેમાં કોઇનો કંઈ પાસો પડ્યો નહિ, એટલે આ ધતિંગ ઉભું કર્યું લાગે છે. વીરૂ પરણ્યો હશે ?" ગિરિજાએ પૂછ્યું.

ઇશ્વરરાય—હા, એવું લાગે છે. કૃપાશંકર અને જુગલદાસે ખાતરીની ખબર મેળવી છે. કહે છે કે, એ તરફની કોલસાની ખાણોમાં આણી તરફના માણુસ કંટ્રાકટર વગેરે છે અને તેવા એકાદ જાણીતા માણુસ મારફતે તેમણે પાકી ખાતરી મેળવી છે. વાત સાચી હશે પણ મારૂં મન એમ કહે છે કે, કન્યા હિંદુ અને ઉંચી વર્ણની હશે. વીરેન્દ્રરાવને જો ગોરી કન્યાજ લાવવી હોત તો, ત્યાંથી પરણીને ન આવત ? એમની વૃત્તિઓ હિંદી અભિમાનથી ભરેલી છે એમાં તો જરાય શક નથી. હિંદુ અને બ્રાહ્મણુ વર્ણની હશે તો તો અમે એવા ઠરાવ ઉપર આવેલા છીએ કે, પ્રાયશ્ચિત્તથી તેમને પાવન કરી લેવાં. તમારે પણુ પાવન કરી લેવાં. તમારે જમવા ખાવા સિવાય બીજી કોઈ રીતે તેમનાથી વિરૂદ્ધ પડવું નહિ. મોટાં તમારા હાથના ઉછેરને એટલીએ મારી તમે નહિ આપો ? તેઓ ડહેલે રહે, અહિં આવે જાય, હરે ફરે અને પરનાતના સ્નેહી જેવી બધી ઘરવટ ચાલે, એવા વ્યવ-

હાર સામે લોક વાંધો લે તેથી તમારે ડરવું નહિ. આપણા માણસનો—સગાભાઈનો આપણે શું ત્યાગ કરી દઈશું ? ભાઈ કરતાં નાત વધારે !'

મંગળાગૌરી મલાજામાં બહાર ઉભી રહી હતી તે એકદમ આ સાંભળી બોલી ઉઠી કે 'કદી નહિ ! અમારા ભાઈનો ત્યાગ કરવાનો આગ્રહ લે તે નાતનું અમારે શું કામ છે ? નાત નાતને ઘેર રહી. વીરૂભાઈ અને વહુ ખુશીથી આ ઘરમાં આવીને ઉતરશે. આ રસોડે જમશે તેથી શું થઈ ગયું ? બહારના પર નાત જાતના મહેમાનો વગેરે આવે છે તેને શું બહાર કાઢી મૂકીએ છીએ ? ઘરમાં આવીને ઉતરે એટલે શું થઈ ગયું ! નાતીલાઓને ઘેર શું તેમના પર નાત જાતના લોક આવીને નથી ઉતરતા ? ના ના, રાયજી ! અમે એમ કંઈ ડરવાનાં નથી. વીરૂભાઈ મડમ તો લાવે નહિ અને મડમ સાથે એમને ગોઠે પણ નહિ ! હશે તો જરૂર હિંદવાણી અને તે પણ ઉચ્ચવર્ણની. મને મારા દિયર માટે ખાતરી છે.'

પ્રભાશંકરે પણ તેની પત્નીના બોલવાને ટેકો આપ્યો. 'ભાઈ ભાઈનો સંબંધ તજાય ? એ તો નાતીલાઓનો ખોટો મમત છે ! ગમે તે કંઈ જોડતોડ કાઢવો હશે તો કઢાશે.'

ઈશ્વરરાય બોલી ઉઠ્યો કે 'ના ના, તમે એવી વાત તો હમણાં બોલશોજ નહિ, તેઓ વળગી પડશે. આપણને તેઓ શું કરે છે તે જોયા કરો.'

'જોયા તો કરીશુંજને ?' ખિન્ન અને નાસીપાસ મને ગિરિજા બોલ્યાં કે 'જોયા તો કરીશુંજને ? પણ વીરૂએ મારી હોંસોને ડામી દીધી. હું કેવી મઝેની કન્યા સાથે એને પરણાવી લહાવો લેવરાવત ! હિંદુ હશે, ઉંચી વર્ણની હશે તોપણ તે કોણ ? કોની છોકરી અને કોણ એને કે એના વરને વ્હાલથી બોલાવનાર અને અવસરે કરકરિયાવરે કરનાર !' મનમાં એવું આવવાથી મોટાં ગળગળાં થઈ ગયાં અને આગળ બોલી શકાયું નહિ

'એવા વિચાર લાવીને ઓછું આણવાનું હમણાં શું કારણ છે ? આપણે શું જાણીએ છીએ ? જુઓ, ધીરજ રાખો અને ઈશ્વરરાય

કહે એ તેમ, મૌન રહી જે પરિણામ આવે તે જોયા કરો ! ઇશ્વર સારૂંજ કરતો હશે. ઉંચી વર્ણની વહુ હોય અને આપણામાં ભળી જાય તો લહાવા લેજો, આપણને ઇશ્વરે શું નથી આપ્યું ? એનાં માબાપની શી જરૂર છે ? જેને માબાપ નથી હોતાં તેમનું શું થાય છે ? વીરૂ-માંથી હું સુખજ જોઇશ. મારો ને એનો બહુ સારો ઋણાનુબંધ છે. અત્યાર સુધી બધામાં મને ફતેહજ મળી છે, ને હું તો શ્રીકૃષ્ણ પરમાત્માના પેલા વચન ઉપર સંપૂર્ણ આસ્થા રાખું છું કે કલ્યાણકૃત દુર્ગતિને પ્રાપ્ત થતો નથી હશે, આ વાત પાછી આપણે સૌ અહિંજ દાટી દેજો. ઈશ્વરરાય તમે, જિતેન્દ્રને લઇને ત્યાં જઇ આવો, વધારે રજા ન મળે તો પંદર દિવસ. મંજુને લઇ જવાનું હાલ કંઇ કારણ નથી. તમે ત્યાંનું વાતાવરણ જોઇ આવશો તે પછી વળી મંગળાગૌરી અને મંજુને મોકલીશું હમણાં છાણે વિંછી ચઢાવવો ઠીક નહિ. તમે બે પુરૂષ ગયા હશો તો કંઇ અપવાદ આપી શકાશે નહિ. ગમે તેટલા પણ તમે પરોણા અને મંજુ તો બ્હેન ! એટલે સહેજ એમ કહેવાય કે, 'તે એની ભાભી સાથે રહી—જમી હશે.'

'તમે અત્યારથી જુઓ ' મંજુની ભાભી ' એમ. કહેવા માંડયુંને ?' ગિરિજાએ સૌને હસાવ્યાં.

રામશંકર–' ગમે તે હશે ? કદાપિ મડમ હશે તોપણ ' મંજુની ભાભી તો ખરીજને ? એમાં શું ખોટું કહું છું ? આવીને દૂર—શહેર બહાર કહિં બંગલે રહેશે તોપણ વીરૂની વહુ અને મંજુની ભાભી કહ્યા વગર કંઇ ચાલવાનું છે ? વારૂ, હાલ તો હું કહું છું તે તારી (ગિરિજાની) અને પ્રભાશંકરની ધ્યાનમાં આવે છેને ? હમણાં તાજે તર મંજુ ત્યાં જાય તે ઠીક નહિ.'

પ્રભાશંકર–' બરાબર છે. ઇશ્વરરાય અને જિતેન્દ્રલાલને જવા દો, એમને પુરૂષોને વાંધો નહિ મડમ હશે તો તે ક્યારે રાંધી આપનારી છે ! અને વીરૂના હાથનુંએ એમને ક્યાં ખાવું છે કે ચિંતા.'

' અરે ! અમે તો ભૈયાઓની માફક અમારૂં પોતાનું રાંધી લઇશું અથવા કાશીથી ગોરને કહી ખપતી રસોઇ બનાવી આપે એવું એકાદ

માણસ લઇ જઇશું. અમારી તમારે ચિંતા કરવી નહિ. નાતીલા પૂછશે તો તેમને જવાબ દેતાં પણ અમને આવડે છે.'

'બસ ત્યારે તમે જઈ આવો' રામશંકરે લાગણીથી જણાવ્યું કે, 'જઇ આવો, તેથી આપણા મનનો બધો ખુલાસો થઇ જશે. આવી બાબતમાં લખાવટ કરવી તે ઠીક નહિ. તમે સરખી વયના, બોલવા ચાલવાની છૂટવાળા અને કંઈ કહેવા જેવું લાગે તો એ શબ્દ વીરૂને દાબીને કહી પણ શકો એટલા પરિચયવાળા છો માટે બનતી સગવડે રજા લઇને જઈ આવો.'

'મોટાભાઈ કહે છે તે ઠીક છે' આમ કહી પ્રભાશંકર ઉઠયા એટલે મંગળાગૌરી ને મંજુબહેન પાછલા ખંડ તરફ ચાલી ગયાં. પ્રભાશંકર નીચે વળાવવા ગયા ને બારણા પરથી ફાનસ લઇ હવાલદાર ઇશ્વરરાયને મૂકવા ગયો.

પ્રકરણ ૨૦ મું.

'રાયજી! તમે તો બહુ રાહ જોવરાવી.' જિતેન્દ્રલાલ સામું જોઇ હસીને સ્નેહથી 'મિ જિતેન્દ્ર! તમારે માટે મેં ઇચ્છેલું તેવાજ તમે નીકળ્યા! એમ. એ. એલ, એલ, બી. થયા પરંતુ તબિયત જેવી જોઇએ તેવી રહી નહિ. બે વરસ આરામ લો. હવે અહિંજ મારી સાથે કેટલાક મહિના રહો.' વીરેન્દ્રે બહુ વહાલ અને ભાવથી તેની સાથે સેકહેન્ડ કરી ઇશ્વરરાય સાથે સોફામાં બેસતાં કહ્યું કે 'ગયા અઠવાડિયાથી અમે તમારી રાહ જોતા હતા. જોઇતો તો બિચારો રોજ સ્ટેશન ઉપર ફેરા ખાતો હતો.'

જિતેન્દ્ર બોલ્યો કે 'રાયજીનો દોષ નથી. કાશીની કેટલીક જગાઓ જોવામાં મેં એક બે દહાડા વધારે ગુમાવરાવ્યા અને જરા વધારે ફરવામાં આવ્યાથી, ઇશ્વરરાયને તાવ આવી ગયો એટલે બે ત્રણ દિવસ તેમાં નીકળી ગયા, નહિ તો અલબત ગયે અઠવાડિયેજ અમે અહિં આવી ગયા હોત.'

ઇશ્વરરાય તરફ જોઇ તથા તેમનો હાથ પોતાના હાથમાં લઈ વીરેન્દ્ર બોલ્યો કે ‘ રાયજી ! હવે કેમ છે ? ’

‘ કંઇ નથી. એ તો જરા વધારે પરિશ્રમનું કારણ હતું. માત્ર એક દિવસજ તાવ આવ્યો હતો. અમે તરત દવા લઇ આવ્યા અને બે દિવસ આરામ લઇ લીધો. બરોબર પ્રકૃતિમાં આવ્યા પછીજ ત્યાંથી નીકળ્યા છીએ. વળી બીજે જવાનો વિચાર હતો તે માંડી વાળી પાધરાજ અહિં આવ્યા છીએ. ’

‘ કેટલે વાગે આવ્યા ? ’

‘ તમે ઓફિસ ગયા ’ને તરત આવ્યા હતા. જોઇતારામે કહ્યું કે, ‘ ભાઇને બોલાવરાવું ?’ પણ અમેજ ના કહી.’ જિતેન્દ્રે ઉત્તર આપ્યો

‘ તસ્દી તો બહુ પડી હશે ? મને બોલાવવો હતોને ? ’

‘ નહિ, શા માટે તમે મનમાં એવું આણો છો ? ’ ઇશ્વરરાયે કહ્યું કે ‘ જોઇતારામ કંઇ અજાણ્યો ન હતો. અમને એનાથી કંઈ અતડું લાગે તેમ પણ ન હતું. અમે આવ્યા કે તરત એણે બધી ગોઠવણ કરાવી નાંખી. તમારા માણસો અને બ્રાહ્મણ બાહોશ છે. અમે ઘર છોડયા પછી આજેજ ઉને પાણીએ સારી રીતે નહાયા અને ઇચ્છા પ્રમાણે જમ્યા. જમીને સુતા હતા તે હમણાં સાડા ત્રણ ચાર વાગે ઉઠયા. સહેજ વાત કરીએ છીએ એટલામાં તમે આવ્યા. અમને અહિં તસ્દી શી પડવાની હતી ? જગન્નાથજી જવાનો વિચાર હોવાથી અમે કાશીવાળા આપણા ગોરને ત્યાંથી એક ડોસીને લેતા આવ્યા છીએ. તેણે મજેનાં દાળભાત કરી નાંખ્યાં તે જમીને ઉઠ્યા. મને બરોબર આરામ થઇ ગયેલો છે અને રસ્તામાં, રેલમાં કે અહિં આવ્યા પછી લગારે તસ્દી પડી નથી, તમારે કશી કાળજી કરવી નહિ. ’

તેઓ આમ વાત કરે છે એટલામાં જોઇતારામ સર્વેને માટે ચા લઇ આવ્યો અને વીરેન્દ્રરાવ તરફ જોઈ બોલ્યો કે ‘ ભાઇ ! આપ ગયા ને તરત રાયજી આવી પહોંચ્યા. મેં આપને બોલાવરાવવાનું કહ્યું પણ તેમણે ના કહ્યું એટલે આપને બોલાવ્યા નહિ. મેં રાયજીની ઘરના જેવી બરદાસ કરી છે, માત્ર જમણમાં તેમણે મને આપણો

દેશી વિવેક કરવા દીધા નહિ.' બ્રાહ્મણે ચા કાઢી એટલે જોઇતારામે લાવીને એક મજેની ત્રિપાઈ રાયજી ને વીરેન્દ્ર જે સોફા ઉપર બેઠા હતા ત્યાં મૂકી અને તેમની જોડે જિતેન્દ્રલાલને માટે બીજી ખુરસી લાવીને ગોઠવી. બ્રાહ્મણ તાટમાં ત્રણ પ્યાલા ડાઇનિંગ ટેબલ ઉપરથી લઇ આવ્યો તે તેણે પોતેજ ત્રણે જણની આગળ મૂકયા.

આડી અવળી વાતચીત કરતાં કરતાં તેમણે ચા પીધી; અને પોતાના દેશના તથા પોતાના ઘરનાજ માણસોની મુલાકાતથી ખૂબ ખુશી થયેલો જોઇતો જાણે તેમનામાંનોજ માણસ હોય તેમ તેમની વાતોમાં ટાપસી પુરતો ઉભો રહ્યો. રસ્તાની, કાશીમાં રહ્યાની અને બીજી કેટલીક વાત થયા પછી જોઇતાએ પ્યાલા ઉપાડી લઇ પાનપેટી લાવી ત્રિપાઇ ઉપર મૂકી અને વીરેન્દ્રને સંબોધીને કહ્યું કે 'ભાઈ! શી રસોઇ કરાવું ?'

'તે હવે તમારે રાયજીનેજ પૂછવું. રાયજીની મહેમાનગીરી કરવાની નથી. એમને જે રૂચિ હોય તે કહે.'

'મારે મહેમાનગીરી કરવી પડે તો ? મોટાં બા અને મંગળા ભાભી મંને ઠપકા દે ?' જોઇતાએ ગુજરાતી ઘરોના વિવેકનો પડઘો પાડયો.

જિતેન્દ્રે હસીને કહ્યું કે 'જોઇતારામ! ઇશ્વરરાયની મહેમાનગીરી કરનારૂં માણસ હોત તો બધું થાત, આ તો અમે તમે સૌ મુસાફરો જેવા છીએ. ઘર હોય ત્યાં વિવેક!'

'જિતુભાઇ! અહિં ઘરજ છે, હું હોઉં ત્યાં ઘર. તમે કોઇને લઈ આવ્યા હોત તો ઘરનોજે મર્મ બતાવો છો તે મર્મ હું તમને બતાવત, અને હજી વળી શું વહી ગયું છે ? અઠવાડિયા પછી તમને ઘર ને ઘરનો વિવેક બતાવીશ, જુઓ તો ખરા!'

ઇશ્વરરાય બોલ્યા કે 'જોઇતારામ! વીરેન્દ્રરાવનું ઘર તમે કેમ જમાવ્યું છે તે જોવાને માટેજ અમે અહિં આવ્યા છીએ, અને તે જોઇ મહેમાનગીરી ચાખીનેજ જઈશું. અત્યારે હું તો જરા દૂધ ભાત

લઈશ માટે વીરેન્દ્રરાવ સાંજના જે જમતા હોય તે રસોઇ કરાવરાવો, એ બાઇને તમે જરી બતાવજો.'

'કાશીડોસીને કશું દેખાડવું પડે એવાં નથી! દાળ ભાત પૂરી શાક વગેરે કરાવું છું આપની મહેમાનગીરી કરનાર આવે ત્યાં લગી આપની ઇચ્છામાં આવે તેમ કરાવરાવો, પછી હું ને એ છીએ.' આમ કહી જોઇતો ગયો એટલે હસીને જિતેન્દ્રલાલ બોલ્યો કે 'વીરૂભાઇ! આ પટેલિયો પણ બડો ગુલાબી માણસ દેખાય છે?'

'અરે હા,' ઇશ્વરરાયે જવાબ આપ્યો કે 'આ પટેલિયો તો બડો બાહોશ ને સમય જોઇ વર્તનાર માણસ છે. વીરૂભાઇના ઘરમાં પળોટાઇ મોટાંના હાથ તળે શિક્ષણ લઇ ખૂબ પાવરધો થયેલો છે. આપણે આવ્યા ત્યારનો ખડે પગે કેવી મહેમાનગીરી કરે છે અને બોલવામાંએ કેવો છુટો ને ખુલ્લા દિલનો માણસ છે! ઘણી બાબતમાં પેક છે. મોટા જોડે મોટા જેવો, નાના જોડે નાના જેવો અને જેણી તરફનો પવન વહાતો હોય તેણી તરફનો વહાય એવો છે એટલું ખરૂં કે:અહિંનું ત્યાં ને ત્યાંનું અહિં કરે નહિ.'

'એ તો નોકર માણસનો સ્વભાવજ હોવો જોઇએ.'

'ના, તેમ પણ નથી! અહિં વીરૂભાઇની વૃત્તિએ ચાલે ખરો, પણ પાછો કહેવા જેવું હોય તે ચોખ્ખું કહે! એકલી ખુશામત કરીને રાજી રાખે નહિ. આપણે ભૂલ કરતા હોઇએ તો બીજા નોકરોની પેઠે કરવા દે નહિ. આપણને ખબરે પડે નહિ અને ખોટુંએ લાગે નહિ તેમ વસ્તુસ્થિતિ કિંવા પ્રસંગ મરડી લે. હાએ હા કરીને અથવા તાળીએ તાળી પાડીને શેઠનું મન રાજી રાખ્યા કરે એવો છેક નથી. મોટાંને સુદ્ધાં એને ખરી લાગતી વાત હોય તે ચટ કહી દે.'

વીરેન્દ્રરાવ બોલ્યો કે 'જીતેન્દ્ર! મને એની સેવાની અહિં આવ્યા પછી બહુ કદર થઇ છે. ખરેખર એક કુટુંબી માણસના જેવું તે અહિં મારૂં કામકાજ બજાવે છે. ઘર આગળ ઘરની બાબતો માટે હું જેટલો કેરલેસ રહી શકું તેટલો અહિં એને લીધે રહી શકું છું.'

'ચાલો હવે અમે જરા બહાર ફરી આવીએ?' ઇશ્વરરાયે સોફામાંથી ઉઠતાં વીરેન્દ્રરાવને પૂછ્યું.

'મારા ડોકયાર્ડમાં જાઓ, અહિં મોટી ગાડી મેં રાખી નથી. જ્યારે બે ત્રણ જણ હોઇએ અથવા દૂર જવું હોય ત્યારે જમીનદારોના હાથી મંગાવી લઇએ છીએ. વાહન તરીકે અહિં હાથીનો પુષ્કળ ઉપયોગ થાય છે.'

'નહિ, ડોકયાર્ડની અમને જરૂર નથી. અમે તો પગે ચાલીનેજ થોડું ફરી આવીશું, કેમ જીતેન્દ્રલાલ!'

'અલબત, ફરવા જવાનો અર્થજ એ.'

વીરેન્દ્રરાવે ઉઠી ટેબલ ઉપરની ઘંટડી વગાડી એટલે નીચેથી જમાદાર આવ્યો, તેને કહ્યું કે 'આ ગૃહસ્થોની સાથે જાઓ અને એમને પેલા ખુલ્લા મેદાન તરફ ફેરવી લાવો.' 'બહોત ખૂબ સાહેબ!' એમ કહી નીચા નમી સલામ કરી તે નીચે ગયો ત્યાર પછી ઇશ્વરરાય અને જિતેન્દ્રલાલ કપડાં પહેરી તૈયાર થયા. વીરેન્દ્ર તેમની સાથે નીચે ઉતર્યો અને બોલ્યો કે 'હું અહિં મારા ઓફિસ રૂમમાં બેસી કામ જોઉં છું દરમિયાન કલાક દોઢ કલાકમાં તમો પાછા ફરી આવજો.'

'હા, અંધારૂં થતા પહેલાં આવતા રહીશું.'

'અહિં હમણાં ફોગ પડે છે અને રાયજીની પ્રકૃતિ મને હજી બરોબર લાગતી નથી એટલે સંધ્યાકાળ પહેલાં આવી જવું ઠીક છે. કહો તો હું સાથે આવું રાયજી!'

'નહિ, નહિ, વીરેન્દ્રરાવ! તમારે એવી તસ્દી લેવાનું કે કાળજી કરવાનું કારણ નથી. હમણાં અમે આવતા રહીએ છીએ. તમે તમારા કામથી પરવાર્યા પણ નહિ હો ત્યાર સોરા તો અમે આવી જઇશું.' આમ કહી વાતો કરતા કરતા તેઓ બન્ને જણ બંગલા પરના જમાદારને લઇ નીચે ઉતર્યા અને વીરેન્દ્ર જઇને તેના કામ ઉપર બેઠો.

પગથિયાં ઉતરતાં ઉતરતાંજ જિતેન્દ્રલાલ બોલ્યો કે 'રાયજી! આવા ગંભીર અને શીળા માણસને માટે નાતના લોક મોટા ઉભળા

મારે તે કેમ સહેવાય ? શું સારાની આપણે કિમ્મતજ કરવી નહિ ? અને કોઇ સારૂં થતું હોય તેને ઉત્તેજનજ આપવું નહિ ? આપણે આમની બધી રહેણીકરણી જોઇ આમાં કંઇ વાંધો કાઢવા જેવું લાગ્યું ? વળી જોઈતારામે આપણને કહ્યું તે સાંભળ્યુંને ? કહે છે કે પહેલાં સાહેબ લોકના જેવો પોષાક પહેરતી હતી અને તેવી ઢબે રહેતી હતી, પરંતુ હવે તો આપણો પોષાક પહેરે છે, આપણી ઢબે રહે છે અને નરી ગુજરાતણ હોય એવી આપણી બોલી બોલે છે. વીરેન્દ્રરાવને એવી લાયક છે કે, તેમનું જોડું જોઇને કોઇનું પણ મન હસે. જો આવું હોય તો આપણે શા માટે કજિયો કરવો ? શું તેમના સુખને આપણે સામાજિક સહાય–સ્નેહ અને બંધુતા આપીને ખીલવવું–અતિરમણીય બનાવવું નહિ ? શા માટે આપણે તેમના સુખને આપણી બાજુતરફથી બળતું–ચણચણતું રાખવું ? કોલેજની રેસિડન્સીમાં છચોક આચાર વિચારોને કચરી નાંખી ઘરની રીતભાતને અમો જેવી દૂર ફેંકી દઇએ છીએ તેવું તો વીરેન્દ્રરાવે કંઇજ કર્યું નથી. હિંદુસ્તાની બ્રાહ્મણ રસોઇઓ છે તે કેમ ન હોય ? આપણે બ્રાહ્મણ છીએ અને આ દેશના બ્રાહ્મણ તે શું બ્રાહ્મણ નહિ ? ના ના, મને તો આમાં કશુંએ અવનવું કે ખોટું લાગતું નથી.'

'જિતેન્દ્ર ! તું બહુ ઉતાવળો થઇ જાય છે. એ ગમે તેવી હશે તોપણ એટલું તો ખરૂંજને કે, તે સાહેબ પાસે તેના ઘરમાં ઉછરેલી, અને અત્યાર લગી તેવી રીતભાતે રહેતી આવેલી છે. શું હશે તે કેમ કહેવાય ? એક પંક્તિએ બેસીને જમનારી નાતો કન્યા આપ લે કરવાની હિમ્મત કરી શકી નથી તો પછી આપણાથી આવું દેખીતું ઝેર નાતને શી રીતે ગળાવી શકાય ? વીરેન્દ્રરાવ વિલાયત જઈ આવ્યા પ્રાયશ્ચિત્ત કર્યું અને સૌએ જેમ કહ્યું તેમ કબુલ કર્યું તોપણ જેઓ માનતા નથી તે આ સ્ત્રીને શી રીતે સ્વીકારે ? જોઈતારામે કહ્યું તે સાંભળીને તો હું વિચારમાં પડી ગયો છું.'

'ના ના તમે એવા છેક 'નર્વસ' થઇ જતા નહિ. વિરોધીઓને તો તમે કોઇ રીતે પ્રસન્ન કરી શકશોજ નહિ. હું એવાઓ સાથે રહેવા

ઇચ્છુંજ નહિ, અને વીરેન્દ્રરાવ, આગળ વાત નીકળે ત્યારે તમે સાંભળજો કે, તેઓ પણ એમજ કહેશે. વીરેન્દ્રરાવ આપણી સાથે એસવાનો, કોઇની લાગણી દુભવવાનો દુરાગ્રહ દેખાડશે નહિ. તેઓને તમારી શી દરકાર છે ? નાતને એમના સહવાસમાંથી લાભવાનું છે, એમને નહિ ! ઉજળાના સહવાસમાં આપણે ઉજળા થવા રૂપી લાભ પ્રાપ્ત કરીએ પણ, તે તો ગેરલાભનોજ ભાગી થાય. આપણી સાથે રહી કંઈક અપલક્ષણને ભોગ પડે, એમાં એને શો લાભ ? મૈત્રી—ઉચ્ચ જાતના માણસોની હોય તે સારૂં, અને તેમાં નીચી પાયરીવાળાને હમેશ લાભ થાય. મોટાના સંગનું પેલું માહાત્મ્ય કેમ ભૂલી જાઓ છો ? ખાળનું પાણી ગંગામાં જઈ વિશ્વેશ્વરના અભિષેકમાં વપરાય છે, અને વળી ફૂલના સંગથી ક્ષુલ્લક કીડો મોટા રાજાના મસ્તક ઉપર ચઢવા પામે છે, આવાં હજારો દૃષ્ટાંત છે. સારાની સોબત તો સારીસ્તો ! આપણે સારા હોઇએ પણ નઠારાને આશરે જઇએ તો માર ખાઇએ. તેમ આપણા આશ્રયમાં આવતાં આપણા તરફનો આમને કલેશ સહેવાનો કે બીજું કંઈ ? અગ્નિ લોખંડમાં પેસે છે તો લુહારના હાથનો માર ખાય છે, તેમ આ લોકો આપણામાં ભળે તેમાં એમને માર ખાવાનો કે બીજું કંઇ ? ભલેને મડમ હોય પણ આપણામાં આપણા જેવી થઈ જતી હોય, તો પછી આપણે શા માટે તેને રંજાડવી ? રાયજી ! હું તો આવાં સાલસ ને સારાં માણસને આપણાથી દૂર રાખવા ઇચ્છતો નથી. જે આપણા હૃદયને ગમે છે અને જે આપણા હૃદયને સ્પર્શ કરે છે તે આપણા હૃદયથી કેમ અળગું રાખી શકાય ?'

'જિતેન્દ્રલાલ, તું ધીરો પડ. હજી જોતો ખરો. હું એમ માનું છું કે, વિજાતીય દંપતીમાં લાંબો વખત સ્નેહ નિભતો નથી. જાણેલી અને સ્વાભાવિક થઈ પડેલી રીતભાત અને ચારિત્રમાં આમ જોતાં તો આપણને કંઈ લાગતું નથી; પરંતુ માણુસ જાતિની સંસ્કૃતિના પ્રાચીન ઇતિહાસ તરફ જોઇએ તો હજારો બલ્કે લાખો વર્ષોએ માણસ હાલની સંસ્કૃતિ પ્રાપ્ત કરી શક્યાં છે. દસ પંદર વર્ષનાં થતા થતામાં આપણે જે સંસ્કૃતિ લઇને અત્યારે તૈયાર થઈ જઈએ છીએ તે

માણસ જાતે કેટલે લાંબે વખતે હીપેલી છે ? અને તે કેવી આનુવંશિક થઇ ગઈ છે તેની ઉપર વિચાર કરતાં વિસ્મય ઉત્પન્ન થયા વગર રહેતો નથી. આપણું તન મનના બંધારણમાં બીજની સાથે ઉતરેલું અને માબાપ તથા કુટુંબના પરિચયમાં રૂંવેરૂંવે વ્યાપી ગયેલું ચારિત્ર્ય પોતાની સમાન હોય તેવા ચારિત્ર્યમાંજ એકાકાર થઈ રમે છે, માટે દંપતી સમચારિત્ર્યનાં હોય તોજ તેમનો મેળાપ લલિત અને સુખકર નીવડે છે. ઉપર ઉપર થઇને ઉડતા મોહથી થયેલો સંબંધ જેમ કાળ જાય તેમ આચારવિચારના ભેદથી ક્ષીણ થઇ છેલ્લે સાવ ઘસાઇ જાય છે. કહેવાનું તાત્પર્ય એસ કે, વીરેન્દ્રરાવની આંખોએ અત્યારે એને રૂપવાન જોઇ છે અને રૂપના મોહે એનામાં એમને સર્વસ્વ દેખાયું છે. શેખસાદીને જહાંગીર પાદશાહે આમજ કહ્યું હતું. ‘ કવિ ! તમે મારી આંખે નૂરજહાંને જુઓ, ત્યારે તે કેવી રૂપાળી છે તે તમને સમજાય.’ વીરેન્દ્રરાવ જે આંખે એને જુએ છે તે આંખે દોષ ન દેખાય, માટે આપણને પ્રત્યક્ષ થવા દો, થોડો અનુભવ લો અને પછી વિચાર બાંધો. આપણા વ્યવહારમાં ઘણું સુધારવા જેવું છે તોપણ જુનું બધુંએ એકદમ નાખી દેવા જેવું નથી, તેમ બધુંજ નવું આંખો મીચીને આરંભવા જેવું પણ નથી. તમે વિદ્વાન થયા છો, ઘણું વાંચ્યું છે, ઇતિહાસનો અભ્યાસ કર્યો છે અને અહિં પરીક્ષા માટે આવેલા છો તેથી ધીરા પડો, જાતે જુઓ, અનુભવ લો અને નિષ્પક્ષપાતની ઉદાર નજરે વસ્તુસ્થિતિ તોળ્યા પછી બોલો. જોઇતાએ મહેમાનગીરી કરાવવાને મિષે વાત કાઢી તેમ છતાં જુઓ વીરેન્દ્રરાવે તે સંબંધી ઓઠ હલાવ્યો છે ? એ જેવા ગંભીર ને ધીરા છે એવા બની જઇ આપણે પણ બધી ચિકિત્સા કરો, પછી વાત !’

ધીરા પડી વસ્તુસ્થિતિ જોવા ને પારખવાની ઇશ્વરરાયની શિખામણ સાંભળી જિતેન્દ્રલાલ બોલ્યો કે ‘ રાયજી ! અલબત, આપણે જોવા અને પરીક્ષા કરવા આવ્યા છીએ તે જોઇશું અને અનુભવ લઇશું, તેમ છતાં, મને કહેવા દો કે, આપણી સંસ્કારી મતિ કરતાં જોઈતારામની કુદરતી—નૈસર્ગિક મતિએ જે પરીક્ષા કરી હશે તે આપણા કરતાં પણ

વધારે વિશ્વસનીય નીવડશે, એમ મારૂં માનવું છે. ઘણી બાબતો એવી હોય છે કે, જેમાં કેળવાયેલી મતિ કરતાં વ્યવહારિક મતિ વધારે સારી પરીક્ષા કરી શકે છે. જોઇતો વાત કરતો હતો ત્યારે તેના હૃદયના ભાવ તમે જોયા હતા ? એને એના હિંદુપણા માટેજ નહિ, પરંતુ એની નાડીઓમાં ઉચ્ચ વર્ણનું લોહી વહેતું હોવાની જાણે અંતઃકરણથી પ્રતીતિ થઈ ગયેલી હોય એમ લાગતું હતું. જૂજ વાત થઈ છે તોપણ મને તો એની પરીક્ષા માટે વિશ્વાસ ઉત્પન્ન થયો છે."

'હિંદુ અને વળી ઉંચી નાતની હોય તો બહુ સારૂં, છતાં તે પણ નાતને તો આકરૂં પડશે, પ્રશ્ન એ છે.'

જિતેન્દ્ર બોલ્યો કે 'ના ના, રાયજી ! એ પ્રશ્ન અમારી દૃષ્ટિ સામે નથી. અમે તો જ્ઞાનથી પ્રોક્ષાયેલાં મનુષ્યને આનુવંશિક ઉત્તમતાવાળાં કરતાં વધારે ગાઢ મૈત્રીને યોગ્ય ગણીએ છીએ. જ્ઞાન શું નથી કરતું ? મનુષ્યને એના જેવી શુદ્ધિ આપનારૂં બીજું શું છે ? આપત કાળના ધર્મોમાં હાલનાં અમારાં મંતવ્ય આવી જાય છે. આગળ વિજાતીય કન્યાઓ લેવામાં આવતી. નાગકન્યાઓને બ્રાહ્મણો અને ક્ષત્રિયો ચહાઇને પરણતા. એ નાગ લોકો કયારે તેમની જાતિના હતા ? મહાન્ ચંદ્રગુપ્ત કોણ હતો અને કોને પરણ્યો હતો ? અત્યારની ભાષામાં બોલીએ તો એ મડમજ હતી. હશે, હવે તમે એટલું કરો કે જેથી આપણે તેને જોઇએ અને મળીએ. તમે વીરેન્દ્રરાવને કહી એને અહિં બોલાવરાવો.'

'હું એજ વિચાર કરૂં છું. કહે છે કે, બેએક મહીના માટે તે ત્યાં ગઈ છે. હવે બે મહીનામાં કંઈ બાકી નથી. વળી એને આવવું હશે તો આપણે પાછી લઈ જઇશું. આ ડોસી ઘરડી ને અનુભવી ઘડાયેલું માણસ છે, એટલે આપણે છીએ અને એ અહિં આવે તો, એ પણ પારખી લે. બૈરેબૈરૂં તેમને આપણા કરતાં વધારે સાથે રહેવાનું થાય.'

'અલબત, એ પણ સારૂં છે. મારો તો એવો વિચાર છે કે, આપણા કરતાં અજ્ઞાન માણસો આવી વાતમાં વધારે ઝીણી નજરનાં હોય છે.'

'ચાલો, હવે આપણે પાછા ફરીએ !'

પ્રકરણ ૨૧ મું.

'જોઇતારામ! ઇશ્વરરાય એને માટે કંઇ બોલતા હતા કે?' વીરેન્દ્રરાવે તેઓના જગન્નાથજી ગયા પછી બીજે દહાડેજ સાંજના ચા પીતાં પીતાં એકાંત જોઈ જોઇતાને પૂછ્યું.

'ઇશ્વરરાયે લગારે લગાર વાત મને પૂછી અને મેં પણ તેમને સંપૂર્ણ વિશ્વાસ આવે એવી બધી હકીકત કહી દીધી. આપ ઓફિસ જતા તે પછી અમો ઘણી વાતો કરતા હતા. એમને મેં ખરેખરી ખાતરી કરી આપી છે. નાતજાતમાં ભળાય ન ભળાય તે વાત તો જુદી! પણ એટલું તો તેમના મનમાં વસ્યું છે કે, કંઈ ખોટું થયું નથી. જિતુભાઇ તો એમજ કહે છે કે 'શા માટે એમને આપણામાં ભેળવી ન દેવાં?' પેલા સાહેબનો પત્ર આપે એમને વંચાવ્યો હશે તે યાદ કરી ઇશ્વરરાયને રોજ કહ્યા કરતા હતા કે 'રાયજી! એક વૃદ્ધ અને ખુલ્લા દિલના ગોરા ગૃહસ્થ ઉપર મને જેટલો વિશ્વાસ અને શ્રદ્ધા છે તેટલો વિશ્વાસ કે શ્રદ્ધા આપણા લોક ઉપર નથી. એ લોક મરી જાય તો પણ ખોટું લખે નહિ' ઇશ્વરરાયનું મન પણ કબૂલ કરી ગયું છે, પરંતુ આપણા ઘરનાંનો તેમને ભય લાગે છે. નાતથી તો એ બન્ને જણ ડરતા નથી, પરંતુ મોટાભાઇ ને મોટાંનો ભય રાખે છે. એમની ધર્મ સંબંધી લાગણી દુખાય તે રાયજીને ખુંચે છે. તમે બે મહીના કહેતા હતા તે થવા આવ્યા, મારાં ભાભીને હવે અહિં બોલાવોને? એ લોકો જાતે જુએ અને અનુભવ લે.'

'મેં તમને નથી કહ્યું?' વીરેન્દ્રે યાદ કરતો હોય તેમ કપાળની ચામડી ચઢાવી જવાબ આપ્યો કે 'મેં તમને નથી કહ્યું જોઈતારામ! એ તો કાલે અહિં આવી પહોંચશે. મોટાભાઇને પણ મેં લખ્યું છે કે મંજુબહેનને મોકલે.'

'પણ મંજુબહેન કોની સાથે આવે?'

'અહિં વેપાર કરતા એક વાણિયાનું કુટુંબ ત્રણ ચાર દિવસમાં વીસનગરથી આવનાર છે. મોટાભાઇને અને તેને મેં તાર કર્યો છે,

અને તે વાણિયાની પાસે તેના કુટુંબ ઉપર પણ તાર કરાવરાવ્યો છે, કે તેઓ આપણે ઘેર જઈ મંજુબહેનને અહિં તેડતાં આવે.'

ખુશખુશાલ થઇ જોઇતો બોલ્યો કે 'એમ થાય તો તો સારૂ-સ્તો. બધાં અહિં એકઠાં થઇએ. મેનાભાભી કાલે આવવાનાં છે ત્યારે તે તો અત્યારે ગાડીમાં હશે. એ એકલાં આવે છે?'

'ના, ત્યાં ઘરકામ કરવાને રાખેલી ઘાટણ એની સાથે છે.'

'ત્યારે તો અહિં ઠીક ભરાવો થશે. મોટાંબા મંજુબહેનને મોકલે તો સારૂં.'

'એ સવાલ છે. નક્કી હોત તો તો એ બન્ને સાથેજ આવે, એવી ગોઠવણ કરત, પણ બહેનને આવવાનું આકરણકારણ જેવું એટલે આમ લખ્યું છે. જોઇએ શું થાય છે?'

'રાયજીને પણ અઠવાડિયું થશે. બે દહાડા તો ગયા.' આમ કહી હરખાતો હરખાતો જોઇતો તેના કામ ઉપર ગયો અને વીરેન્દ્ર-રાવ મેનાગૌરી કેવી થઈ આવે છે, તેના આનંદાતિરેક આપતા મનો-રથમાં ઉત્સાહભેર વિચાર કરવા લાગ્યો.

જોઈતારામ એકઠાં થનાર સ્નેહીઓને માટે સગવડ કરવામાં અને કામની સર્વ વસ્તુઓ મંગાવી તૈયાર રાખવાની ખટપટમાં પડયો. 'આડી રાત તેની શી વાત.' એમ કાળજી કરતાં તેમની રાત સપાટા બંધ જતી રહી અને વહાણું વહાયું.

જોઈતારામ ચા મૂકવાની સૂચના આપી જમાદારને લઈ સામે ગયો અને વીરેન્દ્ર—વહુઘેલો હોય તેમ, વારંવાર દિવાનખાનું અને છજુ કરતો માર્ગપ્રતિક્ષા કરવા લાગ્યો. જોતજોતામાં વખત ચાલ્યો ગયો. મેનાગૌરી તેની દાસી—ઘાટણ સાથે આવી પહોંચી. ડોકયાર્ડ પોર્ટીકોમાં આવીને ઉભી રહે તે પહેલાં તો વીરેન્દ્રરાવે નીચે જઇ હસતે મુખે તેને ગાડીમાંથી ઉતારી અને પોતાની બેગ લઇ દાસીને ઉપર આ-વવાનું કહી હસતી ને આનંદે ઉભરાતી તે પતિની સાથે ઉપર ચઢી. વીરેન્દ્રે જુવાનીની મસ્તીએ વહાલના જોરથી દિવાનખાનામાં દાખલ થતાંજ ગાઢ આલિંગન દઈ બે ત્રણ પોપટિયાં ચુંબન લીધાં. સ્ત્રિજો-

ગણુ પણુ ગુજરાતી વહુપણાના મલાજા વગેરેથી ખૂબ માહિતગાર થયેલી મેનાગૌરી માત્ર એટલુંજ બોલી કે ' પેલી સીતા આવે છે, સીધી વાત કરોને, તમને ગમતું હતું ? તબિયત મજેમાં છેને ? '

વીરેન્દ્ર તેને મૂકી દઇ સામો ઉભો રહી ઇંગ્રેજીમાંજ બોલવા લાગ્યો કે ' ડિયર મેના, બન્ને સવાર અને સાંજ મારે માટે બહુ–બહુજ લાંબાં અને કંટાળા ભરેલાં થઈ પડતાં હતાં, શું કહું ? '

સીતા શરમાતી શરમાતી ઉપર આવી. તેને પોતાની સાથે લઇ મેનાગૌરી અંતઃપુરવાળા પોતાના ખંડમાં ગઇ. જોઇતો ને જમાદાર સામાનની ટ્રંકો ને પેટીઓ ઉપર લઇ આવ્યા તેને જ્યાં મુકાવવી હોય ત્યાં મુકાવવાનું જણાવતો હાથમાં તરતનું આવેલું છાપું લઈ વીરેન્દ્રરાવ બંગલામાં આનંદભેર આમતેમ ફરવા લાગ્યો. મેનાને જેવી થઇ આવવી તેણે ધારી હતી તેથી પણુ વધારે અચ્છી ગુજરાતણુ થઇ આવેલી જોવાથી તેનું મન અંદરથી સંતોષ લઈ ગજરાનો ઉપકાર માનવા લાગ્યું સાદાં પણુ સુરેખ કિમતી ચોળી ચણિયો અને છાયલ પહેરેલી, બૂટને બદલે પાતળી પગની પાટલી ઉપર પડીને રહે એવાં નાજુક સાંકળાં પહેરેલી અને કપાળમાં મજેનો ચાંલ્લો તથા એક સારા ગૃહસ્થની વહુના શરીર પર હોવા જોઇએ એવા દાગીના પહેરેલી તેમ મુખ ઉપર પણુ નરી ગુજરાતીજ છાયાવાળી મેના તરફ તે વળી વળીને જોયા કરતો હતો. આમ વિચાર કરતાં તેનાથી પોતેજ સાંભળે તેમ બોલાઇ જવાયું કે ' હવે ગુજરાતીપણું આવ્યું. આવો વિચારજ શા માટે આવવો જોઇએ. ગુજરાતી તે ગુજરાતીજ, જેવો હું તેવી એ. બીજી નાત જાત હતીજ ક્યારે કે ' ગુજરાતી થઇ ' એમ વિચારવું. ' જેવો હું તેવીજ એ. '

વીરેન્દ્રરાવ આમ વિચાર કરતો છાપું લઈ વાંચવા બેઠો દરમિયાન મેનાગૌરી ધાટણુને બંગલામાં બધે ફેરવી બધું બતાવી તથા કેમ વ્યવસ્થા રાખવી, ક્યાં બેસવું વગેરે સમજાવી પાછલે દાદરે ઉતરી નીચેના ખંડ બતાવી ત્યાંની વ્યવસ્થા સમજાવી રસોડે ગઈ અને વીરેન્દ્રરાવને માટે બ્રાહ્મણુ સાથે ઉપર ચા મોકલાવલી. પોતાને

એકલાને માટે ઉપર ચા આવી તેથી બ્રાહ્મણને કંઇ પૂછ્યું નહિ પરંતુ પ્યાલો લઈ પાછા ફરતાં તેને કહ્યું કે ' જોઇતારામકુ ભેજો. '

વીરેન્દ્ર અંતઃપુરમાં જઈ પાન સોપારી લે છે એટલામાં જોઈતારામે અંદર આવીને પૂછ્યું કે ' કેમ ભાઇ ! '

' એ ક્યાં ગયાં ? '

' એ તો ત્યાં આવીને ચા પી નહાવા બેઠાં છે અને પેલી બાઈ તેમણે બતાવેલું કામકાજ કરવા લાગી છે. જોયું ભાઇ ! મારાં મેનાભાભીમાં હવે જરાએ વિણામણ કે કહેવા જેવું છે ? બધુંજ—અરે લોહીમાંસે નર્યાં ગુજરાતનાં બની ગયાં છે. નહાવા ગયાં ત્યાં પણ રેશમી લુગડાં લેવરાવતાં ગયાં છે અને મેં રસોઇનું પૂછ્યું ત્યારે વળી હસીને બોલ્યાં કે ' એ કહે તો હું રસોઈ કરૂં. મુંબાઈમાં હું બધું કરતી હતી. ઘાટણ તો અહિં આવીને આ બધું જોઇને છક થઈ ગઈ છે. '

' એણે તો મોટા મોટા ગૃહસ્થોને ત્યાં ચાકરી કરી હશે ? આપણો એવો શો વૈભવ છે કે છક થઈ જાય. ' ' એમ નહિ પણ મેનાભાભી ત્યાં કેવાં સાદાઇમાં રહેતાં હતાં અને અહિં કેવી સાહેબીવાળાં છે અને તેમ છતાં ત્યાં કેવી સાદી રીતે રહેતાં હતાં તેના વિચારે છક થઇ ગઈ છે. '

' તે શું ? ' વીરેન્દ્રે પૂછ્યું.

' મને શાક સુધરાવતાં સુધરાવતાં જે કંઇ વાતચીત થઇ તેમાં તેણે જણાવ્યું કે, ' મુંબાઇમાં બાઇ બધુંજ કામ મને કરાવવા લાગતાં હતાં. હું ન હોઉં ત્યારે ચાર દિવસ બધુંએ પોતેજાતે પણ કરી લેતાં હતાં. ઝાડુ કાઢવું, વાસણ માંજવાં, ચૂલી પેટવવી, કપડાં ધોઇ લેવાં અને બિછાનાં કરી લેવાં તથા ઉપાડવાં, સઘળું જાતે કરતાં અને પાછાં છુટાં ને છુટાં. ગજરાબાઇ ના કહે તોપણ તે માનતાં નહિ. છોકરાં આવતાં તેમને રમાડતાં અને તેઓને પણ પોતાનાંજ બાળક હોય તેમ સાફસુફ રાખતાં તથા શણગારતાં. બાઇ આવી સાહેબીવાળી શેઠાણી હોઈ મુંબાઇ એટલી બધી સાદી કેમ રહેતી તે મને આશ્ચર્ય લાગે છે.' મને પણ તેના કહેવાથી આશ્ચર્ય લાગ્યું, પણ નહિ ? પોતે

બધું શીખવવાને ગયેલાં તે એમ કર્યા વગર હાથે ચઢે નહિ તો ? ગજરાભાભીએ આપણા લોકની સાદામાં સાદી ગરીબ ઘરની રીતભાત અને કામકાજનો અનુભવ લેવરાવ્યો હોય એવું લાગે છે. એમના મોંની ગંભીરતા અને દેખાવજ બદલાઈ ગયો છે ભાઇ. એક કપરી સાસરીમાં સમાસ કરે એવાં થઇ આવ્યાં છે તો પછી આપણા સુખી માણસટુંણસવાળા ઘરમાં એમનો જરાએ કોણ વાંક કાઢી શકનાર છે ? મોટાં શું એમને દળવા બેસાડવાનાં છે ? બસ મને તો હવે જરાય પરાયા જેવાં લાગતાં નથી. ઘાટણ સાથે પણ ગુજરાતીમાં વાત કરે છે એટલે બોલીમાં તો હવે કંઈ નવલ લાગતુંજ નથી. '

'શું કહો છો જોઇતારામ ?' કહી હસતે મુખે પણ લજવાતે મોહક લટકે બરોબર અમદાવાદી ગૃહલક્ષ્મી જેવે મજેને ભાવે ને દેખાવે મેનાગૌરી અંદર આવી 'અને પલંગ ઉપર બેઠેલા વીરેન્દ્રની સામે ખુરસીને અઢેલી ઉભી રહી. 'ઇશ્વરરાયજી કયારે અહિંથી ગયા ? અને મંજુબાને કેમ લેતા આવ્યા નથી ?'

'મોટાભાઇએ ના કહી, નહિ તો લેતા આવત. પણ ભાઇએ ફરીને લખ્યું છે ને સંગાથ છે એટલે કદાપિ આવશે. ભાભી! રાયજીની મહેમાનગીરી કરવાનું અમે તમારી ઉપર મુલતવી રાખ્યું છે. બધો અનુભવ તમે લઈ આવ્યાં હશો પણ એવીતેવી ઘરગતું રીતભાતો કંઈ જાણો છો ?"

મેના હસીને બોલી કે 'હું તો નાની–અજાણી છું ! તમે છોને.'

'પણ તમે વાતોચીતોથી જાણી લીધું છે કે નહિ ?' વીરેન્દ્રે સવાલ કર્યો.

'કેમ ? તમારો પત્ર આવ્યો ત્યારે હું ને ગજરાભાભી બેઠેલાં હતાં. પત્ર વાંચીને તરત તેમણે મને જમાઇ, બનેવી, ભાણુજાં વગેરેનો કેમ સત્કાર કરવો તે કહ્યું હતું. વળી મારી પડોસમાં વસ્તારી કુટુંબ રહેતાં હતાં, તેમને ત્યાં એવા પરોણા આવતા. અમો બૈરાં એકઠાં થઇને બપોરના અને રાતના મોડે લગી એવી તેવી વાતો કરતાં હતાં. મને કંઇ કહેવું પડશે નહિ. મંજુબહેન, મંગળાભાભીજી

મોટાંભાભી—અરે મોટાંબા સૌ સાથે કેમ બોલવું; કોને કેમ બોલાવવું બેસાડવું, કોનો કેટકેટલો મલાજો રાખવો, કેમ મહેમાનગીરી કરવી, લગન અવસરોમાં કેમ વર્તવું, ગરબા કેમ ગાવા, વગેરે સૌ મને સમજાયું છે અને ઘણા પ્રસંગોનો અનુભવ પણ મળ્યો છે. બે ત્રણવાર મેં માળાની બૈરીઓને બીજબાની આપી ગરબા ગવરાવ્યા હતા.' મેનાએ હસીને ટુંકું પણ મજેનું પોતાના અનુભવનું વૃત્તાન્ત વર્ણવી બતાવ્યું.

'લગનગાળો નથી ને લગન વિવાહ તમે ક્યાં જોયાં?' જોઈતારામે સવાલ કર્યો એટલે વીરેન્દ્ર હસ્યો.

'શું હું ખોટું કહું છું?' તેણે હસીને જવાબ આપ્યો.

વીરેન્દ્ર—ત્યારે શું ખરૂં, ગપ્પેગપ્પ! જોઈતારામ હસી પડ્યો. 'મેનાભાભી પકડાઇ ગયાં.

'ના, તમે બેઉ ભૂલ કરો છો? કહો મેં નાટક જોયાં હશે કે નહિ? નાટકમાં શું ખોટાં લગન વિવાહ થાય છે? વળી પાછા તમે હસશો કે ખોટા—પણ હું સમજુ છું કે આમ ખોટા પણ ભજવણીએ ખરા. ચંપાભાભી વગેરે કહેતાં હતાં કે 'રડયા આબાદ લગનનોજ ઠાઠમાઠ અને રંગરાગ આણે છે.'

વીરેન્દ્ર હસીને બોલ્યો કે 'જોઈતારામ, આ તો સામા તમે બન્યા? નાટકમાં લગન વગેરેની જે ભજવણી થાય છે તે હુબેહુબ જેવીને તેવીજ થાય છે. નાટકો લોકાચારનો પડછો પાડવામાં જરાય કચાશ રાખતાં નથી.'

'એ તો ઠીક, તમે ને જોઈતારામ છોને? મારામાં ભૂલ પડે તે સુધારી લેજો. વારૂ, એમની સાથે જિતેન્દ્રલાલ આવ્યા છે તે કોણ છે?'

'આપણી નાતના એક પ્રતિષ્ઠિત ખાનદાન કુટુંબનો છોકરો છે. ત્રેવીસમે વર્ષે એમ. એ. એલ એલ બી. થઇ ગયો છે અને દરેક પરીક્ષામાં ઉંચે ને ઉંચે નંબરે પાસ થયા કર્યો છે. સખત અભ્યાસને લીધે બિચારાની તબિયત કંતાઈ ગઇ છે. પણ એક બે વર્ષ કામકાજ કરવાનો નથી એટલે સુધરી જશે. બહુ સ્માર્ટ—ચાલાક અને તેજસ્વી છોકરો છે. આપણે કે ઇશ્વરરાયને કંઇ સગો નથી, માત્ર નાતનો એટલુંજ.'

'એ પણ નાતનો માણસ એટલે મહેમાન ગણાય હો કે ભાભી !'

'એને બિચારાને એવું કંઈ નથી. બહુ સરલ માણસ છે.'

થોડીવાર આડી અવળી વાતચીત કર્યા પછી જોઇતારામ રજા લઇ રસોડે કામ હોવાથી ત્યાં ગયો. 'પટેલ તમોને ગુજરાતણ થઇ આવેલાં જોઇ બહુજ ખુશ થયો છે. તમારા મુખ ઉપર પણ ગુજરાતી જીવન અને ગુજરાતી વહુનું સૌભાગ્ય આવી ગયું છે. બધું મન ગમતું થયું, પરંતુ તમે સુકાઇ ગયાં છો, શાથી વારૂ ?'

'અમસ્તા, તમે તો મશ્કરી કરો છો ? સુકાઇ શાણે જાઉં. મને તો મારા વહાલાનાં વહાલાંએ કેવા વૈભવમાં અને મોજમાં રાખી હતી. હું તો ત્યાં ચેનમાં હતી, સુકાઉં શાણે ? સુકાયા હો તો તમે, કે જે અહિં એકલા હતા.' મેના તીચું જોઇ હસી.

'નહિ, તું સુકાઇ છે. વળી જાણે ઉંડી ચિંતા કરતી હોઉં એવી લાગે છે. બોલ કંઇ ચિંતા કરતી હતી ?'

'હા, ત્યાં મને તમારી ક્ષણેક્ષણ ચિંતા થયા કરતી.' મેનાએ વહાલ ભર્યો જવાબ આપ્યો. 'તમારી મને ચિંતા થાય કે નહિ ?' તે હસી.

'મારી ચિંતા થાય તે જુદી, અને તારા હૃદયમાં રહેલી ચિંતા જુદી છે. છુપાવ નહિ.' તેણે પલંગ પરથી ઉઠી તેની પાસે જઇ ખભા ઉપર હાથ મૂકી કહ્યું 'છુપાવ નહિ, ખરેખરૂં કહે. જોને તારા પગની પાટલી પર નસો દેખાય છે.'

'ઓહો ! એ તો કામકાજથી, પાણીમાં રહે તેમાં.' તેનું હૃદય ભરાતું ગયું.

'નહિ. બીજી કંઈ ઉંડી ચિંતા થતી હોય એવું છે. મને નહિ કહે, મારી આગળ હૃદય નહિ ઉઘાડે ?' તેણે ખભા પર ભાર દીધો.

'એમ નહિ કરો. કંઇ ચિંતા નથી. મને શાની ચિંતા હોય ? એક ગરીબમાં ગરીબ હું અનાથ આપથી આવી રૂડી રીતે સનાથ થઇ; પછી શાની ચિંતા હોય ? કેદારબાબુની જગન્મોહિની મારા

જેવડી છે, ને વસ્નું ઠેકાણું નથી. સાધારણ વર જુએ છે તોપણ બાજુથી ઉપડે નહિ એવી પહેરામણી માગે છે. મા અને બાપ બેઉ બિચારાં સિઝાઇ જાય છે. જગન્મોહિની માબાપને પોતે સંકટનું કારણ હોવાથી પોતાના જીવિતને ધિક્કારે છે. જુવાન કન્યાઓ, એટલું ન સમજે ?'

વીરેન્દ્ર વચમાંજ બોલી ઉઠ્યો કે ' હિંદુઓના એવા નઠારા રીત રિવાજોને તારે મન ઉપર લેવા નહિ. કેટલાક રિવાજ એવા છે કે, નિર્દયમાં નિર્દય માણસને પણ દયા ઉપજાવે. બંગાળમાં પહેરામણીનો એવો નઠારો ચાલ છે કે, સમજુ કન્યાઓ પોતાનાં માબાપને એ હાડમારીમાંથી છોડવવા આત્મઘાત સુદ્ધાં કરે છે. ગુજરાતના અનાવિલ બ્રાહ્મણો, ચરોતરના પાટીદારો, ગરાસિયા અને ભાટ બારોટ વગેરે લોકોમાં છોકરીના કરકરિયાવર' એવા ભારે અને ખરચાળ હોય છે કે, તે જીવતાંજ મરવા પડે. અરે એ દુઃખે તેઓ પોતાની કુમળી બાળાઓને આગળ દૂધપીતી કરતાં પણ દયા ધરતા નહિ. શિવ ! શિવ ! શિવ ! એવા ગમગીની ઉપજાવે એવા રીતરિવાજો અને નાતજાતની નઠારી રૂઢિઓ તારે યાદ આણવી નહિ. આશાભર્યા જુવાનોએ હમેશ હોંસીલી ઉમંગ ને ઉત્સાહવર્ધક બાબતોને યાદ કરવી, વાંચવી અને જોવી. મનને પાછું પાડી દે અને સંસારની દુઃખકારક બાજુને બતાવી હૃદયના મર્મ હલાવી નાંખે, એવી વાતને મનથી દૂરજ રાખવી. બુદ્ધદેવના પિતાએ ઉમંગ ઉત્સાહ ને હોંસને ભાગી નાખે એવી બાબતથી તેમને દૂર રાખવા કેવી સાવચેતી રાખી હતી. નીતિશાસ્ત્ર, એમ કહે છે કે, નીતિ શિખવવાને અનીતિની ખંડનાત્મક વાત પણ અભ્યાસીને આપવી નહિ, તેમ આપણે જુવાનોએ જેથી ઉત્સાહભંગ થાય એવી વાત ન કરવી.'

મેના—' હું કોઇ વાર દિલગીર હોઉં ત્યારે ગજરાભાભીજી કહેતાં કે, ' તમારા જેવું કોણ ભાગ્યશાળી છે ? શા માટે દિલગીર રહો છો ?' હું જ્યારે તેમને જવાબ ન દેતાં હસું ત્યારે તે હસીને કહેતાં કે ' હાંહાં સમજી. વળી ગાતાં કેઃ—

ધન છે સુખ છે શરીર છે, તમને વ્હૌવરને સ્વરૈક્ય છે;
અનુકૂળ બધુંય આમ છે, પણ કો' વાલમજી વિદેશ છે.

'ખરેખર હું તો બડી ભાગ્યશાળી! મને ચિંતાનું કારણજ નથી પણ–' તે અટકી ગઇ.

'બોલ, બોલ.'

'શા માટે યાદ કરાવરાવો છો? એવી વાત એક તરફથી દૂર રાખવાનો અભિપ્રાય આપતા જાઓ છો ને બીજી તરફથી મને આગ્રહ કરો છો.'

'ખુલાસા માટે.' વીરેન્દ્રે ઉત્તર આપ્યો.

'આપણા લોકના નાતજાતના કડક રિવાજો મને શું ખટકે નહિ? આપણા સંસારને તે લલિત બનવા દેશે?'

'શા માટે નહિ?'

'અસ્વીકારથી,' મેના ગળગળી થઇ જઇને બોલી કે 'અસ્વીકારથી. ગજરાભાભીજી કહેતાં હતાં અને બીજા લોકમથી પણ મેં સાંભળ્યું અને જાણ્યું છે કે, સ્નેહીઓ અને સમાજના માણસો આપણને સ્વીકારશે નહિ. અરેરે! એમ થાય તો તો પછી આપણે દુઃખીજને? માણસ સમાજ વગર કેમ રહી શકે? માણસ સમાજ પ્રિય પ્રાણી છે.'

'નહિ, માણસ મૂળે સમાજપ્રિય પ્રાણી નથી. અસમર્થ સાધુ થાય, એમ માણસ કુદરતે તેને સ્વરક્ષણનાં સાધન આપેલાં નહિ હોવાથી પરાણે સમાજપ્રિય થયેલું છે. ઘણાં પશુપંખીઓ સમાજપ્રિય છે પણ માણસ મૂળે સમાજપ્રિય પ્રાણી નથી. આ દુનિયામાં વાઘવરૂએ જેટલાં માણસોનો ભોગ લીધો નહિ હોય તેથી લાખ્ખોગણાં વધારે માણસોનો માણસોએ ભોગ લીધો છે. અત્યારે માણસો માણસો મારવાને જેટલું બુદ્ધિબળ ખરચે છે તેટલું શરીર બળ માંસાહારી હિંસક પ્રાણીઓ પણ પ્રાણીની હત્યા કરવા પાછળ ખરચતાં નથી. પરમેશ્વરે આપેલી બદ્ધિ રૂપી અમલ્ય બક્ષીસનો માણસ જે દરુપયોગ કરે છે

તે આજ છે. ભલે તે ગમે તેમ હોય, પણ કહેતાં ખરી, કે તું શાની ચિંતા કરે છે?'

'એજ આપણા સ્વીકારઅસ્વીકારની. બીજી કંઇજ નહિ.'

'એ ચિંતા તારે કરવી નહિ, કારણ કે, એ બાબત અમારે લાગતુંવળગતું છે, તારે નહિ?'

'કેમ મારે નહિ? હું તે તમે કે નહિ?'

'તું તે હુંજ, તોપણ આપણા કાર્યભાગ, કર્તવ્યો અને જોખમદારીઓ જુદી—અર્થાત્ વહેંચાયેલી. એ જોખમદારી અમારી છે.

'પણ મારે માટે તમારે સહન કરવાનું ને? હું એવી કેવી નિર્ભાગી કે જન્મ આપનારાંથી તજાઇ તો તજાઇ, પણ મારો હાથ પકડનારે તેનાં વહાલાંથી તજાય! મારે માટે બંધુજનોથી આપ તજાઓ?' મેનાનું હૃદય શોકથી ભરાઇ ગયું, તેનાથી વધુ બોલાયું નહિ અને આંખમાંથી ડળક ડળક આંસુ નીકળી પડયાં. ઘણે દિવસે મળેલાં દંપતીનું અંતઃપુર શૃંગારરસના આનંદોલ્લાસથી કલ્લોલ મંગળમય બનવું જોઇએ તેને બદલે કરુણરસના શોક ને નિરાશાના ઉદ્ગારોથી નીરસ ને ગમગીન બની ગયું.

'તમેજ કહોને વહાલા! આપણે આ સંસારમાં સમાજ વગર શા લહાવા લઇ શકીએ? હું કયી બાજુ જોઈ સંસારી લલિત ભાવો ભોગવવાનું મન કરી શકું? મારે નથી માબાપ, નથી સ્નેહી બાળ સૈયરો અને નથી સમાજ! તમારી સાથે જોડાઇ મેં એ લલિત સુખની ઇચ્છા કરી ત્યાં તો "જ્યાં જાય હુકા ત્યાં સમુદ્ર સુકા" જેવું થાય છે. મારે લીધે તમે સમાજથી, સગાંથી અને માબાપ તો નથી, પણ માબાપની કોટિનાં વડીલોથી તજાઓ છો? અરેરે! આ પ્રભુત્વ આ સૌભાગ્ય અને આ મનમાં ઉછળી રહેલી હોંસોને કયાં દેખાડવી અને કયાં ઝુલાવવી? મારી મુંબાઇની એક પડોસણ રસિકા મને, પોતે કંઈજ ઓરિયો લેવા પામી નથી, એમ કહી કહી ગુજરાતી સંસારના મજેના લલિત ઓરિયાની વાતો કરતાં વારંવાર ગાતી હતી કે—

" મારા પિયરની શેરીને પંથ, જતા આવતા થઇ મુજ કંથ;
મીઠી આંખ તણે અણસારે, મારી સખીઓથી જોવાયા ક્યારે ?
મારી માતને હેતને હાથે, જમજો સમવય શાલક સાથે;
મારૂં મોટેરાંમાં સનમાન, જોઈ તમને થશે અભિમાન.
મારી બેનોને સખીઓના વાદે, મારે જવું મહિયર બટા ઠાઠે;
ચઢી વાહને રથ ગજ ઘોડે, ચાલો આપણ જઇએ સજોડે. "

આવા મજેના હૃદયમાં ઉમળકાના, ઉલ્લાસના અને અભિમાનના ઉભરા આણનારા લહાવાઓ હું સમાજ વગર, સગાં વગર અને મા બાપ વગર ક્યાં લેવાની ? આ શું મને અંતરમાં ચરચરે નહિ ?' પોતાને પાલવે ગાલ ઉપર આવેલાં ઉનાં આંસુઓ લુછતાં લુછતાં મેનાએ હૃદય ખાલી કર્યું.

'સમજણ-રસિકતા અરે જ્ઞાનજ મોટું દુઃખ છે.' આમ મનમાં બોલી વીરેન્દ્રે તેને છાતી સરસી દાબી વહાલથી કહ્યું કે 'ઘેલી તે ઘેલીજ ! બધાંએ સુખ આપણે માટે હોય ? સુખ દુઃખો દૈવે વહેંચાતાં વેરેલાં છે. જે મળ્યું, જે સ્થિતિ પ્રાપ્ત થઇ અને ભવિષ્યમાં થાય, તેમાં સંતોષ લઈ જે કંઇ થોડું પ્રાપ્ત થયું હોય તે માટે સર્વેશ્વરનો ઉપકાર માની આનંદમાં રહેવું, અને પોતાને અહોભાગ્ય માનવાં. વહાલી ! આવો સંતાપ મનમાંથી કાઢી નાંખ, તારા મનથી તું જેવા લલિત ભાવના લહાવા ઈચ્છે છે તેવા મળવાની ઉમેદમાં ઉત્સાહ ધર. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે, મન જેવું ચિંતે તેવું થાય આશામાં રહેવું, મોટી મોટી આશાઓ, ઉંચી ઉંચી ભાવનાઓ અને રૂડા રૂડા અવસરોના અભિલાષ કરવા. આશામાં મન બહુજ આનંદી રહે છે, માટે આશા રાખ અને આનંદ કર. ના સોસા, સલુણી ! ના સોસા. સોલ્લાસે રહે ને સુખ લે.'

'હું નિર્ભાગી તમને પણ વહાલાંથી વિખૂટા પાડનારી થઇશ !' આવા વિચાર મને કેટલાક દિવસ થયાં રાતે ઉંઘે આવવા દેતા નથી. દૈવે બધીએ દાઝ મારા ઉપર કાઢી ! શા માટે મને મારાં માબાપે આમ તજી હશે ? પંખીની માદા પોતાના નિર્જીવ ઇંડાને તજતી નથી,

તો પછી મારી જનેતા એવી કેવી કૃત્યા કે મને નિર્દોષ બાળકીને તજી દે! હું મારાં સુખ કોને દેખાડું અને મને દુઃખ પડે તો કોને કહું. કોની આગળ લાડ કરૂં, આપ આગળ હું મારાં દુઃખ રડી જન્મભર આપને સંતાપું ? આ વિચારો મને શા'રી નાંખે છે, પણ નહિ વહાલા! મારા કોમળહૃદયના કંથ! મારા મનના ઓરિયા હું મનમાં રાખીશ. આપને તે જણાવી હવે કદી પણ દુઃખી કરીશ નહિ; છતાં જેમ મને અશરણને આપે અનન્ય શરણ આપી ઉકળતા તેલના કઢામાંથી કાઢી આપના ઉદાર વિશાળ ને દયાથી ભરપુર હૃદયના અમૃતકુંડમાં ઝબકોળી નવજીવન-નવા પલ્લવ બનાવી, તેમ આપ મારા જન્મનો પત્તો લગાડી મારા અંતરને દહતા આ સંતાપમાંથી મને બચાવવાનો યત્ન કરો. એટલી હું દાસી પર દયા કરો.' આમ બોલી તે વીરેન્દ્રના પગમાં પડી.

'મુંબાઇ જઇને આજ શીખી આવી કે ?' આમ કહી કરૂણાથી ગદ્દગદ્દ થઇ ગયેલા વીરેન્દ્રે તેને જમીન ઉપરથી ઉપાડી પલંગમાં મૂકતાં કહ્યું કે 'હું તો આનંદ મંગળ, મોજ અને રમુજ પ્રિય માણસ છું. મને આનંદ ઉત્સાહનો ભંગ થાય તે જરાએ પ્રિય નથી, માટે તારે તારા જન્મને માટે કશી ચિંતા કરવી નહિ. મને મારાં વડીલો ત્યાગ કરી શકવાનાં નથી અને હું જ્યાં છું ત્યાં તું મારૂં અર્ધાંગ છેજ. તને સુખી આનંદી વૈભવ માણતી અને સ્નેહીઓમાં માન પામતી જોઇનેજ મારૂં હૃદય આનંદ પામશે. શા માટે કૃત્રિમ ભય ઉભો કરી ડરે છે ને સોરાય છે ?'

'ઇશ્વરરાય આવ્યા તે પોતાને રસોઈ કરી આપનારનો બંદોબસ્ત કરીને આવ્યા અને મોટાભાઇએ મંજુબહેનને મોકલ્યાં નહિ, શા માટે ?' શોકથી વ્યાકુળ થયેલા સાદને અને મનને હિમ્મત ને હોંસ આપી મેનાએ બેઠાં થઇ વીરેન્દ્ર ઉભેલો હોવાથી તેની જોડે ઉભાં રહી મુખ ઉપર પરાણે હાસ્ય આણી સવાલ કર્યો, એટલામાં દાદર પરનું બટન દાબી ઘંટડી વગાડી જમાદાર ઉપર આવ્યો. તેણે અંતઃપુરમાંથી સામા આવતા વીરેન્દ્રના હાથમાં તાર આપ્યો. પછી

પરબીડિયું ચીરી નાખી તાર વાંચી ' અચ્છા જાઓ ' એમ કહી જમાદારને રજા આપી પાછા ફરતાં તે બોલ્યો કે ' જો, હજી તો તું 'મોટાભાઇએ મંજુબહેનને મોકલ્યાં નહિ ' એમ કહે છે, એટલામાં આ તાર તને ખોટી પાડે છે. બહેન ગાડીએ બેઠા પછી મોટાભાઇએ પોતે તાર કરાવરાવ્યો છે. ગમગીનીના વિચાર કાઢી નાંખ, અને નણંદને રીઝવવાના ઉત્સાહી મોજી વિચારો લાવ. કાલે મંજુબહેન અને બે ત્રણ દિવસ પછી રાયજી તથા જિતેન્દ્રલાલ આવશે. એ લોકોને સંતોષ આપીશ એટલે બધીએ અભિલાષાઓ સફળ થશે. જો બહુ વખત થયો. '

' ચાલો હું જાઉં છું. આપ જલદી પધારો ' મેના આમ કહી નીચે ગઇ.

પ્રકરણ ૨૨ મું.

' જોઇતારામ ! પેલાં તો હજી આવ્યાં નહિ ? ' મંજુબહેને રસોડે આવી પટેલને સવાલ કર્યો.

' આપણે એમનું શું કામ છે બહેન ! જિતુભાઇ વગેરેને માટે ચા કરવી હોય તો લાવોને હું કાશી ડોસીને કહું ? હમણાં તૈયાર કરી આપશે. આપણે એમની વાટ જોવાનું કંઇ કારણ નથી. '

' એમ કેમ જોઇતારામ ! ઘર ધણિયાણીની વાટ જોયા વગર ચાલે ? ' મંજુબહેને કહ્યું.

કાશી ડોસી જોડેની ઓરડીમાં ચુલો સળગાવતી હતી અને સીતા તેની શેઠાણી સાથે ગયેલી હતી એટલે જોઇતાએ પુછ્યું કે, ' બહેન ! તમને આવ્યાને ત્રણ ચાર દિવસ થયા, કહો તમને તમારાં ભાભી કેવાં લાગે છે ? તમને જરાએ અતડાં જણાય છે ? હું અને જગન્નાથ મહારાજ તો હમેશ એજ અચંબામાં ગરકાવ રહેતા અને વારંવાર એક બીજાને પૂછ્યા કરતા કે આ શું હશે ? રહેતાં હતાં તો વિસ-વાસી લોકની પેઠે અને પોષાકે ઘણીવાર સાહેબ લોકનાં જેવો પહેરતાં,

છતાં અત્યારે તો તેનું કંઉંએ નથી. જાણે હતાં તેજ ન હોય ! વળી મુંબાઇ જઈ આવ્યાં ત્યાર પછી તો નર્યાં મુંબાઇગરી બાઈડી થઇ ગયાં છે. જુઓને, બોલીમાંએ કંઇ ભેદ છે ? બોલતાં ચાલતાંએ આટલા વખતમાં કેવું મજેનું આવડી ગયું ! ઇંગ્રેજી બોલતાં તો મેં કેટલાય મહીના થયાં કદી સાંભળ્યાંજ નથી.'

'તેં નહિ સાંભળ્યાં હોય ? ગઇ કાલે જિતેન્દ્રલાલ સાથે કેવું મજેનું ઇંગ્રેજી બોલતાં હતાં. કલાક દોઢ કલાક સુધી ઇંગ્રેજીમાં ગપાટા માર્યા. હું ગઇ ત્યારે રહી ગયાં, ને ગુજરાતીમાં બોલવા લાગ્યાં. મને તો રીતભાતમાં, બોલીમાં અને વર્તનમાં જરાએ ફેરફાર જણાતો નથી. હું તો તમારા કરતાંએ વધારે અચંબો પામી છું. મોટાંબાએ અને નવીભાભીએ બધી ચિકિત્સા જોવાનું કહેલું તેથી એમની દરેક હિલચાલ બારીકીથી જોઉં છું. વારંવાર ધાંટી સંબંધી વિચાર કરૂં છું, પણ જરાએ પર નાતજાત જેવું લાગતું નથી ! જોઇતારામ માનો ન માનો પણ આમનામાં કંઇ ચમત્કાર જેવું છે. તમે કહોછોને કે વિસવાસી જેવાં હતાં, ત્યારે કેમ મને એવું કંઇએ જણાતું નથી ? બોલવાની ઢબછબથી તો ગમે તેવું માણસ હોય તોપણ અસલ જાત જણાઈ આવે ! જિતેન્દ્રલાલ આ મુદ્દા ઉપર મોટો આધાર રાખે છે. અમદાવાદ જઇને હું શું કહીશ ? બોલીમાં ચાલીમાં રીતભાતમાં લટકામાં વાતચીત કરવામાં વિવેકી વનર્તમાં અને કશામાં કશો ભેદ જણાતો નથી, પછી શી રીતે પરદેશી કહેવાં ? આપણી બ્રાહ્મણની રીતભાતમાં પણ ભેદ નથી. નહાવું, ધોવું, પવિત્રતા રાખવી, ચાંલ્લો કરવો, વાંચવું, ગાવું, મલાજો રાખવો, બધુંએ આબેહુબ આપણા જેવુંજ છે. પરગામની કન્યા લાવ્યાં હોઇએ, તોય કંઇ ભેદ જણાઈ આવે, પણ આ તો જાણે મારી આગલી ભાભીજ સજીવન થઈ ન હોય, તેવાં છે.'

'ના એના કરતાં તો બહુ રૂપાળાં અને સારાં ? મંજુબહેન, એ ક્યાં અને આ ક્યાં ? એ તો માણસ અને આ તો દેવકન્યા ! આમનું રૂપ, આમની ચંચળાઇ, આમની કેળવણી અને આમનો

વિવેક તો અદ્દભુત, ખરેખર અદ્દભુત ! ઇશ્વરરાય સાથે મહારાજે રાખી કેવાં વિવેકસર બોલે ચાલે છે. કેવા માનથી અને વહાલથી તમારી મહેમાનગીરી કરી પાનાંફુલાંમાં રાખે છે ? બહેન ! હું ને તમે શું પણ સિપાઇઓ, નોકરો અને કાશી ડોસી સુદ્ધાં આમનેે જોઇને છક થઇ ગયાં છે ? વારૂ, ભાઇ એમને માટે આટલા દહાડામાં તમારી આગળ કંઇ બોલ્યા કે નહિ ? '

' એ હમેશ ભાઇની પાસે હોયછે ? ' તારી ભાભી તારી ભાભી ' એમ કહીને વાત કરે છે. ભાભી તો ખરીને ? ભાઇને મારાથી કંઇ કહેવાય ! જિતેન્દ્રલાલને એ તો કહે છે કે, ગમે તે હોય, અમને તો અમારા જેવું માણસ લાગે છે. અમારી રીતભાત અને વ્યવહારે ચાલે છે અને કોઇ વાતે અમારાથી જુદું જણાતું નથી, એટલે આવા માણસને અમે તો અમારામાંના માણસ તરીકે સ્વીકારી લઇએ છીએ. અમને એમની સામે વાંધો લેવાનું જરાએ કારણ નથી. જોઈતારામ ! ભાઇએ બહુ મોટું સાહસ કર્યું ! મોટાંબા એક ઘડીએ મોમાં જીભ ઘાલતાં નથી. રાત દિવસ ગાંડાં હોય તેમ એકાંતમાં ' વીરૂએ આ શું કર્યું, અને નાત હવે શું કરશે ?' એમ બોલ્યા કરે છે. મોટાભાઇને થોડા દહાડા લાગ્યું અને પ્રભાશંકરભાઇ આગળ ઉભરો કાઢયો, પણ પછી તો કંઇ બોલતા નથી. પ્રભાશંકરભાઈ કહે છે કે, જે થવાનું હતું તે થયું—વીરૂ કંઇ મારો ભાઇ મટી ગયો ? મોટાભાઈ અને નાતજાતના લોક વિરૂદ્ધ હશે તો સાથે બેસી જમીશું નહિ; પરંતુ ભાઇ સંબંધ કંઇ તજી દઇશું ? નવીભાભીએ આમ કહે છે. નાતના લોક વાતો કરી હમણાં શાંત પડયા છે, પરંતુ કીરપાશંકર ને જુગલદાસ, આખા ઘરને નાતમાંથી કાઢી નાંખવાને નાતીલાઓમાં લાગવગ વધારતા જાય છે. જુવાનિયા, ઈંગ્રેજી ભણેલા આમના પક્ષમાં છે અને જિતેન્દ્રલાલે તેમને એવા હાથમાં લઇ લીધા છે કે, તડ પડશે તો તેઓ પોતાનાં માબાપથી જુદા પડશે તે હા, પણ જિતેન્દ્રલાલને પક્ષે રહેશે. '

' ત્યારે તો નાતથી કંઇ નહિ થાય ? લોક શું પોતાના છોક-

રાઓને તજી દેશે ? એ તો તડ પડશે, અને તડ પડે, તો કંઇ હરકત નહિ એ તો કોઇ દહાડો એની મેળે પાછું સંધાઈ જાય.' જોઇતારામે ગુજરાતની નાતજાતોનો સ્વભાવ બતાવ્યો. 'બહેન ! તમે એમને ગીતા વાંચતાં સાંભળ્યાં છે ?'

'હા, એ તો સંસ્કૃત સાથે પરીક્ષામાં પાસ થયાં, એટલે વાંચેસ્તો ! એમાં તો કંઇ નવાઇ નહિ. નવાઈ તો આપણા આચારવિચાર બોલીચાલી અને રહેણીકરણીમાં જોવાની છે. બધુંએ સારૂં છે, મારાં ભાઇ ભોજાઇનું જોડું તો ખાસું ઇન્દ્રઇન્દ્રાણીના જેવું છે, પણ રડયો ફીરપાશંકર નળની પાછળ કળીજુગ થઇ લાગ્યો છે, તે કેમ જંપે. એ આમને જંપવા નહિ દે. આ ત્યાં આવ્યાં કે તરત નાત બહાર મૂકશે.'

'આ નહિ આવે તો ?'

'મોટાભાઈ આમને બેઉ જણને ત્યાં બોલાવ્યા વગર રહેશેજ નહિ. એમને ડહેલામાં જુદાં રાખશે, પણ અમદાવાદ તો જરૂર બોલાવશે. સરસામાન ભરી ડહેલું એમણે તૈયાર કરી નંખાવ્યું છે. અત્યારે ત્યાં આવીને ઉતરે, તોપણ કશી અડચણ પડે નહિં.'

'અલબત, ત્યાં આવીને જુદા ઘરમાં જુદાંજ રહે, તો તો પછી નાતથી કંઈ બોલાય નહિ.'

'જોઇતારામ ! આમની એક બાબત જોવાની બાકી છે, પણ તે શી રીતે જોવાય ? આપણી પવિત્રતાએ અને આપણે ઢંગે આમને રસોઈ કરી પીરસતાં આવડે છે ?' મંજુબહેને સવાલ કર્યો.

'અરે બહેન ! શું કહું ? ઇશ્વરરાય જગન્નાથજી ગયા અને બીજે દહાડે હિન્દુસ્તાની બ્રાહ્મણ રસોઇઓ હતો તે રિસાઇને ચાલ્યો ગયો. મેં ઘણુંએ સમજાવ્યો, અને ભાઇએ બે રૂપિયા પગાર વધારી આપવાનું કહ્યું પણ રહ્યોજ નહિ. રાતે પગાર ચુકાવી લઈ ચાલ્યો ગયો. મને ચિંતા થઇ કે હવે શું થશે ? પણ બીજે દહાડે સવારે હું રસોડે ગયોએ ન હતો, તે પહેલાં તો સીતાને લઈ એ ત્યાં ગયેલાં અને ચુલો સળગાવરાવી ચા કરવા બેઠેલાં. તેમણે કરી આપી તે ચા લઇ હું ભાઇને પાઈ આવ્યો એટલામાં તો એ નહાઇધોઇ સોળે થઇ ગયેલાં.

તમે તો નથી જોયું, પણ મેં મુંબાઇમાં ત્યાંનાં આપણાં બૈરાંનું રસોડાનું કામકાજ જોયું છે, તેવી બધી ગોઠવણ સીતા પાસે કરાવરાવી તથા જાતે કરી રસોઇ કરવા બેઠેલાં ! સાક્ષાત્ લક્ષ્મીદેવીજ આવીને રસોડામાં બેઠાં ન હોય, તેમ સોળું પહેરી ચુલા આગળ પાટલે બિરાજેલાં, હું તો જોઇને છક થઇ ગયો. મેં શાક વગેરે સુધારી આપવાનું કહ્યું તે માન્યું નહિ, ને કહ્યું કે, ' તમે એમની પાસે રહો અને પોણાદસે અહિં લઇ આવજો.'

મંજુબહેને પૂછ્યું કે ' ભાઇ એમના હાથનું જમે છે ને ? '

' ભાઇને શું છે તે ન જમે ? વિલાયતમાં સાહેબોના અને મડમોના હાથનું જમી આવ્યા તેમને શું ? વારુ સાંભળો તો ખરાં. બરોબર દસ વાગે ભાઇએજ મને કહ્યું કે, જમવાનો વખત થયો હશે ચાલો. અમે રસોડે ગયા ત્યારે બધું તૈયાર થઇ ગયેલું. નહાઇને જમવા બેસતાં ભાઇ પોતે આશ્ચર્ય પામ્યા. તેમણેજ મને કહ્યું કે, '.કેમ જોઇતારામ ! બરોબર આપણા લોકના ઘર જેવીજ ગોઠવણ ને રસોઇ છે કે નહિ ? ' મેં કહ્યું કે ' કંસાર કરવો જોઇતો હતો. ' ઉની ઉની ફુલકારોટલી, બે શાક અને દાળભાત કરેલાં તે તમે કરો છો તેવાંજ બહેન ! '

' ત્યારે તમે કેમ રસોડે જમતા નથી ?' મંજુબહેને સવાલ કર્યો.

' જગન્નાથ ગયો ત્યારથીજ મેં તો મારે હાથે કરવાનું રાખ્યું છે. ઇશ્વરરાય કાશી ડોસીને લઇ આવ્યા અને તમે આવ્યાં, તોય હું કંઇ અહિં જમું છું ? અમારે તો અમે કરતા હોઇ તેજ સારૂં. હવે સાંભળો પાછાં. ભાઇએ જમતાં જમતાં રસોઇનાં વખાણ કરી પૂછ્યું, ત્યારે તેમણે શરમાતાં શરમાતાં કહ્યું કે ' આ તો ગજરાભાભીજીનો ઉપકાર છે. તેમણે પોતે મને શીખવાડવા માટે આપણી ઓરડીએ રસોઇ કરી મને ઘર બનાવી આ બધું શીખવ્યું છે. રસોઇ બરોબર ન થઇ હોય, તોપણ મને દોષ દેવાનો નથી અને વખાણ કરવાં હોય તો તે પણ મને ન સંભળાવતાં એમને લખી જણાવવાનાં છે. ' ભાઇને ભાત મૂકી પોતે ઉઠી ગયાં અને સીતા પાસે પાનપેટી મંગાવી પોતેજ

પાન કરી જમી રહેતાંશ્રાંત ભાઇને પાન આપ્યું. હું તો એ બધો રંગરાગ જોઇને આભોજ બની ગયો ! આપણે ત્યાં પણ કહિંકજ થાય છે એવી મુંઝાઇની રીતે એ દિવસ તેમણે રસોડાનું કામ થલાવ્યું એટલામાં તમે આવી પહોંચ્યાં. તમે ના કહ્યું એટલે શું કરે ? નહિ તો એજ રસોઇ કરત. '

' ના બા, મોટાંએ મને સાફ મના કરેલી છે. મારાથી એમના હાથનું જમાય નહિ. જિતેન્દ્રલાલ માણસ લેતા આવ્યા એટલે સબડળ ન કરાવ. અમે જમીશું નહિ તોપણ એમને પ્રાયશ્ચિત્ત કરાવીશું. '

' બહેન ! તમે અહિં છોને એવું કંઈ કરાવો. કંઇક એ બે જણ સાથે બેસીને ધર્મનું કામ કરે તો પરણ્યા જેવો ઓરિયો વીત્યો કહેવાય. આ તો કંઈ પરણ્યામાં છે ? કંઇક ધામધુમ કરાવો, ભલા આપણે જોઇએ. '

' તમે પણ રસિયા છો જોઈતારામ ! મશ્કરી કરતા હો તો ભૂલો છો. તમે પોતે કહોને કે, આમનામાં તમને હવે કંઇ આપણાથી જુદું જણાય છે, પ્રાયશ્ચિત્ત કરવા પણ બેસશે. આપણી નાતજાત ન હોય તો, આવી બધી સમાનતા ન હોય ? વિલાયતી નહિ, પણ આણી તરફનું માણસ હોય તોય, તમે કહો છો તેવું બધી વાતે આપણા જેવું થઇ શકે નહિ. ગમે તેમ હો પણ ગુજરાતનાં ને ગુજરાતીમાંએ ઉંચી વર્ણનાં ફરજંદ હશે એમાં તો શક નથી. હું તો બધી રીતે જોઉં છું, પણ કંઇ ખામી જણાતી નથી. '

' મીઠી વાત કરો છો પણ ' ભાભી ' કહીને તમે ક્યારે બોલાવ્યાં ? એ બિચારાં તમને બહેન અને મંજુબા કહે છે. ભાઈ ' તારી ભાભી ' એમ કહી વાત કરે છે, પણ તમે તો ' એમને, આમને અને અહ્યાં ' એ સિવાય બીજું કંઈ કહેતાં નથી. એને તમે ભાભી કહીને બોલાવો એવી હોંસ છે એવાં ક્યાંથી સુભાગ્ય હોય કે, જુવાન વહુવારૂને સાસરામાં ભાભી કહેનાર હોય ! તમે એમ ધારો છો કે, આ તમારાં ભાભી નથી ને નહિ થઇ શકે ? હવે એમ ન ધારતાં બહેન ! '

' શા માટે એવું ખરાબ ધારીએ. મારા ભાઈનાં વહુ છે એટલે

સત્તર વાર મારાં ભાભી, કંઇ હાંલ્લું છે તે બદલાવાશે ? પરનાતનાં ઓળખીતાઓની–અરે તમારી વહુને ભાભી કહું છું તો આમને કેમ નહિ કહું ? મારો ભાઇ તજવાનું કહે તોય તજવા દઇએ નહિ ? આવી રૂડી વહુ ક્યાંથી લાવીએ ? થયું તે કંઇ ન થયું થાય છે. ગમે તે હોયને, સાથે બેસી જમીએ નહિ, માટે કંઈ મારી ભોજાઇ નહિ, એમ કેમ કહેવાય ! એમને ભાભી કહેવરાવવાનો જેવો ઓરિયો છે તેવોજ મને ભાભી કહેવાનો ભાવ છે. હું ભાભી કહીશ ત્યારે જોજોને, એમના કરતાં ભાઇ વધારે ખુશી થશે ' મંજુબહેન આમ કહીને હસી.

જોઇતારામ હસીને બોલ્યો કે ' એ તો ખરૂં બહેન ! હું ' મેના ભાભી ' કહું છું તેથી એમના કરતાં ભાઇનું અંતર વધારે ઉછળે છે. દુનિયા ઉપર બધે એવું છે. ભાઇની પાસેથી કામ કાઢવું હોય તો ભાભીને માન આપવાં ! '

' તમે જોયેલાં ત્યારે આવાં નહિ કે ? '

' ના બહેન ! ના, નહિજ. નર્યાં વિસવાસી. દેખાવે વિસવાસી પણ સ્વભાવે–અંદર ભાવે વિસવાસી નહિ. એજ હું તમને કહું છુંને ? એ આવ્યાં, મેં એમની આંખ જોઇ ને તરત જગન્નાથને કહ્યું કે ' માણસ કંઇક ચમત્કારી છે. રસોઇ તો તે દહાડે પણ જાતેજ કરતાં. ઘરકામ જાતે કરી લેતાં. શરીરનાં કંઇ નબળાં છે ? ચાર છ મહીને જોજોને, મંગળાભાભીને ઢાંકી દેશે. અમલદારી પણ તેવીજ આવી છે. કોઇ વાતે કશી કચાશ નથી. '

' ભણેલી છે અને મુંબાઇમાં ગજરાભાભી કહે છે, તેમણે બધું શીખવાડેલું છે. નણંદ સાથે કેમ બોલવું ચાલવું, અને બીજા માણસને કેમ રાખવું, બધું સમજીને આવેલાં છે. ભાઈ વાત કહેતા રહેને ! મારી કસોટીમાંથી પસાર થાય છે, તો પછી ત્યાં પણ કોઇથી ખામી કઢાશે નહિ. મોટાંબા જોજોને, બધું ભૂલી જશે. આમને ને આમનેજ દેખી રહેશે. સોજીલાં છે, રૂપાળાં છે અને વિવેકી છે. ભાઇનું શિક્ષણ બહુ તો. '

' કેમ વારૂ એટલું બધું, મંજુબહેન ! '

'ગઇ કાલે બપોરે હું ને એ બે જણુ હિંચકે બેઠાં હતાં. મેં સહેજ ગાવા માંડયું ત્યારે એમણે કહ્યું કે 'મને એક બે રાગ બેસતા નથી અને તમારા ભાઇને પણ આવડતા નથી, તમે મને બતાવો મંજુબ્હેન! ' આમ કહી દલપતકાવ્ય લઇ આવ્યાં, ને લગનનાં ગીત કાઢયાં. મેં રાગ બતાવ્યા ને મારી સાથે ગાવાનું કહ્યું. મારી સાથે એવો સૂર મેળવી દીધો કે, જાણે અમે કોઇના વિવાહમાં બેઠાં હોઇએ ને ત્યાંજ ગાતાં હોઇએ એમ મને લાગ્યું. મેં પૂછયું કે, તમે સમજો છો? ત્યારે મજેનો જવાબ આપ્યો. શું કહું, હું તો જાણે આમાં કશું સમજતીજ નથી. જિતેન્દ્રલાલને પૂછુ છું. તો તે પણ તમારી માફક કહે છે કે, અજબ માણુસ છે. કંઈ સમજાતું નથી. એમના ખંડમાં અમે બે એકલાં બેસીએ છીએ ત્યારે હું અમારી બૈરક રીતભાતો જેઉં છું, તો તે પણ સ્વાભાવિક-નરી ગુજરાતીજ જણાય છે. મુંબાઇની બહુ વાતો કરે છે અને ત્યાંથી ઘણું શીખી આવેલાં લાગે છે.'

'બહેન! શીખ્યાથી આટલું બધું ના આવડે? અસલ ગુજરાતનો જીવ ખરો. એમનું હવે તમે ઠેકાણું પાડો—ઘરમાં લઇ લો.'

'ઘરમાં તો આવ્યાંજ છેને? મોટાંથીએ હવે કંઈ ના કહેવાય છે. થયું તે થયું. મારા વીરૂભાઈની વહુ તે અલબત વહુજ!' યાદ કરી તે બોલી કે—'જોઇતારામ! ચાલો જુઓ, ચા થઇ ગઇ હોય તો હવે બંગલે લઇ જાઓ.'

બન્ને જણુ રસોડામાં ગયાં. કાશી ડોસીએ ચા તૈયાર કરી આપી તે લઇ પટેલ બંગલે ગયો. પછી ડોસી બોલી કે 'બહેન! તમારાં ભોજાઈ હજુ નથી આવ્યાં?'

'ના માજી! મોડું થયું એટલે એ તો હવે મારા ભાઇ સાથેજ આવશે. આપણે એમની વાટ જોવાનું કંઈ કારણુ નથી.'

મંજુબહેન ડોસીને માજી કહેતી તેથી તેનું અંતર વાત્સલ્યથી ઉભરાઈ જતું. ઇશ્વરરાયની ઉદારતા અને સારા સ્વભાવથી ખુશ ચેલી ડોસી, મંજુને જોઇ બહુ હરખાઇ હતી. કાશીમાં ગોરને ત્યાં રહેવાથી તેણે માત્ર છળ પ્રપંચ અને દોંગાઇવાળી પ્રવૃતિજ રાત્રિ

દિવસ જોયા કરેલી, એટલે આ લોકોને મળતાં તેને બહુ સંતોષ ઉત્પન્ન થયો હતો. ડોસીની પાસે થોડી માયા હતી. તે તેને જીવની પેઠે સાચવતી, વિંઢારતી અને ઉજાગરા કરી કરી ઓસિકે રાખ્યા કરતી. અહિંએ તે અબોટિયાને કકડે બાંધેલી નાની પોટલી, પોતાની નજર તળે ને નજર તળે રાખતી હતી. જોઇતારામનું તે તરફ ધ્યાન ખેંચાયાથી એક બે વાર પૂછેલું પણ તેથી તો ડોસીના મનમાં સામો વહેમ આવેલો. તેને એમ થયેલું કે 'અમલદારનો માણસ છે ને રડ્યો પોટલી આઘીપાછી કરે, તો આપણે આંખ ચોળીને રહીએ. ડોસી ઇશ્વરરાયના સદ્‌ગૃહસ્થ, જેવા ઉમદા સ્વભાવથી ખુશ હતી તેમાં મંજુને તેની પત્ની તરીકે ઓળખી બહુજ રળિયાત થઇ. 'બેઉ પતિપત્ની ભોળાં ઉદાર અને ખુલ્લા દિલનાં વહાલસોઇ માણસ છે' એમ સ્વાભાવિક રીતેજ, તેને થઈ આવ્યું હતું. અત્યારે એકાંત જોઇ પોતાની પોટલી જોઇતાના ડરથી મંજુબહેનને સોંપવાનો તેણે લાગ સાધ્યો. મંજુને ચા આપતાં પૂછ્યું કે 'બહેન! હું તમને કંઇ પૂછું?'

'હોવે માજી! ખુશીથી પૂછો?' મંજુએ હસીને ઉત્તર આપ્યો.

'બહેન! તમે તમારા ઘરના માણસ સાથે કેમ વહેલાં આવ્યાં નહિ? જગન્નાથજીની જાતરા થાત.'

'માજી! મારી કાકીજીને સુવાવડ નવરાવવાનાં હોવાથી હું એ લોક સાથે આવી શકી નહિ. મારે તો મારા ભાઇનું ઘર છેને માજી! એ લોક જશે તોપણ હું તો મહીનો રહીશ, અને તાલ હશે તો જગન્નાથજી જઇ આવીશ, નહિ તો વળી બીજી વાર!'

'હાસ્તો. ભાઇનું ઘર! બહેનને કાલે કાલા ભત્રીજાને લઇનેએ આવવું પડે.' ડોસીએ હોંસ બતાવી પૂછ્યું કે 'બહેન! તમારાં ભોજાઈ સાથે કેમ આંતરો રાખો છો! ભાઇસાહેબ તો વિલાયત જઇ આવેલા છે તે હું જાણું છું. ઇશ્વરરાયે મને કહ્યું હતું.'

'ભોજાઇ ભાઈ સાથે ભળી ગયાં અને નાતનો નિકાલ થયો નથી એટલે શું કરીએ માજી! જેટલું અંતર ભાઇનું રાખીએ તેટલું ભોજા-ઇનું રાખીએ.' તેણે યુક્તિથી ઉત્તર આપ્યો.

'આવા મોટા અમલદારની ધણિયાણી, આવી સારી સાહેબીવાળી અને દેવકન્યા જેવી રૂપાળી—જુવાનીના જોરની ભરી મદમાતી વહુ છે, પણ ઓહો કેવી સોજ્જી છે! વારી જાઉં એના ડહાપણને! નણંદ નણદોઇની કેવી મરજી સચવાવે છે! બે ચાર વખત મને કહ્યું કે, જોજો, ઇશ્વરરાયને કે મંજુબાને જરાય ખોટું લાગે કે ઠીક પડે નહિ એવું કરતાં નહિ. તમારાથી ન બને તે વાત મને કહેજો, પણ એમને કશી વાતે કમીના પડવા દેશો નહિ. ઓહો!' આવી હેતાળ—આવી વિવેકી અને આવી ઓરડામાં અજવાળું કરે એવી વહુ—અરે ભોજાઇ હોય તેનાં ધન્ય ભાયગસ્તો. જેવી ભોજાઇ છે તેવાંજ રૂડાં તમે છો. હું અંતઃકરણથી તમોને જોઇ આશીરવાદ કરૂં છું.'

'માજી! તમારો તો આશીર્વાદજ અમે ઇચ્છીએ. તમ જેવાં ઘરડેરાંનું અમારાથી શું સચવાય છે?' મંજુએ વિનય બતાવ્યો.

'બહેન! હું કંઇ તમને સાચવવાનું સોંપું? અહિંના લોક મુઆ બડા ચોર છે. મને ગરીબ ડોસીને રોવરાવે તો શું કરૂં? મારા મરણ પાછળ કંઇ થાય એવી ઉમેદે મેં કંઈ સાચવી રાખ્યું છે. કાશીમાં હું જેને ઘેર રહું છું તેના ઘરમાં બૈરૂં નથી અને છોકરાંથી કામ ચાલે છે. ગોર સારો છે પણ તીરથવાસી લોક ફાંસિયા તો ખરાજને! મને એના ઉપર વિશ્વાસ પડતો નથી અને જ્યાં જાઉં છું ત્યાં મારી મીરાંબાઇની મિરાત આંખ તળે રાખું છું. જોડેની ઓરડીમાં બૈયા રહે છે તેમની આંખ ચોર છે ને ભાઇ સાહેબના પેલા બે ઘોડાવાળા તો રોયા દારૂડિયા છે, એટલે મને રાતે ઉંઘજ આવતી નથી.'

'લાવોને માજી! હું તે બંગલામાં મારા ભાઇ પાસે રાખું.'

'ના બા, તમારાં ભાઇભોજાઇ પાસે નહિ. એતો મોટા લોક! તમારી પાસે રાખો તો આપું. તમારા ઉપર મને છોડી જેવું વહાલ આવે છે ને વિશ્વાસ પડે છે. બીજાને તો ધીરૂં નહિ.' આમ કહી ડોસી એક પોટલી લઇ આવી બોલી કે 'જુઓ મોટી નથી. હું અહિં રહું ત્યાં લગી તમે સાચવો તો મારાથી નિરાંતે ઉંઘાય. આ તો ચિંતામાં મને ઉંઘે આવતી નથી અને સવારે ચુલો ફુંકવો પડે તેથી આખરે

આંખો જાય. અડધાં તેજ તો મોટી ઉમ્મર થઈ એટલે ગયાં છેને!'

'માજી! તમે પોટલી છોડી મને બતાવો, બતાવ્યા વગર એમ ને એમ મારાથી રખાય નહિ, ચોખ્ખું કહીએ તે સારું.'

'બહેન! તમારી ઉપર મને પુરો વિશ્વાસ છે. હું ગરીબ ડોસી પાસે એવું કંઇ ભારે છે પણ નહિ. બે સેરનું રામપગલું અને પાંચ સેરની હીરાકંઠી છે. મુઆ પાછળ મારૂં કંઇક થાય, તે માટે બિલાડીના બચોળિયાની પેઠ સાચવી રહી છુ.' આમ કહી આઘુ પાછું જોઈ સોફાતી નજરે ડોસીએ પોટલી છોડી. તેમાં કુચા જેવું રેશમી અબોટિયું—એ ત્રણ કીરમજી ગજીનાં કપડાં ને તેમાં ઠાકોરજી રાખવા જેટલો નાનો પિત્તળનો ડબો હતો. ડબો ડોસીએ મંજુબહેનના હાથમાં આપ્યો.'

'એકલો ડબોજ મારી પાસે રાખું તો?'

'ના બહેન! એ તો ગેરવલ્લે જાય—આખી પોટલીજ રાખો.' આમ કહી ડબો તેણે ઉઘાડયો ને તેમાં કાગળનાં બે જુદાં જુદાં પડીકાંમાં વિંટેલી પેલી ચીજો કાઢીને બતાવી. ડોસીએ બે નાના દાગીના બતાવ્યા એટલામાં ઘોડો હહણ્યો. મંજુબહેન પાસેથી તે બે ચીજો લઇ લેઇ તેણે પડીકું વાળી ઝટ ડબામાં મૂકી, જેમ હતી તેમ પોટલી પાછી બાંધી દીધી. 'રાતે જમીને તમે બંગલે જશો ત્યારે હું તમને આપીશ. હાલ તો ભાઈસાહેબ આવ્યા માટે તમો જાઓ. મારા ને તમારા સિવાય કોઇને જણાવા દેશો નહિ.'

'માજી! કંઈ ફિકર ના કરતાં. હું તે મારી ટ્રંકમાં રાખીશ, ને કોઇને એનો ગણુસારો સમજવા દઇશ નહિ.' આમ કહી મંજુબહેન ઉઠી પણ ડબા ઉપરના નામ તરફ તેનું ધ્યાન ખેંચાયું. તે જોવાનું તેને મન થયું અને નામના કંઇક અક્ષર નજરે પડયા, પણ કાટ ચહેલો હોવાથી બરોબર વંચાયા નહિ. વહેમી ડોસીએ વીરેન્દ્રરાવ આવ્યો તે જાણ્યું તેથી એટલી ઝડપે તે બધું પેક કરી દીધું કે મંજુથી કંઇ વધારે જોવાયું નહિ. તે વિચાર કરતી કરતી બંગલે જતી હતી ત્યાં તો જોઇતારામ સામો મળ્યો ને બોલ્યો કે 'ચાલો બહેન! ભાઇસાહેબ આવી ગયા. કહે છે કે 'બહેન કયાં?'

'પેલાં આવ્યાં છે?' મંજુએ પૂછ્યું.

'એ તો હું ચા લઇ ગયો તે પહેલાંનાં આવ્યાં છે; પણ–'

'શું છે? પણ?'

'ચા પીને ગયાં તે જણાયાંજ નહિ. મેં સરત કાઢી ત્યારે પેલી તરફનાં બારણાં બંધ. કેટલી વાર ઉભો રહ્યો ત્યારે તે તરફનો નેતરનો સોફા પેલા ખંડમાંથી સીતાને લઇ જતી જોઇ. હું સમજી ગયો તેથી મળ્યો નહિ. ભાઇએ કહ્યું કે 'બહેનને બોલાવો.'

પ્રકરણ ૨૩ મું.

'બહેન! તું કેમ ઉતાવળ કરે છે? તને અહિં નથી ગમતું કે શું? જિતેન્દ્ર વગેરે આવ્યાને વખત થયો અને તેમને રજા નહિ એટલે ઉતાવળ કરે, પણ તને શું છે? એક મહીનો તો રહે?' ઘણે દિવસે આજ વીરેન્દ્રરાવે મેના સંબંધી અભિપ્રાય જાણવા તેને પૂછ્યું કે 'તને તારી ભાભી ગમે છે કે? એની સાથે ગોઠે છે કે નહિ? જે હોય તે મને કહે?'

'તમને ગમ્યાં એટલે મને ગમ્યાંસ્તો. ખાસાં મજેનાં–રૂપાળાં, હસમુખાં, તંદુરસ્ત અને જેવું જોઇએ તેવું ભણેલાં ગણેલાં છે. મને એમની સાથે શા માટે ના ગોઠે? મારા પડતા બોલ તેઓ ઝીલી લે છે, મારા ઉપર બહુ વહાલ રાખે છે. વળી કેવું કેવું વંચાવે છે, ગાય છે અને ગમ્મત કરાવરાવે છે! શા માટે મને ન ગોઠે? જિતેન્દ્રલાલને સૌ એમના વિનયથી ખુશ ખુશ થઇ ગયાં છે.'

'પણ તમે બધાં જે ચિકિત્સા જોવા ને પરીક્ષા કરવા આવ્યાં છો, તેમાં તમે શું કર્યું અને શો અભિપ્રાય બાંધ્યો? મને કહે તો ખરી.' વીરેન્દ્રે ખુલ્લા શબ્દોમાં પૂછ્યું.

'રૂપ, રંગ, સ્વભાવ, તંદુરસ્તી, જ્ઞાન અને રીતભાત વગેરે માટે તો અમે શું પણ દુશ્મન પણ કંઇ વિરૂદ્ધ બોલી શકે તેવું નથી. બીજી બાબત છે તેમાં તો અમારો અભિપ્રાય ગમે તે હોય તોપણ તમે

કંઇ તમારો અભિપ્રાય ફેરવવાના છો ? અને તમે તમારો અભિપ્રાય ફેરવો એવું હવે અમારાથી કહેવાય પણ ખરૂં ! ઘર ધણિયાણી થઈ ગઇ તેને માટે હવે કંઇ બોલાય ? પહેલાં પૂછ્યું હોત તો વળી જુદી વાત ! હવે તો કણકમાં પાણી પડ્યું. મોટાં ભાભી બહુ દિલગીર થયાં છે, મોટાભાઇને ખોટું લાગ્યું છે પણ હવે શું કરવાનાં ! નાતના લોક આકળા થઈ ગયા છે. જુવાનિયા બધા તમારા પક્ષમાં છે, તેમ છતાં નાત કરે તે ખરૂં. કોઇનો આમાં કોરડો ચાલે તેમ નથી.'

'સામાવાળાનો કોરડો ચાલે ને આપણો નહિ ? જિતેન્દ્રલાલ મારી તરફનો કોરડો ચલાવવા તૈયાર છે. શું મોટાભાઇ મારા પક્ષને ઉત્તેજન નહિ આપે ? તને પોતાને શું લાગે છે ?'

'મને શું લાગે, તમેજ કહોને, એ કોણ છે ?'

'સારૂં કેળવાયેલું ઉંચી જાતના ગુણનું મને યોગ્ય માણસ છે. મારે જે લાયકાતો જોઇએ તે એનામાં છે, પછી ' કોણ છે ' તે જોવાનું શું કારણ ?'

'ના ભાઇ ! એમ ના બોલાય ? બધી બાબત જોવી જોઈએ. વ્યવહાર પહેલો જોવો. વ્યવહારને તો માન આપવું પડે. નાત વિરૂદ્ધ પડે તો ખંચાઇને ઉભાં રહેવું પડે, આપણું કંઇ ન ચાલે.'

'નાત વિરૂદ્ધ પડશે ?'

'હા, કીરપાશંકર વિરૂદ્ધ પડવા નાતને ઉશ્કેરે છે, લાગવગ લગાડે છે અને ધર્મને બહાને લોકને ભમાવે છે. જુગલદાસ વગેરે તેમના સાગરીદ થયેલા છે. જિતેન્દ્રલાલના અમદાવાદથી નીકળ્યા પછી કીરપાશંકરે કેટલાએ જણને ફોડી પોતાના કરી લીધા છે. તમે કે એ ત્યાં આવશો કે તરત તેઓ વાંધો લેશે. મોટાભાઇએ આપણું ડહેલું તમારે રહેવા માટે તૈયાર કરાવ્યું છે ને તમોને હવે તેમાં રાખવાના છે, તોપણ લોક માનશે નહિ. આપણા આખા ઘરને તેઓ નાત બહાર મૂકવા માગે છે.'

'મોટાભાઇ ને પ્રભાશંકરભાઇ નહિ ઉભા રહે તોપણ તારે તો

મારી સાથે રહેવાનું છે. તને પાલવે છે કે નહિ ?' વીરેન્દ્રે હસીને પ્રશ્ન કર્યો.

'મને તો પાલવે છે. હું તો મારાં ભાભીને પડખેજ ઉભી રહેવાની. આ૰જિતેન્દ્રલાલ આવ્યા. એમને પૂછોને, કે મારો કેવો અભિપ્રાય છે.'

જિતેન્દ્રલાલ ટપાલનો કાગળ લઇ અંદર આવ્યો ને બોલ્યો કે, 'રાયજીની વધારાની રજા મંજુર થઈ આવી. હવે તેમને રહેવાને હરકત નથી અને પછી અમે સૌ સાથે જઇશું. મંજુબહેન વળી ફરીને આવે ત્યારે એમને જગન્નાથજીની યાત્રા કરાવજો.'

ઇશ્વરરાયની રજા મંજુર થઇ આવવાથી ખુશી થઇ વીરેન્દ્રે કહ્યું કે 'એ તો ઠીક થયું. મોટાં તથા મંગળાભાભીને યાત્રા માટે લઈ આવીશું ત્યારે મંજુને પણ યાત્રા કરાવીશું. હમણાં ક્યારે એ યાત્રા કરવા આવી છે. એને તો અમસ્તી સહેલને માટે બોલાવી છે. એની ભાભીને જોઇ જાય અને કંઈ શીખવાડી જાય, તે માટે બોલાવી છે.' 'મોરનાં ઇંડાં ચીતરવાં પડે એવું નથી' ભાભીને મંજુબહેન શું શીખવાડવાનાં છે ? એ બધુંએ જાણે છે. એમ કહો કે, એમને અમારામાં ભેળવવાં છે માટે આ બધી જહેમત લેવાય છે.' તે હસ્યો.

'તમે વિરૂદ્ધ હો તો ભલે, મંજુબહેન તો વિરૂદ્ધ નથી. એ તો બેધડક અમારે પડખે ઉભી રહેવા તૈયાર છે.'

'કીરપાશંકરનો સપાટો એમણે સાંભળ્યો ને જોયો નથી તો ! જે વેળાએ તે કમ્મર બાંધીને ઉભો રહેશે ત્યારે ઇશ્વરરાયજી ને તમારૂં ઘર સૌ નરમ પડી જશે. નાત બહાર રહેવું કંઇ સહેલું નથી.'

'દંડ લઇને પણ ન્યાય આપશે કે નહિ ?' વીરેન્દ્રે મશ્કરીમાં કહ્યું.

'દંડ બંડ શાનો ?' મંજુબહેન તેજ થઈ બોલી કે 'દંડ શાનો ? આપણો દંડ માગે એવું કોણ છે ? કીરપાશંકરને દંડ આપવો પડે તો કોણ જાણે ?'

'તે તો વખત આવશે ત્યારે જણાશે, કે તમે દંડ આપો છો

કે ફીરપાશંકર, જોયું કે ભાઇ! ઉલટો ચોર કોટવાળને દંડે!'

'શું થાય છે તે જોજોને જિતુભાઇ! અમે એમ કંઇ ફીરપાશંકરથી ડરી જતાં નથી. જોઇએ તો તમે એમના પક્ષે ઉભા રહેજોને.'

'ઠીક, ઠીક, ભાઈ આગળ ખાંડ પીરસો.' આમ કહી હસતો હસતો તે બહાર ગયો એટલે વીરેન્દ્ર બોલ્યો કે 'બ્હેન! કોઇને ચીઢવીએ નહિ. વખત છે કંઇ એવોજ સુડી વચ્ચે સોપારી જેવો પ્રસંગ આવી ચઢયો તો તે વેળાએ તેને ફરી જવાનું બહાનું મળે.'

'હું તો હસું છું વીરૂભાઇ! મોટાભાઇ અને અમારા કરતાંએ એ તો વધારે મક્કમ છે. વળી હુંએ ખરૂં કહું છું. આપણને કોઈથી કશું થવાનું નથી, તમે જોજોને! હું અમદાવાદ જાઉં એટલીજ વાર છે. અમે લખીએ એટલે તુમે મારાં ભાભીને મોકલી દેજો. એમને ડહેલામાં રાખીશું અને ભોમિયાં કરીશું. નાત શું કરે છે તે જોઇશું. ફીરપાશંકર સૌથી વધારે કૂદે છે માટે તેમને તો સખત ફટકો મારવો છે. એને તો એવો ફસાવવો કે, ફરીને કોઇ દહાડો નાતના ઝગડાઓમાં ઉભોજ રહે નહિ. મેનાભાભી જો મોટાંનું મન જીતી લે છે તો પછી જુઓ કે, કેવો રંગ લાવું છું.' મંજુબ્હેન ઉત્સાહથી આમ કહે છે એટલામાં મેનાગૌરી આવ્યાં તેથી વીરેન્દ્રે એ સંબંધી વધુ સવાલ નહિ કરતાં તેની તરફ જોઇ, હસીને કહ્યું કે 'મંજુબ્હેન હવે તો પાછાં થોડા દિવસ રહેશે.'

'રાયજીએ મને કહ્યું. મંજુબાને તો હું કેદહાની કહું છું કે, તમારે શી ઉતાવળ છે? તમને ના ગમતું હોય તો મને કહો, હું તમને ગમે, ગમ્મત પડે એવી તજવીજ કરૂં અથવા કરાવું. કશી વાતે તમારે અણગમો આણવો નહિ. તમારા ભાઇનું—તમારૂં ઘર છે અને તમો જેમ કરવું હોય તેમ કરવાને સ્વતંત્ર છો. મારો દોષ થતો હોય તો મને કહેજો, પણ કશી વાતે અણગમો ના રાખશો!' મેનાગૌરીએ ખુલાસો કર્યો.

'ભાભી! એવું ના બોલો, મને અહિં ગમે છે. તમે મને મંગળાભાભીથીએ વધારે વહાલમાં ને વૈભવમાં રાખો છો. મારે માટે તમે

કશી કમીના રાખતાં નથી. પછી તમારો દોષ કેમ કહેવાય. તમે તો મને બહુ ગમ્મત કરાવો છો. હું ઉતાવળ કરતી નથી, પણ પછી હું કોની સાથે જાઉં ? મોટાં બાએ કહ્યું છે કે 'જિતેન્દ્રલાલ સાથે આવજે' તેથીજ, બીજું કંઇ કારણ નથી. યાત્રા માટે પણ કંઇ નથી. અમે બધાં આવીશું ત્યારે યાત્રાએ જઇશું.'

'પેલી રાય પૃથ્વીચંદ્રને ત્યાંથી આવેલી સાડી તમે બહેનને બતાવી કે ?' વીરેન્દ્રે પૂછ્યું.

'હું આવી ત્યારે મંજુબહેન ન હતાં, અને પછી તો ચાર દિવસ–' તે આગળ બોલતાં શરમાઇ તેથી મંજુબહેને ઉપાડી લીધું કે 'હું રસોડે હતી ને એ આવ્યાં, પછી પાટ બેઠાં ક્યારે બતાવે ?' તે હસી.

અંતરમાં હસતી ને શરમાતી, શરમાતી મેનાએ વીરેન્દ્રની ગાદી તળેથી કુંચીઓનો જુડો લઇ કબાટ ઉઘાડયું અને સાડી કાઢી મંજુબહેનના ઢિંચણ ઉપર મૂકતાં, બહુ વિવેક અને વહાલભર્યાં શબ્દોમાં હસી હસી જતે મુખે કહ્યું કે 'તમારી ભાભીની આટલી નાની જેવી ભેટ સ્વીકારો તો હું જાણું, કે તમને ગમે છે.'

'ના, એમ નહિ.' સાડી જોતાં જોતાં મંજુબહેન બોલી કે 'એમ નહિ ભાભી ! તમને મળેલી ભેટ મારાથી ન લેવાય, કેમ ભાઈ તમે બોલતા નથી ?'

'લેવાય ન લેવાયનો નિર્ણય પછી. પહેલાં તું કહે કે, તને પસંદ છે કે નહિ ? ખરેખરૂં કહેજે. મોં રાખીને વાત કરતી નહિ.'

'મને બહુ પસંદ છે.'

'ત્યારે કેમ ન લેવાય ? તારી ભાભી આપે, તે ભેટ તારાથી ન લેવાય, એવું કહિં હોય ?

'પણ' મેનાગૌરી બોલી કે 'પણબણ કંઇ નહિ, તમારે લેવીજ પડશે. આટલેથી કંઇ તમને સમજાવી દઇશું નહિ.'

'મંજુ એટલાથી સમજે એવી પણ નથી.' વીરેન્દ્રરાવ આમ કહી હસીને ઉભો થયો.

'अलबत, आटलाथी शानी समजुं ? आपणी रीते भाभी लाव्या होत, तो केटलुं बधुं आपवुं पडत, अने हजी शुं वही गयुं छे ? जोईतारामा कहेतो हतो तेम सत्यनारायणनी पूजा करवा बेसशो त्यारे छेडा गांठीश ते छोडवतां भाभीने ने तमने बेउने समज पडशे.' ते हसी.

'एवुं तेवुं अहिं कंइ नहि. देशमां ते वात, अने त्यां मारे के तारी भाभीने क्यारे तने मनाववानी छे. त्यां तो मोटां बाने हाथे तारे लेवानुं छे.'

'मोटांबा' पासेथी. लइ पाछी तमारी ने भाभीनी पासेथी खानगीमां पण लइश' मंजुए नणंदना हकनो दोर बताव्यो ने वीरेन्द्र हसतो हसतो बहार गयो.

'केम भाभी तमे बोलतां नथी ?' मंजुबहेने मेनागौरीने पहेलीज वार तेने मोढे 'भाभी' कहीने बुलावी.

मेनागौरी प्रसन्न थइ बोली के 'हुं शुं बोलुं बहेन ! तमारा भाई उपर जे हक होय, ते तमे मागो.'

'अने तमारी उपर नहि ?' मंजुबहेन मीठे हास्ये हसी. जराए खटका वगर बोलवा लागी तेथी मेनाने बहुज आश्चर्य लाग्युं. 'आजे कंई नवाइ जेवुं छे. अंतरे बहु खुल्लुं जणाय छे. शुं हशे ?' एवो विचार आव्याथी जवाब देतां जरा वार लागी एटले मंजु बोली के 'केम भाभी बोल्यां नहि. शा विचारमां पडयां ?'

'मारी उपर हक शा माटे नहि ? कंई विचारमां नथी—पण आज मने कंइ नवुं नवुं लागे छे. तमारा हेतमां कंईक अद्‌भुत फेरफार थयेलो होय एवुं लागे छे. शुं छे मंजुबा ! खरेखरुं कहो ? मने आज तमे बहुज खुश लागो छो ?'

'तमे मने भेट आपो छो तेमां !' मंजु हसी; एटलामां जोइतारामा आवी पहोंच्यो ते नणंद भोजाइने हसते मोंए वात करतां जोइ खुशी थइने बोल्यो के 'मंजुबहेन ! केम बोलतां रही गयां, कंई खानगी वात करतां हतां.'

તેણે પોતાની પાસે પડેલી સાડી બતાવતાં કહ્યું કે 'જોઈતા-રામ ! મારાં ભાભી મને આ સાડી ભેટ આપે છે, ત્યારે હું કહું છું કે, આટલી ભેટે નહિ સરે. કહો ભાઈ ! આટલી ભેટે સરે.'

'નહિંસ્તો. એમના હોદ્દા પ્રમાણે નણંદને સારો કરિયાવર કરવો પડે. મોટા અમલદારનાં ધણિયાણીને નણંદ માગે તે આપવું પડે. ભાઇ શું કહે છે ?'

'ભાઇને હવે શું છે ? હવે તો ઘરની ધણિયાણી ઉપર બધો ભારને ! ભાભી આપે તો ભાઇથી કંઇ ના કહેવાય છે ? પણ જુઓને ભોજાઇ હસે છે કંઇ બોલે છે ?'

'ભાભી, ભાભી' કહીને મંજુ વાત કરવા લાગી તેથી જોઇ-તારામને પણ આજ નવાઈ લાગી, કારણ કે, આજ લગી તે બાધેભારે બોલાવતી હતી. 'વીરૂભાઇએ કહ્યું હશે,' એમ વિચાર કરી તે બોલ્યો કે, 'મેનાભાભી આજે બ્હેનને રીઝવો. આજ મને બ્હેન કંઇક જુદાં લાગે છે.'

'એમ કેમ જોઇતારામ ! હું તો એનીએ છું. ભાભીએ કહ્યું તેમ તમે પણ કહો છો. મારામાં તમને કંઈ ફેરફાર જણાય છે વારૂ ?' તેણે પોતાનું ખુલ્લું મન પેલાં બેઉ જણથી સમજાયું તે છુપાવવા ઉત્તર આપ્યો. 'તમે બન્ને જણ એક થઇ મને ભમાવો છો ? રહો હું વીરૂભાઇને બોલાવું ? મારામાં તમને શું નવું જણાય છે, તે કહેશેને ?'

'તમારા ભાઇનું શું કામ છે. અમને જણાય તે એમને ના પણ જણાય ? હું તમારી છુંને.'

'મારાં નહિ—મારા ભાઇનાં !' મંજુબ્હેન જોઇતા સામું જોઇ હસી. 'ભાભી મારાં થઇ છૂટી પડવા માગે છે. ભાઇનાં છો એટલે મારાંસ્તો ! ભાઇનાં અરધાંગ માટે તમને કહેવાનું.'

મેનાગૌરી હસીને બોલી કે 'જુઓ, આ બધું આજ નવું નહિ તો બીજું શું ? તમે કયારે આટલા બધા દહાડા આવું બોલતાં હતાં ? તમારા ભાઈ કહેતા હતા કે, મંજુબહેન તો બહુ ગમતી ને વિનોદી છે.

મેં તો આટલે દહાડે આજેજ જાણ્યું ! મને કેમ નવાઈ ન લાગે ? બેસતાં, બોલતાં, ગાતાં બધું એ ખરૂં, પણ આજના જેવું નહિ, મને તો આજે નવું લાગે છે. '

' બસ, હવે મેનાભાભીએ બરોબર જવાબ આપ્યોઃ મેં પણ નણંદની માફક તમને બોલાવતાં આજ સુધી સાંભળ્યાં ન હતાં. શરમાતાં હોય કે શું ! પણ મોએ ' ભાભી ' કહેતાં નહિ. '

' મેં તમને જવાબ નહતો આપ્યો જોઇતારામ ! મારા ભાઇનાં વહુ તે ભાભીસ્તો ! ભાભી કહીને બોલાવવાનાં. ' મંજુ આગળ બોલવા જાય છે એટલામાં વીરેન્દ્ર અને જિતેન્દ્ર અંદર આવ્યા અને જોઇતા-રામ બહાર ગયો. મેના સંકોરાઇ જરા કોરે ઉભી અને તે બેઉ જણ પલંગ ઉપર બેઠા. વીરેન્દ્ર બોલ્યો કે ' મંજુબહેન ! જો જિતેન્દ્રલાલ કહે છે કે, કીરપાશંકરનો પક્ષ બહુ નબળો છે અને તેનાથી કંઈ બનશે નહિ. '

' એ તો અમસ્તા ! એમના આવ્યા પછી કીરપાશંકરે પોતાનો વગ વધાર્યો છે. રાત્રિ દિવસ લોકોનાં ઘર ગણ્યા કરે છે. એમનાથી કંઇ નહિ થાય, એમ ધારવું ખોટું છે. આપણા લોકની રીત તમે નથી જાણતા ? ' આરંભ શૂરા ' જિતેન્દ્રલાલને અત્યારે હા કહે છે, પણ મોટાભાઈ માને છે તેમ વખત આવતાં ફેરવી તોળશે. '

જિતેન્દ્ર—એ તો તમારો ખાલી ભય છે.

મંજુ—મને તો હવે કીરપાશંકરનો જરાય ભય લાગતો નથી. ખાલી ભય શા માટે રાખું ? હું તો એમને ખરખરા બનાવીશ !

' તે કેમ ? ' વીરેન્દ્રે સવાલ કર્યો.

જિતેન્દ્ર—કીરપાશંકરનાં વહુ તેમનાથી કંઇક જુદા મતનાં છે, એટલે બહેન એમ ધારતાં હશે કે, રતનગૌરી પાસે બધાં બૈરાં મળીને કીરપાશંકરનો મત ફેરવીશું. અરે ! એ તો બાધડ છે ! રતનગૌરીને ગાંઠે તેવા નથી; અને રતનગૌરીથી તેમના પતિ વિરૂદ્ધ બોલાય નહિ. મંજુબહેન એમ ધારતાં હોય તો ભૂલે છે. બૈરાંનું આમાં કંઈ ચાલે નહિ. '

'એટલા હજી તમારા જુના વિચાર છે. જિતેન્દ્રલાલ ! જે બૈરાંને દુનિયાં મતાધિકાર આપવા તૈયાર થઇ છે, તે બૈરાંનું બળ તમારાથી સમજાયું નથી. સંસાર વહેવારની બાબતોમાં તો બૈરાંજ બધું કરે છે. જે સુધારા કરવા તમારે વરસોના રાહ જોવી પડે છે તે સુધારા, જો તમે બૈરાંના મનમાં ઉતારો તો હું કહું છું કે, મહીનો—અરે ! માત્ર થોડા દહાડામાંજ તેઓ અમલમાં મૂકી શકે. કર્તવ્ય વસ્તુ તેમની સમજમાં આવવી જોઇએ. સ્ત્રીઓને વિચાર કરવા કરતાં આચરણ કરી બતાવવું વધારે ગમે છે. અમુક જાતના સુધારાથી અમુક સારા ફળની આશા છે, એમ જો તેમને સમજાવવામાં આવે તો આશાને લીધે તેમનામાં બળ ઉત્પન્ન થાય અને પુરૂષો કરતાં બહુ મોટાં કામો આરંભી પાર ઉતારે. તેમનો આગ્રહી સ્વભાવ એવી બાબતોમાં બહુ ઉપયોગી થઇ પડે છે. તમેજ જિતેન્દ્રલાલ ! એક દહાડો મને કહેતા હતા કે, લોકનિંદા દુર્નિવાર્ય હોવા છતાં પણ, સ્ત્રીઓ તેને કાનતળે કાઢી નાંખવાનું ધાર્ષ્ટ ધરાવે છે માટેજ તેઓ સંસાર સુધારાનું કામ જલદી અમલમાં મૂકવાની યોગ્યતાવાળી છે. જેમાં આગળ ઉજળું ભવિષ્ય દેખાતું હોય એવી પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ આગળ ને આગળ વધતાં જરાએ થાકતી નથી. નવું નવું કરવું, એ સ્ત્રીઓનો સ્વભાવ છે, અને કોઇપણ બાબતની અસર પણ તેમને સૌથી વધારે જલદી થાય છે. બૈરાંનો એકડો મૂળથી પુરૂષોએ ખરો થવા દીધો નથી, એટલે તેઓ બિચારી શું કરે ? હાલ તેમને વસ્તુસ્થિતિ સમજાવા માંડી છે, તો જુઓને, તેઓ કેવાં મજેનાં કાર્ય કરવા લાગી છે. દુકાળના વખતમાં મોટાં વિદ્વત્તા ભરેલાં ભાષણ કરનારા પુરૂષોની કાઠિયાવાડનાં બળબળતાં ગામડાંમાં ફરવાની હિમ્મત ચાલી નહિ અને મુંબાઇની ખાટેથી પાટે ને પાટેથી ખાટે જનારી નાજુક અબળાઓ સબળા સ્વરૂપ ધારણ કરી, કેટલાં ગામડાં ફરી વળી અને કેવાં કેવાં ગરીબ કુટુંબોને સહાય કરી આવી. સ્ત્રીઓને તમે ખરી વાત સમજાવો તો બધું થાય. હું રતનગૌરી મારફત કંઇ કરવા માગતી નથી. હું તો એવી જુક્તિ આણી આપીશ કે, કીરપાશંકર પોતે તમને આજીજી કરવા આવે.'

'ત્યારે તો તમે ખરાં બહેન! અમે તમને તે દિવસે શાબાશી આપીશું.'

'તમે શાબાશી આપશો પણ ભાઈ—આમ અરધું બોલી મંજુ આગળ બોલી નહિ—એટલે મેનાગૌરી હસતાં હસતાં શરમાતે બોલે બોલી કે 'એમના ભાઇ મોટી ભેટ આપશે ?

'ભાઈ શાના આપે ?' મેનાગૌરી તરફ મુખ કરી મંજુ બોલી કે ભાભીની પાસેથી ભેટ લવાની.'

જિતેન્દ્ર—ભાઇને ભાભી એકનાં એકજને, ગમે તે આપે.'

આમ ગમ્મત ચાલી રહી હતી એટલામાં ઇશ્વરરાય અંદર આવ્યા એટલે મંજુબહેન બહાર જતી રહી અને મેનાગૌરીએ સામેની ખુરસી લાવી આપી તે પર બેસી તેમણે કહ્યું કે 'જિતેન્દ્રલાલ ! એટલું તો ખરૂં કે, આપણે કોઇનો મોટો વિશ્વાસ રાખીને કામ કરવું નહિ. પોતાના વિચાર ઉપર મુસ્તાક રહેવું.'

વીરેન્દ્રરાવે મેનાની સામે જોયું કે તરત તે મંજુબહેન પાસે ગઇ, અને ઇશ્વરરાયને સંબોધી જિતેન્દ્રલાલ બોલ્યો કે 'આપણે કયારે કોઈ ઉપર આધાર રાખીએ છીએ. આપણે તો આપણા પોતાના વિચારનેજ વળગી રહેનારા છીએ. નાતજાતની સ્થિતિ અત્યારે બહુ કફોડી છે. આપણે કોઈ ઉપર વિશ્વાસ રાખી શકતા નથી, તેનું કારણ વિશ્વાસ આપનારાઓ નહિ, પરંતુ તેમની આસપાસની પરિસ્થિતિ છે. માણસો સમજીને બોલે છે પણ તેમની આસપાસની સ્થિતિ તેમને તેમના વિચાર ઉપર દૃઢ રહેવા દેતી નથી. જુના વિચારનાં વડીલો અને અજ્ઞાન બૈરાં તેમનાથી તદન જુદા વિચારનાં હોવાથી તેઓ બિચારા શું કરે ? એક વાતને ઇનસાફ આપવા જતાં બીજી ઘણીક વાતોને ગેરઇનસાફ આપવાનું પરમ સંકટ તેમને માથે આવી પડે છે. એમ ધારો કે, એક કન્યાને પંદર વર્ષની થયા પૂર્વે પરણાવવી નહિ, એવું એક બાપ સમજે અને તેણે એવો નિશ્ચય પણ કર્યો હોય, પરંતુ કન્યાની મા, માસી, દાદી, કાકાકાકી, મામામામી વગેરે મંડળી અગિયાર વર્ષ થઇ જાય તો મહા પાતક લાગે, એવું માનનાર હોય, ત્યાં શું કરવું ? આખી મંડળીને નાકરવી, તેમના મંતવ્યને તુચ્છકારી કાઢવું અને

પોતાનો મત પાર ઉતારવો, એ પેલા બાપને માથે કેવું પ્રબળ સંકટ! આવી વેળાએ તે બિચારો પોતાના મતને મૂકી દે એમાં તેનો શો દોષ? સુધારાને માટે આગ્રહ ધરતા પહેલાં આપણે આત્મમત કેળવવો જોઇએ. જ્યાં લગી આત્મમત કુટુંબમત અને લોકમત કેળવાયો ન હોય ત્યાં લગી મોટાં સાહસમાં ઝિંપલાવાય નહિ, એ સ્વાભાવિક છે.'

'ભૂમિ તૈયાર કરતાં ચોમાસુંજ ચાલ્યું જાય તો?' ઇશ્વરરાયે હસીને ઉત્તર આપ્યો. 'કાળ પ્રતીક્ષા કરતા બેસી રહેવું?'

'ના, બેસી રહેવું નહિ. જે કંઇ તૈયાર થયું હોય તે બોઈ લેવું. એટલું સાહસ કરીએ નહિ તો તો કાળ ચાલ્યો જાય અને કંઈજ બને નહિ. સાહસની તો જરૂર છેજ, માત્ર એટલુંજ કે, સાહસમાં કેટલું જોખમ છે તે સમજવું, તે ઉલટું પડે તો તેના પ્રતીકારનો વિચાર કરી રાખવો અને બને તેટલી સહાય લેવાને થોડા પણ સાથી રાખવા.'

'તમારા વિચારે ત્યારે આવાં મોટાં સાહસ ન થાય.'

'અલબત, આ સાહસ મોટું છે, પરંતુ તેનાં પરિણામ વીન્દ્ર-રેરાવની જાણ બહાર નહિ હોય. તે પરિણામો સહેવાને તૈયારજ હશે.' તેની સામું જોઇ 'કેમ વીરેન્દ્રરાવ! આપ બોલતા નથી.'

વીરેન્દ્ર—'અલબત, મેં બધી બાજુઓ વિચારી જોઇ છે અને હું તેનાં પરિણામો સહન કરવાને તૈયારજ છું. મેં મારી આશાઓ કે ઇચ્છાઓ રાખીજ નથી. રાયજી! શું એટલીએ ભૂમિ હજી તૈયાર થઇ નથી, કે જે, આમારા સ્નેહીઓ તરીકે પણ સ્વીકાર કરી શકે નહિ?'

જિતેન્દ્ર ખુશી થઇ ઉઠીને બોલ્યો કે 'જુઓ સાંભળો ઇશ્વરરાય! હું તમને કહું છું તે ખરૂં છે કે નહિ? વીરેન્દ્રરાવ તમારી પાસેથી માત્ર મિત્ર સ્નેહની ઇચ્છા રાખે છે અને શું તે આપણાથી નહિ અપાય? અરે! અહિં આવીને આપણે એ ઇચ્છે છે તે આપ્યું છે તો પછી આપણે કે એમણે શા માટે ડગમગવું? યત્ન કરવો અને સારા ફળની આશા રાખવી, એ તો આપણું કર્તવ્યજ છે. ચાલો હવે જરા ફરી આવીએ' આમ કહી જિતેન્દ્રલાલ ઇશ્વરરાયનો હાથ પકડી બહાર ગયો અને પેલાં નણંદ ભોજાઈ અંદર આવ્યાં.

અંદર આવતાં વાત મંજુના આનંદે આનંદિત થએલી મેના-ગૌરી બોલી કે 'મંજુબા, તો માનતાં નથી. સાડી લેવાની ના પાડે છે. એમને માટે બનારસી સાડી મંગાવો. જોઇતારામ કહેતા હતા કે, બહેન ને ઇશ્વરરાયને સારૂં આપવું જોઇશે.'

'ઈશ્વરરાયની મહેમાનગીરી કરીને !' તેણે હસીને ચલાવ્યું કે, 'હવે એમને આપવાનું શું ? એ તો બધાં મિત્ર જેવો સંબંધ રાખવા માગે છે. મિત્રને જે અપાય તે આદર ને સ્નેહજ હોય !'

'મિત્ર જેવો સંબંધ એટલે શું ?' મંજુબહેન ટટાર થઇને બોલી કે 'એમ કેમ બોલો છો ભાઇ ! આ શું મારાં સ્નેહી કે ભાભી ?'

'તે તુંજ કહેને ?'

'હું તો કહું છું કે—મારાં ભાભી, સ્નેહી નહિ. ભાભી તમારાં વહુ ખરાં કે નહિ ? તમારાં વહુ તે મારાં ભાભીને. નણંદ ભોજાઇનો સંબંધ—અરે સગાઇ તેજ ખરી. આપણા ઘરનાંએ શું કરવાનાં છે અને ફીરપાશંકરે શું કરનાર છે. એમની મુડી મારા હાથમાં છે. તમે જુઓ તો ખરા ! મારી ભાભી તે ભાભીજ, કોણ નહિ કહી શક-નાર છે ? હા, હા, હું કહીશ કે, મડમ છે એજ મારી ભાભી છે !'

'પણ હવે ક્યાં એ મડમ છે ? તને એમ લાગે છે કે, આ મડમ છે.'

'મને મડમ લાગે તોપણ શું, હું કહુંછું કે મડમ છે ને મારી ભાભી પણ છે.'

મેના સામું જોઇ હસીને વીરેન્દ્ર બોલ્યો કે 'હવે તો મંજુબહેનને તારે રીઝવવી જોઇશે.'

'હમણાં રિઝાવાની નથી. વખત આવશે ત્યારે. મંગળ કાર્ય કરતાં યજમાન બનેલાં તમ પતિપત્નિની પાસેથી ગુરૂજન અને પુરોહિતની સામે મારો કર લઇશ, અહિં નહિ. મોટાંબા હસીને મારાં ભાભીને કહેશે કે 'નણંદને રીઝવો' ત્યારે લઇશ.'

મંજુબહેનના બોલ આ હાંસીલાં દંપતીના કાનમાં અમૃતનાં બિંદુ પડતાં હોય એવા લાગ્યા અને તેમનાં મન આનંદથી ઉભરાઇ ગયાં.

મેના તો ઝીણું ઝીણું હસતી શરમથી નીચુંજ જોઈ રહી, પરંતુ વીરેન્દ્ર બોલ્યો કે 'બહેન! કેમ તું આજ આટલી બધી ખુશખુશાલ લાગે છે. 'મંજુબહેન ભાભી કહીને ક્યારે બોલાવે' એમ આના મનમાં થયા કરતું હતું અને આટલા દિવસ થયા તું આવી છે, પણ આજ સિવાય કોઇ દહાડો મેં તને 'ભાભી' કહી આને બોલાવતાં સાંભળી નથી, અને આજ કેમ આમ'

'બધા દહાડાનું આજે સાટું વાળવું કે નહિ? ભાભી, ભાભી કહીને આજે તો વધાવી નાંખ્યાંને.' મેનાને બબે હાથ દઇ 'કેમ બોલતાં નથી ભાભી! આજે ખુશ થયાં કે નહિ? કહો તો ફોનોગ્રાફમાં ભાભી ભાભલડીનું ગીત ઉતરાવું.'

'બસ.' આંખમાં હરખનાં ને ખેદનાં આંસુ આવી ગયાં ને મોં લાલ થઇ ગયું 'બસ, મંજુબા બસ. તમારી ગરીબ અસહાય ભાભીના ઉપર મોટો ઉપકાર કર્યો. હું શું કહું ને શું આપું, તમારા ભાઇએ હાથ પકડીને અને તમે ભાભી કહીને હું પામર નિરાધારને ઇન્દ્રાણીને પદે બેસાડી, હવે શું કહું?' આમ કહી મેનાગૌરી તેનું હૈયું ભરાઇ આવવાથી બીજા ખંડમાં ચાલી ગઈ અને વીરેન્દ્ર તેની મધુરી લટકાળી ચાલ સામું જોઇ રહ્યો.

'કેમ ભાભી જતાં રહ્યાં?' એમ બોલી મંજુ ઉભી થઇ એટલે વીરેન્દ્રે કહ્યું કે 'તું ક્યાં જાય છે? બેસને એની આંખો ભરાઇ તેથી ગઇ. તને કેમ લાગે છે?'

'મજેનું લાગે છે! શું છે તે? હું આવી અને આમને જોયાં ત્યારની ખુશખુશાલ થઇ ગઇ છું. મને બહુ ગમે છે. બધી રીતે યોગ્ય મારાં ભાભી છે.'

'ત્યારે તું કેમ આજ લગી મને કંઇ કહેતી ન હતી.'

'શું કહું? મારાં ભાભીને તમારી આગળ વખાણું તો તમે વળી મને ખુશામતિયા ને મીઠડી કહો.'

'ના, એમ નથી, તને હવે પરીક્ષા થઇ અને આટલા દહાડા તેં ચિકિત્સા કરી. વારુ તને હવે સંતોષ મળ્યો? તારી બધી પરી-

ક્ષામાં એ પાસ પડી હોય અને આજે તું તેનો રિઝલ્ટ આપતી હોઉં એમ મને લાગે છે.' વીરેન્દ્રે એકાંત હોવાથી બહેનનો અભિપ્રાય કઢાવવા પ્રશ્ન કર્યો.

'યુનિવરસીટીની પરીક્ષામાં પાસ થઈ આવ્યાં, મુંબાઇમાં રહી આપણો બધો વ્યવહાર શીખી આવ્યાં અને ભાઈએ ભણાવ્યાં, એટલે મારી પરીક્ષામાં પાસ થાય એમાં શી નવાઇ.' મંજુએ હસીને જણાવ્યું કે 'હશે જે થયું તે ઠીકજ થયું છે. બકુલાના કરતાં તો સો ગણું સારૂં છે, બધી રીતે સારૂં છે.'

'પણ બકુલા તો નાતનીને?'

'ત્યારે આ ક્યારે પર નાતનાં છે? આપણી સાથે જોડાયાં એટલે આપણાં, ને આપણાં એટલે નાતનાં.' મંજુ બોલે બોલે ને વાળી લે.

'મંજુ! મોટાંની નહિ પણ મોટાભાઈની મને બહુ બીક લાગે છે. એ મને શું કહેશે અને હું કેવી રીતે એમની સામે ઉભો રહી શકીશ. એ વૃદ્ધને મનમાં દુ:ખ થાય તે મને કંપાવે છે, પણ શું કરૂં બહેન! મને યોગ્ય માણસ હતું એટલે મેં પસંદ કરી લીધું. મોટા ભાઇને શું બહુ લાગ્યું છે?'

'ના ના, તમારે એવી ચિંતા ન કરવી. એક બે દહાડા લાગ્યું, પછી તો એ મજબુત—મક્કમ થઈ ગયા છે. તમને કંઇ કહેશે નહિ. જુદા રાખશે અને જેવું હેત છે તેવુંજ હેત રાખશે. હું આવવા નીકળી ત્યારે મને કહેતા હતા કે 'વીરૂને ગભરાવા ના દેતી, જે થયું તે થયું. ભાઇભાઇનો સ્નેહ કંઇ જતો રહ્યો નથી.' મોટાંબા પણ કહેતાં હતાં કે, પરણનારીને જો બને તો આપણો રાહધાટ રાખવાનું કહેજે ને વીરૂને માઠું લાગવા દેતી નહિ.'

પોતાનાં મોટાં ભાભી અને મોટાભાઇના પોતા પ્રત્યેના આવા વહાલના ઉદ્ગાર સાંભળી વીરેન્દ્રનું હૃદય ભરાઇ આવ્યું ને આંખમાં પાણી આવી ગયાં. મંજુ તેને ગદ્ગદ થઇ ગયેલો જોઇ બોલી કે, 'જુઓ તમે બેઉ ભાઇ ને ભોજાઇ આમ કરો ત્યારે તો મને ના

ગમે ?' આમ બોલતાં બોલતાં તેનું મોં લાલચોળ થઇ ગયું ને આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. બેઉ ભાઇ બહેન ગમગીન થઇ ગયાં એટલામાં જોઇતારામ આવ્યો. 'મેનાભાભી ક્યાં ?' એમ કહી તે ત્યાંથી તરતજ પાછો ફરી મેનાગૌરી પાસે ગયો અને બોલ્યો કે 'કેમ ભાભી! પેલાં ભાઇબહેન રડમસ થઇ ગયાં છે ?'

'હેં! રડમસ થઇ ગયાં છે? મંજુબા તો હમણાં ખૂબ આનંદથી એમના ભાઈ સાથે વાત કરતાં હતાં. એ પણ ખુશાલીમાં હતા.'

'ભાઇ સાહેબની આંખ મને તો ભિંજાયેલી લાગી.' જોઈતારામે કહ્યું કે 'બન્ને રડમસ થઇ ગયાં છે ને ચૂપચાપ બેઠાં છે. હું તો તમારૂં નામ દઇ અંદર ગયો ને ઝંખવાણો પડી પાછો આવતો રહ્યો. તમે ત્યાં જાઓ ભાભી!'

'ના, મારી પર ગુસ્સે થાય. તમે ત્યાં જઇને મને બોલાવો,' મેના—તમે બહાર ઉભા રહી મંજુબાને બોલાવી લો.

'હા, એમ કરૂં.' આમ કહી તે ફરીને તે તરફ ગયો અને બારણામાંથી બોલ્યો કે 'બહેન! અહિં આવો, તમારાં ભાભી બોલાવે છે.'

મંજુ ઉઠીને ત્યાં ગઇ એટલે જોઇતારામેજ મેના દેખતાં પૂછ્યું કે 'શું છે બહેન? કેમ તમે ભાઇ બહેન દિલગીર થયાં હો એવાં લાગો છો ?'

'કંઇ નહિ સહેજ. મોટાભાઇ અને મોટાંની વાત નીકળવાથી અમને બેઉને તેમનાં વહાલ સંભારવાથી આંખમાં પાણી આવી ગયાં, બીજું કંઇ નથી. પૂછોને, ભાભીને શું થયું હતું. એમનું હૈયું ભરાઇ આવ્યું તેથી એ નાસી આવ્યાં અને અમે બે જણ વાત કરતાં કરતાં ગળગળાં થઇ ગયાં. મારા ભાઇની આંખમાં પાણી આવ્યાં એટલે હું ના રડમસ થઇ જાઉં ! બેઉ ભાઇ ભોજાઇ આમ કરે, એટલે મને ખોટું લાગે નહિ ?'

જોઈતારામ—મેનાભાભી તો એવાં છેજ. હરખનાં આંસુ આવે તોય આપણી પાસેથી ખોટું લાગ્યું હોય તેમ ખસી જાય. ભાઈને તો

ાવિલર જેવાં એ બે વૃદ્ધોની વાત નીકળતાં રૂગું આવે, એમાં તમે
ા મારે ગળગળાં થાઓ.

' મંજુબ્હેને બહુ આનંદ કરાવ્યો અને વહાલ વરસાવ્યું. '

જોઇતારામ વચમાંજ બોલી ઉઠ્યો કે ' હાં હાં, ત્યારે તો એમ હોને કે, બહુ હસ્યાં તેથી રડ્યાં. એ તો બધું હરખના ઉમળકાનું. ારૂ, સમજો. ક્યાં ગયા મહેમાનો ? રસોઈ થઇ ગઇ છે. '

' ફરવા ગયા છે તે હમણાં આવશે. સીનાએ ચટણી કચુંબર ગેરે તૈયાર કર્યું છે કે નહિ ? '

' અરે—એણે તો આજ રાયજી વગેરેને જમવા બેસાડવાની જ- ાએ રંગોળી પુરી દીધી છે અને એમની દખણી લોકની રીતે ચટ- ્રી ને પંચામૃત બધું તૈયાર કર્યું છે. કાશીડોસીએ આજ તો ખુશાલ છે.'

' અરેરે ! હું તો ભૂલી ગઇ જોઇતારામ ?' મંજુબ્હેને કહ્યું કે 'હું ા ભૂલીજ ગઇ ! મેં ડોસીને કહ્યું હતું કે હું પૂરી વગેરે કરવામાં મદદ કરીશ. એણે બિચારીએ બધું કરી નાંખ્યું '

મેનાએ કહ્યું કે ' મંજુબા ! તમે શું કરવાને રસોઇમાં પેસો છો. ડોસી ઘણુંએ કરશે. તમે રસોઇમાં પેસો છો તે મને ઠીક નથી લાગતું. તમારે તો બોલાવે ત્યારે તમારા ભાઇ સાથે જમવા જવું. ' જોઇતા- રામ સામું જોઇ ' રાયજીને ઠીક પડે છે કે નહિ ? એમને તમારી અ- મદાવાદી મહેમાનગીરીએ રાખજો. '

' કાશીડોસીને કંઇ કહેવું પડે તેમ નથી. એ બધું સમજે છે. '

' પણ એ તો રાયજીનું માણસને ? ' મેનાએ જવાબ આપ્યો.

' હું ત્યાં હોઉં છું. હું ક્યાં નથી જાણતો. તમારાં મોટાં જેઠાણી જેમ જમાડે છે ને મહેમાનગીરી કરે છે, તેમ હુંએ કરૂં છું. રાયજી તો સીધા માણસ છે. બીજા જમાઇઓ જેવા નથી. '

' હવે ટાયલાં જવા દો અને તમે જાઓ જોઈતારામ. ચાલો ભાભી આપણે મારા ભાઇ એકલા છે તેમની પાસે જઇએ. ' હેતેથી હાથ પકડી મંજુબ્હેન તેની ભાભીને લઈ વીરેન્દ્ર પાસે ગઇ અને જો- ઇતારામ રસોડે ગયો.

પ્રકરણ ૨૪ મું.

'મુંજુબહેન! તમે ને ઇશ્વરરાય વીરૂભાઇને ત્યાં રહી આવ્યાં, અને તમારાં મેનાભાભીનાં અમારી આગળ વખાણ કરો છો, તથા તેના રૂપ ઉપર વારી જાઓ છો, પરંતુ જગન્નાથ મહારાજ તો મને સોગંદ ઉપર એમ કહી ગયો છે કે, તે સાહેબ લોકમાં ઉછરેલી અને સાહેબ લોકના જેવી રહેણીકરણીએ રહેનારી ખ્રિસ્તી છોકરી છે. હા, જગન્નાથ તેના ભણતરનાં, સોજનાં અને રૂપનાં વખાણ કરતો હતો. તેણે એની સાથે ભાગ્યુતૂટયું ગુજરાતી પણ બોલવા માંડયું હતું, એમ પણ કહેતો હતો. એ બધું મનાય, પણ ગુજરાતીપણું આવી જાય અને તમારા જેવાં ભૂલમાં પડે, એ માની શકાતું નથી.' મંગળાગૌરીએ રસોડાના ઉંબરા ઉપર બેસી પૂજાની ઓરડીમાં બેઠેલી મંજુને એકાંત જોઇ પૂછવા માંડયું. 'આપણી રીતભાત રડી એટલામાં શી રીતે આવડી જાય? કદાપિ બહુ ચાલાક હોય અને ઘણું શીખેલી હોય તોપણ રાત દહાડો ઘરમાં રહેનારથી ન સમજાય, એવું તો બનેજ નહિ. ઘણાં વર્ષ લગી કેળવાયેલા નાટકના છોકરાઓ હમેશ બૈરાંનો વેષ લેતાં લેતાં બૈરાં જેવું બોલે અને લટકા કરે, તોપણ તેમની કૃત્રિમતા જણાઈ આવે છે. તમે, ઇશ્વરાય, અને જિતેન્દ્રલાલ, આવાં ચાલાક, કેળવાયેલાં અને વળી ખાસ ચિકિત્સા કરવા ગયેલાં, તેમ છતાં તેની કૃત્રિમતા તમારાથી સમજાઇ નહિ એ શું? તમે ત્રણે જણ સામું આશ્ચર્ય બતાવો છો અને છેલ્લે એમ પણ કહો છો કે 'ગમે તેમ હો બા! અમારાથી તો કાંઈ સમજાયું નથી. વાહ! આ તે શું એનું જાદુ કે તમ લોકે અમને બનાવવાને કરેલું તરકટ!'

'તમોને બનાવવાને અમે ત્રણજણે રચેલું તરકટ! નવીભાભી! ખરેખર તમોને બનાવવાને રચેલું તરકટજ!' મંજુબહેને હસીને ઉત્તર આપ્યો કે 'અમારૂં તરકટ અને એનું જાદુ! જોજોને તમે પણ એની નજરબંધીમાં ભ્રમિત થઈ જશો! હવે કયાં વાર છે.' ગઈ કાલે જિતેન્દ્રલાલ મોટાભાઇ પાસે આવ્યા હતા. તેમના કુટુંબમાં

પેલી કુન્દનને અધરણી છે તેથી આપણા પક્ષમાં કંઇ નવા જુની કરાવવા માટે, તેમણે મોટાભાઇ પાસે વીરૂભાઇને લખાવ્યું છે કે, તેને અહિં મોકલી આપે. એ જાતે અહિં આવે એટલે જોજોને, તમને પણ જાદુ કરશે. મોટાભાઇએ મોટાંને વાત કરી હશે તેથી આજે સવારે તે કહેતાં હતાં કે 'મંજુ! તારી મડમભાભીને બોલાવવાને પત્ર લખ્યો છે, કદાપિ થોડા વખતમાં આવશે. એને બારોબાર ડહેલે ઉતારીશું?'

'બારોબાર ડહેલે ઉતારાય નહિ. મોટાં એ શું બોલ્યાં, મંજુબહેન!' મંગળાગૌરીએ લાગણીથી બોલતાં જણાવ્યું કે 'ડહેલે ઉતારીએ તો એને ખોટું લાગે, અને વીરૂભાઇને જાણી જોઇને અપમાન આપ્યું કહેવાય. આપણે પોતેજ જ્યારે એમ કરીએ ત્યારે નાત શું ન કરે? મોટાંનો એ વિચાર તો ખોટો છે.'

'સાંભળો તો ખરાં ભાભી!' મંજુ બોલી કે 'તમે બહુ ઉતાવળાં શીદ થઇ જાઓ છો. મેં તરતજ મોટાંને કહ્યું કે, વીરૂભાઇ વિલાયતથી આવ્યા ત્યારે ઘેર ઉતર્યા હતા, તો શા માટે વીરૂભાઇની વહુ ડહેલે ઉતરે?'

મંગળાગૌરીએ બહુ ઉંડી લાગણીથી અને આતુરતાથી મંજુને પૂછ્યું કે 'મંજુબા! ખરેખર તે અહિં ઉતારવા જેવી વહુ છે? જરાએ અતડી પડતી નથી? અમને તો આમાં કંઇ સમજાતું નથી. અડોસીપડોસી એને જોવાને ભરાઇ જશે અને આપણે ઓળખાણ આપીશું એટલે શું તે એ લોકની સાથે વાતચીત કરી આપણાપણું દેખાડી શકશે? આ તો બહુ અજબ જેવું છે!' તે મંજુની સામું જોઈ રહી.

'નવી ભાભી! એ અતડી પડે એવો જરાએ ખટકો ન રાખતાં! બોલીચાલીમાં, લટકામાં, વહુવારૂપણામાં, કશામાંએ, તમારી ચાંચ વાગશે નહિ. તમને, મોટાંને, મોટાભાઇ અને સારાભાઇને સૌને તરત ઓળખી જશે. કેવી મજેની બોલવાચાલવામાં મર્યાદા રાખે છે અને લાજ કાઢે છે'

'વીરૂભાઇએ બધું શીખવ્યું હશે?'

'ના, મુંબાઈ રહી આવ્યાં ત્યાંથીજ બધું જાણી શીખીને આવેલાં છે એમ જોઈતો કહેતો હતો બા. જિતેન્દ્રલાલ, વગેરે હોય ત્યારે, વીરૂભાઈ બોલાવે તેથી ત્યાં જતાં પણ કેવા મલાજાથી કપાળ ઢંકાય તેમ આધું ઓઢીને ઉભાં રહેતાં હતાં, જાણે નરાં કાઠિયાવાડી ભાટિયણ ! હું તો એમનું વહુવારૂપણું અને હોસીલાપણું જોઈ જોઈને અજબજ થઇ જતી.'

'વારૂ, મોટાંએ પછી બીજું શું કહ્યું?' મંગળાગૌરીએ સવાલ કર્યો.

'મેં 'ઘેર આવશે' એમ કહ્યું, એટલે તેમણે કહ્યું કે, ઠીક, તમને બધાંને જેમ સારૂ લાગે તેમ કરજો. વારૂ, તમારો શો અભિપ્રાય છે? અહિં આવે તે તમને પસંદ છે?'

'મને શા માટે પસંદ ન હોય? મારી દેરાણી મારા જેટલીજ, આ ઘરમાં આવવાને હકદાર છે. મારાંથી કેમ ના. કહેવાય? બધુંએ ખરૂં મંજુબા! પણ લગન વિધિ જેવું કંઇ કર્યું હોય તો સારૂં, બીજા લોક કંઇક વિધિ તો કરે છે.'

'તમે પણ ભાભી! જોઇતારામની માફક બોલ્યાં. લગન વિધિ કંઇ, આપણા શાસ્ત્રોમાં એકજ તરેહનો નથી, સાત આઠ જાતના વિવાહ છે. શકુંતલા ને દુષ્યંતનાં લગનનો વિધિ થયો સાંભળ્યો છે? ગાંધર્વવિવાહમાં વર કન્યા વગર વિધિએ દંપતી બની શકે છે અને શાસ્ત્રો તેમને વધૂવર તરીકે સ્વીકારે છે. આ એવાં લગન!'

'ના ના, આપણે તો તમે કહો છો તેવી હશે તો વીરૂભાઈને બોલાવી કંઈક વિધિ જેવું કરાવરાવીશું.' મંગળાગૌરીએ હોંસ બતાવી.

'તમે શું કરશો! એ તો એનાં માબાપ કરશે!' મંજુબહેન બોલી ગઇ, અને સાથે સાથે હસી પડી.

'એનાં માબાપ ક્યાં છે? શું એનાં માબાપની અને એની નાતજાત વગેરેની ભાળ લાગી છે? તમે તેમને મળેલાં કે જોયેલાં છે?' મંગળાગૌરીએ બહુ આતુરતાથી પૂછ્યું.

'એમનાં માબાપને હું મળી નથી, પરંતુ ઓળખું તો ખરી.' તે ખૂબ હસી અને બોલી કે 'જાઓ જાઓ નવીભાભી! આમ જે

ને તે વાતમાં ભૂર્ક્ષા શું પડી જાઓ છો ? એનાં માબાપનો પત્તો હોય તો સાહેબને ત્યાં ઉછેરે. એ તો હું તમને ગમ્મત કરાવું છું. એનું બિચારીનું કોઈ નથી. વીરૂભાઇ આવેલો ન હોય અને આપણે તેને ડહેલે ઉતારીએ, તો એ બિચારી શું કરે ? આપણાથી એવું થવાય નહિ. એક ઓળખીતાની બૈરી આવી હોય, તોય આપણે તેની મહેમાનગીરી કરવી પડે તો આ તો વીરૂભાઈનું અર્ધાંગ.'

'અરે બાનીતી ! લાડકી મડમ એમ કહોને ! તમારા વીરૂભાઇને હાથેળીમાં રમાડનાર તેમની હૃદયેશ્વરી ! એને અપમાન પહોચાડાય ? નહિ સ્તો. ભલેને આપણે ઘેર આવે.' મંગળાગૌરીએ મર્મમાં અને મશ્કરીમાં હસીને ઉત્તર આપ્યો કે, 'સીધાં ઘેર લાવવામાં બીજો તો કંઈ વાંધો નહિ મંજુબહેન ! પણ એ તો વધૂપ્રવેશ કહેવાય, અને તેને માટે મહુરત જોઇએ. આવે એવાં ડહેલે ઉતારવાં ને પછી સારૂં પળ ચોઘડિયું જોઇ ઘેર લઈ આવવાં. તમે નારાજ ના થતાં, કહેશો તો મોઢ ધાલીને હુ ઉંબરમાં વધાવી લઇશ' તેણે આનંદે હસી હોંશથી દેખાડી.

'એ યુક્તિ ખરેખરી ભાભી ! મને ગમી. આપણે બધાં ડહેલે જઇ બેસીશું. પછી જ્યારે મહુરત હશે ત્યારે અહિં લઇ આવીશું. તમારી હોંસ પુરાશે !'

તેઓ આ પ્રમાણે વાતચીત કરે છે એટલામાં બહારથી મોટાં આવ્યાં અને રસોડાને ઉંબરે બેઠેલી મંગળાગૌરી સામું જોઇ બોલ્યાં કે 'કાલે તમારાં દેરાણી આવે છે. સાથે વળી એક અણવરિયું લેતાં આવનાર છે.'

'તે કોણ મોટાંબા !' મંજુબહેને પૂજાની ઓરડીમાંથી સવાલ કર્યો. 'દાસી' એમ કહી મોટાં પરસાળમાં જઈ બેઠાં એટલે પેલાં નણંદ ભોજાઈ પણ તેમની પાસે જઇ વાત કરવા લાગ્યાં. મોટાંએ વાતમાં ને વાતમાં તેમને જણાવ્યું કે 'હું દર્શન કરીને આવતી હતી ત્યાંથી પિનાકી મને ડહેલે બોલાવી ગયો. ડહેલામાં બન્ને ભાઇઓ હતા. પાટાવાળા પાસે સરસામાન ગોઠવાવતા હતા. મને એમણે કહ્યું

છે કે ' મંજુ અને મંગળાગૌરી પાસે બીજી બધી ઘરગતુ સગવડ અને ગોઠવણી કરાવજો. વીરૂનો તાર આવ્યો છે, તે આવતી કાલે મેનાગૌર સીતા નામની દાસી સાથે આવવાનાં છે. '

' હાં હાં. એને અણવરિયું કહો છો કે મોટાંબા ? એ તો એક દખણી બાઇ છે. સારી કામગરી છે. મોટાંબા ! એમ કેમ બોલો છો? વીરૂભાઇની ધણિયાણી સાથે દાસી ન હોય તો બીજી કોની સાથે હોય ? દાસીને યોગ્ય શેઠાણી છે, તમે જોશો ત્યારે જાણશો ! '

' તમે તો આવ્યાં છો ત્યારનાં વખાણજ કરો છોને ! હવે કયાં વાર છે, કાલે સવારે નવાં જુનાં થઇ જશે, કેમ બોલતાં નથી મંગળાગૌરી ! હાથ કંકણને અરિસાની શી જરૂર છે ? તમે ગમે તેમ બોલો અને વખાણો પણ મારો જીવ ખાટો થઇ ગયો તે મટશે નહિ. હું કેવી હોંશ ભેર લગન કરાવત અને કેવી મજેની નાતની વહુ લાવત. '

' તમે કયા વહુ લાવવાનાં હતાં ? બકુલાને તમે પસંદ કરી હતી. સળેખડી જેવી બિચારી કંગાલ ! ફુંક મારી હોય તોય ઉડી જાય ! આ તો તમારી અને મંગળાભાભીની વચ્ચે આવીને ઉભી રહેશે ત્યારે તમારો ઓરડો ઝળાંઝળાં થઇ રહેશે ! કેવી જાજરમાન બાઇડી છે. '

' એવું મોટું ગધેડું છે કે શું ?' મોટાં હસ્યાં.

' તમને ગમે તેમ મશ્કરીઓ કરોને ! કાલે જોશો ત્યારે ખબર પડશે કે, ગધેડું છે કે કામધેનું ! ઉંચી છે, ભરાઉ ધું, સીનાદાર—ગોળ મટોળ સુંદર મુખવાળી છે તેમ છતાં લાજે લોચાઈ જતી જાણે લાવણ્યનો લાડવો હોય એવી મજેની સુંદર વહુ છે. નીચું જોઇ લાજ કાઢીને ઉભી રહેશે ત્યારે કેવી નાજુક અને નાની બાળા લાગશે !' મંજુ બહેન મોટાંની કડકીથી ડરી પ્રસંગ નીકળેલો હોવાથી અરજ કરતી હોય એવા ધીરા અવાજે પછી બોલી કે ' મોટાંબા ! મારી ખાતર તમે કાલનો દિવસ એની ઉપર મીઠી નજર રાખજો. એને બિચારીને ખોટું લાગે એવું કશું બોલશો નહિ. મોટાંબા ! આટલું જરૂર સંભાળજો. '

'તમારા મોટાભાઇ તમારી પેડેજ કહે છે. તમે બધાં કેમ એકતરફી થઈ ગયાં, તે હું સમજી શકતી નથી. કરપાશંકરે નાતનાંની ફોજ જમાવી આપણી સામે મોટી તોપ ભરી છે તેમ છતાં તમે બધાં આમ કેમ એકતરફી બોલો છો ? વારૂની તમને બધાંને આટલી બધી શેહ શી પડે છે !'

'દિયેરજીની શેહ ન પડે મોટાં ! મેનાગૌરીને શું છે ? આપણે તેને બોલાવવી ચલાવવી, તે બધું કોને કાજે ? વીરૂભાઇને કાજે કે બીજા માટે.? ધણીએ માની તે ધણિયાણી.'

'તમારા બધાંના આવા વિચારેજ કામ બગાડયું તો ! માણસ ઉપર દાબ જોઇએ. હાજી હા, કરવાથી માણસ બગડી જાય છે. વીરૂ પણ આમજ બગડયો. વિલાયત જવાનું કહ્યું ત્યારે તમે સૌએ હા પાડી અને આજ આવું આપણા કુટુંબને ન છાજે એવું પગલું ભર્યું ત્યારે પણ તમે બધાં એને પંપાળવા નીકળ્યાં છો, પણ હું તો આનો સારો પરિણામ જોતી નથી.'

'સારાનો સારોજ પરિણામ આવે મોટાંભા ! તમારી બધી વિરૂદ્ધતા એનું મંગળમય મુખ જોતાં જતી રહેશે. મારા ભાઇઓની અને તમારી આંતરડી ન હસી ઉઠે તો કહેજોને, સારૂં માણસ કંઈ છાનું રહે છે.'

'સારૂં માણસ નહિ હોય એમ કોણે કહ્યું ? સારૂં તો ખરૂં, પરંતુ નાતનું અને આપણે ખપતું નહિ.' મોટાંએ જવાબ આપ્યો.

'નાતનું અને ખપતું હશે તો ?' મંજુબહેન હસી. 'મોટાં હજી નાતની અને ખપતી વાત શું કર્યા કરો છો ? આપણો વીરૂભાઇ વિલાયત જાય, ત્યાંના લોક ભેગો રહી આવે અને ત્યાંનો પોષાક પહેરે, તેની સામે વાંધો નહિ; બીજાને વાંધો લેવા દઇએ નહિ અને એક ગરીબ કુમારિકાનો દુર્ભાગ્ય વશથી થયેલો દોષ આપણે આગળ અને આગળ તારવ્યા કરીએ, એ તે કંઇ ન્યાય કહેવાય ? મારી મેનાભાભી ખાસી હિંદવાણી છે અને કાલે આવીને ઉભી રહે ત્યારે જોજોને, તમારી નાતની અને ખપતી કુમારિકાઓ—અરે વહુઓને ટક્કર મારે છે કે નહિ ?'

મંગળાગૌરી બોલી કે 'હા, હા મોટાં ! તમે બે દહાડા જુઓ, અને પછી બોલજો. એની બોલીચાલી, રીતભાત બધું જુઓ. નાતનાં બૈરાં અને છોકરીઓ પણ મસેમસે એને જોવા આવશે. એ લોકોની સાથે સરખાવજોને.'

હોંશભેર મંજુ બોલી કે, લોક અહિં આવશે એટલુંજ નહિ, પણ લોક તેમને પોતાને ઘેર બોલાવવામાં માન સમજશે. જિતેન્દ્રભાઇ-નાં વહુ એમને ઘેર નાતનાં બૈરાંનો મેળાવડો કરનાર છે. એક જણ એમને હાથે નાતની છોકરીઓને ઇનામ અપાવવાનો વિચાર કરે છે. મોટાંબા ! દુનિયાં દોરંગી છે ! જેમ તેમની સામે તોપ માંડનાર છે, તેમ નાતમાં તેમને માનપાનનાં વધામણાં દેનારાઓ પણ છે.

મોટાં હસીને બોલ્યાં કે, 'મંગળાગૌરી ! તમારા નણંદોઇએ અને જિતેન્દ્રે આવાં કૌતૂક ઉભાં કર્યાં હશે. ભલે ભલે, એવા એવા ખેલ કરજો અને જરા મર્યાદામાં હોય તેને પાછી ફજેતીને ફાલકે ચઢાવજો. હાલનાં જુવાનિયાં એવી તેવી ભવાઇઓ કરવામાંજ મોટાઇ માને છે તો ? નાતજાતના જુના વહેવાર હવે ક્યાં રહ્યા છે ? વહુવારૂને તો વર્ષો સુધી કોઈ બોલાવે કે ઓળખે પણ નહિ, અને તે બિચારી પોતેએ બહારે નીકળે નહિ.'

'એવાં બંધીખાનાં અને એવા જાપતા તો હવે આ કાળમાં ના ચાલે ભાભીજી !'

મંજુ-' આગળ એક નહિ તો બીજી રીતે છુટ હતી. વહુને કંઈ ઘરમાં બાંધી રાખવામાં આવતી નહિ. સાસુ, જેઠાણી કે નણંદો તેને પહેરાવી ઓઢાડી કુટુંબીઓમાં, પોળમાં અને ઓળખીતાઓમાં ઓળ-ખાણ કરાવવા લઇ જતાં. એકાદ ઘરમાં જઇને બેસે એટલે આખા મહોલ્લાનાં બૈરાં એકઠાં થઇ જતાં અને વહુની પરીક્ષા કરતાં. અસલ એમ થતું અને હાલ મેળાવડાને રૂપે ઓળખાણ કરાવાય છે, બધું એકનું એકજ.'

'મંજુ ! તુંજ ત્યારે એની તહેનાતમાં રહેજે ! તારે ને એને પરિચય પણ પડેલો છે.' મોટાં હસ્યાં.

'હું શું કરવાને તહેનાતમાં રહું? અને કોઇએ શા માટે તહેનાતમાં રહે? એણે વડીલોની તહેનાતમાં રહેવું જોઇએ અને તમે મોટાં એટલે એ તમારી તહેનાતમાં રહેશે. તમે જે કોઇ આવે તેમને એનું ઓળખાણ પડાવજો. એને આગળ પાડવી એનાં વખાણ કરવાં અને ઘરની તથા કુટુંબની રીતભાતો શીખવવી, એ તમારી ફરજ છે.'

'હશે, મારી ફરજ છે તો હું તે શીખવીશ પણ હમણાં બે દહાડા નવી નવી અને અજાણી છે ત્યાં સુધી તું એની સાથે રહેજે. જો, આ તારા મોટાભાઇ આવ્યા.' રામશંકર સામું જોઇ તે બોલ્યાં કે 'મંજુને હું કહું છું કે, તને પરિચય છે માટે તું વીરૂની વહુ પાસે રહેજે, ઠીકને.' રામશંકર હિંચકા ઉપર આવીને બેઠા એટલે મંગળાગૌરી લાજ કાઢી રસોડામાં ગયાં.

રામ—'મંજુને કહેવું પડે તેમ નથી. તું કશો અભાવ કે અણગમો દાખવતી નહિ. કણકમાં પાણી પડયું તે પડયું. હવે હું કે તું—અરે આખી નાત સુદ્ધાં એને કંઇ કરી શકવાના નથી.'

'તમારા માથામાં ગજ ઘાલ્યા હશે? તમારી લાકડીએ નાત હકાશે કેમ? એવું અભિમાન ન રાખતા. કૃપાશંકરે પોતાનો પક્ષ ઉભો કર્યો છે અને તેમાં નાતના મોટા મોટા માણસો ભળેલા છે. જોજો ભૂલ ખાઇ જતા.'

'એ વાત હવે તું મનપરજ લાવતી નહિ. બધું અમે ફોડી લઇશું. તું તારે નાતજાતની ને ખપતી વહુ હોય તેમ એને પાવરધી બનાવવાનો યત્ન કરજેને!'

'મોટાભાઈ! એને પાવરધી કરવા જેવું કંઇ નથી. એ તો બહુ ડહાઇ અને ચતુર છે.'

'હશે, કાલે સૌ જણાશે. તું ને મંગળાગૌરી ડહેલે જઇ બધો બંદોબસ્ત કરી નાંખજો.' આમ કહી તે ઉઠયા અને મંજુ વગેરે મેનાગૌરીના આગમનના પહોર ગણતાં પોતપોતાનાં કાર્ય કરવા લાગ્યાં.

પ્રકરણ ૨૫ મું.

ગમે તેમ કહો અને ગમે તેમ ગણો, પણ મોટું તે મોટું અને સુભાગી તે સુભાગીજ. મોટાની હિલચાલ, તે પોતે અને આસપાસનાં છુપી રાખે તોપણ રહે નહિ, અને કુદરતજ તેના પ્રતિ લોકકૌતૂકને ઉશ્કેરે. 'મેનાગૌરી આવવાનાં છે' એમ કોઇએ ખાસ કોઇને કહ્યું નહિ, તેમ છતાં કર્ણોપકર્ણ પાસેનાં સગાં ઓળખીતાં અને પડોસીઓના જાણવામાં આવ્યું. વીરેન્દ્રરાવ વિલાયતથી આવનાર હતો, તે દિવસ કરતાં પણ વધારે કુતૂહલ આનું આગમન જાણનારાંમાં ઉત્પન્ન થયું. જે પડોસીઓ ઓળખીતાં અને પાસેનાં સગાં મનમાં ખટાશથી એમ કહેતાં હતાં કે 'અરેરે! આખરે મડમને પરણ્યો,' તેજ માણસો તેને આવવાની વાત જાણતાં બધી કટુતા ભૂલી જઈ, ગમે તે રીતે ગણો, પરંતુ આજ તેને મળવાને ઉત્સુક થઇ રહ્યાં. પડોસનાં કેટલાક બૈરાં કોઇ કોઇને કોઇ મિષ કાઢી ઘરમાં આવી ગયાં, કોઈ જુવાન છોકરીઓ અને વહુઓ 'મંજુબ્હેન! આજ અહિં રહ્યાં છો કે શું?' એમ પૂછતી ઘરમાં આવી ગઇ અને કેટલાંક પડોસી પોતાનાં બારણાં ખુલ્લાં રાખી સામે ચોકમાંજ કંઇ ને કંઈ ઘરનાં કામકાજ લઇ બેઠાં. પોળની બહાર રહેતાં સગાંથી, જો કે મોટાંને ઘેર તો અવાયું નહિ, પરંતુ આમતેમથી સરત રાખવાનું તેઓ પણ ચૂકયાં નહિ.

રાતે મુંબાઇથી નિકળ્યાનો તાર આવી ગયેલો હોવાથી ઘરનાં માણસ વહેલાં ઉઠી નિત્યનાં કાર્ય જલદી આટોપી લેવા લાગ્યાં. રામશંકર અને પ્રભાશંકર મોટા હોવાથી તેમને કંઈ કરવાનું નહતું, તેમ છતાં 'જિતેન્દ્રલાલ સ્ટેશનપર ગયો કે નહિ?' એવી કાળજી રહેવા લાગી. મંજુબ્હેન મંગળાગૌરીને લઇ ઘર આગળની વ્યવસ્થા કરી આઠ વાગ્યા પછી ડહેલે ગઇ અને મોટાં ઘરમાં રહ્યાં. બારણાં ખુલ્લાં રાખી ઉપલા ચોકમાં તે માળા લઇને પાટલે બેઠાં અને જો કે, આંગળીઓ માળાના મણુકા ફેરવતી હતી, પરંતુ તેમના મનમાં તો 'વીરૂની વહુ'

સંબંધી ગુમાળા ઉડયાજ કરતા હતા. પ્રભાશંકર તેમની મેડીમાં કામ ઉપર બેઠેલા હતા. રામશંકરનો જીવ વારંવાર 'શું થયું? આવ્યાં કે નહિ?' એવા પ્રશ્ન કરી તેમને ગાદી ઉપરથી ઉડાડતો, મેડીમાં આમ તેમ ફરવતો અને વળી વળીને ઘડિયાળ સામું જોવરાવતો હતો. 'નવ થઇ ગયા, કેમ પિનાકી આવ્યો નહિ?' એમ નીચેથી મોટાંએ પૂછ્યું અને ચોકમાં પડતી બારીએ જઈ રામશંકરે જવાબ દીધો કે 'આવતો હશે, હવે વાર નથી.' રામશંકર આમ કહી તકિયે બેસી પાન બનાવવા જાય છે એટલામાં ઇશ્વરરાય આવ્યા.

'તમે સ્ટેશન ઉપર નથી ગયા ઇશ્વરરાય?' મોટાંએ તેને પગથિયાં ચઢી ઘરમાં દાખલ થતો જોઈ પ્રશ્ન કર્યો.

'ના, જિતેન્દ્રલાલ અને પિનાકી સ્ટેશનપર ગયા હતા. હું મંગળાગૌરી પાસે કહેલે હતો ત્યાંથી, તમારાં દેરાણી આવી પહોંચ્યાં તે કહેવા અહિં આવ્યો.'

ઇશ્વરરાયનો અવાજ સાંભળી આગલે મેડેથી રામશંકર અને પાછલે મેડેથી પ્રભાશંકર નીચે આવ્યા. રામશંકર 'અંદર આવો ઇશ્વરરાય!' એમ કહી પરસાળમાં ગયા અને મોટાં તથા પ્રભાશંકર તેમની પાછળ અંદર ગયાં. બેસતાં બેસતાં રામશંકરે પૂછ્યું કે, 'આવ્યાં, સારાં છેને?

અધીરાં મોટાં વચમાંજ બોલી ઉઠયાં કે 'સારાં તો છે પણ આપણા પોષાકમાં છે કે જંગલી! ઠેઠ સુધી ભવાડો ન કરાવતા.'

'બસ' રામશંકરે ભવાં ચઢાવી, આકરી નજરથી મોટાંને આગળ બોલતાં અટકાવી કહ્યું કે 'મંજુએ તને આટઆટલી ખાતરી આપી તોપણ વિશ્વાસ આવતો નથી. કરડાગી કરતી નહિ અને અણગમો પણ દેખાડતી નહિ. મડમના પોષાકમાં હશે તોપણ અમારા ભાઇની વહુ છે. એને વીરૂ જેવી ગણવાની છે. કોઇ કોઇના આચાર વિચારમાં અને ધર્મમાં કોઇએ આડે આવવું નહિ.'

ઇશ્વરરાયે મોટાં સામું જોઇ કહ્યું કે 'મોટાં ઘડી બે ઘડી જેટલી ધીરજ રાખો. હમણાં મંગળાગૌરી એમને અહિં લઈ આવે છે. તમે

જાણો છો કે, કોઈ જાણતું નથી ' પણ લોક તો સૌ જાણે છે. નાતના અને તમારી પોળના કેટલાએ લોક, તેમની ગાડી આવી અને એ ઉતરી ડહેલામાં આવ્યાં, તે દરમિયાન ત્યાં આવીને જોઇ ગયા. જાણનારને અચંબો લાગ્યો બાકી રસ્તે જનારનું ધ્યાન ખેંચાયું નહિ. મડમ બડમના પોષાકમાં તો મેં ત્યાં પણ જોયાં નથી અને અહિં તો આ બધા લોક પહેરે છે તેવાજ પોષાકમાં છે. અલબત, તમારી આંખને ગમે એવો અસલી અમદાવાદી પોષાક નથી. મુંબાઇની આપણા લોકની બૈરીઓની ઢબનો જરા ફક્કડ પોષાક છે.'

'નાતના લોકમાં કોણ હતું, ઇશ્વરરાય ?' પ્રભાશંકરે પ્રશ્ન કર્યો.

'કોઇ આવતું જતું હશે.' રામશંકરે વચમાંજ બોલી બતાવ્યું.

'ના, આવતું જતું નહિ' ઇશ્વરરાયે જણાવ્યું કે 'ખાસ નગર ચર્ચા જોવા આવેલાં હોય એવાં ઠામનાં માણસ.'

'કૃપાશંકરનાં માણસ હશે?' મોટાંએ અનુમાનથી કહ્યું. 'એને રડયાને બહુ ચડસ છે. જ્યાં ને ત્યાં આપણા ઘરની વાત કાઢી લોકોના કાનમાં ઝેર રેડે છે. એનો એક માણસ છે તે આપણા પડોસીને ત્યાં બીજે ને ત્રીજે દહાડે આપણા ઘરની નવાજુની જાણવાને આવે છે. એના એવા કેટલાએ માણસો આપણી વાતો જાણવાને ફરતા રહે છે.'

'એમાં શું? ભલેને જાણે. આપણે પણ તેના માણસને આપણા ઘર સામુ જુએ તો બોલાવવો. આપણે શું છુપું છે? એમની વાતોથી અને ધાલમેલથી આપણે ડરવું નહિ. માણસોથી જ્યાં લગી બીતાં રહીએ ત્યાં લગી ચડસી માણસો વધારે હેરિયાં લે!' પ્રભાશંકરે મોટાંને જવાબ આપી કહ્યું કે 'વારૂ, ખાવાપીવાનો શો બંદોબસ્ત રાખવો છે રાયજી! જો એ અહિં આવે તો ભલે આવે. એને એકલીને માટે ત્યાં રસોઇ થાય તે ઠીક નહિ. આપણે પોતે ભેદ પાડી બતાવવો નથી.'

'ના, એવું સાહસ કરવાતું નથી.' મોટાંએ તેમના હમેશના ઘરનાં કરતાકારવતા તરીકેના અભિમાનથી જણાવ્યું કે 'સારાભાઇ!

એવું સાહસ કરતું નથી. મંગળાગૌરીએ એવી ગોઠવણ કરી રાખી છે કે, એને કે કોઇને ટીકા કરવાનું કારણ મળેજ નહિ. એની પાસે ત્યાં રંધાવીશું નહિ. અહિંથીજ બધું ત્યાં મોકલીશું અને કોઇને કશી ખબર પડવા દઈશું નહિ.'

ઇશ્વરરાય બોલ્યા કે 'પ્રભાશંકર એ બાબત તમારે લક્ષ આપવા જેવી નથી. મંગળાગૌરીની ગોઠવણ મને પસંદ છે. હમણાં એ એમને અહિં લઇ આવશે. જિતેન્દ્રલાલની વહુ અને બીજાં એક બે જણ આવ્યાં છે તે જશે ત્યાર પછી વાત.'

મોટાં–ગિરિજા બોલ્યાં કે 'રાયજી! તમે ડહેલે જાઓ અને મંગળાગૌરીને અહિં મોકલો. સાડા નવે એને અહિં મોકલવાનું કહેજો.'

રામ—કેમ વારૂ ?

'વીરૂને વિલાયતથી આવતાં વધાવી લીધો હતો ત્યારે આ તો વહુ છે. અમે સારૂં ચોઘડિયું જોવરાવી રાખ્યું છે. મંગળાગૌરી અહિં આવતાં તેને પુંખા લેશે.' મોટાં કરડાગીથી હસ્યાં.

પ્રભાશંકર બોલ્યા કે 'એમ કહો ભાભી કે, તમે એને વધાવી લેવાની ગોઠવણ રાખી છે.'

'હા, એમ.' મોટાં હસીને તથા સૌનાં મન જાણી જઇને બોલ્યાં કે 'ગમે તેમ બોલીએ પણ આપણું સારૂં તાકીએને! જે થોડો ઓરિયો લેવાય તે લેવો. જોઉ છું, જો પાત્ર હશે તો પ્રાયશ્ચિત્તનો વિધિએ કરાવરાવીશ. નાતના લોક કયાં સુધી અવળા રહેવાના છે! નમતી નાંખી બનશે તેટલું કરીશું, કંઇ હાથપગ જોડીને બેસી રહીશું.'

ઈશ્વરરાય હસીને બોલ્યા કે 'બસ, એમ ઉત્સાહ રાખો. હું તમને ખાતરી આપું છું કે, પ્રાયશ્ચિત્ત કરાવી આપણામાં ભેળવી દેવા જેવું માણસ છે. કન્યારત્ન તો દુષ્કુળમાંથી પણ લેવું, એમ શાસ્ત્રોગર્જને કહે છે. આપણામાં નહિ તો આપણા લોકમાં, ઘણેએ ઠેકાણે પરનાતની–અરે ભીલ કોળીની છોકરીઓ બનાવટી માબાપ બની લેઢો કેટલાકને પરણાવી ગયેલા છે, અને તે હલકી જાતની કન્યાઓ નાતોમાં જમે છે ને મહાલે છે. એમાંના ઘણાકનાં બોપાળાં

ફૂટે છે. એવી બૈરી વસ્તરલોચન કરીને ચાલી જાય છે. પરણનારો હાથ ઘસીને અને નાત આંખો ચોળીને ' મેરીબી ચૂપ ' કરી બેસી રહે છે. આવાં કબાડાં થાય છે તેના જેવું નથી. '

' આપણી નાતમાંએ એવાં કબાડાં થયેલાં છે. એક બે પરદેશી બાળવિધવાઓ અને એક હલકા વર્ણની કન્યા નાતમાં ઘુસી ગયેલી છે. તમે નાના તે શું જાણો, ? પૂછોને આમને. નાતે ઘણુંએ માથું કૂટયું અને તોફાન કર્યું, પણ કંઇ ના વળ્યું. કોને પડી હોય તે બાઇનો પરિચો તંપાસવા જાય ? અને કયાં પત્તો લાગે ! એક બે વર્ષ લોકોએ ઉધામા કર્યા અને દસબાર વર્ષ એક બે જણને નાત-બહાર રાખ્યા, પણ આખરે બે જણાને કન્યાઓ થયેલી તે નાતના ગરજવાનોએ લીધી અને બધું આખરે ભુસાઇ ગયું. એ બાઇડીઓ અને તેમની કન્યાઓ નાતમાં હયાત છે ! હું તો ન બોલું ત્યાં સુધી ! નહિ તો કાન પકડીને દેખાડી આપું ! ' મોટાંએ નાતના પુનિત પુરાણનાં પાનાં ઉકેલ્યાં એટલે રામશંકર બોલ્યા કે, ' એ જુનો ખાળ-કુવો ન ઉપાડતી ? જાણી જોઇને પાછી વિરૂદ્ધતા ઉભી કરશે.'

' મારાં માણસોને ઘરમાં હું ગમેતેમ કહું, પણ બીજાં કોઇને તો બોલવા દેઉં નહિ. લોક ઘણુંએ બોલે છે પણ હું જાણી જોઇને વિરૂદ્ધતા નહિ ઉભી કરવા ચૂપ રહું છું, નહિ તો સૌને બતાવી આપું.'

' કોઇને કંઇ બતાવી આપવું નથી. આપણે આપણું કામ સાધી લેતા સુધી મૌન રહેવું. રૂંજુએ મને એનો અનુભવ કહ્યો ત્યારથી હું નચિંત થયો છું અને તમને પણ આજ ખાતરી થશે ' રામશંકરે ગિરિજાને મૌન રહેવાનું કહ્યું.

' ધીરેથી કાર્ય સાધવું. આમાં કાર્ય સાધવા જેવું કંઇ છે નહિ, તોપણ અમે યત્ન કર્યો છે અને ઘણાં કુટુંબો આપણા પક્ષમાં રહેવા તૈયાર છે. મેનાગૌરીના આવ્યાથી વળી બીજાં કુટુંબો પણ આપણી સાથે જોડાશે એવું અમારૂં માનવું છે.' ઇશ્વરરાય આમ વાત કરે છે એટલામાં મંગળાગૌરી આવ્યાં અને પાણિયારામાંથી પુષ્પ વગેરે લઇ બારણામાં જઇ મેનાગૌરીને પગથિયે ચઢતાં સુધરેલી રીતે વધાવી અને

જુની રીતે પુંખી લીધાં. તે અને મંજુબ્હેન સાથે રહી રામશંકર, પ્રભાશંકર અને મોટાંને નમન કરાવરાવી ઓરડામાં લઇ ગયાં. રામશંકર અને પ્રભાશંકર ઉઠીને ઇશ્વરરાયને લઇ મેડીએ ગયા અને મોટાં ઓરડામાં ગયાં એટલામાં તો પડોસમાંનાં બૈરાં અને ડોસીઓ વહુને જોવાને આવી. આ વખતે મોટાંના કરપે સૌને દાબમાં રાખ્યાં. મંજુબ્હેને સૌને ઓળખાવ્યાં ને મેનાગૌરીએ અને તે શરમાય ત્યાં મંગળાગૌરીએ સૌને યોગ્ય જવાબ આપી ખુશ કર્યાં. જરા જરા ઉભાં રહી જોઇને સૌ એક પછી એક વિદાય થયાં. માત્ર જિતેન્દ્રલાલની વહુ અને બીજી એકાદ બે નાતની છોકરીઓ અને વહુઓ ઉભી રહી. મોટાંએ તેઓની સાથે વાત કરી તેમને પણ 'ઘણીવાર થઈ છે.' એમ કહી વિદાય કરી. મેનાગૌરી સાથે વાતચીત કરી અને બધી રીતે તેને ધારી ધારીને જોઇ

થોડીવાર નીચે બેઠા પછી મંજુબ્હેન તેને ઘર દેખાડવાને ઉપર લઇ ગઈ એટલે મોટાં મંગળાગૌરી સામું જોઈને બોલ્યાં કે 'કેમ અલ્યાં! તમને શું સમજાય છે? લોકો 'મડમ મડમ' કરતા હતા તેવું તો કંઇજ નથી. જિતેન્દ્રલાલની વહુ અને પેલી એ ઉમેદલક્ષ્મી અને મહેન્દ્રાના કરતાં આ તો વધારે સાદી અને વધારે સ્વજાતીય જેવી લાગે છે. અહિંવાળીઓ સુધરેલીઓ જેવી લાગતી હતી અને આ તો નરી આપણા જેવી લાગે છે. કેવું મજેનું એના કપાળ ઉપર સૌભાગ્ય તપે છે! આને જોઇને મારી આંતરડી તો ઠરી.

મંગળાગૌરી મોટાંથી પણ વધારે વિસ્મય પામી હતી તે બોલી કે 'ભાભીજી! શું કહું? હું તો એ ઉતરીને ડહેલામાં આવી હસીને મંજુબાને બોલાવી મને પગે પડી ત્યારની આભીજ થઇ ગઇ છું. જગન્નાથ મહારાજ રડયો શું કહેતો હતો, લોક કેવી કેવી વાતો કરતા હતા અને આ માણસ કેવું છે! પેલી વહુને છક્કડ મારે એવી દિયરજીને શોભતી મજેની વહુ છે. એની તંદુરસ્તી, એનું રૂપ, થોડું ને મીઠું એનું બોલવું અને લાજથી અંગે અંગમાં સંકોચાઈ જતી એની મર્યાદા અને મજેની વિવેકી રીતભાતથી હું તો જાણે લેવાઇ ગઇછું.'

'વારૂ ત્યારે એને રહેવા અને જમવાનું શું કર્યું તે પહેલાં કહો ?' ગિરિજાએ પૂછ્યું.

'મંજુબહેને એ સંબંધી એમની સાથે વાત કરી મને માત્ર એટલુંજ કહ્યું છે કે 'વીરૂભાઇએ એમને ડહેલે રહેવા અને જમવાનું કહેલું છે એટલે ડહેલેજ રહેશે' દિયરજીએ બધી સમજ પાડીને મોકલી છે, અને તેમણે કહ્યું હશે તેમ કરશે, એટલે આપણે એવી બાબત તરત ચહેરવાનું કામ નથી.'

'નારે ! એમ તે થાય ? વીરૂની વહુ થઇને આવી અને આજને આજ એને ડહેલે રાંધીખાવા દેવાય ? પર નાતજાતનાં ત્રાહિત મહેમાનને આપણે ઘેર જમાડીએ છીએ તો આ તો આપણા ઘરનું માણસ ! એમ બનેજ કેમ ?' મોટાનું મન ફરી ગયું. 'રહો હું તમારા જેઠને બોલાવીને પૂછું,' આમ કહી મોટાંએ પિનાકીને બોલાવ્યો અને કહ્યું કે 'તારા મોટા બાપાને નીચે બોલાવી લાવ.' ગિરિજાને તેનો આત્મા જાણે તે નાતજાતની હોય એમ કહેવા લાગ્યો અને તેના મનમાંની વિરૂદ્ધતા જાણે ગળી ગઇ હોય તેમ વહાલ અને ભાવ ઉત્પન્ન થયાં. રામશંકર નીચે આવ્યા એટલે પરસાળમાંથી ઉઠી ઉપલા ચોકમાં જઈ ધીરેથી તેમને કહ્યું કે 'મંગળાગૌરી કહે છે કે 'વખતે વીરૂએ આપેલી સૂચનાને લીધે તે ડહેલે રાંધી જમશે' પણ એમ થાય ? વીરૂની વહુ પહેલવહેલી આપણે ઘેર આવી અને એમની એમ પાછી ડહેલે જઈ રસોઇ કરી જમે, એવું કરવા દેવાય ? એ તો કોઇ જાણે તો આપણું ને એનું બેઉનું ખોટું દેખાય. એને અહિં જમાડીએ તો કંઇ વાંધો છે ?'

'અમને તો કંઇ વાંધો નથી. વાંધો તમને છે. જો તમને હરકત ન હોય તો ખુશીથી અહિં રાખો. જેમને બોલવું છે, તે તો અહિં જમશે તોપણ બોલશે અને ડહેલે જમશે, તોપણ બોલશે. એની શી મરજી છે ? તે પહેલાં જાણો.'

'એની મરજી હોય તોપણ આજ અને અત્યારે તો એને ત્યાં રસોઈ કરવા દેવાય નહિ. ભલેને લોક ગમે તેમ બોલે.' મોટાંએ નિડરપણે ઉત્તર આપ્યો.

'ભલે ત્યારે તમને ઠીક લાગે તેમ કરો' હસીને એવો ઉત્તર આપી રામશંકર ઉપર ગયા અને મંજુબ્હેન મેનાને ત્રણ માળ દેખાડી નીચે આવી. મંજુ, મેના અને મોટાં એક ઓરડામાં બેઠાં અને મંગળાગૌરી તેમની સાથે વાતોમાં ભાગ લેતાં રસોઇનું કામ કરવા લાગ્યાં. થોડી થોડી વારે કોઈ કોઈ પોળનાં અને દૂરનાં ઓળખીતાં વહુને જોવાને આવતાં. ગિરિજા તેમને ઓળખાણ પાડતાં થોડી ઘણી વાતચીત કરાવતાં ને વિદાય કરતાં. દરેક બાબતમાં મેનાગૌરીની રીતભાત અને બોલી ચાલી તપાસતાં. પછી મંજુએ ડહેલે જવાનું કહ્યું ત્યારે નહાવા ધોવા ત્યાં જવાની રજા આપી જમવાને ઘેર પાછાં આવવા જણાવ્યું. મેનાગૌરી તેમણે કહ્યું તે બધું સાંભળી હસી પણ કંઈ બોલી નહિ. પછી ઉઠતાં મંજુબ્હેને કહ્યું કે 'ભાભી! મોટાંબાએ કહ્યું તે સાંભળ્યુંને.' મેનાગૌરી બોલ્યા ચાલ્યા વગર ખડકી લગી આગળ ચાલી, પછી મંજુના કાનમાં મુખ ઘાલી બોલી કે 'તમારા ભાઇએ કહ્યું છે કે, એ લોકને કોઇ રીતે મુસ્કેલીમાં મૂકતાં નહિ. કહો મારે શો જવાબ દેવો?' 'અહિં તો મોટાંબાનું રાજ્ય. મારા ભાઇનું રાજ્ય નહિ ભાભી!' મોટાં હસતાં હસતાં ખડકીમાં આવ્યાં ને મંજુનાં વચનો સાંભળી બોલ્યાં કે 'વીરૂએ જમવાની ના કહી છે? શું કહે છે તારી ભાભી?' મોટાં મોટા વહાલથી બોલ્યાં.

'વીરૂ' એવા ટુંકા અને લાડકા નામથી પોતાના પ્રિયતમને તુંકારતાં વડીલનાં વહાલ ભર્યાં વચનોથી આનંદે ઉભરાઈ જતી મેનાગૌરી આડું જોઈ 'મંજુબ્હેન શું કહે છે' તે સાંભળવાને મર્યાદાસર ઘટતું આધું ઓઢી બારણા સામે ઉભી રહી અને મંજુબ્હેને મોટાંને તેણે કહ્યું, તે કહી સંભળાવ્યું, એટલે તેમણે વધુ વહાલ અને વાત્સલ્યથી ઉભરાતી વાણીએ કહ્યું કે 'મંજુબ્હેને તમને કહ્યું તે બરોબર છે. એનું કહ્યું એની પાસે–અહિં તો મારૂં કહ્યું કરવાનું. અહિંનો રાજા હું!' મોટાં હસ્યાં એટલે લાજથી લેવાઈ જતી મેનાગૌરી પણ નીચું જોઇ હસતે મુખે બોલી કે 'ચાલોને મંજુબા! પાછાં ઝટ અવાય.' 'હાં હાં, હવે સમજ્યાં તે ખરૂં. જાઓ જલદી આવો. તમને અહિં

ના ગમે તો જમીને ત્યાં જજો, બાકી અહિંજ રહેવાનું છે.' મોટાં પાછાં વળ્યાં અને નણંદ ભોજાઇ ડહેલે ગયાં.

પ્રભાશંકર નહાવાને નીચે ઉતર્યા અને મોટાંને સંબોધી બોલ્યા કે 'મોટાંભાભી! લોક શું કહેતા હતા અને તમે કેવું સમજતાં હતાં? જોયું કેવું માણસ છે! લોક તો કાચા કાનનાં માણસોને ધૂળ ધલાવે એવા છે. કોઇ પણ બાબત જાતે જોયા જાણ્યા વગર કશો અભિપ્રાય આપવો નહિ. મને તો આગલી વહુમાં અને આમાં કંઇ ફરક જણાતો નથી. કશુંએ નવતર લાગતું નથી. તમને કેવી લાગી?'

'મને તો રૂપાળી જેવી જોઇએ એવી મારી આંતરડી ઠરે એવી લાગી લોક તો ખરેખર રડયા–ભગાવે એવાજ છે. સાહેબલોક છે, વિશ્વાસી છે, આપણા જેવી નહિ પણ મડમ જેવી છે, આપણામાં સમાશે નહિ, આપણને તુચ્છ ગણશે, અતડી રહેશે, એમ હજારો હજાર વાતો બોલતા હતા. મને તો આપણી નાતની કન્યા હોય એવી મજેની લાગી, અલબત મોટી છે!' 'મોટી છે એ કંઈ દોષ કહેવાય? નાતના લોકે હવે તો કન્યાઓને મોટી કરે છે.' પ્રભાશંકરે કહેવા માંડયું કે 'કન્યાઓને તો હવે મોટી ને સમજણી થવા દેવી જોઇએ. એક બાળક, જે પોતાનો સ્વાર્થ શામાં છે અને પોતે કોની સાથે જન્મભર રહેવાને બંધાય છે, એ સમજે નહિ તેને, તેને ગમતા, ન ગમતા અને ગમે તેવા માણસની સાથે બાંધી દેવાનો માબાપને કંઇ હક નથી! કેટલાએ એવા કેસ આવે છે. વળી આપણે ઘરો ઘર ધણી ધણિયાણીના ઝગડા જોઇએ છીએ. બિચારાં દુઃખી અણગમતો સંસાર ન છૂટકે નિભાવે છે. જેમાં એક બીજાની સાથે આખો જન્મ રહેવાનું છે તેમાં તેમનો અવાજ ન હોય, એ કંઇ ન્યાય કહેવાય વારૂ? જે કામ જેણે સમજપૂર્વક કર્યું નથી તે કામને માટે તેને જોખમદાર કે બંધાયેલું માનવું તે ન્યાય નથી. અલબત, વિવેક ભરી છતાં પણ માણસ માત્રને, પોતાને માટે જે કાર્ય કરવાનું હોય તેમાં પોતાની પસંદગી જોઇએ. જે બ્રાહ્મણોએ અજ્ઞેય વસ્તુના વિચારમાં પણ અથાગ બુદ્ધિમત્તા બતાવી છે, તે બ્રાહ્મણોએ કહિં પણ મનુષ્યનું સ્વાતંત્ર્ય

વેચી નાંખવાની વાત કરી નથી. પૂર્વે પણ મોટી, સમજણી, અને પોતાને શું ગમતું ન ગમતું છે તથા પોતે શું પસંદ કરે છે અને કેવા જન્મસગીના બંધનથી બંધાય છે તે સમજનારી–જોખમદારી સમજનારી કન્યાઓજ પરણતી અને એજ બ્રાહ્મણોની આજ્ઞા હતી. વહુ મોટી છે એ કંઇ ખામી કહેવાય નહિ. વીરૂને યોગ્ય વહુ છે કે નહિ ?'

'અલબત, યોગ્ય છે, રૂપાળી છે, મર્યાદશીળ છે અને બોલતાંએ મોંએ શેરડા પડી જાય છે. મંજુને તો આમ કેવી વહાલથી બોલાવે છે. મઝેની લટકાળી વહુ છે પણ હવે એ કોણ છે, તે સમજાય ત્યારેને.'

'એતો અમે સમજીશું. નાત માનશે તો ઠીક, નહિ તો ભલે તેમને ગમે તેમ કરે ! પરનાતી મિત્રો બે ભાઇઓના કરતાં પણ જ્યારે વધારે સ્નેહ ભાવથી રહે છે ત્યારે અમે શા માટે ના રહીએ ? જેને પાલવશે તે સંબંધ રાખશે ! કોઇની સાથે કંઇ પરાણે પ્રીત થાય છે ?' પ્રભાશંકરે કહ્યું.

રામશંકર, જે બારીએ ઉભા ઉભા તેમને વાત કરતાં સાંભળતા હતા તે ગિરિજાને ઉદ્દેશી બોલ્યા કે 'ગમે તે નાતજાત છે પણ તને કેવી લાગી ? જિતેન્દ્રની વહુ આવી હતી તે અને જટાશંકરના ઘરની છોકરીઓ ને વહુઓ જેવી લાગી કે નહિ ? અમારે તો આપણામાં ભળી જાય એવી હોય એટલે બસ ! બીજી કંઇ ફિકર નથી. તારૂં મન ખુશ થવું જોઇએ. વીરૂને અને તને પસંદ પડે એટલે બેડો પાર ! બીજાનું આપણે શું કામ છે ?' મોટાંએ ઉચું જોઈ હસીને કહ્યું કે– 'જટાશંકરની છોડીઓ અને વહુઓ કરતાં તો બહુ સની વિવેકી અને મર્યાદાવાળી છે. એ તો ફાતડા જેવીઓ છે ! ખુલ્લાં માથાં ને ચકળવકળ આંખો નર્યા સુધારાના તોરમાં છકી ગયેલીઓ છે ! કયાં મારી મેના વહુ અને કયાં એ લોકો !'

'બસ, બસ ! તારો જો આ અંતઃકરણનોજ અભિપ્રાય અને ખરેખરા નિખાલસ ઉદ્દગારો હોય તો બસ છે ! અમારે બીજા કોઈની દરકાર નથી. નાતનું જોઇ લઇશું. દેશકાળનો વિચાર નહિ કરતાં ધ-

ર્મનું ઓઢું આણી અદેખાઇથી બાંલો વિંઝનારાઓનાં મોં અમે બંધ કરી દઈશું. તું એને હજી જરા સારી આપણામાં પળોટી નાંખને. તારે આડીતેડી ફિકરચિંતા કરવી નહિ. એને આપણા જેવી કરી નાંખવી.' તેઓ આમ વાત કરે છે એટલામાં મેનાગૌરી ને મંજુ આવી પહોંચ્યાં. મેના આધું ઓઢી નીચું જોઇ મલાજાસર ઓરડામાં જતી રહી અને મંજુએ પાછળ આવેલી સીતાને કહ્યું કે 'તમે પણ અંદર જઇને બેસો.' ભાઈઓ સામું જોઇ લાડકું હસીને તે હિંચકે બેઠી.

જમવાનો વખત થયો અને રામશંકર નીચે આવ્યા એટલે મંજુબ્હેન બોલી કે 'મોટાંભા! અમે ઉપર જઇએ.' ગિરિજાએ કહ્યું કે 'ઉપર જઇને શું કામ છે? અહિં બેસો. તારી ભાભી આપણા ઘરની રાહરસમ જુએ તો ખરી. એને બધું સમજ પડે, આવડે, અને માહિતગાર થાય.' રામશંકરે કહ્યું કે 'ખરૂં છે મંજુ! એમને આપણા ઘરની રીતભાતોથી માહિત થવા દે.' મંજુબ્હેન હસીને બોલી કે— 'એમને કશુંએ જોવા જાણવાનું કિંવા માહિત થવાનું નથી વીરૂભાઇ આપણી રીતભાતે રહે છે ને જોઇતો અહિંની માફકજ તહિં ચલાવરાવે છે. મારી ભાભીને નવું લાગે એવું કંઇ નથી.' તે આમ કહી રામશંકરને ટુવાલ મુગટો આપવા ઉઠી એટલે મેનાગૌરીએ સીતાને સાન કરી. તેણે ઉઠીને પાટલા માંડયા તથા મોટાંએ બતાવ્યું તેમ બધું તૈયાર કરી નાંખ્યું.

પ્રકરણ ૨૬ મું.

પ્રથમ મેરી અને પછી મેનાને નામે આપણે જેને ઓળખાવી છે, તે કેટલોક કાળ થઇ ગયા પછી એકવાર એકાંતમાં બેઠી હતી ત્યારે તેને વિચાર આવ્યો કે 'ઓહો! મારી આટલી નાની વયના અંતરાયમાં કેટકેટલાં સ્થિત્યંતર થયાં અને હાલ હું કેવે મનગમતે ઠેકાણે પડી! મને પોતાને સમજાતું નથી કે, મને આ બધું આટલું બધું જલદી કેમ આવડયું અને મારૂં તદન જુદાજ રીતરિવાજના લોકમાં

પળોટાયેલું મન આ લોકમાં અને તેમના રીત રિવાજમાં આટલા બધા ઉત્સાહથી કેમ એકતાર થઇ ગયું ! હું કોણ હોઇશ ? જોઇતારામ જગન્નાથ મહારાજ, એ અને આ લોકોના અંતઃકરણમાં હું એમનામાંની હોઉં એવું વસ્યું છે, તેમ મને પણ ખરેખર જ્યારથી આ લોકો મળ્યા, તેમનું બોલવુંચાલવું જોયું, ત્યારથી જાણે મારી સરજત તેમનામાંનીજ હોય એવું થઇ ગયું અને હું મારી પૂર્વ સ્થિતિ તદન ભૂલી ગઇ. અરેરે ! એ સ્થિતિ સંભારતાં પણ મારો જીવ દુખાય છે. જાણે હું તે વખતે મારી પોતાનીએ ન હોઉં, એમ લાગતું હતું અને આ લોક મળ્યા ત્યારે જાણે મને મારૂં અસલ ખોળિયું પ્રાપ્ત થયું હોય, એવું લાગ્યું. અહિં આવતાં મારા મનમાં કેવા કેવા વિચાર આવતા હતા પણ આવી તેવીજ બધું ભૂલી ગઇ અને સૌએ મને પોતા જેવી ગણી સત્કાર આપ્યો. આ શું ગૂઢ અને અજબ છે ? તે મારાથી સમજાતું નથી. અડોસીપડોસી, ઓળખીતાં અને બીજાં જે કોઈ મને મળે છે, તે મને મારાં અને હું તેમની હોઉં એવું લાગે છે. મોટાંબાનો એમને ભય હતો, તે પણ, દીકરી કરતાં મને વધારે વહાલ દેખાડે છે. હું જેમ લોક ઉપર તેમ લોક મારી ઉપર ફિદા ફિદા છે. વિરૂદ્ધ પક્ષવાળામાંનાં જે માણસો મને મળ્યાં, તે પણ, કહે છે કે, મારાં પાછળથી વખાણ કરતાં હતાં અને મારાં સામેની વિરૂદ્ધતા તેમનામાંથી નિકળી ગઇ હતી. ગમે તેમ કહો, પણ કંઇ ચમત્કાર છે. હું આ લોકની અને આ લોક મારા સ્વજન છે. ઇશ્વર હવે અમારા વચ્ચે રહેલો જે કંઇ છુપો ભેદ હોય, તે ખુલ્લો કરી, અમારાં અંતર ચોખ્ખાં કરાવે તો સારૂં. એ અહિં આવે તો કેવું મજેનું. એમના આવ્યાથી હું ધારૂં છું કે, બધું વાતાવરણ ચોખ્ખું થઇ જશે.'

આમ વિચાર કરતી મેનાગૌરી 'રખેને કોઇ કંઇ સાંભળે અને મને ગાંડીમાં ગણે' એમ મનમાં બોલી ઉભી થઈ ડહેલાના મોટા હોલમાં આમ તેમ ફરવા લાગી. અહિં આવ્યાને તેને દોઢેક મહીના ઉપર વખત થઇ ગયો હતો. સગાંમાં, નાતજાતમાં ઓળખીતાંમાં, અડોસી

પડોસીમાં અને બીજા લોકમાં ને જાણીતી થઇ ગઇ હતી. રીત રિવાજમાં ખૂબ પળોટાઇ ગઈ હતી. નાતના તેમની તરફ દિલસોજીવાળા લોકોને ઘેર જવા આવવાનો પરિચય પડયો હતો એટલુંજ નહિ, પરંતુ તેની વૈયની બે ત્રણ સગીઓ અને નાતની વહુઓ સાથે બહેનપણાં પણ બંધાઇ ગયાં હતાં. મેનાને પોતાને ઉપરોક્ત વિચારો વારંવાર એકાંતમાં આવતા, કારણ કે, તેનું પોતાનું મન, આ દેશમાં, આ લોકમાં અને આ વાતાવરણમા સ્વાભાવિક રીતેજ, આનંદ લેતું અને ઉલ્લાસ ધરી સંસારી લહાવા લેવાને એકતાન થઇ રહેતું હતું. વિચારમાં તેને આ બધું નવું નવું પણ જાણે પોતાનું હોય એવું લાગતું અને તે આવા તર્ક કરાવતું. જિતેન્દ્રલાલના ઘરનાં સાથે તેને ખૂબ સ્નેહ બંધાઇ ગયો હતો. એકવાર કેટલીક કન્યાઓ, વધૂઓ અને યુવતીઓએ મળીને તેને વાતચીતનો મેળાવડો કરી માન આપ્યું. ઘણી ઘણી રીતે ઘરનાં અને નાત જાતનાં માણસોએ તેની ચિકિત્સા કરી પરંતુ દરેકમાં તે તેમને પસાર થતી જણાઈ સ્વાભાવિક રીતેજ, તેનામાં બધા હાવભાવ, બધા ચાળા અને બધી નાતજાતને ઘરબારની રાહરસમ આવી ગઇ હતી. આ બધું કેમ આવડી ગયું અને મનથીજ આ બધું કેમ ફાવે છે, તે તે સમજી શકતી નહિ તેથી તેને પોતાને આશ્ચર્ય લાગ્યા કરતું.

પોતાને માટે જેમ મેનાગૌરીને આશ્ચર્ય લાગ્યા કરતું તેમ, ઘરનાં ખાસ કરીને મોટાં—ગિરિજાને પણ, તે એકાંતમાં હોય ત્યારે એમ થતું કે ' આ શું છે રડયું ! જ્યારથી એને જોઇ ત્યારથી મારા મનનો બધો વિરોધ દૂર થઇ ગયો છે ! તે દહાડે જગન્નાથ મહારાજ આવ્યો તેણે એને ઓળખી નહિ અને એણે તેને ઓળખ્યો ! મને પાછો એકાંતમાં એમ કહેતો ગયો કે—બા ! આ તો નરી જોગ માયાજ છે. મંગળાગૌરી તો છકજ થઇ ગયાં છે. નાતનાં પણ, એને જોઇને રળિયાત થાય છે ! મંજુ જાણે કંઇક જાણે છે અને એના મોટાભાઇને કંઇક કહ્યું હોય એમ પણ મને લાગે છે. એ તો જાણે કંઇ અવનવું હોયજ નહિ, એવા રહે છે. બાઇએ એવી છે ! મને તો એણે

ગાંરીજ બનાવી દીધી છે. વીરૂ બિચારો શું કરે! તે આના રૂપ ગુણમાં ગાંડો થઇ જાય એમાં નવાઇ નહિ તો! શું એનો મલાજો, શું એની રીતભાત અને શું એનું સોજ! જગન્નાથ કહી ગયો તેમ, જોગમાયા તે જોગમાયાજ! કશી વાતે અતડી કે અણુમાહિતગાર હોય, એવું લાગતુંજ નથી; પણ અરે!' સંભારતાં હોય તેમ ભમર ચઢાવી થોડીવાર વિચાર કરીને ગિરિજા અંતઃકરણથી આનંદ પામતાં બોલ્યાં કે 'એને આવ્યાને મહીનો દોઢ મહીનો થઈ ગયો. લાવ મંગળાગૌરીને પૂછું. એમ મનમાં બોલી તેમને બોલાવ્યાં અને તે ઉપરથી નીચે આવ્યાં એટલામાં સાસરેથી મંજુ પણ આવી પહોંચી. બન્નેના સામું જોઇ ગિરિજા ઝીણું હસીને બોલ્યાં કે 'મંગળાગૌરી તમારાં દેરાણીને આવ્યાને કેટલો વખત થયો?'.

'કેમ, મોટાં બા, દોઢેક મહીનો થઇ ગયો.' મંજુએ જવાબ દીધો.

મંગળાગૌરી સમજી હસીને બોલી કે 'બહેન! એ જાણેજ છે તો. કે દોઢ મહીનો થઇ ગયો! એમના પૂછવાનો ભાવ જુદો છે.' તે હસી.

'તમને એવું લાગે છે?' મોટાંએ અંતરને ઉમળકે સવાલ કર્યો.

હવે સમજીને મંજુ બોલી કે 'મોટાંબાને તો સુખનાંજ સ્વપ્નાં આવ્યા કરે છે. સારીભાભી તમે પણ હાજી હાજી કરો છોતો.'

મગળાગૌરી કંઇ બોલી નહિ એટલે ગિરિજાએ કહ્યું કે 'અલબત મંજુ કહે છે તેમ મારૂં મન એવી ખોટી ખોટી હોંસ કરે છે. હું તો મારા વીરૂને માટે અરે સુખ સુખ અને સુખજ જોઉં છું. એને સુખમાં મહાલતાં જોવાને મારૂં અંતઃકરણ રાતદિવસ એની પર આશીર્વાદ વરસાવ્યા કરે છે. મંજુ! મને એવા સુખનાં સ્વપ્ન કેમ ન આવે? આવડા મોટા ઘરમાં એક પિનાકીજ અમારી આગળ છોકરૂં ને? હશે, મેનાવહુ ગમે તે હશે, પણ હવે મારી વહુ ખરીને. એને જોઇ મારી આંતરડી હસે છે. જેને અંતરાત્મા સ્વીકારે છે, જેને અંતર ચહાય છે તે અંતરંગજ હોય! મને હવે એને માટે કંઇ ભેદ જેવું લાગતું નથી. અડોસીપડોસી અને ઓળખીતાંપાળખીતાં પણ કહે છે કે 'મજેની વહુ છે.' કોઇને એક શબ્દ પણ તેની વિરૂદ્ધ બોલતાં

હજી મે સાંભળ્યાં નથી. સૌ એમ કહે છે કે, 'સારાં વાનાં થશે' પંચ બોલે તે પરમેશ્વર! તું કંઇક જાણે છે, પણ કહેતી નથી. હું સમજું છું. તને એની પિછાણ થઇ છે—અરે કંઇક છુપો ભેદ જણાએલો છે. ભલે ના કહેતી! ભેદ હશે તોપણ શું અને નહિ હોય તો પણ શું? મને હવે કંઇ અતડું કિંવા અણગમતું લાગતું નથી જે હશે તેને આ પ્રમાણે નિભાવીશ, અને આ પ્રમાણે રહેવામાં ભલે લોક—અરે અદેખાઓ બળી મરે! મને કંઇ લાગતું નથી.' ગિરિજાએ પોતાના મનના ભાવ ઉઘાડયા.

'મોટાંબા!' મંજુ હસીને બોલી કે, 'મારાં મેનાભાભી અહિં આવવાનાં હતાં ત્યાં લગી, મારા કહેવા છતાં પણ તમને કંઈ—વિશ્વાસ પડતો નહતો અને એ આવ્યાં કે તરત કેમ એમનાં થઇ ગયાં! હું કહેતી હતી તેમ, એમનામાં અજબ મોહિની છે કે નહિ? સારીભાભી પણ માનતાં ન હતાં. આખા ઘરમાં એક મારા મોટાભાઇને મારા કહેવામાં વિશ્વાસ આવ્યો હતો. મેં એમને શું કહ્યું છે અને હું શું જાણું છું. વીરૂભાઇએ બિચારો કંઈ જાણતો નથીને? જેમ તમારો બધાંનો અંતરાત્મા એમનામાં આપણાપણું દેખે છે તેમ અમને પણ એમનામાં આપણાપણું જણાયું છે અને તેજ હું સૌને કહું છું. આટલો બધો વખત થયો તમેજ કહોને કે, તમને એમનામાં કંઇ પરનાત જાતપણું જણાયું છે? શું હશે તે તો કોણ જાણે? મોટાંબા! તમે તો આવ્યાં ન હતાં પણ મારાં સારીભાભી આવ્યાં હતાં, પૂછોને તેમને કે, જિતેન્દ્રલાલને ત્યાંનાં બૈરાંના મેળાવડામાં વિરૂદ્ધ પક્ષનાં બૈરાં હતાં તે સુદ્ધાં એમને મળી ભેટીને પ્રસન્ન થયાં હતાં કે નહિ? એક બે પારસણો ઈંગ્રેજી ભણેલી આવી હતી તે તો એમની ઈંગ્રેજી બોલવાની છટાથી છક થઈ ગઈ હતી. ઢાંકેલું કપાળ, ઢળતી નજર, નમતા અભા અને કાઠિયાવાડી મજેનો મલાજો તથા આપણો નર્યો સાદો પોષાક અને વાણીમાં ઉંચી વિદ્વત્તા જોઇ સૌને અચંબો થતો હતો. વળી ડહેલે બેઠાં બેઠાં શું કરે છે? તમે જાણો છો? રાત દહાડો આપણાં ગુજરાતી પુસ્તકો, ધર્મને લગતા ગ્રંથો, પુરાણો, મહાભારત,

રામાયણ અને કાવ્ય સાહિત્ય, ભજનો, કીર્તનો, ગરબા ને પદ વગેરેનાં પુસ્તકો વાંચે છે. આપણા રીતરિવાજ અને વહેવાર તો શું, પણ આપણા ધર્મની ખુંચો પણ એવી સારી જાણે છે કે, ઘરડાં માણસ સાંભળે તો છક થઇ જાય.'

મંગળાગૌરી તેના મનમાં આશ્ચર્ય અને ઉત્સાહ આવવાથી વચમાંજ બોલી ઉઠી કે 'ભાભીજી! એમના જ્ઞાનની તો વાતજ કરશો માં. જગન્નાથ કહેતો હતો તેમ, નર્યો સરસ્વતીનો અવતારજ છે. માનો ન માનો પણ એની શિરાઓમાં ગુજરાતી ઉંચી વર્ણનું લોહી વહે છે અને એનો જીવાત્મા ગુજરાતી છે, નહિ તો અભ્યાસ કે સહવાસથી આવું આવડે નહિ. દિયરજીને એનામાં આપણાપણું જણાયાથી મોહી પડેલા, અને ખરેખર આપણા લોકમાંનુંજ રતન છે. એની આંખ જુઓને કેવી કાળીભમ્મર છે? અને તેમાં કેવી શરમ ને તેજસ્વિતા છે. પરનાતજાત કે પરદેશી માણસમાં આમ બધું આપણાપણું ન હોય? અસલ જે સંસ્કારવાળો જીવાત્મા હોય તે સંસ્કારવાળાં માણસોમાં રમે ને એકતાર થઈ જાય. જાતિ ફેર હોય તે તો ભાભીજી! જણાયા વગર રહેજ નહિ. હોંસે ઘરેણાં પહેરે છે, આપણે કહીએ છીએ તેની લાજ કાઢી મલાજો રાખે છે અને પોળમાં નાચું જોઇ એવી મજેની હાથિણીની ચાલે ચાલે છે કે, બીજી વહુઓ અને બૈરીઓ દાતમાં છેડા લઇ ગાલમાં હસ્યાજ કરે.'

'જોજો એમની કોઈની મીઠી નજર ના બેસી જાય. મને કહેવું, હું મીઠું ઉતારતી રહીશ.' ગિરિજાએ વહાલની પરિસીમા દેખાડી.

'ના ના, એવું શું છે? આપણી પોળમાં વીરચંદશેઠના છોકરાની વહુ છે તે શું ઓછી રૂપાળી છે?' મંગળાગૌરીએ કહ્યું.

મંજુ—'સારીભાભી! એમ બોલો નહિ. ! રૂપ એકલું શોભતું નથી. તે આકર્ષણે કરતું નથી. આરસપહાણનું મજેનું ઘાટીલું પુતળું હોય પણ તે રઢિયાળું લાગે? માણસમાં રહેલો સુસંસ્કૃત આત્મા, તેની તેજસ્વિતા, તેની ચંચળાઇ અને ગુણોનો આંખ—અરે પ્રત્યેક અંગ દ્વારા વિજળીનાં કિરણોની માફક બહાર ભભુકી રહેતો જમાવજ

સૌંદર્ય છે. સુમતિવહુ અલબત રૂપાળી છે પણ મારાં મેનાભાભીના સૌંદર્યના ભભુકાને ન પહોંચે. એ જતી હોય તે તરફ કોઇનું પણ ધ્યાન ખેંચાય નહિ ને મેનાભાભી તરફ તો નાનાં બાળકોએ આકર્ષાય છે.'

મંગળાગૌરી બોલ્યાં કે, 'હાસ્તો, આરસના પુતળામાં શો મોહ! માણસની આંખોમાં રહેલું ચૈતન્ય છે તે રૂપ છે. ચેતનવાળા માણસના મોં ઉપર જે તેજસ્વિતા અને ચંચળાઇનો ઉડતો ભભુકો દેખાય છે તે જોનારને મોહ ઉપજાવે છે. ચંચળાઇ–ચેતનની સ્ફૂર્તિ વગરનું માણસ નિર્જીવ પુતળા જેવું લાગે. એ સૌંદર્ય મોહ પણ ઉપજાવે નહિ. સુમતિ વહુ રૂપાળી છે પણ એનામાં ઝગહળતું ચૈતન્ય નથી એટલે પુતળા જેવી લાગે છે, અને મેનાવહુ તો રૂપે છે તેમ ચંચળાઈ અને ચેતક ચૈતન્યને ભભુકે જોનારને આંજી નાંખે.એવી બૈરી છે. એની આંખોનું તેજ, એનાં અંગોનો તન્મનાટ, અને રૂંવે રૂંવે સળવળી રહેલી એની ચંચળાઇનો વિજળી જેવો વેગ ને ભભુકો જોનારને છક કરી નાંખે છે. બીજાં ટાપટીપિયાંની માફક એ પહેરવા ઓઢવામાં ચાપચીપ કરતી નથી અને સાદો પોષાક પહેરે છે તોપણ બહુજ મજેની રઢિયાળી વહુ લાગે છે! લાજ છે તે પણ વહુવારૂનું ભૂષણ છે. આમતેમ પીનો ખોસીને પોષાકને ઠીકઠાક રાખનારી સુધરેલીઓ અવસરે સાજનમાંથી નિકળવા જતાં ન ચાલે લાજ કાઢવા જાય છે તો સામી બને છે અને લોક હસે છે. પરમ દિવસે મેનાવહુને લઇ હું ગૃહશાન્તિના અવસરમાં ગઇ હતી. ભાયડાઓ વચ્ચે થઇને ત્યાં એ એવી મલાજાદાર લાજ કાઢીને નિકળી કે સૌ જોઈજ રહ્યા. મારૂં મને એનો વિવેક અને મલાજો જોઈ ખુશ ખુશાલ થઇ ગયું. શરીરની આકૃતિ ને સુરેખતા એજ કંઈ સૌંદર્ય નથી પણ શરીરમાંનું ચેતનદાર ચૈતન્ય છે તેજ સૌંદર્ય છે. દિયરજીએ વહુ તો ભાભીજી! એવી શોધી કાઢી છે કે, વારી જઇએ!'

'મેનાભાભી આપણી નાતનાં હોય તો!' મંજુબહેને મમરો મૂકયો.

'તો સોનું ને સુગંધ! તારા મોંમાં ગોળ!' મોટાં–ગિરિજાએ હોંશથી જવાબ દીધો. અરેરે! આપણી નાતની કયાંથી હોય! એવાં આપણાં કયાંથી ધનભાગ્ય કે મેનાવહુ નાતની નિકળે?'

'નાતની ક્યાંથી હોય' મંગળાગૌરી બોલ્યાં, 'મંજુબા તો રડયાં ટિંખળી છે. ક્યાં બિહાર ને ક્યાં ગુજરાત! આ તો લંકાની લાડી ને ઘોઘાનો વર! નાતનીનું શું કામ છે? હવે એવી વાત ઓઠ બહાર લાવો છોજ શા માટે! જે છે તે એ છે. દિયરજીને અને આપણને બધાંને ગમી એટલે નાતની હોય તોય આપણા ઘરની વહુ છે અને મડમ હોય તોપણ આપણા ઘરની વહુ—અરે લક્ષ્મી છે.'

'નાતનાં બૈરાંને એમ લાગે છે કે, મેના નાતની છે. કુન્દનને ત્યાં પાપડ વણવા ગયાં હતાં ત્યાં સૌ એમને ધારી ધારીને જોતાં હતાં. શિવશંકરનાં વહુ કોઇની આગળ એમ કહેતાં હતાં કે 'આને કોણ પર નાતજાતની કહે એવું છે. આપણી નાતનીજ છોકરી જેવી લાગે છે. કોઇ ભૂલો પડેલો નાતનો જીવ હશે!' મંજુએ કહ્યું.

'એ તો કરડાગીમાં'' મોટાં બોલ્યાં કે 'એ તો કરડાગીમાં. એમને તો આપણા ઘર ઉપર બહુજ વેરનો ઉછાળો આવી રહેલો છે. એ લોક બોલે એ તો મીઠું ઝેર!'

'ના બા, સૌ કોઇ એવા નથી. અણસમજુ લોક કૂદે છે એ વાત ખરી, પણ કેટલીક સ્ત્રીઓ તો નિખાલસ છે. એક જણે તો એકવાર મોઢે ચઢીને મને કહ્યું હતું કે 'મંજુ! હું તો તારી મડમભાભીને જોવા આવું, મને બહુ મન છે, પણ મારા ઘરનાંની ને સાથે તારાં મોટાંની બીકે અવાતું નથી.'

'નારે! કોઇને મળવા કરવા આવવા દેતી નહિ.' મોટાં બોલ્યાં કે, 'લોક સામી આપણી ચિકિત્સા કરી જાય. એવી અદેખીઓ અને ઝેરીલીઓને તો આંગણે ચઢાવવીજ નહિ, પેટમાં પેસીને પાળી મારે.'

તેઓ આમ વાત કરતાં હતાં તેવામાં પિનાકી બહારથી આવ્યો. ગિરિજાએ વહાલથી બોલાવી પોતાની પાસે બેસાડી પૂછ્યું કે 'બેટા! ક્યારનો ક્યાં ગયો હતો?' તે બોલ્યો કે 'જિતેન્દ્રલાલને ત્યાં ગયો હતો. ફુઆ વગેરે ઘણા ભાયડા ત્યાં એકઠા થયા હતા.'

'કેમ વારૂ?' મંગળાગૌરીએ પૂછ્યું.

'કોણ જાણે કેમ! હું તો વાંચતો હતો. જ્યારે અહિં આવવા

નિકળ્યો ત્યારે કાકીએ કહ્યું કે ' પિનાકી પરમ દહાડે કુન્દનની અધ-રણીની નાત ઠરી. તારાં મડમકાકીને નાતમાં લઈ આવવાનાં છે હો ! મારાં મડમકાકી ક્યાં બા ? ' છોકરાએ નિખાલસપણે પૂછ્યું.

' એ તો મશ્કરીમાં, વીરૂકાકા સાહેબ ત્યારે તેમનાં વહુ મડમને ? એ તો મશ્કરીમાં એમ કહેવાય ' મંજુબહેને કહ્યું કે ' તું એટલું એ ન સમજ્યો વીરા ! મેનાકાકીને ઠેકાણે મડમકાકી કહ્યાં. '

' જિતેન્દ્રની વહુ જરા ચાવળી છે. ' મોટાંએ ચલાવ્યું ' મેના કાકીને નાતમાં જમવા લઇ જવાનું ઠરાવ્યું છે, એમ કહ્યું ? '

' હા, એમજ કહ્યું. તેમણે સૌએ મળી એવો ઠરાવ કર્યો છે.'

'ઠીક છે જોઇશું.' મોટાં આગળ બોલવા લાગ્યાં એટલામાં પિનાકી ઉઠીને મેડીએ ચઢી ગયો. ' મંગળાગૌરી ! તમારા નણદોઇ ઉંધું ના ખણે. ખરૂં હોય તોપણ તમે જજો, એને નાં લઈ જતાં. અમસ્તો ફજેતો થાય. ' તેઓ એકદમ બોલતાં અટકી ગયાં એટલે મંગળાએ બારણા સામું જોયું તો તેની કાકીને દીઠાં. તેણે ને મોટાંએ સૌએ ' આવો આવો ' કહી તેમને બોલાવી બેસાડયાં, એટલે તે ભડભડિયા ગૌરી બોલી કે ' ગિરિજાબા ! સાંભળ્યું કે, જિતેન્દ્રલાલને ત્યાં નાતના જુવાનિયા-ઓએ તમારા ઘર સાથે નાત કરવાનું ઠરાવ્યું. કહે છે કે, કીરપા-શંકર તેજ દિવસે પોતાને ત્યાં પણ નાત કરશે. '

' ભલેને બેઉ ઠેકાણે લોક જમે ! બિચારા કોઇ રહી જાય નહિ.' મોટાંએ ગંભીર ચહેરે જવાબ આપ્યો.

' એમ કહે છે કે, તમારે ત્યાં પણ એ નોતરાં દેશે. તમારે ત્યાંથી આટલી વિરૂદ્ધતા થયા પછી કોણ આવનાર છે, એમ જાણી નોતરાં તો દેશે. '

' નોતરાં દેશે તો હું મારી મેનાભાભીને લઇ એમને ઘેર જમવા પણ જઇશ. ભલેને એ અમને ઉઠાડી મૂકે !' મંજુએ વાતમાં રસ રેડયો.

મોટાં ગર્જીને બોલ્યાં કે ' અરે ! ચાલ ? આપણે તે એને ત્યાં શું કરવાને જઇએ ? નોતરાં દે તોય શું ને ન દે તોય શું ? એણે તો આ વાત ચકબે ચઢાવી. સામી નાત કરવા ઉભો થયો ન આપણાથી

એને ત્યાં જવાય ? ' મંગળાગૌરી બોલી કે ' નોતરાં ન દે ત્યારે ? '

તેની કાકી બોલી કે ' મંગળા ! એટલી બધી હિમ્મત ન ચાલે ! તમારા ઘરને ટાળવું એ કંઇ નાની સુની વાત નથી. આ તો તમને ટાળ્યાં કહેવાય નહિ અને તમે તમારી મેળે ટળી જાઓ, એવો રસ્તો લીધો. '

' ના પણ એ રસ્તે હું એમને ફતેહ મળવા દઇશ નહિ ' મંજુએ ચલાવ્યું કે ' કીરપાશંકરને ખરેખરા બનાવવા એવો મેં નિશ્ચય કરેલો છે, એટલે આવો તાલ જવા દેવો નહિ. છોને મોટાં ના કહેતાં. હું મારા મોટાભાઇની રજા મેળવીશ, પછી શું છે ? '

' ઘેલીની માફક શું વાત કરે છે ? ત્યાં જઇને નાક કપાવવા જેવી વાતમાં, તારા મોટાભાઇ હા પાડે. '

' નારે બા ! એવું થાયજ નહિ એ નોતરાં દે તોય જવાય નહિ. કીરપાશંકરે શું ઓછું કર્યું છે ! નાત સમસ્તનું સમાધાન થાય તોપણ એમનો ને તમારો સંબંધ તો હવે તૂટયોજ. ' મંગળાગૌરીનાં કાકી આમ કહીને ઉઠયાં અને મંગળાગૌરી તેમને મૂકવા બારણે ગયાં એટલે મોટાંએ જરા તિખાશથી કહ્યું કે ' મંજુ ! માણસ ઢુંણસ જોતી કરતી નથી ને જે તે ભરડી શું નાંખે છે. એ વલુડીના પેટમાં એક ઘડીએ વાત નહિ રહે. જેમ અહિં દોડી આવી તેમ હમણાં કીરપાશંકરને ત્યાં દોડી જશે અને બધી વાત કરશે. '

' મોટાંબા ! વાત કરી દેશે તેથી શું ? રતનગૌરી ને કુન્દનની સાસુ કોણ ? કાકા કાકાની છોકરીઓને ? કુન્દનની સાસુ રતનગૌરીને ત્યાં નાત થવા દે ? '

' હા, કીરપાશંકર એના સાઢુને ગાંઠે નહિ. તે બડો બાધડ માણસ છે. આપણું ઘર ન કાપે એ તો વાસ્તવિક છે. એ એમ જાણે કે, જ્યારે આવવાનાં નથી ત્યારે શા માટે છેલ્લે પાટલે જવું. '

' મોટાંબા ! એ પેચ રમી સારો દેખાવાનો યત્ન કરે તો આપણે તેને શા માટે બનાવવો નહિ ? જુઓ તો ખરાં હું ખરેખરો ખેલ લાવીશ. '

'ગાંડી છોકરી! એવું કશું કરતી નહિ.' એમ કહી જીકર છોડી મોટાં ઉઠયાં અને મંજુબહેન પોતાના વિચારને કેમ અમલમાં મૂકવો તેનો વિચાર કરતી મેડે ગઇ.

પ્રકરણ ૨૬ મું.

'વીરૂએ આખી નાત ચકએ ચઢાવી! જુવાનિયા છોકરાઓ પણ ખીલ્યા અને પોતાનો લાગવગ વધારી ફતેહની તૈયારીમાં આવ્યા. કૃપાશંકર પણ તેમને તેવોજ હઠી માણસ મળ્યો. કહે છે કે, એના પક્ષમાં ત્રીજો ભાગ હશે, એ ભાગ જુવાનિયાઓ તરફ છે. જુગલ અને આનો સગો છતાં અંદરથી નરભેશંકર કૃપાશંકરનો ખભો થાબડી તેને ઘોડા ઉપર રાખે છે. એ સામો નાત કર્યાં વગર રહેશે નહિ. આપણે ઘેર નોતરાં દેશે તો પછી આપણે જેમ અત્યાર લગી રાખ્યું તેમ મૈનજ રાખવું. એ ભલે આપણી સામે વેર બાંધે, આપણે એની સામે વેર બાંધવું નથી. આગળ પડનારો હમેશ બને છે, તેમ કોઈ દહાડો પણ એને શરમાવું પડશે.' રામશંકર પથારીમાં બેઠા બેઠા આમ વિચાર કરતા હતા એટલામાં મોટાં-ગિરિજા ઉપર આવ્યાં અને બોલ્યાં કે 'સૂઇ ગયા નથી? શાના વિચાર કર્યાં કરો છો? હવે કશા વિચાર કરતા નહિ. થવાનું હતું તે થઇ ગયું અને વીરૂને સારી મજેની વહુ મળી લોક ભલેને પેટ ફૂટે! આપણે ઘરડાં થયાં છીએ. પિનાકીને પરણાવવાનો છે તે એનાં માબાપ પરણાવશે. જોઇએ તો પ્રભાશંકરને પણ જુદા કરી નાંખો. આપણે વીરૂ સાથે રહીશું. વીરૂને છોકરાં છૈયાં થશે તેમને ઠેકાણે પાડતા સુધી આપણે જીવવાનાં નથી. એ એમનું કરી લેશે. આપણે એવી તેવી વાતને મનમાં આણી શા માટે ઉદ્વેગ રાખવો. ચાર ઘડી ઇશ્વરનું નામ ના લઇએ?'

'તને આજ આટલું બધું ડહાપણ વળી ક્યાંથી આવ્યું? તું તો પ્રવૃત્તિનો અવતાર હોઉ એવી વાતની કરનારી આજ નિવૃત્તિમાં

ક્યાંથી પડી ! વીરૂએ બડો વરજોળો ઉભો કર્યો !'

'વીરૂને શું છે ? એ કયારે નાતને કે કોઇને પૂછવા ગયો છે ? એણે એને પોતાને મનગમતું કર્યું અને નાત જેમ નાતને ગમતું હોય તેમ કરે. આપણે માટે તો કંઇ કરવાનું રહ્યુંજ નથી. આપણે શું કરીએ ? આપણે જેમ નાતમાં જવું નથી તેમ આપણે એની સાથે ભાણેભાણું અડાડી જમવું પણ નથી, ત્યારે શા માટે આપણે ઉદ્વેગના વિચાર કરીએ ? વીરૂ કે વહુને તજવાનું આપણને કંઈ કારણ નથી. આપણે એને છોકરા રૂપે જોયો તો હવે છોકરા રૂપેજ રાખવો. આપણે એમને પતિપત્નીને સુખી જોઇ આનંદમાં રહીશું. વહુ બહુ મજેની હોંસીલી અને વહાલવાળી છે. બે ત્રણ દહાડા ઉપર હું ને એ બેજણ એકાંતમાં હતાં ત્યારે શરમાતાં શરમાતાં અને હસતાં હસતાં મને કહેવા લાગી કે 'મોટાંબા ! તમે અને મોટાભાઇ અમારી સાથે રહો તો કેવું સારૂં. અમે તમને બધી સગવડ કરી આપીએ. તમારે આ બધા પ્રપંચ અને ખટપટોમાં રહીને શું કરવું છે. ઇશ્વરનું નામ દો ને આનંદ કરો.' પ્રભાશંકરનાં નવીને મોઢે મેં આવું વચન કોઇ દહાડો સાંભળ્યું નથી.'

'વાત તો ખરી છે. આ જાળોજથામાં આપણે ખાલી લોહી ઉકાળો કરવાનો છે. આપણાં શાસ્ત્રોમાં ઉમ્મર લાયક થયેલાંને વનવાસ કરવાનું કહેલું છે તે સારૂંજ છે. હાલ પરદેશ જઇને રહેવું એ વનવાસ જેવુંજ ગણાય. બંગાલના લોક અત્યારે પણ કાશીવાસ કરે છે. તું હજી મને રસોઇ કરી આપે એટલી સશક્ત છે એટલે વીરૂને ત્યાં જઇ રહીએ તો અલબત્ત આ નાતજાતની ખટપટો અને વાતોથી ચિત્ત ડહોળાઇ જાય છે તેવું કશું ન થાય. શાંત ચિત્ત વગર પરમેશ્વરનું નામ તેમાં પ્રતિબિંબિત થતું નથી. પણ તને વહુની સાથે આવો ને આવો બનાવ રહેશે ?'

'શા માટે નહિ ? મારે ને પ્રભાશંકરની આગલી વહુ કે આ મંગળાગૌરીની સાથે કદી ઉંચા મન થયેલાં તમે જોયાં છે ? આ તો છોકરૂં છે. એની ઉપર તો મારી આંખ વાત્સલ્ય ભરીજ રહેવાની !

કદી આગળ જતાં એ ઘર ધણિયાણીની ખુમારીએ ચઢે તોય હું ડરૂં એમ નથી. મારો સ્વભાવજ એવો છે કે, મારી સામે કોઇ મારાથી ઉપરી થઇ શકેજ નહિ. મેનાવહુ જેવી જાજરમાન છે તેવીજ સ્વભાવની નરમ અને શાણી છે. વળી એવી સભ્ય છે કે, કદીએ મારી સાથે બાકરી બાંધે નહિ. તમે તો ભૂલો છો ? હું એવી નથી કે, તેમના મોજશોખમાં કે તેમના વિવેકી સ્વચ્છંદમાં વિરૂદ્ધ પડું. મારા મોં આગળ હું તો તેમને મોજ કરતાં જોઇને ખુશી થાઉં એવી છું. પોતાની જુવાનીના દહાડા ભૂલી જનાર સાસુઓજ વહુઓને અળખામણી લાગે છે.' ગિરિજાએ પોતેજ પોતાના સ્વભાવનાં વખાણ કર્યાં તે સાંભળી રામશંકર મુંછમાં હસીને બોલ્યા કે 'અલબત, તારે કોઇની સાથે અણબનાવ થતો તો નથી, તેમ એટલુંએ ખરૂં કે, તું કોઇને તારી ઉપર ચઢી પણ જવા દેતી નથી. અત્યારે નાતમાં મોટો ખળભળાટ થઇ રહ્યો છે તેમાં પણ મારા કરતાં તારાથી નાત વધારે બીએ છે. ઇશ્વરરાય કહેતા હતા કે, નાતના કેટલાક લોક એમ કહે છે કે, મોટાં કંઇક એવો પેચ લાવીને કૃપાશંકરને પછાડી દેશે કે તેનાથી ફરી ઉભું જ થવાય નહિ.'

'હું બૈરૂં માણસ નાત કે કૃપાશંકરને શું કરી શકું ? એ તો અમસ્તા લોક બોલે. અલબત, કૃપાશંકર નકામો આ વાત લઇ બેઠો છે, એટલે તાલમાં આવ્યો હોય તો હું સોકટી માર્યા વગર રહું નહિ. ઝેરની સામે ઝેરનો પ્રયોગ તો કરવોજ જોઇએ. તમારી માફક જતો કરૂં નહિ.' ગિરિજા હસ્યાં.

'ક્ષમાનો ગુણ તો રાખીએ ! કુહાડો ચંદન કાપે છે તોય ચંદન એનું મોં સુવાસિત કરે છે અવગુણ ઉપર ગુણ કરવો, તે સારૂં છે. કૃપાશંકર શું કરે છે ! ઇશ્વરની લીલા છે તે એક પછી એક જુદા જુદા રંગ લાવ્યાજ કરે છે. પરમેશ્વર એક મોટો—નટ સૂત્રધાર છે, તે આ જગત રૂપી રંગભૂમિ ઉપર જુદી જુદી જાતનાં અને જુદા જુદા સ્વભાવનાં પાત્રોને લાવી સંસાર રૂપી નાટક કર્યેજ જાય છે. એમાં એના વગર કોઇ કરતાકારવતા છેજ નહિ, કૃપાશંકર શું કરે છે બિચારો, ધૂળ !'

રામશંકર અને ગિરિજા આમ વાત કરી રહ્યાં છે પ્રભાશંકર વગેરે સૈ ઉંઘી ગયાં છે અને રાતના અગિયારનો અમલ થયો છે એટલામાં ' કાકા ' એવો સાદ થયો અને ગિરિજા ઉભો રહે 'જિતુ' એમ કહી નીચે બારણું ઉઘાડવા ગયાં. ' કૃપાશંકરના ઘરની કંઈ વાત લાવ્યો હશે નહિ તો અત્યારે ના આવે. ' મોટાં અને જિતેન્દ્રલાલ ઉપર આવ્યાં એટલે રામશંકરે પૂછયું કે ' કેમ ભાઇ ! અત્યારે આવવું પડયું ? ' ' બપોરનાજ મારે આવવું જોઇતુ હતું. પરંતુ બહાર ગયો તેથી ભૂલી ગયો હતો. વીરૂભાઇનો કાગળ આવ્યો છે તેમાં લખે છે કે, આવતા ગુરૂ કે શુક્રવારે કદાપિ બે દિવસને માટે તે અહિં આવશે. કોઈ કામને લીધે મુંબાઇ આવવાના છે ત્યારે અહિં આવી જશે.'

' તમે લખ્યું હશે. ' મોટાંએ હસીને પૂછયું.

' ના, અમારે શું કામ છે ? જેનું કામ છે તે તો અહિં છે. અત્યારે નાત આગળ વીરૂભાઇનો કેસ નથી પણ મેનાભાભીનો છે, અને અમે પણ એજ કેસ લઇ અત્યારે નાત આગળ વકીલાત કરવા ઉભા છીએ. વીરૂભાઇની અમને જરૂર નથી. '

' બે દિવસ રહેશે ? ' મોટાંએ વહાલથી પૂછયું ' તમારાં ભાભીને કહી આવ્યા કે નહિ ? '

' એમને તો જુદા કાગળ આવતા હશેને ? '

' હા આવે છે, અને વહુ મંજુને તરત ખબર પણ કહે છે. આજ કંઇ મંજુ બોલી નથી. '

' એના ઉપર આજ કાગળ નહિ હોય ? ' રામશંકર બોલ્યા, ' જિતેન્દ્રને કાગળ લખવો હશે ત્યારે ભેગાભેગું લખ્યું. '

ગિરિજા—ત્યારે તમારી નાત કયારની છે ?

' વીરૂભાઇ આવનાર હોવાથી અમે બે દિવસ થોભી જઇશું. એમને બે જણને અમારે જમવા લઇ જવાં નથી. માત્ર તેઓ ત્યાં આવશે અને નાતમાં સામેલ છે, એમ સામાવાળાઓને મનાવરાવીશું. તમારે ત્યાં જુવાનિયાઓને મિજબાની અપાવીશું ત્યારે સૌ ડહેલાના દિવાનખાનામાં સાથે જમવા બેસીશું. તમે એમને પ્રાયશ્ચિત્ત આપશો કે

નહિ ?' જિતેન્દ્રે મશ્કરીમાં મોટાંનું મન જોવાંને સવાલ કર્યો.

'ના, પ્રાયશ્ચિત્ત તો નહિ કરીએ. એમને વરવહુને પરણ્યા જેઓ કંઇક ઓરિંગો વીતે એમ બડી ધામધુમથી સત્યનારાયણની કથા કહેવડાવીશું. એમાં વિષ્ણુપૂજન વખતે પ્રાયશ્ચિત્ત આવી જશે. વળી તે દિવસે તમને મિજબની પણ આપીશું.' મોટાંએ યુક્તિબંધ પોતાનું ઉચું રહે તેમ જવાબ આપ્યો.

'વારૂ, બીજા શા સમાચાર છે ?' રામશંકરે પૂછ્યું.

'અમારો પક્ષ જેવો ને તેવોજ મક્કમ છે ત્યારે કૃપાશંકરના પક્ષમાં કેટલાક ડરીને તટસ્થ રહેવા માગે છે. થોડોક ભેદ પડયો છે. તમો કદાપિ નહિ માનો પણ હું ખાતરીથી કહું છું કે, નાતના આ વખતના ઝગડામાં જુવાન તેમજ આધેડ સ્ત્રીઓએ અજબ હિમ્મત બતાવી પોતાના વિચાર બહાર મૂકયા છે. પુરૂષોમાં જુવાન તેમજ આધેડમાં જેટલી મક્કમતા નથી તેથી વધારે સ્ત્રીઓમાં છે. એકવાર ખરી વાત શું છે તેમજ વર્તમાન સમયમાં શું કરવા જેવું છે તે સમજયા પછી સ્ત્રીઓ જરાએ ડગમગતી નથી. શિવશંકરના ઘરનાં બૈરાં તેમજ કૃપાશંકરનાં વહુ ખુલ્લે ખુલ્લું કહે છે કે 'જ્યારે ઘેર બેઠા લોક કુમાર્ગે ચાલી નાતની આંખોમાં ધૂળ નાંખે છે ત્યારે આમાં શું છે ? ઢોંગા અને વખત આવ્યે નરમ થઇ જઇ નાતમાં અનાચાર દાખલ કરનારાઓ સ્વચ્છંદે મહાલે છે ત્યારે આવાં સારાં ભણેલાં ગણેલાં અને સુધરેલાં-વિવેકી માણસોને શા માટે રંજાડવાં ?'

મોટાં ઉત્સાહથી બોલ્યાં કે 'અલબત, સૌને એકસરખો ઇનસાફ આપવો જોઇએ ! દુરાચારી લોકોને નાતમાંથી વિણી કાઢવા જોઇએ.'

રામશંકર—ધર્મ, પવિત્રતા કે નાતના બંધનની આ વાત નથી. આ તો ખાલી દ્વેષ અને મમતની વાત છે. નાતજાતના લોકો કોઇનું સારૂં જોઇ શકતા નથી. આ ગર્જીને બોલે છે પણ એને કયાં ખબર છે કે, કૃપાશંકરને અંદરથી ઉશ્કેરનારો તો એનો નરભેશંકર છે. એની છોકરી વીરૂને દેવાની હતી પણ તે બન્યું નહિ તેનું એ મૂર્ખો વેર

વાળે છે. જુગલદાસ તો ઠેકાણા વગરનો માણસ છે આમે ઢળી જાય અને તેમે ઢળી જાય. નરભેશંકર માત્ર અંતઃકરણના વેરથી પ્રેરાયેલો વીરૂની વિરૂદ્ધ એને ચઢાવે છે.

'કોણે તમને એવું કહ્યું ? લોક લડાવી મારવાને ગમે તેમ બોલે નરભેશંકરને શું છે ?' મોટાં ગરજ્યાં.

જિતેન્દ્ર વિનયથી બોલ્યો કે 'નહિ, વાત ખરી છે. મને પણ ઘણા જણે આજ વાત કહી છે. એમણે બકુલાને પરણાવી. સારૂં ઘર મળ્યું, પરંતુ વીરૂભાઇની સાથેની વાત જરા ચર્ચાઇને ઉડી ગઇ તેથી એમને વેર વસ્યું છે.'

'એમ હોય તો હું એને બોલાવીને ઝાટકી નાંખું.'

રામશંકર—એવું કરવાની કંઇ જરૂર નથી. આપણે સત્ય ઉપર ઉભેલાં છીએ અને આપણો નિશ્ચય પાકો છે તો પછી આપણે કોઇને કંઇ કહેવાની જરૂર નથી. જે આગળ પડયું હશે તે પસ્તાશે. નરભેશંકર કે કૃપાશંકર જે હશે તે ભલેને એમના દાવપેચ રમે. આપણે કોઇને કંઇ કહેવું નથી અને કોઇની ઉપર વેર પણ રાખવું નથી.

'અલબત, આપણે કોઇને ઠપકો આપવાનું કારણ નથી. જેને જેમ ઠીક લાગે તેમ કરે. અમે તો સૌને પોતપોતાની સ્વતંત્રતા જાળવી કાર્ય કરવાનો માર્ગ દેખાડનારા છીએ. વારૂ, બહુ વાર થઇ, હવે હું રજા લઇશ.' આમ કહી જિતેન્દ્રલાલ ઉઠયો.

'વીરૂ આવશે એટલે લોક વળી વધારે ઉશ્કેરાશે.' મોટાંએ તેને નીચે ઉતરતાં ઉતરતાં કહ્યું. 'તમે કંઇ લખ્યું હશે અને તમારીજ બાજી હશે ?'

'ના ના, તેવું કંઇજ નથી. અમસ્તા આવે છે. મેનાભાભીને આવ્યાને બે મહિના થયા, તેમને મળવા આવે નહિ ?'

'અમને મળવા નહિ ?'

'તમે તો ખરાંસ્તો !' જિતેન્દ્ર આમ કહી હસતો હસતો ચાલી નિકળ્યો ને મોટાં બારણાં બંધ કરી ઉપર ગયાં.

પ્રકરણ ૨૭ મું.

" મારી આંગળી ભિંજાય ને મારો નખ નમેરે;
મારો ફરૂકે છે ડાબા પગનો લાંક, શકુન સૌ સારૂં સૂચવે રે. "

હિંચકે બેસીને આ ગીતને વારંવાર રાગોટતી રાગોટતી, આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયેલી પણ સુભાગ્યના અતિરેકથી અને પ્રેમના ઉભરાઓ ઉપર ઉભરા અનુભવતી મેનાગૌરી ગાતાં ગાતાં એકદમ રહી જઇ પોતાના મનમાંજ બોલી, કે, ' ખરેખર આજ સવારથી મને સારાજ શકુન થવા માંડયા હતા અને શકુને તેનો ભાવ પણ સારોજ ભજવ્યો મારો જાણે આજ પુનર્જન્મ થયો ! અહો ઇશ્વરની લીલાનો કંઇ પાર છે ! સવારમાં ઉઠી, અને આંખ ફરકવા લાગી ત્યારે મને ખબરે ન હતી કે ' એ આવવાના સમાચાર મળશે. ' હું નહાઇને મોટે ઘેર જવાને તૈયાર થાઉં છું એટલામાં જિતેન્દ્રલાલ આવ્યા અને બોલ્યા કે ' ભાભી ! વધામણી ! ' હું તો અજબ થઇ તેમની સામુંજ જોઈ રહી. તેમને આશ્ચર્ય લાગ્યું કે ' આ તો કંઈ સમજ્યાં નહિ ' પણ હું શું સમજી હોઉં તે ઉત્તર આપું ? એમણેજ બિચારાએ કહ્યું કે ' ન સમજ્યાં ! વીરેન્દ્રભાઇ આવતા શુક્રવાર સોરા અહિં આવવાના છે. ' વહાલાના આગમનની ખબર સાંભળવા છતાં મારાથી તેમને કંઇ ઉત્તર અપાયો નહિ તેથી એ પણ અજબ થઇ ગયા. આખરે એમની મશ્કરીને ભોગ પડવા જેવો મેં સવાલ કર્યો કે ' હજી પાંચ છ દિવસ પછીને ? ' તે ખડખડાટ હસીને બોલ્યા કે, ' ના આજ ને આજ આવે એમ તમો ઇચ્છતાં હશો. કેવાં વરઘેલાં !' શકુનના ભાવથી હું વિસ્મયાહત હતી અને મોટે ઘેર જવું હતું એટલે તેઓ પાછા ફર્યા અને હું ત્યાં ગઈ, પરંતુ ત્યાંએ હું તો બેફામ હોઉં એવીજ બધાંને લાગતી રહી. સીતાએ પણ બે ત્રણ વખત પૂછ્યું કે ' બાઇ ! કેમ આજ આપ આનંદમાં છતાં શૂન્યહૃદય હો એવાં લાગો છો ? ' ખરેખર ઉપરા ઉપરી આનંદ આપનારા સમાચારો સાંભળવાથી હું આજ બેફામ હોઉં તેવી થઇ ગઈ છું. કુંદનગૌરી આવ્યાં

તેમણે કહ્યું કે 'આજનાં કુંદનગૌરી કાલે કુંદનભાભી બનશે.' હું તે વખતે પણ કંઇ સમજી નહિ! સારૂં છે કે, આજ મારાં નણંદ જણાયાં નથી, નહિ તો મારી ખૂબ થેકડી કરત. ત્રણ ચારને અમલે '.કુંદનગૌરીનાં માસીજી' આટલું બોલતાં બોલતાં શરમાઇ ફરીને ઉમળકાથી બોલી કે 'કુંદનભાભીનાં માસીજી અરે! મારાં માતાજી આવ્યાં! કોણ જાણતું હતું કે મારે માબાપ હશે અને તે વળી આમના ગામનાં અને નાતનાં! કર્મ કરે તે કોઇ કરે નહિ! એ બિચારાં બીતાં બીતાં પણ હેતનાં ભર્યાં ને આનંદથી છલકાઇ જતાં આવ્યાં. સારૂં થયું કે, તે વખતે સીતા પણ ન હતી, નહિ તો અમ માદીકરીના મેળાપની ગાંડપ જોઇ તે આભીજ થઇ જાત. માતાજી ઉપર આવ્યાં અને જેવી મારી ને એમની આંખ એક થઇ તેવુંજ તેમાંથી સ્નેહામૃત ઉલકાવા માંડયું. એમની છબિ જોઇને કોઇ ન સમજી શકાય તેવું મને હેત આવ્યું અને તેએ મારા સામું જોતાં જાણે વાત્સલ્ય ઘેલાં થઇ ગયાં. 'આવો' એટલુંજ મારાથી બોલાયું અને એ પણ મુંગાં મુંગાં કેટલીએ વાર લગી મારા ચહેરાનું પાન કરી રહ્યાં. પછી તેમણે મારા પગ સામું જોયું અને ખરેખર તેમની આંખો આંસુના પુરથી ભરાઇ ગઇ. તેમનાથી ઉંચું જોવાયુંજ નહિ. હું પણ જાણે ચિત્રમાં ચીતરાઇ હોઉં મને પોતાને ભૂલી ગઇ હોઉં તેમ મૌનજ બેસી રહી. આખરે એજ ઉમળકાના ઉભરાથી અંધધંધ થઈ ગયેલાં એકદમ ઉભાં થયાં અને મોટેથી બોલી ઉઠયાં કે 'કોણ કહે છે કે "મડમ—આ તો **મારી મધુરી**! મારા પેટમાં પાકેલું કન્યારત્ન, મારી આંખની કીકી! મારી લાડકી બેટી!" આમ ઘેલાં થયાં હોય તેવું બોલતાં તે મને જોરથી ભેટી પડયાં અને હુંએ ફરીને જાણે એના અંગમાં સમાઇ જતી હોઉં તેમ તેને માતૃસ્નેહથી બાઝી પડી. એક બીજાના ખભા ઉપર મસ્તક નાંખી કેટલીએ વાર લગી અમો એમનાં એમ રહ્યાં ને આંખનાં આંસુએ એક બીજાનાં હૃદયજ નહિ પણ અંગને પણ આર્દ્ર કરી નાંખ્યાં.

મેં તેને ગળેથી હાથ છોડી દીધા કે તરત તે નીચે બેસી ગઈ અને બોલી કે 'દીકરી! વહાલી બેટી, મારી ચૌદચૌદ પંદરપંદર

વર્ષની વિજોગણુ વત્સા ! બેટા ! તારા મરણે મરણપ્રાય જીવને જીવતી માતાને આજ તેં સજીવન થઈ સજીવન કરી ! બેટા ! હવે મને સંપૂર્ણ ખાતરી કરવા દે ' આમ બોલી તેણે મારાં બધાં અંગ ઉપર અમૃતનો વરસાદ વરસાવતી આંખ અને નવ જીવન આપતો હોય એવો હેતાળ હાથ ફેરવ્યો અને વળી બોલી કે ' બેટા મધુરી ! હવે તું મડમ નહિ પણ મારી લાડકી મધુરી બેટી છો ! દીકરા ચાલ મારી સાથે આપણે ઘેર અને તારા પિતાને સમજ પડવા દે. તારા નાનાભાઇને ' ભાઇલા ' એવા પ્રેમ ભર્યાં સંબોધને ભાંડુવાળો બનાવ, દીકરી વગરની થઇ રહેલી વાછડા વિછોઈ ગાય જેવી હું માતાને આપણે ઘેર આવી પાનો ચઢાવ, ચાલ ચાલ બેટા ! હમણાં ને હમણાં ચાલ. ' આમ કહી સ્નેહથી પરાજિત થયેલી એણે મને વાત્સલ્યમાં ઘેલી કરી નાંખી અને હું બધી રીતે મને પોતાને ભૂલી ગઇ હોઉં એવી થઇ ગઈ. હું ક્યાં છું, કોની આગળ ઉભી છું, કોણ હતી અને આ બધું શું ખરૂં છે કે સ્વપ્ન ? એમ મને લાગવા માંડયું.

' બોલ બેટા બોલ ! શું કહે છે ? મારી સાથે ચાલે છે કે નહિ ? ' એમ તેણે ગદગદ સ્વરે કરગરી પડીને બોલવા માંડયું અને હું પણ તેથી ગદગદ થઇ ગઈ છતાં મનને ઠેકાણે રાખી સ્નેહથી તેની પાસે બેઠી. મેં કહ્યું કે ' બા આ શું ? ' ' મારાં પુણ્ય કર્મનું ફળ બેટા ! મુએલાંનાં આ જગતમાં કોઇ મોંઢાં જોતું નથી તે મેં જોયાં. ધન્યભાગ્ય ! મારા જેવું સુભાગી કોણ ! આ શું કેમ, આપણાં સદ્‌ભાગ્ય ! બીજું કંઇજ નહિ. '

મેં કહ્યું કે ' મારાથી મારાં જેડાણી—મોટાંબાને કહ્યા વગર કહિંએ ડગલું દેવાય નહિ માટે હાલ તું જા. કાલે સવારે મારાં મોટાં બાને ત્યાં મને તેડવા મોકલજે. તે રજા આપશે એટલે હું આવીશ.'

આમ અમ મા દીકરી વચ્ચે રહેલો અજબ પડદો ઉપડી રહ્યો હતો ત્યાં તો સીતા આવી પહોંચી. મારી બાએ ખુંખારી મન ઠેકાણે આણ્યું અને થોડીવારે તે ઉઠીને ગઇ પણ એનો જીવ મારી પાસે મૂકતી ગઈ.

ત્રણ ચાર કલાક થયા પરંતુ હજીએ હું જાણે એને મને કરગરતી જોઉં છું. મારી આસપાસ એની છબિ જાણે ફર્યા કરતી હોય એમ મને લાગ્યા કરે છે. હું પણ ભુરાંટા જેવી થઇ ગઈ છું. એ આવવાના છે—મારા જીવન પ્રાણ—તે પણ મારી માતાને ઘેર જવાના આનંદમાં મને સાંભરતા નથી. ઓહો ! આ તે કેવા અજબ બનાવો ! હું કયાં જન્મી, કયાં ઉછરી, કયાં મોટી થઇ, કયાં ભણી, કયાં મને એમનો મેળાપ થયો, કયાં હું આવી અને કયાં કેવો મજેનો મેળ ઇશ્વરે મેળવી દીધો ! માણસનો ઉદ્યોગ અને માણસની બુદ્ધિ એનાં ગૂઢ કર્તવ્યો આગળ કંઇજ પહોંચી વળતાં નથી ! ઇશ્વરની અકલિત કળા તે આનુંજ નામ ! અહો ! મારા ઉપરની એની કૃપા દૃષ્ટિનું હું પામર શું વર્ણન કરૂં ! પણ અરે ! આ બધું કેમ થયું ? હવે એ સમજાય કેમ ? કોણે એને કહ્યું કે ' આ મારી પુત્રી'? શું એ તપાસ કરતા હતા એમને ભાળ મળી હશે ? એમણે મારાં માબાપને લખ્યું હશે ! એમ હોય તો એ મને ના લખે ? આ શું કૌતુક ! ! ' આમ મનમાં ને મનમાં વિચાર કરતી મેના એકદમ હિંચકેથી ઉઠી છજામાં ગઈ અને આમ તેમ રસ્તા સામું જોઇ વળી મનમાંજ બડબડી કે " આ વિચારો મને ગાંડી તો નહિ બનાવી દે ! આ શો ચમત્કાર ! આનો કંઇક ખુલાસો થાય તો સારૂં ? કૃપાશંકર મારા પિતા ! મારે માટે મારા ઘરની વિરૂદ્ધ ! મારા ઘરના કટ્ટા દુસ્મન ! કંઇ કપટ કે ખોટી બનાવટ તો નહિ હોય ? ' થોડો વિચાર કરી ' ના ના, માતાનું વહાલ, અને માતાની અંતરની અસર, અંતઃકરણની લાગણી છે. કદાપિ લોકનું છળ હોય તોપણ મારૂં અંતઃકરણ મને શું કહે છે ! મારો જીવ કેવો એને માતારૂપ માની ગયો છે અને હું કેવા માતૃસ્નેહથી ગદ્ગદ થઇ ગઇ છું. મારા અંતરમાં તો કંઇ મેલ નથીને ? નહિ નહિ, એજ મારી માતા, અને હું એની પુત્રી ! એનો અંગ સ્પર્શ મને કેવો સ્નેહ પૂર્ણ લાગ્યો. એનું અને મારૂં મન કેવાં એકાકાર થઈ ગયાં ! ખરેખર માદીકરી તે માદીકરીજ. મને તો જરાએ શક નથી અને જાણે એમ થાય છે કે, કયારેને એને ત્યાં જઇ એને

ભેટી પડું, મારા ભાઇને હોંશથી બોલાવું અને, જ્યાં મેં પહેલ વહેલાં ભાંખોડિયાં ભરેલાં તે ભૂમિને જોઇ આ દીર્ઘ વિયોગી આંખોને ઠારૂં! પણ અરે! મને ખાલી તો ખાલી પણ કપટનો જેમ અંદેશો આવે છે તેમ મોટાંભાને અંદેશો આવશે. અને તે ત્યાં જવાની મને રજા નહિ આપે તો શું કરીશું? રતનગૌરી મારી બા એમાં તો શક નથીજ. માદીકરી એમ જાહેર થયું એટલે હવે તો માતૃ સ્નેહથી મારૂં હૃદય ભરાઇ ગયું છે. જાણે કયારે ને એની પાસે જઇ લાડું! કયારે મારા ભાઇનું મુખ જોઇ આનંદમાં મહાલું! એ આવશે તે પણ કેવા રળિયાત થશે અને ઘરમાં પણ મારૂં કેવું માન વધશે! અહો! કેવો સુખનો દહાડો!' આમ બોલી મેનાગૌરી છજામાં આરામખુરસીમાં પડી અને આવા ને આવાજ વિચારમાં જરા નિદ્રાવશ થઇ.

આણી તરફ પુત્રીને મળી ભેટીને ઘેર ગયેલી માતા—રતનગૌરી પણ 'કયારેને સવાર પડે ને મારી મધુને તેડી લાવું' એવા હોંસી વિચારમાં સાંજનું કામકાજ કરવા લાગી. બહારથી કૃપાશંકર અને રતનગૌરીની કાકાની દીકરી પ્રસન્ન—કુન્દનની સાસુ એ બે જણ સાથેજ ઘરમાં આવ્યાં. કૃપાશંકર કંઇ બોલ્યા ચાલ્યા વગર મેડે ગયો ને પ્રસન્નલક્ષ્મીએ પરસાળમાં જઇ રતનગૌરીને પૂછયું કે 'કેમ બહેન! તું પણ જઈ આવી કે નહિ? તને શું માલમ પડયું?' રતનગૌરી બહેનનો આ સવાલ સાંભળતાં વાંત રડી પડી. દીકરીના સ્નેહથી ગદ્‌ગદ્ થઈ ગયેલી તે બોલી કે 'બહેન! માલમ શું પડવાનું હતું? મડમ નહિ પણ મારી મધુરીજ છે. મારા પેટમાં પાકેલી ને મારૂં ધાવણ ધાવી ઉછરેલી છોકરીપંદર તો શું પણ સો વર્ષ થયાં હોય તોય મારાથી ઓળખાયા વગરરહે? આપણી મધુરી—મધુરીજ—મડમ નહિ! કોઇ મડમ કહે તો તેની જીભ કાપી નાંખું.'

'આપણે બનીએ નહિ—કોઇએ તરકટ કર્યું ના હોય? તને શા પરથી ખાતરી થાય છે? એના શરીર ઉપર એવું કંઇ ચિહ્ન છે?' પ્રસન્નલક્ષ્મીએ એકદમ ઉતાવળિયાં નહિ થઇ જતાં ધીરેથી પૂછયું.

'નિશાન શું ? મધુરીને ડાબે પગે ૭ આંગળીઓ હતી તે શું આપણે બધાં નથી જાણતાં ? હું તું અને તારા બનેવી ત્રણ જણાંએ એ વર્ષ દિવસની થઇ ત્યારે લાભશંકર દાક્તર પાસે જઇ તે આંગળી કપાવી નાંખી હતી તે તને સાંભરે છે ? મારાથી જોવાય નહિ તેથી મેં એને તારા ખોળામાં આપી હતી કાપતી વખતે તો એના બાપે પણ આંખે હાથ દેઇ દીધા હતા.'

'હા, એ ખરેખરી ઓળખ ! તેં એ જોઇ બહેન ! પ્રસન્ન લક્ષ્મીએ પ્રસન્ન થઇ બહુજ આતુરતાથી પૂછયું.

'હા, મેં તે શું જ જોઇ, તેના શરીરે હાથે ફેરવ્યો અને મારી ગોદમાં લઇ લીધી. આવો મોટી મધુરી પણ જાણે મારા અંગમાં સમાઈ જતી હોય તેમ મને ભેટી પડી. હું ને એ—મા ને દીકરાંનાં હૃદય ને શરીર એક થઇ ગયાં, મન મન અને આત્માએ આત્માને ઓળખી લીધાં. કાલે સવારે હું કીકાને મોકલી એને અહિં બોલાવી લઇશ. તું સવારે જરૂર અહિં આવજે બહેન !'

'લાવ ત્યારે હું કીરપાશંકરને મળું. આમ બોલી તે ઉઠીને મેડીએ ગઇ ત્યારે થોડી ઘણી વાત જાણવામાં ને સાંભળવામાં આવવાથી ખિન્ન પણ ઉંડા વિચારમાં પડી ગયેલ તે કપાળે હાથ મૂકી તકિયે બેઠેલો હતો. પ્રસન્નલક્ષ્મીએ મેડીમાં પેસતાંજ કહ્યું કે 'કીરપાશંકર ! દિલગીર ના થતા. પંદર વરસે ઇશ્વરે તમને તમારા છોરૂનાં દર્શન કરાવ્યાં છે તો આનંદ માનો ! અહો ! તમારા જેવું ભાગ્યશાળી કોણ કે જે આટલાં વર્ષે પણ વિસારે નહિ પડેલા પહેલા ખોળાના બાળકનું મોં જોવા પામે ?'

કૃપાશંકરની આંખોમાં પણ આંસુ આવી ગયાં. થોડીવાર લગી તો તેનાથી બોલાયું પણ નહિ. પ્રસન્નલક્ષ્મીની સામે નાત કરવાની તૈયારી કરેલી તેથી તે વધારે ઝંખવાણો પડી ગયો અને શો જવાબ દેવો તે પણ તેને સૂઝયું નહિ. પ્રસન્નલક્ષ્મી તેના મનને પામી જઈ આશ્વાસન આપતાં હોય તેમ બોલ્યાં કે 'તમારે લગારે છોભાવું નહિ. એ તો નાતજાતની બાજીઓ છે. અમારે ને તમારે કંઇ વેર

હતાં, માત્ર મમતની રમત હતી અને તે પણ 'પેટના બળ્યા ગામ બાળે' એવા પરાયા માણસોએ ઉભી કરેલી હતી. શા માટે તમે ઓછું આણો છો? ધનઘડી! ધનદહાડો! આપણી દીકરી–સાક્ષાત્ લક્ષ્મીદેવી મળી આવી, પછી ક્ષોભ શો? મારી રતન જોઇ આવી, તે એજ મધુરી છે. આપણે એની છઠ્ઠી આંગળી કપાવી નાંખી હતી, તે લાખુ આબાદ નિશાની છે.

'તરકટ હોય તો! એ બૈરૂં માણસ છોકરીની પ્રેમમાં ભ્રમિત થાય અને ખોટું નિકળે તો પછી મરવું પડે.' તેણે ગદ્ગદ્ સ્વરે ઉત્તર આપ્યો, એટલામાં રતનગૌરી ઉપર ચઢી આવી ને બોલી કે, 'તરકટ! એ શું બોલો છો? મારા લોહી માંસથી બંધાયેલા પિંડની અને મારા પેટમાં પાકેલી પુત્રીને હું ન ઓળખું, એમ બનેજ કેમ? મારી મધુરી, મારી આંખોની કીકી–એની એ મારી આંખોમાં ને હૃદયમાં રમી રહેલી–નિરંતર આડી ને અવળી સાલી રહેલી મધુરી! સવારનો પહોર થાય એટલીજ વાર, હું એને તેડી લાવું ત્યારે જોજોને, તમારૂં હૃદય પણ સ્નેહથી ઉભરાઇ જશે.'

'મારી મધુરી! મારા લાડકી બેટી! અરે ઇશ્વર! હું આટલે વરસે એને જોવા પામીશ! ધન ભાગ્ય! અજબ બનાવ! પણ મને કંઈ તરકટ હોય તો શું કરીએ, એવો ભય રહે છે. લાખું બીજા માણસનેએ ન હોય? હાય! આ શું? આનો ક્યાં ખુલાસો થાય અને કેમ મન માને!' આમ બોલતાં બોલતાં શોક ને ક્ષોભથી તેનો કંઠ રૂંધાઇ ગયો. રતનગૌરીની આંખમાં પણ ફરીને આંસુ આવી ગયાં પ્રસન્નગૌરીએ 'આ યોગ્ય વખત છે' એમ જોઇ તરતજ પોતાના કબજામાંથી પેલો કાગળ કાઢી કૃપાશંકરના હાથમાં આપતાં કહ્યું કે 'મારી બહેન ઉપર તમને વિશ્વાસ ન આવતો હોય તો ખેર! જુઓ આ કાગળ તમારો કે નહિ? એમાંના અક્ષર તમારા કે બીજા કોઇના? કીકાના જન્મને દહાડેજ તમે લખેલો તે કે બીજો?'

કૃપાશંકર કાગળ સામું જોઇ રહ્યો, પોતાના અક્ષર ઓળખ્યા, અને તારીખવારનો ટાળો મળતો આવતો જોઇ આંસુ ભીની આંખે

હસીને બોલ્યો કે ' જુઓ, હું શું ખોટું કહેતો હતો. તમે તરકટી ખરાં કે નહિ ? જ્યારે તમારી પાસે આવો સારો પુરાવો હતો ત્યારે શા માટે આટલા બધા દહાડા અમને વહેમમાં ને ભ્રમમાં રહેવા દીધાં.' રતનગૌરીએ કાગળ ઉપાડી લઇ કહ્યું કે ' પરસનબ્હેન ! તેં આ શું કર્યું ? મને મારી લાડકીનું ઓળખાણ આપતાં–અરે મેળાપ કરાવતાં તેં આટલો બધો વિલંબ કરાવરાવ્યો, ને ભૂલી ભમાવી ! તું પણ બહુ કઠણ હૃદયની દેખાય છે. '

પ્રસન્નલક્ષ્મી બોલી કે ' બ્હેન ! કુન્દનવહુએ તને વાત કર્યા પછીજ મને વાત કરી. તું એને મળવા ગઇ અને હું, કુંદનને જેણે વાત કરી હતી તેને ત્યાં તજવીજ કરવા ગઇ. તે માણસે પહેલાં તો માન્યું નહિ, પરંતુ મેં જ્યારે બધી વાત કહી ત્યારે તેણે માન્યું અને મેં કેટલીવાર પળસી કરી ત્યારે, તારૂં જમાઇ આવનાર છે તે આવે ત્યાં સુધી કંઇ પણ વાત નહિ ઉઘાડી પાડવાની સરતે આ કાગળ મને દેખાડયો. ફીરપાશંકર આડા છે તે માને નહિ એટલા માટે કાગળ પાછો આપી આવવાની સરતે હું લઈ આવી છું. કાગળ લઇ ઘેરે ગયા વગર બારોબાર અહિં આવી છું. મને પણ તારા જેટલોજ ઉમળકો આવ્યો ને તારીજ માફક મારૂં હૃદય પણ વાત્સલ્યથી ઉભરાઈ ગયું. મારે આનંદમાં આનંદ ' હું જાણતી હોઉં તો તારાથી છુપાવું ? '

' હવે કેમ કરવું ? ' રતનગૌરીએ પૂછ્યું.

' એના ઘરનાં માણસ પણ આ વાત જાણતાં નથી, અને પેલો આવે ત્યાં લગી મને કાગળ આપનાર આ ભેદ ખુલ્લો કરનાર પણ નથી, માટે કાલે સવારે તું પોતેજ ગિરિજાની પાસે જઈ એમને આ વાત કહી મધુરીને લઈ આવજે.'

' એમને વિશ્વાસ આવશે ? '

' હા, તારી ઉપર વિશ્વાસ આવશે, ફીરપાશંકર ઉપર ન આવે.'

' એમના ઉપર શા માટે ન આવે ? અમારૂં છોકરૂં છે તેને અમારે ત્યાં મોકલતાં શા માટે વિશ્વાસ ન આવે ? ' રતનગૌરીએ કહ્યું. '

'હશે, બહેન ! આપણે માત્ર ગોળ ખાધા સાથે કામ છેને ! આપણે એની વિરૂદ્ધ પડયાં અને વહુ હતી તોય એમણે એને દુભવી નહિ. ઇશ્વરે કેવી જોડેજોડ મેળવી દાધી. સવારે નવ દસ વાગે હું આવીશ ત્યાર પહેલાં તુ જરૂર તેડી આવજે.' આમ કહી તે ઉઠી એટલે કૃપાશંકર બોલ્યા કે, 'તમને આ કાગળ કોણે આપ્યો તે તો કહેતાં જાઓ ?' 'ના તે કહેવાનું નથી.' તેણે કાગળ લઇ ખીસામાં મૂકયો ને કહ્યું કે 'ગમે તેણે આપ્યો પણ નાતમાં તો વિજળીની ઝડપે વાત જણાઇ ગઇ. રતનબ્હેન ગયાં તે લોકના જાણવામાં આવ્યું છે, એટલે એનાં મોટાં વગેરેએ પણ જાણ્યું હશે.' પ્રસન્નલક્ષ્મી ને રતનગૌરી નીચે ઉતર્યાં અને કૃપાશંકર મનમાં મુઝાતો વિચાર કરતો અને વારંવાર 'આ શું ? આ શું ? એમ વિસ્મયના ઉદ્ગાર કાઢતો તથા પશ્ચાત્તાપ કરતો લમણે હાથ દઇને બેસી રહ્યો.

પ્રકરણ ૨૮ મું.

રતનગૌરી ગિરિજાને મળી મેનાગૌરીને પોતાને ઘેર લઇ ગયાં. નાતમાં વાત જણાઇ ગઈ અને અનેક ગુલગાન ઉડવા માંડયાં. કેટલાક આ બાજુ અને કેટલાક તે બાજુ પોતપોતાનાં ઘરોમાં અને બહાર વાતો કરવા લાગ્યા. વિરૂદ્ધ પક્ષવાળાઓની તેલમાં માખ બૂડી ગઇ. ઘણા માણસો ઝંખવાણા પડી ગયા. નવા વિચારવાળા ખુશ થયા અને જેઓ એ બાજુની શરમથી ગુંચવણમાં પડયા હતા તે આ ઉપાધિમાંથી છુટા થઈ ગયા. 'ઓચિંતુ આ શું થયું ? કોણે ભેદ ભાગ્યો, કોણે ખાતરી આપી અને આ શું કૌતૂક થયું ?' એવા વિચારમાં રામશંકરનું ઘરજ નહિ, પરંતુ જુવાનિયા અને તેમની સામાવાળિયા સૌ વિચારમાં પડયા. કૃપાશંકર અને શિવશંકરનાં ઘર જે આ ઝગડામાં એક બીજાની સામે ઝઝુમનાર હતાં તે ઓચિંતાં એક થઇ ગયાં. તેમની વચ્ચે—બે બહેનોના ઘર વચ્ચે—આવા મંગળ પ્રસંગે જેવી આનંદી હિલચાલ થઈ રહે તેવી હિલચાલ ચાલુ થઇ. જેઓ કૃપાશંકરનો ખભો થાબડતા હતા

તેઓ એકદમ ખસી ગયા એટલુંજ નહિ પરંતુ છોભા પડી ગયા. કૃપાશંકરને નવાં નેત્ર આવ્યાં હોય એમ થયું. તેને લાગણી થઇ. જેમને તેઓ પોતાના અંગત માનતા હતા તેઓ કટ્ટા દુશ્મન જેવા દેખાયા. બધા વિચારો એકદમ ઉલટાઇ ગયા અને તરતજ પ્રાયશ્ચિત્તાદિક જે કંઇ મુખ્ય કર્તવ્ય હતું તે કરી, જાણે કંઇ બન્યુંજ ન હોય, તેમ આનંદે શિવશંકરને ત્યાંના પ્રસ્તુતમાં ભાગ લેવા માંડ્યો. નાતના લોકોને વાતનો નવો વિષય મળી આવ્યો અને જેમને જેમ ઠીક લાગે તેમ તેઓ બોલવા ને વાત કરવા લાગ્યા. એક બે દિવસ એમને એમ ચાલ્યા ગયા પરંતુ રામશંકરને ઘેર કંઇ નવી વાત આવી નહિ. કોણ જાણે કેમ, બે દિવસ થયા તેમ છતાં મંજુબહેન પણ જણાઇ નહિ. ગિરિજા સાંજનાં પરસાળના હિંચકા ઉપર બેસી 'આ તે રડયું શું?" એમ પોતાના મનને પૂછે છે એટલામાં મંગળાગૌરી બહારથી આવ્યાં રામશંકર આવી મેડીએ બેઠેલાજ હતા. મંગળાગૌરીએ ગિરિજાની પાસે જઇ કહ્યું કે 'જુઓ મોટાં, આજ હું બહાર ગઇ તો બધી વાત લઇ આવી. મંજુબહેનને ઘેર ગઇ પણ તે શિવશંકરના ઘરને કામે–નોતરે ગયેલાં હોવાથી મળ્યાં નહિ. નાતનાં અને સગાં તરફથી કેટલીક વાત જાણવામાં આવી.'

'હું તો આમાં કંઇ સમજી શકતી નથી. રતનગૌરી આવ્યાં, તેમણે કહ્યું કે, 'મેના મારી પુત્રી છે માટે મારા સાથે મોકલો.' મેં તમારા જેઠને પૂછ્યું. તેમણે તરતજ હા કહી અને મેં મોકલ્યાં. મેં મોકલ્યાં પણ મોકલ્યાં ને તરત, હું વિચારમાં પડી કે હાય હાય! મેં આ શું કર્યું? કંઇ તરકટબરકટ હશે તો શું કરીશ? વીરૂને શો જવાબ દઇશું અને કેમ થશે? મેં તરતજ તમારા જેઠની આગળ જઇ મારો ફડફડાટ તેમને જણાવી દીધો, પરંતુ તેમણે કહ્યું કે, 'કંઇ હરકત રાખતી નહિ. તારી મેનાને એનાથી કંઇ થવાનું નથી. પરીક્ષા કરી પાછી મોકલશે બીજું શું?' તે પછી સીતા ખબર લઇ આવી તે તો તમે જાણો છો, પણ હું તો અચંબામાં ગરકાવ થઇ ગઇ છું. મને કંઈ સુઝતું નથી. ક્ષણમાં સારા અને ક્ષણમાં નઠારા વિચાર આવે છે.

જાણે ગાંડી થઇ ગઇ હોઉં એમ હું મને પોતાને લાગું છું. હશે, હવે તમો શી વાત લાવ્યાં છો તે કહો.? ચાલો ઉપર તમારા જેઠ સાંભળે એમ બધું કહો.' ગિરિજાએ મંગળાગૌરીને પોતાના વિચારો જણાવી કહ્યું.

'મોટાભાઇને તમે કહેજો. એમની આગળ મારે શું કહેવાનું છે? એ તો બહારથી સૌ જાણી આવ્યા હશે.' મંગળાગૌરીએ ગિરિજા સાથે હિંચકે બેસતાં જણાવ્યું કે 'મોટાં મંજુબહેનને ત્યાંથી રતનગૌરીને આ વાત મળી અને તે શૂર ભરી ડકેલે આવી મેનાને મળી. બેઉ મા દીકરી એક બીજાની આંખ મળતાં એક બીજાને તરતજ ઓળખી ગયાં. કહે છે કે, મેના અવતરી ત્યારે તેને પગે છ આંગળીઓ હતી તે, તે વર્ષ દહાડાની થઇ ત્યારે કપાવી નાંખી હતી તેના લાખાની નિશાનીએ રતનગૌરી, પ્રસન્નલક્ષ્મી, કૃપાશંકર અને તેમનાં સગાં પડોસીને ખાતરી થઇ એટલે કોઇ કંઇ બોલ્યુંજ નહિ. સૌ ચૂપ થઇ ગયાં. કૃપાશંકરે જુગલદાસને અને તમારા નરભેશંકરને ગાળો દઇ તુચ્છકારી કાઢયા. બ્રાહ્મણોને બોલાવી પ્રાયશ્ચિત્ત કરાવ્યું અને પોતાની છોકરીને પોતામાં ભેળવી દીધી.

ગિરિજા બોલ્યાં કે 'આ બધાં કારસ્તાન ખરેજ તમારી નણંદનાં! એ ત્યાં જઇ આવ્યાં ત્યારનાં કંઇક ભાળ લઇ આવ્યાં હતાં. વખતો વખત આપણી આગળ વાતમાં ને વાતમાં ઇશારા કરતાં હતાં, તમને યાદ છેને?'

'હા, રડયાં એવું તેવું બોલી દેતાં અને વળી પાછું વાળી લેતાં. આમાં એમનોજ હાથ હોવો જોઇએ. જુઓને બે દહાડા થયા જણાયાં છે? કેવાં પકકાં છે, મારા વહાલાં.' મંગળાગૌરીએ આગળ બોલતાં જણાવ્યું કે 'ઇશ્વરરાય જાણતા હોય તો કોણ જાણે? બાકી જિતેન્દ્રલાલ તો કંઇ જાણતા નથી. એ તો આપણી માફક ચકિત થઇ ગયા છે. લોકો ઠંડા પડી ગયા છે. કહે છે કે, શિવશંકરને ત્યાં નાત કરવાના છે.' મંગળાગૌરી એકદમ હિંચકા ઉપરથી ઉઠી ગઇ એટલે ગિરિજાએ બારણા સામું જોઇ કહ્યું કે 'પ્રભાશંકરભાઇ

તમે ને જિતેન્દ્રલાલ સાથેજ કયાંથી આવ્યા ? '

'આવો, ઉપર આવો ભાભી ! ' આમ કહી પ્રભાશંકર અને જિતેન્દ્રલાલ મેડે રામશંકરની પાસે જઈ બેઠા. ગિરિજા પણ મંગળાગૌરીને લઇ ઉપર ચઢયાં. મેડીમાં પેસતાંજ તે બોલ્યાં કે 'શું છે ? વીરૂભાઇ કયારે આવે છે ? '

'કાલે સવારે અહિં આવી પહોંચશે. ' જિતેન્દ્રલાલે જવાબ આપ્યો. પછી રામશંકર બોલ્યા કે, 'પ્રભાશંકર તમારા ઉપર તાર હતો. '

'હા' મારી ઉપરે છે અને રાયજી તથા જિતેન્દ્રલાલના નામ ઉપર પણ છે. જિતેન્દ્રલાલ અહિં કહેવા આવતો હતો તે મને પોળમાં પેસતાં મળ્યો એ ત્રણ દિવસથી વધારે રહેવાય તેમ નથી.'

'એવું શા માટે આવે છે ? ' મોટાંએ સ્નેહથી કહ્યું.

રામશંકર બોલ્યા કે, 'નોકરીવાળા માણસ એવુંજ આવે અને એમાંજ આપણને અને એમને સૌને સારૂ લાગે. ' જિતેન્દ્રલાલ સામું જોઇ 'બોલો બીજા શા સમાચાર છે ? '

જિતેન્દ્ર—નાતમાં તો સૌ શાંત પડી ગયું છે. કૃપાશંકર ચૂપ થઇ ગયા. લોકો તેમને દરવાજાનું ઉંટ બનાવવા માગતા હતા તે ખસી ગયા એટલે સામાવાળા સર્વેના હાથ હેઠા પડી ગયા છે. કોઇ કંઇ બોલતું નથી.

'કહે છે કે, મેનાવહુને પ્રાયશ્ચિત્ત કરાવ્યું અને શિવશંકરને ત્યાં સૌ જમે ખાય છે.

'સૌનાં મોં લેવાઇ ગયાં છે. સૌ હવે તો ઘરમાં એમ કહે છે કે "જેને જે ગમે તે કરે ભાઇ ! આજ એને અને કાલ આપણે." લોકની વાત આવી છે. આપણા લોકમાં કોઈ કંઇ ખરૂં ખોટું જેતું નથી. એકાદ જણ વાવરો લઇ આગળ થાય એટલે સૌ તેની પુંઠે જાય. 'પોતે શું કરીએ છીએ ' તેનું તેઓને જ્ઞાનજ હોતું નથી. આવા મૂર્ખ અજ્ઞાનોને કરવું પણ શું ?' જિતેન્દ્રલાલે મોટું પેટ બતાવ્યું.

'બહુ સારૂં છે. તમારા જેવા ગરમ લોહીના જુવાનો આવા

હૃદને—અરે સંત પુરૂષને શોભે એવાં વચન બોલે તે મને હાલની ઉદાર કેળવણી માટે બહુ ઉંચો વિચાર ઉપજાવે છે. વારૂ, આ વાત કોનાથી અને કેમ જાણવામાં આવી તે તો હવે કહો જિતેન્દ્રલાલ!' રામશંકરે બહુ પ્રેમથી પ્રશ્ન કર્યો.

'મંજુબહેન કંઇ જાણતાં હોય તો જાણતાં હોય ! અમે ત્યાં હતાં ત્યારનો મને શક છે કે મંજુબહેનને કંઇ જણાયું છે. મારા જાણવા ને ધારવા પ્રમાણે તો વીરેન્દ્રરાવને પણ કંઇ ખબર નથી. માત્ર તેમનેજ એ બાબત કંઇ જણાયેલી લાગે છે.' જિતેન્દ્રલાલના વિચારને ઉપાડી લઇ ગિરિજા બોલ્યાં કે 'હું હમણાં મંગળાગૌરીને એજ કહેતી હતી. મંજુ વારંવાર કંઇ જાણતી હોય એવો મને ભાસ કરાવ્યા કરતી હતી ને પાછું છુપાવી દેતી. આ વાત જાહેર થઇ તે દહાડાની અહિં આવી નથી.'

'હશે, કાલે વીરૂભાઇ આવશે ત્યારે તો આવશેને! એણે એનો ભાઇ આવ્યા પછી બધી બાજી ઉકેલવાનો સંકેત રાખ્યો હશે. મને પણ એકવાર એવું કહેતી હતી કે, ઝાઝી ફિકર કરવા જેવું નથી. સૌ સારાં વાનાં થશે.'

મંગળાગૌરીએ બહાર ઉભે ઉભે મજેને મર્યાદાભર્યે હળવે હલકે કહ્યું કે 'મેનાવહુ અને વીરૂભાઇ કોઇ કંઇ જાણતું નથી. મંજુબાએ બધો ભેદ એમના પાસે રાખેલો હોય એમ લાગે છે. આજ હું ગઇ હતી પણ મળ્યાં નહિ.'

'મેનાવહુની ખબર કોઇ કાઢો છો કે નહિ ?' પ્રભાશંકરે પૂછ્યું.

મોટાં બોલ્યાં કે 'વાહ ! સરત ન કાઢીએ એમ બને ? સીતા અહિંથી પરવારે છે કે તરત ત્યાં જાય છે. કૃપાશંકરના ઘરમાં આનંદે આનંદ થઇ રહ્યો છે અને રતનગૌરી બન્ને છોકરાંને લઇ તેમનાં બહેનના અવસરમાં મહાલે છે. મેનાવહુનો બળભાવ, જે આટલાં વર્ષ લગી હૃદયમાં ગુંચાઇ રહ્યો હતો તે માબાપને અને ભાંડુજનને મળવાથી ખુલ્લો થઇ ગયો છે અને સીતા કહે છે કે 'બાઇ તો

કલ્લોલ કરે છે.' અહિં આવવાનું નામે લેતી નથી. ખબર શી કહાવી હતી ? હવે એના માબાપને ત્યાં છે. કહે છે કે મંજુને સંભારતી હતી પણ તે તો મારી વહાલી અહિં નથી આવી તે ત્યાં શાની જાય ? કાલે વીરૂ આવ્યા પછી એને તેડવા મોકલવી છે.'

રામ—તને હોંશ હતી તે ઇશ્વરે પુરી કરી. એ કૃપાળ મોટો છે. હું તમને બધાને કહેતો હતો કે, એના ઉપર વિશ્વાસ રાખો. જુઓ વીરૂને નાતની ને વળી યોગ્ય ઘરની અને એને ગમતી કન્યા મળી આવી કે નહિ ? રતનગૌરી તમારે જે લહાવા લેવા હશે તે લેવરાવશે, અને થોડા વાંધાવચકા પાડી જુની રીતનો ચડભડાટ કરવો હશે તો તે પણ કરાવશે.'

પ્રભાશંકર વચમાંજ બોલી ઉઠયા કે ' ના ના, એવાં નથી. હોંશીલાં છે. અલબત્ત, એટલું તો ખરૂં કે મોટાંના ઓરિયા પુરાવશે.'

જિતેન્દ્રલાલે જણાવ્યું, કે, ' કૃપાશંકર–તેમણે નાત કરવાની જે તૈયારી કરી છે તે વીરેન્દ્રરાવને દસૈયું આપીને ખરચનાર છે.'

ખૂબ આનંદથી મોટાં બોલી ઉઠયાં કે, ' ત્યારે તો ખરેખરો રંગ આવે. આપણે આપણે ઘેર વહુવર પાસે સત્યનારાયણની કથા કરાવીશું. કથા થઇ રહ્યા પછી સૌ કૃપાશંકરને ત્યાં જમવા જજો.'

' તમારે ખરચમાંથી બચી જવું હશે નહિ વારૂ ?' જિતેન્દ્રે મશ્કરી કરી.

રામ—અમે આ આનંદનો અવસર તમારા કેળવણી ફંડમાં સારી રકમ ભરી આપી ઉઝવીશું. કેળવણી નિત્ય જમણ આપનાર અન્નપૂર્ણા દેવી છેને.'

' કેળવણીના ફંડમાં રકમ આપીશું તેમ સ્નેહીજનોને જાફત ઉડાવરાવીશું. વીરૂ અને મેનાવહુના સંબંધનો આ બનાવ તો એક અલૌકિક બનાવજ બન્યો કહેવાશે અને તેને ચિરસ્મરણીય બનાવવો એ મારૂં કર્તવ્ય છે.' પ્રભાશંકર સંતોષાનંદથી બોલ્યા.

' આ રાયજી પધાર્યા ' મંગળાગૌરીએ હોંસથી ટહુકો કર્યો. હસતા હસતા ઇશ્વરરાય અંદર આવ્યા. રામશંકરે હાથ પકડી તેમને પોતાની

નજીક તકિયે બેસાડયા કે તરત મોટાં બોલ્યાં કે 'તમને જશ આપીશું, તમને પાઘડી બંધાવીશું, પણ અમને કહો તો ખરા. કયાં સુધી ભ્રમણામાં ભમાવવાં છે ?'

ઇશ્વિરરાય–હવે ભ્રમણામાં ભમવાનું છેજ નહિ, તેમ એવો કશો ભ્રમ રહેવાનું પણ કારણ નથી. જે છે તે બધું ખુલ્લુંજ છે. મેના ત્રણ કે સવાત્રણ વર્ષનાં હશે ત્યારે તેમનાં કાકી જગદીશ તરફ યાત્રામાં લઇ ગયાં હતાં. ત્યાં પુરમાં તેઓ યાત્રાળુઓ સાથે મરણ પામ્યાં ને મેના પણ મરણ પામેલાં ગણાયાં. તમારાં વહુ થવાનું કર્મે લખેલું તે ઉગર્યાં અને હૈવે તમારા વીરૂભાઇને ત્યાં મોકલી હાથ ઝલાવરાવ્યો. મનુષ્યે આમાં શું કર્યું છે ? દૈવે જેવી બાજી માંડેલી તેવીજ, આપણને હેરત પમાડે તેવાં કર્મજોગની જીતમાં તેને પાર ઉતારી. કેવા કેવા સંજોગો આવી મળ્યા તે તપાસ કરવાને ઉંડા ઉતરવાની કાંઇ જરૂર નથી. જે જેવા કે તપાસવા જેવું છે તે એ કે, તે કૃપાશંકરની પુત્રી ખરાં કે નહિ ? તે છે. શારીરિક ચિહ્નો ઉપરથી માબાપને માસી પડાસી વગેરે સૌને ખાતરી થાય છે કે કૃપાશંકર અને રતનગૌરીનું બાળક છે. આપણે હવે વધારે જાણવાની શી જરૂર છે. 'ગઇ વાત તો બ્રાહ્મણે વાંચતો નથી' એ તમારી ઘરગતુ કહેવતને અનુસરી ચૂપ રહોને. કેમ હતું કેમ બન્યું ? કોણે ઉછેરી ? કેમ ઉછેરી ? વગેરે ચોળચુંથ કરવાની કંઇ જરૂર નથી. જરૂરમાં જરૂર કોનું છોકરૂં છે તે જાણવાની જરૂર; અને તે નક્કી–ચોક્કસ છે. રતનગૌરીને સુવાવડ આવવાની હતી તેથી છોકરીને એની કાકી યાત્રામાં લઇ ગયાં હતાં. છોકરીની પાસે એક રામપગલું હતું તે દાગીનો જોઇએ તો તે પણ મોજુદ છે. રતનગૌરીને છોકરો–આ હાલ જે કીકા છે તે આવ્યો તેજ દિવસે એમણે એમની ભોજાઇ ઉપર કાગળ લખેલો તે કાગળ તેમના હસ્તાક્ષરનો મળી આવ્યો છે. જન્માક્ષરનાં દહાડોવાર ને એ કાગળ લખ્યાનાં દહાડોવાર મળે છે. ઘરડાં ને પડોસીઓ એ ટાળો ખરેખરો ગણે છે અને માબાપ તથા છોકરીનાં મન મળી ગયાં છે, હવે વધારે જાણવાની શી જરૂર છે. કૃપાશંકરની છોકરી અને વીરેન્દ્રરાવની વહુ, જેવાં

નાતનાં બીજાં જોડાં, તેવું આ જોડું, આમાં નવતર શું ? શા માટે એની ચર્ચા ! '

જિતેન્દ્ર–બસ હવે ચર્ચા હોયજ નહિ. કોઈ પક્ષને કંઈ બોલવાનું રહેતુંજ નથી.

ગિરિજા–મંજુના જાણવામાં બધું આવેલું છે. વીરૂને કે મેનાને કોઇને, એણે અત્યાર લગી કહ્યું નથી. ઓહો ! કેટલી ઉંડી અને કેવા બહોળા હૃદયની !

' આ તો એક લોકોત્તર બનાવ કહેવાય. પ્રભાશંકર કહે છે તેમ આપણે આ આનંદને સારી રીતે ઉઝવવો અને સૌ કોઇ ખુશ થાય એવું કરવું. કાલે વીરૂ આવે એટલે ઇશ્વરરાય, તમે અને જિતેન્દ્ર મળી એક સ્નેહીસંમેલનની ગોઠવણ કરો ' આમ કહી રામશંકર ઉઠ્યા અને સૌ સંમેલનને ફતેહમંદ બનાવવાના ઉત્સાહી વિચાર કરતાં વેરાયાં.

પ્રકરણ ૨૯ મું.

મેનાગૌરીને પડોસની સમવયની છોકરીઓ સાથે સૈયર–પરિચય થયો હતો. સવારના પહોરમાં ' વીરેન્દ્રરાવ આવ્યા કે નહિ ? ' એવી ખબર કાઢવા તેઓ આવી હતી અને ધીરે ધીરે સૈયરો વાત કરતી હતી એટલામાં કુન્દનગૌરી ઉપર આવ્યાં અને બોલ્યાં કે ' કેમ નણદલ ! તમારા સાહેબ આવી પહોચ્યા. એ આવ્યાના તમને ખબર મળ્યા કે નહિ ? માસીજી ક્યાં ગયાં ? ' કુન્દનગૌરી હવે તો તમે ભાભી થયાં, તમારાથી આવું ના બોલાય ! બા નીચે છે, તમને ન મળી. ચાલો નીચે. ' આમ કહી આનંદભેર મેનાગૌરી ઉઠી સૌને લઇ નીચે આવી. પડોસની સખીઓ તેમને ઘેર ગઇ. મેના પરસાળના હિંચકાપર બેઠી અને કુંદન ઓરડામાં માસીજી બેઠાં હતાં તેમની પાસે જઈ બોલી કે ' તમારા જમાઇ આવી પહોચ્યા. ડીકુભાઇને લઈ તમે મળી આવો. '

' રાતે તમારા માસાજી રામશંકર પાસે ગયા હતા. રામશંકર, મોટા અને પ્રભાશંકરે તેમને આવકાર દઈ બહુ વિવેકથી વાત ચીત

કરી હતી. તેમણે જમવાનું કહ્યું તેનો પણ એવો જવાબ આપ્યો છે કે 'જેને ઘટિત હશે તે આવશે.' મંજુને, તેના વરને અને જિતેન્દ્રલાલને–મધુના કહેવાથી બારોબાર આમંત્રણ મોકલ્યાં છે. અગિયાર બાર વાગ્યામાં પતાવી દઈશું. તમારે ત્યાં નાત છે એટલે મોડું કરીશું નહિ. ઘેર કામકાંજ હોય માટે તમે પણ જાઓ અને પરસન બહેનને કહેજો કે ફેરો ખાય નહિ. મેં રસોઇયાને બોલાવેલો છે.' રતનગૌરીએ લોટ ચાળતાં ચાળતાં જવાબ આપ્યો.

કુન્દન ઉઠે છે એટલામાં તો સીતાને લઇ જોઇતારામ આવ્યો. બારણામાં પેસતાંજ 'કેમ છે મેનાભાભી !' એમ ઉમળકાથી તેણે સાદ કર્યો પણ મેનાથી જવાબ અપાયો નહિ. જોઇતારામને જોઇ તેનું હૃદય ભરાઇ આવ્યું અને આંખોમાં આંસુ આવી ગયાં. જોઇતારામ મેનાનો સ્વભાવ જાણતો હતો તેથી બોલ્યો કે 'મેનાભાભી ! શા માટે આંખો ભિંજાવો છો ? ઇશ્વરે તમારી ઉપર તો અમૃતના–અરે આનંદ આનંદ અને આનંદના વરસાદ વરસાવ્યા છે. તમારા ભાગ્યનો તો કંઇ પારજ નથી. ધન ઘડી ધન દહાડો ! આ શી વાત ! જે જોઇએ તે સૌ આપને મળ્યું. તમારા જેવું ભાગ્યશાળી તો આ દુનિયામાં કોઇજ નહિ હોય ! લો, ચાલો હવે ત્યાં.'

મેના કંઇ બોલી નહિ પરંતુ રતનગૌરી બોલ્યાં કે–' આવે કયાં ? વીરેન્દ્રરાવ અહિં આવશે ત્યારે એ ત્યાં આવશે.' તે આનંદથી હસી. 'કેમ વીરેન્દ્રરાવ ખુશીમાં છેને ?'

'હા, ખુશ છે. મેનાભાભીના ભાગ્યની રતિ બહુ મોટી છે અને આ બધા બનાવોથી અમે તો બહુજ આનંદ પામ્યા છીએ. ભાઇ સાહેબે તો હજી બરોબર જાણ્યું પણ નથી. સ્ટેશન ઉપર ને ઘેર મળવા આવેલા લોકો ગયા પછી પોતે નીચે ઉતર્યા અને હું મેનાભાભીને મળવા સીતાને લઈ અહિં આવ્યો.' જોઈતારામે રતનગૌરીને સારૂ લગાડયું.

'તમે બેસો, વાત કરો. હું કીકુને લઇ એમની પાસે જઈ આવું ?'

'બા ! તારે જવાનું શું કારણ છે ?' શરમાતાં શરમાતાં મેનાએ કહ્યું. 'કેમ નહિ ? જવાદો ભાભી ! એમના જેવો ઉમળકો બીજા કોને આવે ?' જોઇતાએ સવાસલું કર્યું.

કીકુને લઇ રતનગૌરી આનંદોત્સાહથી હરખાતી હરખાતી રામશંકરને ઘેર વીરેન્દ્રરાવને મળવા આવી ત્યારે ગિરિજા નહાઇને માળા લઇ પાટલે બેઠેલાં હતાં, મંગળાગૌરી દિયરના હિંચકાની સાંકળ ઝાલી હસતે મુખે મેનાગૌરીના માબાપની ભાળ લાગ્યા સંબંધી વાત રસ મૂકી મૂકીને કહેતાં હતાં અને મોટાં મહિંમહિં હાજિયો પુરતાં જતાં હતાં, એટલામાં રતનગૌરી અને કીકો આવ્યાં. તે જોઇ મંગળા સામાં ગયાં, 'આવો રતનગૌરી' એમ કહી પરસાળમાં લઈ આવ્યાં. મોટાંએ મોટા વહાલથી 'આવ બેટા તું મારી પાસે' એમ કીકાને કહી રતનગૌરીને હસીને આવકાર આપ્યો. તેણે મોટાંની પાસે જમીન ઉપર બેસી જઇ આનંદથી ઉભરાઇ જતે હૃદયે વીરેન્દ્રરાવને કુશળ સમાચાર પૂછયા અને તેણે પણ હસ્તે મુખે શરમ ને વિવેકથી યોગ્ય જવાબ આપ્યા.

મોટાંએ કીકુને સંબોધીને તે પછી કહ્યું કે 'કીકા ! તેં તો તારી બહેનને અહિં આવવા દીધીજ નહિ દેખું' રતનગૌરી હસ્યાં અને મંગળા બોલ્યાં કે 'ભાભીજી ! ભાંડુસ્નેહ એવોજ હોય છે !' તેઓ આમ વાત કરે છે એટલામાં હસતી હસતી મંજુબહેન આવી. વીરેન્દ્રે હસીને કહ્યું કે 'બહેન ! બા કહે છે કે, બે ત્રણ દિવસ થયાં તું તો જણાઇજ નથી, એ શું ?'

'સહેજજ. મારે ઘેર કામ હોયને !' તે હસીને રતનગૌરીની પાસે બેઠી એટલે મંગળાગૌરી બોલ્યાં કે 'આ બધી બોજ કરનારાં અને સૌને ભમાવનારાં આજ મૂર્તિ છે. રડયાં ઇસારા કરતાં હતાં પણ ખરૂં કહેતાં ન હતાં.'

'હું શું જાણું છું તે કહું ? તમે શી વાત કરો છો, તે પણ હું તો હજી સમજતી નથી.'

'તારી ભાભી કયાં ? બોલને, એ વાત.' મોટાંએ હસીને પ્રશ્ન કર્યો.

'કોણુ મારાં મડમભાભી !' મંજુબ્હેન હસીને બોલી કે તરત જરા આંખ કરી મોટાંએ કહ્યું કે 'રતનગૌરી આગળ એવું ના બોલીએ.'

'ભલે બોલે ! એમને છૂટ છે. એમણે આપણી ઉપર જે ઉપકાર કર્યો છે એતો બદલો ન વળી શકે એવો છે. વીરેન્દ્રરાવ કરતાંએ એમણે વધારે બજાવી છે.' રતનગૌરીએ આભાર દર્શાવ્યો અને મોટાં સામું જોઇને જણાવ્યું કે 'સાડા દસ વાગે સૌને મોકલજો. હું જાઉં છું. મારે બહુ કામ છે.' તે ઉઠી તેની સાથે મોટાં, મંગળા અને મંજુબ્હેન સૌ ઉઠયાં અને તેને વિદાય આપી.

રતનગૌરી દૂર ગયાં એટલે પાછાં ફરતાંજ મંજુબ્હેન હોંસથી બોલી કે 'કેમ મોટાંબા ! મારૂં ધાર્યું થયુંને,? ઝીરપાશંકર નમી ગયા કે નહિ ?' વીરેન્દ્ર સામું જોઇ 'આ તમારાં સાસુજી અને પેલા તમારા સાળા, સાળાને બિચારાને બોલાવોએ નહિ ?' તે હસી. 'મોટાંબા ! મંજુ તો એવી ને એવીજ ગમતી રહી હો !' તે હસીને નહાવા ઉઠયો એટલે મોટાંએ કહ્યું કે 'મંજુ તારે તારા ભાઇને સાસરે જમવા જવાનું છે.'

'અરે અમને તો આમંત્રણ આવેલાં છે મોટાંબા ! મડમભાભી એમને પિયેર મને નોંતર્યા વગર રહે કે શું ? ભાઇની સાથે તેમની સમોવડિયા બેસવા જોઇએ, તેથી જિતેન્દ્રલાલને ત્યાં પણ નોંતરૂં કહાવ્યું છે.' 'તું પણ મંજુ આ વખત ખૂબ દાવ પેચ રમી. તને આ બધું કયાંથી જણાયું તે તો કહે ? તેં તો ખૂબ કરી, હો.'

'તમોને તે જાણુવાનું હવે શું કારણ છે ? નાતની, જે ઘરની ઘટે તે ઘરની, ને ભાઇને યોગ્ય વહુ આવી, હવે જાણવાનું શું રહ્યું ? મારો કર મને ડબલ અપાવજો એટલે બસ !' રામશંકરના બોલાવવાથી આમ કહી હસતી હસતી તે બહાર ગઇ.

* * * *

'સાસુ કહે વહુ ! પગેપરણાં શાં લાવ્યાં રે'

* * * *

આવો મજેનો ટાહુકો ગાતી ને હસતી હસતી મંજુબહેન ઉપર ચઢી ત્યારે રામશંકર, ગિરિજા, પ્રભાશંકર, વીરેન્દ્ર અને મંગળા, પાછલા મેડાની પરસાળમાં આમતેમ બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. મંજુ અંદર આવીને બોલી કે, 'અહો! કેવો મજેનો કુટુંબ મેળાવડો થયો છે, આવો જોઈતારામ! તમે ને મેનાભાભી બેઉ ઉપર આવો. અહિંજ ભાભીનાં બાએ કહેલો મેળાવડો થયેલો છે અને પગેલાગણાનો મજેનો અવકાશ પણ છે.' આનંદભેર તે બે ડગલાં પાછી ફરી મેનાની સામે ગઈ અને, જોઈતારામ રતનગૌરીએ આપેલી કપડાં વગેરેની પોટલી રામશંકર આગળ મૂકી જરા દૂર ઉભો રહ્યો.

રતનગૌરીએ દીકરીને આબાદ પોતાના જમાનાનો, મોટાં ગિરિજાનું મન હસે એવો, પહેલે આણે જતી છોકરીને શોભે એવો, જરીનાં કપડાં ને જાડાં પણ ધમધમાટ કરી મૂકે એવાં ઘરેણાંનો પોષાક ધારણ કરાવરાવ્યો હતો. બારણામાં પેસતાંજ મેનાએ આધું ઓઢેલું હતું તેમ છતાં મંજુએ પોતાને હાથે જરા વધારે આધું ઓઢાવી, હાથ પકડી, રામશંકરને, મોટાંને, પ્રભાશંકરને અને મંગળાને નમન કરાવરાવ્યાં. પછી શરમથી પાણી પાણી થઇ જતી મેના પગેલાંગણું પતી રહેતાંવાંત અંદરના ખંડમાં જઇ બારણાને ઓઠે મોટાં અને મંગળા દેખાય અને પુરૂષો ન દેખાય, એમ ઉભી રહી. મંજુએ પેલી પોટલી છોડી એક સાડી મોટાંને અને બીજી સાડી મંગળાગૌરીને જોઈતારામ પાસે અપાવરાવી. જોઇતાએ તેના ખીસામાંથી રૂપિયા કાઢી ગણી ગણીને જેમને જેટલા આપવાના કૃપાશંકરે કહેલા તે પ્રમાણે આપ્યા, એટલે મંજુબહેન બોલી કે 'જુઓ ભાભીને પિયેરથી તમને પગે પરણાની રીત મળી. મને શું મળ્યું? મોંટાઆએ મને તો 'બેલાડી' નો ઇલકાબ આપ્યો એજ કે બીજું!!

'તને એમણે જે ઘટે તે આપ્યું. વધારે જોઇએ તો આ તારો ભાઇ બેઠો, તેની પાસેથી લે.' રામશંકર, જે આવા સારા પરિણામથી બહુજ પ્રસન્ન થયેલા હતા તે ધોળી મુંછમાં હસીને બોલ્યા કે 'તારાં ભાઇભોજાઇ તને ખુશ કરશે પછી શું?'

'ભાઇભોજાઇને શું કરવાને શરમાવો છો? તમે મોટા છો તે આપોને.'

'વારૂ, એમ.' રામશંકરે જનોઇએ બાંધેલી કુંચીએ પેટી ઉઘાડી રૂપિયાંની થેલી કાઢી ગાદી ઉપર ઠાલવી ને કહ્યું કે 'લે બહેન! તારાથી ભરાય તેવો ખોબો ભરી લે. પ્રસન્ન થા ને તારાં ભાઇભોજાઇને આશીર્વાદ આપ.'

* * * *

શિવશંકરને ત્યાં નાત થઇ, નાતના લોકોએ કશો વાંધો લીધો નહિ અને જિતેન્દ્રલાલે દેશ, કાળ ને પરિસ્થિતિને યોગ્ય જેમ હોય તેમ કરવું જોઇએ, એમ સૌને સમજાવ્યું. જુના વિચારવાળા અને નવા વિચારવાળા સૌને ઠીક પડે એવા જમાનાને અનુસરતા સુધારા થવા જોઇએ, એવું ભણેલાઓએ કર્તવ્યથી બતાવી આપ્યું. બીજે દિવસે રામશંકરે પણ વીરેન્દ્ર અને મેનાને કંઇક જુના નવા બેઉને ઠીક લાગે એવા સંસ્કાર પૂર્વક વિવાહ જેવો વિધિ કરાવરાવી–મિત્રો અને ઓળખીતાઓને પ્રીતિભોજન કરાવરાવ્યું. જન્મ અને સંસ્કાર બેઉ વિચારણીય છે. એમાંના એકકે તરફ દુર્લક્ષ કરવાથી લલિત પરિણામ આવતો નથી. જન્મ અને સંસ્કાર બેઉથી મનુષ્યનું ચરિત ઘડાય છે એકથી નહિ. ઇતિ શિવમ્.

સમાપ્ત.